શ્રી વલ્લભ ગ્રંથમાળા
પુષ્પ ૧ લું

# અમૃતનું આચમન
[ ભક્તિમાર્ગ – પુષ્ટિમાર્ગ વિષયક પ્રશ્નોત્તરી ]

પ્રવક્તા
ગો. શ્રી શ્યામમનોહરજી ( કિશનગઢ – મુંબઈ )

સંકલન – સંપાદન
પ્રા. રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા)

પ્રકાશક
શ્રી કૃષ્ણાર્પણ ટ્રસ્ટ
૧૫, દારબશા લેન
ઓફ નેપિયન સી રોડ,
મુંબઈ

પ્રથમ આવૃત્તિ
૧૯૮૬–૨૦૦૦
બીજી આવૃત્તિ
૧૯૮૬–૧૦૦૦૦

મુદ્રક :
પુષ્ટી માર્ગીય સાહિત્ય કેન્દ્ર
પામબીચ સ્કૂલ
વોર્ડન રોડ – નેપીઅન્સી રોડના
જંકશન પર
૧૫, દારબશા લેન
ફોન : ૮૨૨૮૮૫૬,
મુંબઈ – ૪૦૦ ૦૩૬.

હવે પછી આ શ્રેણીમાં પ્રકાશિત થશે :

(૨) ભક્તિવર્ધીની
(૩) નવરત્ન
(૪) અંતઃકરણ પ્રબોધ
(૫) ગીતાનો ભક્તિયોગ
(૬) રસદષ્ટિની તરફેણમાં

પુસ્તકોના પ્રાપ્તિસ્થાન

ઝવેરી બ્રધર્સ
મેટ્રો સીનેમાં મુંબઈ – ૨.

ઝવેરી બ્રધર્સ
મેડોઝસ્ટ્રીટ મુંબઈ – ૧.

ઝવેરી બ્રધર્સ
૩૪૫, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ મુંબઈ–૨.

## શ્રી વલ્લભ ગ્રંથમાળા
## અને
## શ્રીકૃષ્ણાર્પણ ટ્રસ્ટ પ્રકાશિત
## પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

૧. પુષ્ટીમાર્ગીય સાહિત્યકેન્દ્ર
ઠે. વ્રજભુમી રેન બસેરા,
તરીયાની પોળ,
સારંગપુર, દરવાજા બહાર,
અમદાવાદ.
ફોન : ૩૪૦૭૫૧.

૨. શ્રી બચુભાઈ શ્યામદાસ ઝવેરી
શ્રીકૃષ્ણનિકેતન, ૧લા માળે
મોટા મંદિરના બગીચામાં
ભૂલેશ્વર, મુંબઈ.

૩. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૮૭/૪, મથુરાભુવન, ૧લે માળે,
બજાજ રોડ, વીલેપાર્લે (વેસ્ટ)
મુંબઈ (૪૦૦ ૦૫૬)

૪. શ્રી ગોપાળભાઈ બુકશેલર
૧૨/૩૪૫ કણપીઠ
સુરત (૩૯૫ ૦૦૩)

૫. શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગિરધર નિવાસ, મજમુદારની ખડકી,
બાજવાડા, વડોદરા (૩૯૦ ૦૦૧)

૬. શ્રી પંકજભાઈ વિ. પરીખ
૧, શિવ એપાર્ટમેન્ટસ, નારાયણ પાર્ક,
એલ. ડી. આર્ટસ કોલેજ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ (૩૮૦ ૦૦૯)

૭. પ્રા. રમેશભાઈ વિ. પરીખ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨,
બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા (૩૮૪ ૦૦૨)

**ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી**

**લેખક – પરિચય**

ભાગ્યે જ કોઈ વૈષ્ણવ અજાણ હશે ! પોતાના નેજથી સ્વયં પ્રકાશિત સૂર્યનો પરિચય બ્રહ્માંડમાં કોઈને કરાવવાનો હોય નહિં.

વંદે શ્યામમનોહરં સેવાકથામહાર્ણવમ્ ।
પ્રસન્નસ્મિતવદનં મહોદારકૃપાનિધિમ્ ॥

'શ્યામુબાવા'ના લાડકવાયા નામથી સુપરિચિત ગો. શ્રીશ્યામમનોહરજીની વિલક્ષણ પ્રતિભાનાં બે વિશિષ્ટ પ્રદાનો નોંધપાત્ર છે. (૧) શ્રી વલ્લભાચાર્યજી અને તેમના વંશજોનું મૂળ સાહિત્ય જે આજે અપ્રાપ્ય બન્યું હતું તેનું કલાત્મક, સુરુચિપૂર્ણ પુનઃમુદ્રણ (૨) મુંબઈમાં અને અન્ય સ્થળોએ 'ષોડશગ્રંથ' પૈકીના જુદા જુદા ગ્રંથો પર ' સઘન–અભ્યાસ' માટેની 'સેશન'નું આયોજન.

આપશ્રીનો આગ્રહ છે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવા માટે પ્રવચનોનો રાહ યોગ્ય નથી. મૂળ ગ્રંથોનો, તે પરની ટીકાઓ સહિત અભ્યાસ એ જ યોગ્ય રાહ છે.

આપશ્રીને વિવિધ સ્થળોએ વિવિધ વ્યક્તિઓના પ્રશ્નોના શાસ્ત્ર અને સિદ્ધાંસંમત જે વિસ્તૃત પ્રત્યુત્તર આપ્યા છે, તે સૌ વૈષ્ણવોને તેમના જીવનમાર્ગ પર ચાલવામાં ઉપયોગી હોવાથી આ પુસ્તિકારૂપે રજૂ કર્યા છે.

'સત્સંગ', 'નવપ્રકાશ', 'શ્રીવલ્લભસંદેશ', 'શ્રીવલ્લભસુધા', 'વૈષ્ણવ પરિવાર' વગેરે સાંપ્રદાયિક સામયિકોનો સહર્ષ આભાર માની, તેમના દ્વારા પ્રકાશિત અને ગો. વા. શ્રી રમણલાલ મણિલાલ શાહ (પાર્લા) આદિ વૈષ્ણવો દ્વારા સંપાદિત પ્રશ્નો રજૂ કરતાં આનંદ થાય છે.

# અમૃતનું આચમન

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી અને અમૃત આચમનથી આપનું જીવન સદા અમૃતમય બની રહો તેવી શુભેચ્છા સાથે
શ્રી ને

સપ્રેમ ભેટ

તરફથી

દિનાંક

| અનુક્રમણિકા | પ્રશ્ન | પાનુ |
|---|---|---|
| ૧. | પુષ્ટિમાર્ગની સ્થિતિ કેટલા વર્ષ ? | ૧ |
| ૨. | બ્રહ્મસંબંધ લેનાર માટે આવશ્યક અને અનિવાર્ય કર્તવ્ય શું ? | ૫ |
| ૩. | સંપ્રદાયમાં અન્નકૂટ ઉત્સવ કયારે શરૂ થયો ? છપ્પન ભોગના મનોરથ વિશે આપનું મંતવ્ય શું છે ? | ૬ |
| ૪. | ભગવત્સેવા કરવાનું ન બની શકતું હોય તો શું કરવું ? | ૮ |
| ૫. | સેવા બાલભાવથી કરવી કે પતિભાવથી | ૯ |
| ૬. | જેમ શ્રીમદ આદ્યશંકરાચાર્ય આસેતુ–હિમાચલ સાર્વજનીન છે તેમ આચાર્ય શ્રીમહાપ્રભુ વલ્લભાચાર્ય સાર્વજનીન થયા નથી તેનું કારણ વૈષ્ણવોએ એક સ્થિર પુષ્ટિમાર્ગીય સંપ્રદાય બાંધ્યો અને તે સંપ્રદાય શ્રી વલ્લભાચાર્યને માને છે તેનું આ પરિણામ માની શકાય કે નહિ ? | ૨૦ |
| ૭. | જે સૃષ્ટિનો નિયન્તા છે. ફકત આ જગત નહીં સમગ્ર બ્રહ્માંડ જેણે બનાવ્યું છે, તે શું આપણો બાળક થઈ શકે ? શું આપણે તેને બાળકની માફક સુવડાવી શકીએ ? ઈશ્વરને આમ ઉતારી પાડવો ત શું શાસ્ત્રી હોઈ શકે ? નહી તો બાલકૃષ્ણની ઉપાસનાનું તાત્પર્ય શં ? સૃષ્ટિના સર્જનહારને બાળક માનવો તે માનવીય મનોવિકાર સદશઃવાત નથી ? અન્યથા ગોકુળના કૃષ્ણને જ પોતાનો માનવો અને દ્વારકાના કૃષ્ણને નહીં તેનો શો હેતુ ? મથુરા ગયા પછી કૃષ્ણમાંથી પુરૂષોત્તમત્વ ગયું તે સાચી વાત છે ? | ૨૬ |
| ૮. | પ્રભુની સેવા નિરુપાધિક ભાવથી કરવી. તો એક જ સમયે પતિપુત્રાદિ ભાવથી સેવા કરવાનું કેવી રીતે શકય બને ? | ૩૪ |
| ૯. | જેટલી શુદ્ધિ પાળી શકાય તેટલી શુદ્ધિ પાળીને, શ્રી ઠાકોરજી પુષ્ટ કરાવીને સેવા કરીએ તો ચાલે કે કેમ ? | ૩૯ |
| ૧૦. | જે પાકી મર્યાદાથી સેવા કરતા હોય અને જે પાકી મર્યાદાથી સેવા ન કરતા હોય તે બંનેની સેવામાં ભેદ ખરો ? તે બંનેની સેવાના ફળમાં ભેદ ખરો ? | ૪૨ |

| અનુક્રમણિકા | પ્રશ્ન | પાનુ |
|---|---|---|
| ૧૧. | ઉત્સવ પ્રસંગે કોઈના શ્રી ઠાકોરજી પધાર્યા હોય અને ભેટ કરે તો તે સ્વીકારવામાં દોષ ખરો ? | ૪૩ |
| ૧૨. | શ્રી ઠાકોરજીને પુષ્ટાવવાની જરૂર ખરી ? | ૪૪ |
| ૧૩. | બ્રહ્મસંબંધ લીધા પછી સેવા ન કરીએ તો દોષ લાગે ખરો ? | ૪૫ |
| ૧૪. | શ્રી મહાપ્રભુજીના મતે સેવાનો સિદ્ધાંત શો છે ? | ૪૬ |
| ૧૫. | આપણા કર્તવ્ય શું ? જનસેવા કે પ્રભુ સેવા ? | ૬૨ |
| ૧૬. | પુષ્ટિ ધર્મ કયો લોકોપકાર કે ભગવત્સેવા ? | ૭૦ |
| ૧૭. | પુષ્ટિમાર્ગમાં વ્રજ ચોર્યાસી કોસની યાત્રા શા માટે ? | ૭૮ |
| ૧૮. | પ્રપંચ (જગત) બ્રહ્મરૂપ છે તો પ્રપંચ વિસ્મૃતિ માટે કેમ આગ્રહ રાખવામાં આવે છે ? | ૮૦ |
| ૧૯. | પુરાણોમાં કોઈ ગરબડ ગોટાળો કરાયો છે એમ કહેવું યોગ્ય છે ખરું ? | ૮૯ |
| ૨૦. | પુષ્ટિ એટલે શું ? પુષ્ટિ ભક્તિ કોને કહેવાય ? | ૯૬ |
| ૨૧ | પુષ્ટિમાર્ગીઓએ પુષ્ટિમાર્ગેતર વિદ્વાનોના પ્રવચનથી લાભાન્વિત થવું કે નહી ? | ૧૦૪ |
| ૨૨. | શ્રી પ્રભુના ચરણકમળોમાં ષોડષ ચિહનો વિદ્યમાન છે એવું નિરૂપણ છે જુદા – જુદા ગ્રંથોમાં ચરણચિહનોનું નિરૂપણ જોવા મળે છે તો વાસ્તવમાં શ્રી પ્રભુના ચરણકમળોમાં કયા ચરણચિહનો વિદ્યમાન છે ? | ૧૦૫ |
| ૨૩. | શ્રી હરિરાયજી કૃત ‘ભગવદ્દચરણ ચિહ્ન વર્ણનમ્ નામનો ગ્રંથ છે. તેમાં ભગવાનના સોળ ચરણચિહનનું નિરૂપણ છે પ્રત્કે ચરણચિહનનાં ધનથી લક્ષ્મીની પ્રાપ્તિ થા છે એમ કહ્યું છે તો અલૌકિક રસાત્મક ભગવાનના અલૌકિક રસાત્મક ચરણચિહનથી આવી લૌકિકફળ પ્રાપ્તિ કેમ બતાવી હશે? | ૧૦૯ |

| અનુક્રમણિકા | પ્રશ્ન | પાનુ |
|---|---|---|
| ૨૪. | અન્યાશ્રયનું સ્વરૂપ શું છે ? | ૧૧૦ |
| ૨૫. | સ્વરૂપ નિષ્ઠા અને ધર્મનિષ્ઠા વચ્ચે શું તારતમ્ય છે ? | ૧૧૧ |
| ૨૬. | ૮૪/૨૫૨ વૈષ્ણવો પૈકી કેટલાક વૈષ્ણવોને મહાપ્રભુજી અને શ્રીગુસાઈજીએ વ્રત કરાવ્યા વિના બ્રહ્મસંબંધ આપ્યું છે આવો ભેદ કેમ ? | ૧૧૧ |
| ૨૭. | આપે જણાવ્યું કે શ્રી ઠાકોરજીનું પ્રદર્શન ન કરવું, પણ કર્યું હોય તો તે અપરાધનું નિવારણ શું ? | ૧૧૩ |
| ૨૮. | કદાચ કોઈ વૈષ્ણવને ત્યાં શ્રી ઠાકોરજી ન બિરાજતા હોય અને તેને ભાવ હોય તો તેને દર્શન કરાવાય કે ન કરાવાય ? | ૧૧૪ |
| ૨૯. | જન્માષ્ટમીના દિવસે શ્રી ઠાકોરજીને સવારે પંચામૃત શા માટે થાય છે ? રાતે મહાભોગ આવ્યા પછી શ્રી ઠાકોરજી કેમ પારણે ઝૂલે છે ? | ૧૧૬ |

૩૦. બ્રહ્મના સંબંધમાં શ્રી મહાપ્રભુજીનો દષ્ટિકોણ શો રહ્યો છે ? ૧૨૪
બ્રહ્મની સત્તાના મૌલિક ચાર પક્ષો કયા ?

૩૧. ભગવદીયોની વાર્તામાં કહ્યું છ કે ઠાકુરજી તેમની સાથે બોલતા અને ૧૨૪
સામગ્રી માંગીને આરોગતા. તો આજે ઠાકુરજી આપણી સાથે કેમ બોલતા નથી ? કેમ માંગીને આરોગતા નથી ?

૩૨. સૂતક આદિ સ્થિતિમાં શ્રીયમુનાષ્ટકનો પાઠ થાય કે નહીં ? ૧૨૪
રજસ્વલા બહેનોથી જપપાઠ થાય કે નહીં ?

૩૩. આપણે ત્યાં સખડીના શ્રી ઠાકુરજી બિરાજતા હોય તો, એકાદશીના ૧૨૫
દિવસે સખડી મહાપ્રસાદ લેવો કે ફલાહાર કરવો ? સખડી મહાપ્રસાદ લેવો તો શા માટે ? ફલાકહાર કરવો તો શા માટે ?

૩૪. શ્રી મહાપ્રભુજીના દષ્ટિકોણથી સેવામાર્ગ–પૂજામાર્ગથી ભિન્ન છે. ૧૨૬
પછી ષોડશ ગ્રંથ વિ.માં तिष्ठेत्पूजोत्सवादिषु पूजया श्रवणादिभिः આદિ વાકયોથી શું સમજવું ?

૩૫. મહાપ્રભુજી જગતને સત્ય તરીકે સ્વીકારે છે. ત્યારે શ્રુતિ ૧૨૯

ગીતામાં खपुष्पादि समत्वादि એમાં જગતને મિથ્યા કહ્યું છે એમ કેમ ?

| અનુક્રમણિકા | પ્રશ્ન | પાનુ |
|---|---|---|
| ૩૬. | શું વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં આવશ્યક છે ? | ૧૩૦ |
| ૩૭. | “सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज” તેમાં સર્વ ધર્મની જે વાત કહી છે તે કયા ધર્મનો ત્યાગ ત્યાં બતાવ્યો છે ? | ૧૩૧ |
| ૩૮. | વૈષ્ણવોને ત્યાં બિરાજતું શ્રી ઠાકોરજીનું સ્વરૂપ કયા ભાવથી બિરાજે છે ? એ સ્વરૂપ સન્મુખ બ્રહ્મસંબંધ આપી શકાય ? બેઠકજીમાં છપ્પનભોગ કરી શકાય ? | ૧૩૪ |
| ૩૯. | વૈષ્ણવોને ત્યાં જે સ્વરૂપ બિરાજે છે એ કયા ભાવથી ? એવી ભાવના છે કે ગુરુના આધિદૈવિક સ્વરૂપે બિરાજેછે ? | ૧૩૪ |
| ૪૦. | બ્રહ્મના સંબંધમાં શ્રીમહાપ્રભુજીનો દષ્ટિકોણ શો રહ્યો છે ? બ્રહ્મની સત્તાના મૌલિક ચાર પક્ષો કયા ? | ૧૩૬ |
| ૪૧. | પુષ્ટિ પ્રશસ્ત પથને ષોડશ ગ્રંથના સોળ કલાનિધિરૂપી ચંદ્ર પ્રકાશિત કરે છે એ કઈ રીતે ? | ૧૪૩ |
| ૪૨. | ‘‘વૈષ્ણવ પરિવાર’’ સક્ષમ બને એ માટે કેવી ભાવના આવશ્યક છે ? | ૧૪૪ |
| ૪૩ | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપના પાછળ શી પૃષ્ઠભૂમિ છે ? | ૧૪૮ |
| ૪૪. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપનાનું પ્રયોજન શું છે ? | ૧૫૯ |
| ૪૫. | મંદિરનો આ પ્રકાર મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંત અને વલ્લભ સંપ્રદાયની પરંપરાને અનુકૂળ છે ખરો ? | ૧૫૯ |
| ૪૬. | મંદિરમાં જયારે ભગવાન કૃષ્ણનું સ્વરૂપ બિરાજમાન હોય ત્યારે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પધરાવવું યોગ્ય છે ? | ૧૬૦ |
| ૪૭. | શું વલ્લભ સંપ્રદાયના અન્ય આચાર્યો પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપનાના વિચાર સાથે સહમત છે ? | ૧૬૦ |
| ૪૮. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના આ મંદિરમાં મહાપ્રભુજીની સેવાનો પ્રકાર કેવો રહેશે ? | ૧૬૨ |
| ૪૯. | પ્રચલિત શ્રીકૃષ્ણસેવાર્થ મંદિર તથા નવસ્થાપિત મહાપ્રભુ | ૧૬૨ |

શ્રીવલ્લભાચાર્યજીના મંદિરમાં શો તફાવત છે ? આથી બંનેની ઉપયોગિતા અને મહત્વમાં શો તફાવત પડશે ?

# ગ્રંથ પરિચય

સદાય સફેદ ધોતી – ઉપરણામાં સજ્જ, પ્રસન્ન મુખાકૃતિથી અલંકૃત વિશાળ, ધારદાર નેત્રોથી સૌ પ્રત્યે વાત્સલ્ય વર્ષાવતા ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજથી ભાગ્યે જ કોઈ વૈષ્ણવ અજાણ હશે !

'શ્યામુબાવા'ના હુલામણા નામથી વિશેષ પરિચિત ગો. શ્રી શ્યામમનોહરજીની વિલક્ષણ પ્રતિભાનાં બે વિશિષ્ટ પ્રદાનો નોંધપાત્ર છે. (૧) જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્ય અને તેમના વંશ જ આચાર્યો દ્વારા રચાયેલું મૂળ સાહિત્ય જે આજે અપ્રાપ્ય બન્યું છે, તેનું કલાત્મક, સુરુચિપૂર્ણ પુનઃ મુદ્રણ. આ યોજના અન્વયે આજ સુધીમાં સંપૂર્ણ ટીકા સાહિત્ય શ્રીવલ્લભ–વાઙ્મય પ્રકાશિત થઈ ચૂક્યું છે. (૨) તેમનું બીજું વિશિષ્ટ પ્રદાન છે અધ્યયન ક્ષેત્રે મુંબઈ, કિશનગઢ, ચરણાટ અને અન્ય સ્થળોએ શ્રી વલ્લભ–વિચારને સાચા સ્વરૂપમાં સમજવા–સમજાવવા માટે ''ષોડશગ્રંથ'' પૈકીના જુદા જુદા ગ્રંથો પર જુદા જુદા સમયે 'સઘન સ્વાધ્યાય' માટેનાં જ્ઞાનસત્રોનું તેમણે સફળતાપૂર્વક કરેલું આયોજન. આજે પણ મુંબઈમાં તેમના નિવાસસ્થાને નિયમિતરૂપે આ સ્વાધ્યાય ચાલી રહ્યો છે, જેનો લાભ પૂ. ગોસ્વામી બાળકો અને વૈષ્ણવ ભાઈ–બહેનો સારી રીતે લઈ રહ્યા છે.

આપણે વર્ષાની હેલી તો અનુભવી હશે. પણ રસવર્ષાના ધોધમાર હેલીમાં રસતરબોળ થવાનો મધુર આનંદ એટલે પૂ. ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીનાં વચનામૃતો ! એમનાં વચનામૃતોમાં અનુભવાય છે શાસ્ત્રપ્રમાણોની અર્થગંભીર, ધસમસતી ગંગા; પ્રસન્ન, સરળ છતાં હૈયે સોંસરી ઊતરી જાય એવી વાણીરૂપા સરસ્વતી અને ભાવ–સિદ્ધાંતોની અમૃતા–યમુના. તેમનો આગ્રહ છે કે શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને સમજવા માટે પ્રવચનોનો રાહ યોગ્ય નથી. આ માટે તો શ્રીમહાપ્રભુજીના મૂળ ગ્રંથોનો, તે પરની ટીકાઓ સહિત અભ્યાસ કરવો જોઈએ. શ્રીહરિરાયચરણ પણ શિક્ષાપત્રમાં 'માર્ગનિષ્ઠા' દૃઢ કરવા માટે આ જ માર્ગ બતાવે છે. આથી ગો. શ્રીશ્યામમનોહરજી પ્રવચનને બદલે પ્રશ્નોત્તરીના માર્ગનો જ વિશેષ આગ્રહ સેવે છે. તેમણે વિવિધ સ્થળોએ વિવિધ વ્યક્તિઓની મૂંઝવણ અને જિજ્ઞાસામાંથી ઉદ્ભવેલા પ્રશ્નોના શાસ્ત્ર અને સિદ્ધાંત સંમત વિસ્તૃત ઉત્તરો આપ્યા છે, જે સૌ વૈષ્ણવોને ખૂબ ઉપયોગી છે. આ પ્રશ્નોત્તરી 'સત્સંગ', 'નવપ્રકાશ', 'શ્રીવલ્લભ સંદેશ', 'શ્રીવલ્લભ સુધા', 'વૈષ્ણવ પરિવાર' વગેરે સાંપ્રદાયિક સામયિકોમાં આ અગાઉ છપાયેલ છે. તદુપરાંત અલગ પુસ્તિકાઓ દ્વારા પણ પ્રકાશિત થયેલ છે. આ બધું સાહિત્ય ગો. વા. શ્રી રમણલાલ મણિલાલ શાહ (પાર્લા) આદિ વૈષ્ણવો દ્વારા એકત્રિત કરાયું હતું. ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજની આજ્ઞાથી તેનું સંકલન–સંપાદન કરવાની સેવા મને પ્રાપ્ત થઈ. આમાં સહયોગી થનાર સૌનું ઋણ અંતઃકરણપૂર્વક સ્વીકારીએ છીએ.

આપશ્રીનાં વચનામૃતોની શ્રેણી 'શ્રીવલ્લભ ગ્રંથમાળા' રૂપે પ્રકાશિત કરવાની આજ્ઞા શ્રીકૃષ્ણાર્પણ ટ્રસ્ટને પ્રાપ્ત થતાં, તે યોજના અન્વયે આ પ્રથમ પુષ્પ પ્રકાશિત થાય છે. આ યોજનાની વિગતો નીચે પ્રમાણે છે.

૧. આ ગ્રંથમાળામાં ક્રમશઃ આપશ્રીનાં વિવિધ વિષયો પરનાં વચનામૃતો પુસ્તકોરૂપે પ્રકાશિત થશે.

૨. આ ગ્રંથમાળા 'નહિ નફો, નહિ નુકશાન' ના ધોરણે પ્રકાશિત થાય છે.

૩. પુસ્તકપ્રકાશનમાં સહકાર માટે આગોતરા ગ્રાહક રૂા. પ૧/– ભરીને નોંધાય છે.

૪. બિનશરતી દ્રવ્ય સહાય પણ પુસ્તક – પ્રકાશન માટે સ્વીકારાય છે; જેથી વૈષ્ણવોને આ સાહિત્ય સસ્તી કિંમતે આપી શકાય.

૫. આ યોજના અંગે નીચેના સરનામેથી વિશેષ માહિતી મળશે.

શ્રી ભોગીલાલ રમણલાલ શાહ.
૮૭/૪, મથુરા ભુવન, ૧ લે માળે,
બજાજ રોડ, વીલેપાર્લે (વેસ્ટ)
મુંબઈ ૪૦૦ ૦૫૬.

## પ્રાસ્તાવિક

પ્રવચનનો માર્ગ બહુ સાંકડો હોય છે. જે માર્ગ ઉપર બંને બાજુથી વાહન વ્યવહાર એક સાથે ન ચાલી શકે તેવા માર્ગને સાંકડો માર્ગ કહેવાય. આવા માર્ગ ઉપર હંમેશા વન–વે ટ્રાફિક ચાલે છે. મને આવા સાંકડા માર્ગ ઉપર ચાલવાનું કે દોડવાનું ફાવતું નથી. તેથી મારી હંમેશાં એવી હાર્દિક ઈચ્છા રહે છે કે જેમ હું તમને કંઈક કહું તેમ તમે મને પણ કંઈક પૂછો. આથી તમારા હૃદયના જ ખરેખર પ્રશ્નો હોય, શંકાઓ કે સમસ્યાઓ હોય, તેનું સમાધાન આપણે વિચારી કરીએ અને તે પણ શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતને આધારે જ. શ્રી મહાપ્રભુજીએ મને જે –કંઈ જ્ઞાન આપ્યું છે, તેને આધારે હું તમારી શંકાનું સમાધાન કરું તે મને ગમે.

આપણે ત્યાં પ્રાચીન સમયથી જ્ઞાન મેળવવાની સાચી પદ્ધતિ એ હતી કે 'તદ્‌વિદ્ધિ પ્રણિપાતેન સેવયા' – કોઈ પણ વસ્તુ પૂછયા વિના કહેવાતી જ નહીં. આજકાલ આ પદ્ધતિ બદલાઈ ગઈ છે. તેથી ગુરુઓને કોઈ ન પૂછે તો પણ ચોપાનિયાં છપાવીને ઉપદેશ આપવો પડે છે કે અમે હવે  તમને જ્ઞાન આપવા મુંબઈમાં આવી ગયા છીએ. અમારું પ્રવચન સાંભળો. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જયારે શિષ્યને જાણવાની જિજ્ઞાસા થાય ત્યારે તે શિષ્ય તેની જાણવાની જિજ્ઞાસા ગુરુ પાસે રજૂ કરે. ગુરુ તેનો જાણવાનો અધિકાર કેટલો છે, તેનો વિચાર કરી, શિષ્યને તે વિષયનો ઉપદેશ આપતા.

ચોપાનિયાં છપાવીને પ્રવચન કરવી આજકાલની પદ્ધતિ મને ખરેખર ગમતી નથી. કારણ કે જયાં બંને બાજુનો ટ્રાફિક સરળતાથી ચાલતો હોય તેવા પહોળા રસ્તા ઉપર ચાલવું તે સારી વસ્તુ છે. સાંકડા માર્ગ ઉપર ચાલવું તે ઉત્તમ વસ્તુ નથી.

**સવાલ ૧ : પુષ્ટિમાર્ગની સ્થિતિ કેટલા વર્ષ ?**

જવાબ ૧ : મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રવર્તિત આપણા સંપ્રદાયમાં ઘણા વખતથી એક આખ્યાયિકા (વાત) ચાલી આવી રહી છે કે પુષ્ટિમાર્ગ ૫૦૦ વર્ષ ચાલશે. જયારે પંચશતાબ્દી મનાવવાને પાંચ વર્ષ બાકી હતાં ત્યારે મારે વલ્લભવિજ્ઞાનમાં એક લેખ લખવો પડયો હતો. ૪૯૫માં ૫ ઉમેરીએ તો શૂન્ય થાય ? ''૪૯૫ + ૫ = ૦ શું આ સાચું છે ?'' આવં ણિત તો સંભવિત નથી. છતાંય ઘણા લોકોના મનમાં, આ ગણિત બરાબર છે, એવી ધારણા બંધાઈ ગઈ છે.

આપણો કોઈ મિત્ર, પ્રિયતમ કે પુત્ર કયાંક બહાર જા અને બહુ દિવસ સુધી સમાચાર ન આવે તો મનમાં ઘણી ભયવાળી આ શંકાઓ થતી રહે છે. કયાંક બીમાર તો નહી થઈ ગયો હોય, શું થયું હશે , શું નહી થયું હોય ! આવી રીતે પુષ્ટિમાર્ગ તરફ આપણી જે લાગણી છે તે લાગણી શંકા કરાવે છ કે પુષ્ટિમાર્ગ કેવલ ૫૦૦ વર્ષ જ ચાલશે. જે વાત ચાલી રહી છે તે પ્રમાણિત છ ક અપ્રમાણિત, અની ચિંતા આપણ ન કરીઅ મારા લખનો જ મખ્ય વિષય હતો કે પુષ્ટિમાર્ગને જો જીવવું છે તો 'પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો મુજબ ઘર–ઘરમાં ભગવદ્‌ સેવાનો ક્રમ રહેવો જોઈએ.'

જયાં સુધી સિદ્ધાન્તનો પ્રશ્ન છે, મહાપ્રભુએ જે કંઈ સિદ્ધાતો લખ્યા છે તે લખેલા

પુસ્તકોનું પ્રકાશન પણ થયું છે અને ભારતનાં દર્શનના ઈતિહાસમાં એનું પોતાનું એક મહત્વ છે, અને રહેશે. કોઈ પુષ્ટિમાર્ગનું અનુસરણ કરે યા ન કરે, પુષ્ટિમાર્ગનું કોઈ અનુયાયી હોય અથવા ન હોય તે તો એક ઐતિહાસિક સત્ય છે જે કાયમ રહેશે.

જયાં સુધી પુષ્ટિમાર્ગને કાયમ રહેવાનો સવાલ છે તો હું એક જ ત્રાજવામાં એને તોળું છું.

જયારે હું કયાંય પણ જાઉં છું ત્યારે એક પ્રશ્નના ઉત્તરની જીજ્ઞાસા કરું છું કે કોઈ વૈષ્ણવ છે, ઘરમાં તો સેવા છે કે નહી ? જો સેવા છે તો હું માનું છું , કે પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષ પૂરા થયા નથી. પણ જો એમ સાંભળવામાં આવે છે કે ઘરમાં સેવા બિરાજતી નથી તો મને લાગે છે કે ૫૦૦ વર્ષ પૂરા થઈ ગયા. ૪૯૫ વત્તા ૫ = શૂન્ય. ગણિત આપણે સાચું કરી બતાવ્યું છે !

આપણાથી સવા કેમ નિભાવાતી નથી ? એક વાત બતાવું કે સેવાનાં પુસ્તકો જે છપાયાં હતાં તેમાં સેવાની રીતના કેટલાક પ્રકારનો વિસ્તાર હતો. અના આકાર અન પ્રકારોમાં આપણ આપણી સવાને બાંધી છે અને મુખ્યત્વે મહાપ્રભુજીના સિદ્ધાન્તનું જે મુખ્ય રૂપ હતું તે આકારપ્રકારમાં કયાંક દબાઈ ગયું છે. મહાપ્રભુજી સેવા–સમ્બંધના

સિદ્ધાન્ત વિષે બહુ સ્પષ્ટ રીતે વિધાન કરે છે. – 'સેવા ઓછી કરવી કે વધારે કરવી તેવો સિદ્ધાન્ત નથી. સેવા આપણી યોગ્યતા મુજબ કરવી જોઈએ.

સેવા કેટલી કરવી જોઈએ ? કહે છે કે વધારે પડતી નહી, એટલી વધારે નહી કે સેવા આપણા ઉપર ભારરૂપ થઈ જાય, અથવા જે ભગવાનની સેવા કરીએ છીએ, તેમના ઉપર આપણી સેવા ભારરૂપ થઈ જાય. તો તેમ કરવા જતાં આપણી સેવા આપણા જીવનમાં કર્મકાંડના સ્વરૂપે રહી જાય છે. પુષ્ટિમાર્ગમાં સેવા જીવનપ્રણાલી છે, કર્મકાંડ નથી. જો કલાકેક આપણે સેવા કરી લીધી તો બસ છૂટ્ટી મળી ગઈ, આ રીતનું કર્મકાંડ નથી. આવી જાતની સેવાને મહાપ્રભુજી આપણા સાર્વદિક કર્તવ્ય તરીકે બિરદાવતા નથી.

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः स्वस्यामेव धर्मोहि नान्यः क्वापि कदाचन । આપણે બધા જાણીએ છીએ કે ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકમાં મહાપ્રભુજી એમ બતાવે છે કે પુષ્ટિમાર્ગીય જીવનનું કર્તવ્ય ભગવત્–સેવા છે, સર્વદા એ જ કર્તવ્ય છે અને સર્વભાવથી એ જ કર્તવ્ય છે. બીજું કોઈ કર્તવ્ય, પુષ્ટિમાર્ગીયની હેસિયતથી આપણું છે જ નહીં.

પિતાની હેસિયતમાં આપણું કર્તવ્ય છે કે આપણે આપણી સંતતિનું પાલન કરીએ, ગુરુના રૂપમાં આપણું કર્તવ્ય છે કે આપણે શિષ્યને શીખવાડીએ, માના રૂપમાં કર્તવ્ય છે કે આપણે ઘરને સંભાળીએ, વિદ્યાર્થીના રૂપમાં આપણું કર્તવ્ય એ છે કે આપણે વિદ્યાભ્યાસ કરીએ, નાગરિકના રૂપમાં આપણું કર્તવ્ય છે કે એક સારા નાગરિક તરીકે રહીને તે મુજબ કર્તવ્યનું પાલન કરીએ. વર્ણાશ્રમ ધર્મના આપણે અનુયાયી છીએ, તો વર્ણના અને આશ્રમના ધર્મોના નિયમોનું આપણે પાલન કરીએ. આ તો બીજી વાત છે. પણ પુષ્ટિમાર્ગીય હોવાની હેસિયતમાં આપણું કોઈ કર્તવ્ય છે તો તે ભક્તિ–સેવા જ છે.

ઘણીવાર લોકો કહે છે કે અમારાથી સેવા નભતી નથી. અપરસ પળાતી નથી, સેવાના નિયમ અને રીતરિવાજ બહુ જટિલ છે. હું તેમને એક વાત પૂછું છું કે ધારી લો કે તમારાં પગમાં કે હાથમાં કોઈ ગુમડું આ હાથને કપાવી નાખો નહિતર મરી જશો તો શું આપ એમ કહેશો કે ગળું કાપી દો, હાથ તો નહિ કપાવું ! તો પુષ્ટિમાર્ગમાં પણ આપણે એ જોવું જોઈએ કે શિરના સ્થાનમાં કઈ વસ્તુ છે અને હાથની જગ્યાએ કંઈ વાતો છે, પગની જગ્યાએ કંઈ વાત છે. જે સેવાના પ્રકાર છે, જે સેવાના આકાર છે, જે સેવાના આચાર છે તે બધા હાથ અને પગના જેવા છે. સેવાનો મુખ્ય સિદ્ધાંત છે – तनु वित्तजा. એટલે કેઆપણા તનથી, આપણા ધનથી, આપણા મનથી આપણા ઘરમાં પ્રભુની સેવા કરવી જોઈએ. મહાપ્રભુજી આપણને એમ નથી કહેતા કે સવારથી સાંજ સુધી સેવા જ કરો. મહાપ્રભુજી ત્યાં સુધી આજ્ઞા કરે છે કે જો તમે તમારા ઘરમાં ભગવાનને પધરાવી સેવા કરો છો તો તે ઘરમાં તમારું સુવાનું પણ ભગવદ્સેવાનું અંગ છે. એ ઘરમાં નહાવાનું પણ તમારું ભગવદ્સેવાનું અંગ છે. એ ઘરમાં ભોજન કરવાનું પણ તમારું ભગવદ્સેવાનું અંગ છે.

શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે ઘરમાં રહેવાનું ઉચિત એ રૂપમાં માની શકાય કે તમે ભગવાનની સાથે ઘરમાં રહો છો. ભગવદ્ સેવાને માટે ઘરમાં રહો છો. તમે ભકત છોએટલા માટે ઘરમાં રહેવાની વાત ઉચિત નથી. ભકત છો તો વનમાં પણ રહી શકો છો. ભકત છો તો ફુટપાથ ઉપર પણ રહી શકો છો. ઘરમાં રહો છો તો ભગવદ્સેવાને માટે રહો. गृहं सर्वात्मना त्याज्यं तच्चेत्त्यक्तुं न शक्यते कृष्णार्थं तन्नियुंजीत कृष्णः संसारमोचकः ।

ઘરમાં રહેવું છે તો ભગવદ્ સેવાને માટે ઘરમાં રહો, એ આપણા પુષ્ટિમાર્ગનો શિરોમાન્ય સિદ્ધાન્ત છે, જયારે આચાર અને પ્રકાર તો તેનાં અંગ છે. જો તે નભી શકતા હોય તો તમારા હાથ સ્વસ્થ રહી શકતા હોય તો બહુ સારી વાત છે. પણ કોઈ એવું તો નહી કહે કે હાથ કપાવવા ન પડે એટલા માટે શિર કપાવવા હું તૈયાર થઈ જાઉં છું.

જયારે આપણા શિર પર લાકડીનો માર પડે છે તો હાથ આડો ધરીએ છીએને ? શું હાથ પર ડંડાનો માર પડશે તો શિરને કોઈ આડે ધરશે ? આમ કોઈ નથી કરતું કારણ કે આપણને વિશ્વાસ છે કે હાથને માર પડે તો ભલે પડે, શિરને તો કોઈ પણ રીતે બચાવવું જોઈએ. તો શિર જે છે તે આપણી ભગવદ્સેવા છે. અને તેના જે આકાર – પ્રકાર છે, જે આજે કઠિન થઈ ગયા છે, તે બધા હાથની કે પગની માફક છે. તે રહે તો તેમની શોભા છે. અને સ્વસ્થ ન રહે તો, તેમનું ઓપરેશન પણ કરવું પડશે. આપણે શિર તો કપાવી શકીશું નહીં, જો જીવતા રહેવું છે તો પણ જો મરવું છે,

એટલે કે આત્મઘાત કરવો છે તો કરો. શિર કપાવી દો ! મરવાવાળાને કોઈ શું કરી શકશે ? આ વાતને સારી રીતે સમજી લેવી જોઈએ.

**સવાલ ૨ : બ્રહ્મસંબંધ લેનાર માટે આવશ્યક અને અનિવાર્ય કર્તવ્ય શું ?**

જવાબ ૨ : અમારી પાસે આવીને લોકો કહે છે કે – બ્રહ્મસંબંધ આપો. અમે પૂછીએ કે 'ભગવદ્સેવા કરશો ?' ત્યારે તેઓ કહે છે 'મહારાજ ! તે નભશે નહી' તો અમે કહીએ

છીએ ' તો પછી બ્રહ્મસંબંધ શા માટે લેવા ઈચ્છો છો ? ' ઘણી વખત તેઓ કહેતા હોય છે – 'અમારા પિતાજીએ આપના પિતાજીથી બ્રહ્મસંબંધ લીધું હતું.'.

ત્યારે મેં કહ્યું તમારા પિતાજીએ મારા પિતાજીથી બ્રહ્મસંબંધ લીધું છે તે કોણ જાણે કેમ લીધું અને કોણ જાણે એમણે કેમ આપ્યું તે તો તમારા પિતાજી જાણે અને મારા પિતાજી જાણે, પણ હું તો આપણે કહી રહ્યો છું કે ભગવદ્સેવા કરી શકતા હો તો બ્રહ્મ સંબંધ લો, નહિતર લેતા નહીં.

એક વખત અમને એક સજજને કહ્યું 'આપ, બ્રહ્મસંબંધ આપી દો, પછી અમે અને ભગવાન આપસમાં સમજી લઈશું.' મેં કહ્યું : 'આપ અને ભગવાન સમજી શકો છો એમાં મને કંઈ આપત્તિ નથી. ભગવાનથી આપ સમજી લો. ભગવાન આપણી સમજી લે તો તેમાં મારું ગયું શું ? મિયાં બીબી રાજી તો કયા કરેગા કાજી !'' જો આપ ભગવાનથી સમજી જાવ છો ભગવાન આપથી સમજી જાય છે તો મારે કરવાનું શું રહ્યું ? પણ શ્રી ગુંસાઈજીનો એ સ્પષ્ટ આદેશ છે કે :

विदेयैव सदा चायं कृष्णनाम विशषतः ।

अविचारितदानेन स्वर्थदाता विनश्यति ॥

જો આપ બ્રહ્મસંબંધ લેશો નહીં તો તેટલું નુકશાન હું જોતો નથી, જેટલું નુકશાન હું એ વાતમાં જોઉં છું કે બ્રહ્મસંબંધ લઈને કોઈ ભગવદ્ સેવા ન કરી શકે. કારણ કે હું અજગર બનવા તૈયાર નથી. વાર્તામાં આવે છે કે ગુરુજીએ ચેલા તો ભેગા કરી લીધા પણ જે કર્તવ્યનિર્દેશન, જે માર્ગનિર્દેશન, અપેક્ષિત હતું તે તો આપી ન શકયા, તેથી જેટલા હતા તે બધા કીડીઓ બની ગયા અને ગુરુ અજગર બની ગયા. એ બધા કીડી બનીને જયારે અનગરને ખાઈ રહ્યા હતા, તે સમયે માર્ગમાં મહાપ્રભુજી પધારી રહ્યા હતા અને શિષ્યોએ પૂછ્યું – 'મહારાજ, આ ઘટનાનું શું તાત્પર્ય ?' તો આપશ્રીએ કહ્યું – ' જે ગુરુજી છે તે અજગર બની ગયા છે અને જે ચેલા છે તે કીડીઓ બની ગઈ છે અને પોતાનું કરજ (લેણું) વસૂલ કરી રહ્યા છે.' મારો કહેવાનો અર્થ એ છે કે હું અજગર બનવાને તૈયાર નથી. મારે અજગર બનવું નથી !

બ્રહ્મસંબંધ લેવું છે તો અવશ્ય ભગવદ્સેવાને માટે આપણે લઈએ. ભગવદ્સેવાના જે આકાર–પ્રકાર તે તો તે યુગને અનુરૂપ હતા, વસ્ત્રો પણ તે યુગને અનુરૂપ બનાવાયા હતાં. દાખલા તરીકે સેવારીતિના પુસ્તકમાં લખેલ કિનખાબનાં વસ્ત્ર હવે બનવા જ બંધ થઈ ગયાં. તો શું શીતકાલમાં ઠાકોરજીને વસ્ત્ર ન ધરાવવાં ?

**સવાલ ૩ : સંપ્રદાયમાં અન્નકૂટ ઉત્સવ કયારે શરૂ થયો ? છપ્પન ભોગના મનોરથ વિશે આપનું મંતવ્ય શું છે ?**

જવાબ ૩ : હું એક સામાન્ય વાત આપને બતાવું. અન્નકૂટનું આપણે ત્યાં મોટું મહત્વ મનાય છે. મહાપ્રભુજી સ્પષ્ટ વિધાન કરે છે કે 'कोटयवधि द्रव्यस्य भररूपेण स्थितस्य

सद्व्यय चिकीर्षुः'

જે ધાન (અનાજ) એકઠું થઈ ગયું હતું તે ભારરૂપ હતું. આજે તો આપણે ત્યાં અનાજની એટલી અછત છે કે ધાન એકઠું થતું જ નથી. રેશનની લાઈનમાં ઊભા રહેવું પડે છે. એ જમાનો સારો હતો. અનાજ સસ્તું હતું તેથી ભેગું થતું હતું. તેનો સદ્વ્યય પણ તેથી આવશ્યક હતો. તેથી ભગવાને અન્નકૂટોત્સવની પ્રેરણા આપી. જે ભાર રૂપમાં હતું તેનું શું કરવામાં આવે, તેથી ભગવાને અન્નકૂટનો ભોગ લગડાવ્યો. કેમ કે એવો પાકો નિરધાર કે –

धनं सर्वात्मा त्याज्यं तत्यकतुं  शक्यते ।

कृष्णार्थे तत्युंजीत कृष्णोर्थस्य वारकः ॥

જે અર્થ અટલે કે જે ધન ભગવદ્ સેવામાં વપરાઈ જાય છે તે અનર્થકારી હોઈ રહી શકતું નથી અન જે ધનનો ભગવદ્સેવામાં વિનિયોગ નથી થતો તે અર્થ નથી પણ અનર્થ છે. આ મહાપ્રભુજીનો સિદ્ધાન્ત છે. આજે આપણી સ્થિતિ જુદા પ્રકારની થઈ ગઈ છે. મેં એક લેખ લખ્યો  હતો – 'સામગ્રી–પ્રદર્શન–ઉત્સવ'. સામગ્રી – પ્રદર્શન – ઉત્સવનો વિષય એ હતો –

એક ગામમાં છપ્પનભોગ થતો હતો. તેથી બાજુના ગામવાળા ચિંતા કરતા હતા કે તે ગામમાં છપ્પનભોગ થઈ ગયો અને આપણા ગામમાં કેમ ન થયો ! તેથી એક કમિટિ બનાવવામાં આવી. છપ્પન ભોગ ધરવાને માટે કમિટિએ ફંડ એકઠું કર્યું. કમિટિના જે બધા મેમ્બર છે તે કોઈ હોલ–સેલ માલ વેચે છે, કોઈ છુટક માલ વેચે છે, તો જે એજન્ટો છે તેનું છુટક માલ વેચવાવાળા ઉપર કંઈક દબાણ રહે છે. તેમજ પરચુરણ માલ વેચનાર ઉપર જથ્થાબંધ માલ વેચવાવાળાનું કંઈક દબાણ રહે છે. તો દબાણને લીધે ફંડ વસૂલ કરાય છે. તેમાં બિચારા કોઈ જૈન હોય છે જે કૃષ્ણસેવાના પ્રકારને માનતા જ નથી. કારણ કે તેઓ પરચુરણ વિક્રેતા છે તેથી તેમને જથ્થાબંધ વેચવાવાળાઓને કંઈક ને કંઈક આપવું પડે છે. પછી સામગ્રી પ્રદર્શન મહોત્સવના દર્શન ખુલે છે. ત્યારે મહાપ્રભુજી દર્શન કરવા આવે છે અને પૂછે છે – ' આ બધં શું થઈ રહ્યું છે ?' મુખિયાજી કહે છે – ' છપ્પનભોગ થઈ રહ્યો છે.' મહાપ્રભુજીને બહુ આશ્ચર્ય થા છે. મહાપ્રભુજી કહે છે – 'આ યુગમાં છપ્પન ભોગ કોણ કરે છે ?' મુખિયાજી કહે છે – ' કરે કોણ ? કમિટિ કરે છે ! ' મહાપ્રભુજીને વધારે આશ્ચર્ય થયું – ' અચ્છા કમિટિ કરે છે તો જવાબ મળ્યો કમિટિ તો ફક્ત ફંડ એકઠુ કરે છે ?' છપ્પનભોગ કરવાવાળા તો ગામના બધા લોકો છે. '' મહાપ્રભુજીએ કહ્યું – 'કમિટિને શું પડી છે કે આવી રીતે ગામના નાણાંથી છપ્પનભોગ કરે ?' તેઓએ કહ્ય – ' કેમ નથી પડી ? બાજુના ગામમાં જયારે છપ્પન ભોગ થયો છે તો આ ગામમાં કેમ નહીં ?'  મહાપ્રભુજી કહે છે – ' હું હવે બધી વાત સમજી ગયો; પણ એ તો બતાવો કે આ સમ્પ્રદાય કયો છે ?' ત્યારે કહે છે, 'આ વલ્લભ – સમ્પ્રદાય છે.' મહાપ્રભુજી ભારે નવાઈ પામે છે – ' મારા સમ્પ્રદાયમાં તો આ બધી વાતો આવતી નથી!' ત્યારે અધિકારીજી કહે – 'તમે નવા–નવા આવ્યા લાગો છો ! પહેલાં સમજો, મહારાજશ્રી પાસે ઉપર જઈને કે વલ્લભ સંપ્રદાયના સિદ્ધાન્ત શા છે. અમારે ત્યાં પહેલાંથી આવું જ ચાલી આવી રહ્યું છે ! ' મહાપ્રભુજી કહે છે, 'ચાલો, હવે ત્યારે અહીંથી ભાગી જવું

સારું છે !'

એટલે સ્થિતિ એવી છે કે આકાર – પ્રકારનો હું વિરોધી નથી, પણ એ વાતને કહું છું તો કેટલા લોકો નારાજ થઈ જાય છે અને માની પણ લે છે કે હું છપ્પન ભોગનો વિરોધી છું. અરે પણ હું છપ્પન ભોગનો વિરોધી નથી. હું એ વાતનો સમર્થક છું કે જો આપણે નભાવી શકતા હોઈએ તો આ આકાર–પ્રકારને જરૂર નભાવીએ. તે આપણી સેવાનું અંગ જ છે. એનાથી આપણી સેવાની શોભા છે. પણ આ આકાર – પ્રકારોને કારણે આપણે શિરને કપાવવાને માટે તૈયાર ન થઈ જઈએ. મુખ્ય જે સેવા છે તે એટલી જ છે કે આપણે આપણા ઘરમાં આપણા ઠાકુરજીની આપણા તનથી, ધનથી અને મનથી સેવા કરીએ. ગામમાંથી સેવાને માટે માગીએ નહિ કે તેનું પ્રદર્શન કરીએ નહિ. આ સેવાનો મુખ્ય પ્રકાર છે. અને અસમર્પિત વસ્તુનો ત્યાગ કરીએ.'

**સવાલ ૪ : ભગવત્સેવા કરવાનું ન બની શકતું હોય તો શું કરવું ?**

જવાબ ૪ : જો આપ ઈચ્છો તો આટલો સેવા–પ્રકાર ઘરમાં પણ નભાવી શકો છો. એવી વાત નથી કે આ ન નભાવી શકાય. ઈચ્છા હોય તો બીજી વાત છે. પણ ન ઈચ્છો તો બ્રહ્મસંબંધ લેવું ન જોઈએ. 'અષ્ટાક્ષર' લેવાનું જ પર્યાપ્ત છે. શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની ભીતર એટલા માટે બે પેટા માર્ગ પ્રચલિત કર્યા છે. એક ભક્તિ–માર્ગ અને બીજો પ્રપત્તિ–માર્ગ.

જો આપણે વાર્તાઓનું અધ્યયન કરીશું તો એનો ઉલ્લેખ મળશે કે કોઈ કોઈ ભગવદીય વૈષ્ણવોને મહાપ્રભુજી કહેતા હતા – **'तोसों भगवदसेवा नाहिं निभेगी, नामश्रवण करावत हुं'** કોઈને એમ કહેતા હતા – **'जाओ, यमुनाजीमें स्नान करी आओ ।'** અને આત્મનિવેદનની દીક્ષા આપતા હતા. જેનાથી ભગવદ્સેવા નભતી હતી. તેઓને તો આત્મનિવેદનની દીક્ષા આપવાનો ક્રમ છે અને જેનાથી ભગવદ્સેવા નભતી નથી તેને અષ્ટાક્ષર મંત્રનો ક્રમ છે તેને માટે પ્રપત્તિ માર્ગ માનવામાં આવ્યો છે. ભક્તિમાર્ગ અને શરણાગતિમાર્ગનો મૂળ જે ભેદ છે તે એ જ છે, કે આપણે આપણા ઘરમાં ભગવદ્સેવા કરી શકતા નથી. તો બ્રહ્મસંબંધ લેવું આવશ્યક નથી, પણ અષ્ટાક્ષર મંત્રની દ્વારા વિવેક, ધૈર્ય, આશ્રયને જાગ્રત રાખીને પણ પુષ્ટિમાર્ગમાં રહી શકીએ છીએ. એ ક્રમ અને એ સાવધાનીથી જો આપણે વર્તીશું તો

આજના યુગમાં એવી કોઈ વાત નથી કે પુષ્ટિમાર્ગમાં મહાપ્રભુજીના અનુસરણમાં આપણને કોઈ પ્રકાની મુશ્કેલી અનુભૂત થાય.

હું એમ સમજું છું કે મેં ભૂમિકા એટલા માટે એ બાંધી કે એ વાતને સાંભળીને જો આપણા હૃદયમાં કોઈ તકલીફ સેવા કરવાના સંબંધમાં હોય તો આપ મને પૂછો. હું હૃદયથી એ વાત ઈચ્છું છું કે આપની તકલીફોનું નિરાકરણ થાય. સિદ્ધાન્ત તો પચાસ વાર કહી ચુકયા છીએ અને પચાસ વાર સાંભળી પણ ચુકયા છીએ. 'પણ હું એ વાતને બહુ વધારે માનવાવાળો છું કે પચારસ વાર સિદ્ધાન્તને સાંભળવાને બદલે એકવાર પણ અમલમાં લાવીએ તો બહુ સારી વાત છે.

**'कियो सो काम भज्यो सो राम'** આથી આપને કોઈ જિજ્ઞાસા સેવા માર્ગ સંબંધી હો

તો આપ અવશ્ય મને પૂછો. અથવા બીજાકોઈ સિદ્ધાન્ત સંબંધી જિજ્ઞાસા હોય તો પણ અવશ્ય પૂછો.

**સવાલ ૫ : સેવા બાલભાવથી કરવી કે પતિભાવથી ?**

જવાબ ૫ : આ પ્રશ્નનો ઉત્તર એમ જ આપી શકાય કે ખરી રીતે આપણે જે સેવા કરીએ છીએ તે તો નથી થતી બાલભાવથી કે નથી થતી પતિભાવથી. સંગીતના જાણકાર સારી રીતે સમજી શકશે કે જયારે એક સ્વર સાધવામાં આવે છે ત્યારે કંઠમાં સાધવામાં આવે છે અથવા પીપુડી રાખીને કે હારમોનિયમની એક પટી દબાવીને એ સ્વર સધવામાં આવે છે.અને પછી તાનપુરો એમાંથી મેળવવામાં આવે છે. મૂળ સ્વર તાનપુરામાં નથી હોતો. શકય છે કે તાનપુરો મેળવેલો હોય તો એને છેડીને એનાથી સ્વર કાઢે એ બીજી વસ્તુ છે. પરંતુ જયાંથી સ્વર સાધવામાં આવે છે અને જનો સ્વર સાધવામાં આવે છે એ વસ્તુમાં અંતર છે એટલે એ બે વસ્તુ જુદી હોય છે. એક ઠેકાણે એવો સ્વર હોય છે કે જે સ્વર સ્થિર હોય અને તેની સાથે બીજો સ્વર મેળવવામાં આવે છે. આજકાલ હારમોનિયમ એ રીતે વપરાશમાં આવી ગયું છે. તાનપુરો મેળવવો હોય તો હારમોનિયમની કાળી કે સફેદ પટી દબાવવામાં આવે છે અને તબલું મેળવવું હોય તો પણ તેમ કરવામાં આવે છે. કારણ કે કંઠ ઉપર હવે લોકોને ભરોસો રહ્યો નથી. પ્રાચીન કાળમાં એવી પદ્ધતિ હતી કે પોતાના કંઠમાં પહેલાં 'સા' લગાડી જોઈ લેતા અને પછી જ તાનપુરો તે પ્રમાણે મેળવતા. અને તે પછી જ તાનપુરો તેમને સહાયક બનતો. આ બાબતમાં ઊંડી વિગતમાં ઊતરીશું નહિ.

આમ સંગીતમાં જેવી રીતે સ્વર કેળવવાનો હોય છે તેવી જ રીતે સેવામાં આપણે આપણી જાતને કેળવી લેવાની હોય છે. આ સેવાનો શરૂઆતનો એક પ્રયોગ છે. અને આ પ્રયોગમાં શરૂઆપમાં આપણને કંઈ પણ ભાવ નથી હોતો. આપણો તો ભક્તિનો નિરુપાધિક ભાવ હોય છે. બાલભાવ, પતિભાવ કે સખ્યભાવ જે બધા ભાવો છે તે બધા ભાવો વ્રજભકતતોના શ્રી ઠાકોરજી પૂરતા છે. એટલે જયાં સુધી આ આપણી પ્રાયોગિક સેવા થઈ રહી હોય ત્યાં સુધી આપણો ભાવ કેવળ ભક્તિનો જ છે. અને આ જુદા જુદા ભાવોમાં આપણે આપણા કંઠની હદ જોવાની છે કે આમાં કયો સ્વર આપણે ગાઈ શકીએ છીએ. જેમ ગાનારને પહેલાં હારમોનિયમની કોઈ પટી દબાવીને કહે ભાઈ સ્વરને લગાવીને જુઓ – આ 'સા' ને સાધીને જુઓ. પહેલી કાળી અથવા બીજી કાળીમાં તમે ગાઈ જુઓ. જો ન ગાઈ શકે તો બીજી પેટીને દબાવવામાં આવે ને કહે કે, હવે તમે આગળ ગાઈ જુઓ. આમ જુદા જુદા સૂર દબાવે. આમ સેવામાં પણ જુદા જુદા સૂર દબાવીને આપણે પ્રયોગ કરીએ છીએ કે, આપણું મન કયા ભાવ ઉપર આરૂઢ થશે.

શ્રીમદ્‌આચાર્યચરણ એવી આજ્ઞા કરે છે કે સેવા કરવા માટે જે સૂચવેલી રીત છે તે રીતે એટલે સાચી રીતે સેવા કરો તો જ તે સેવા માટેનો પ્રયોગ બરાબર થાય. પરંતુ તેમાં પણ આપણે ટૂંકો રસ્તો લઈએ અથવા તો તેમાંય કરકસર કરીએ તો સેવા કરવાનો આપણો પ્રયોગ નિષ્ફળ નીવડે.

શ્રી મહાપ્રભુજી બતાવે છે કે તે રીતે ખરા દિલથી આપણે સેવા કરતા રહીએ તો આપણા મનની એક એવી દશા સિદ્ધ થશે કે બાલ ભાવ આદિ ભાવો પૈકી કોઈ એક ભાવ રૂઢ થઈ જશે. શ્રીમદ્‌આચાર્ય ચરણ માને છે કે આ પ્રક્રિયા જીવસાધ્ય નથી, છતાં આપણી એટલે જીવની અને શ્રીઠાકોરજીની પકડથી જ એ ભાવ ઉત્પન્ન થવાનો છે, એટલે આ પ્રકારમાં કોઈ જાતનું વિધાન થઈ શકે નહિં કે આજ (અમુકજ) ભાવથી સેવા કરવી જોઈએ. સાચા અર્થમાં કહીએ તો તે ભાવની ઈચ્છા પણ ન જ થઈ શકે. કારણ કે આપણા મનમાં કયો ભાવ ગર્ભિત રહેલો છે, કયો બીજભાવ રહેલો છે કે જે અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત થશે તેનું કશું જ્ઞાન આપણને હોતું નથી. આપણે એટલું જ કહી શકીએ કે એ

સેવાના પ્રયોગો દરમ્યાન આપણે બધા તાલ–મેળ મેળવવાની કોશીશ કરીએ છીએ. એટલે કે ભક્તિના ભાવમાં ભક્તિ જે આપણો ભાવ છે, તેનો શૂર આપણે આપણા ગળામાં લગાવી રહ્યા છીએ.

હારમોનિયમ શીખનાર જે નવી વ્યક્તિ હોય છે, તેને એવી પણ ખબર નથી હોતી કે હારમોનિયમમાં પહેલાં જે 'સા' લગાડે તો તે 'સા' પોતાના ગળામાં મેળવવાનો છે, અને તે મેળવવાની શક્તિ પણ તેનામાં હોતી નથી, તે તો પોતાનો 'સા' લગાડવાનું કહે કે 'સા'.

લગાવો – મેં એક ઠેકાણે એવું જોયું છે કે 'સારેગમપધનિસા' લગાવવાનું કહેતા તે 'સારેગમપધનિસા' બોલી ગયો, પરંતુ એક પણ સ્વર ગળામાં આવ્યો નહી. મોઢેથી કહેવું એ તો સ્વર નથી જ ને, ખરી રીતે સ્વરનું જે આરોહણ છે એ જો કંઠમાં ન થતું હોય તો કોઈ પણ સ્વર દબાવવાથી તેના કંઠમાં કોઈ પણ અસર થવાની નથી. એ તો સ્થિર થઈને બેસે છે કે હું તો 'સા' ને સ્વરમાં બોલીશ. આથી એને શીખવવું પડશે કે તારે અમે એક કાળી પટી દબાવીએ કે સફેદ પટી દબાવીએ તો તેમાં કંઠ મેળવવાનો છે.

કુદરતી બક્ષિસ જેને મળી હોય તેને પ્રાથમિકમાંજ તે જ્ઞાન તુરત જ થઈ જા છે પરંત દરકન તેવું જ્ઞાન થતું નથી. સેવા વિષેનો આપણો આખો પ્રયોગ આટલા માટે જ નિષ્ફળ બને છે. કારણ કે આપણે તાલ – સ્વર મેળવવાની કોશિશ કરતા નથી. આપણો પ્રયત્ન ખરેખર તાલ – સ્વર  મેળવવા માટે હોવો જોઈએ. પરંતુ તે પ્રયત્ન આપણે કરતા નથી.

જયાં સુધી મૂળ ભક્તિનો ભાવ દઢ ન થતો હોય ત્યાં સુધીના ભાવનું શ્રીમદ્ આર્ચાચરણ 'નિરુપાધિક ભાવ' અને 'સઉપાધિક' ભાવ એમ બે વૃત્તિમાં આ ભાવનું વર્ગીકરણ કર્યું છે.

ભક્તિ ભાવ એટલે શું ? શ્રીમદ્આચાર્યચરણ કહે છે કે જેમાં ભજનીય અને ભકત વચ્ચે એવો કોઈ પણ સંબંધ નથી ( દ્વિધાભાવ નહિ પણ અભેદભાવ ) તે જ ભક્તિભાવ. આમાં ભજનીય સાથે ઈશ્વર તરીકેનો પણ સંબધ નથી હોતો ! જો ઈશ્વર તરીકે પણ ભજશો તો તે પણ એક અલગણપણાનો ભાવ છે, એટલે ભક્તિભાવમાં ઈશ્વરનો સંબંધ પણ ખલેલ પહોંચાડે છે. એટલે શ્રીમદઆચાર્યચરણ ભક્તિભાવને નિરુપાધિક ભાવ કહે છે.

'મેરી' નામની એક ઈસાઈ સિસ્ટર મને મળી હતી. તે કહેતી હતી કે પ્રભુને

પ્રિયતમના ભાવથી ભજવામાં તેમને લૌકિક વૃત્તિ નથી દેખાતી ? મને તો (સિસ્ટર મેરીને) લૌકિક મનોવૃત્તિ ચોકખી દેખાય છે.

મે કહ્યું 'આ ભાવને છોડી દીઈએ અને તમારા હોલી ફાધર (Holy Father) ની કલ્પના (વિચાર) લઈએ તો તે ભાવ પણ લૌકિક મનોવૃત્તિજ થયો ને ! હોલી ફાધર પણ દુનિયામાં જ હોય છે ને ! આ વાત છોડીએ પણ યોગવાળાઓએ તો કહ્યું છે કે 'સહિ ગુરુણાં ગુરુ' તેને આદ્યગુરુ માનવા. તે પણ લૌકિક સંબંધ જ છે. ગુરુની કલ્પના (Concept) કંઈ બ્રહ્મ સાથે નથી હોતી. સાચા અર્થમાં જોશું તો શંકરાચાર્યની કલ્પના જ એક એવી છે કે જેમાં કોઈ સંબંધ જ નથી. નિર્ગુણ, નિરાકાર, નિધર્મક, નિર્વિશેષ ! તે સિસ્ટરે કહ્યું કે ના એવી કલ્પના તો ન ચાલે. ત્યારે મેં કહ્યું તો પછી ભજનીય સાથે જેનામાં પિતાભાવ દ્દઢ હોય તો પિતા માને, અને જેનામાં પતિભાવ દઢ હોય તે પ્રિયતમ શા માટે ન માને ? અને જો ઈશ્વર આમ ઉપર જણાવેલ સંબંધ રાખી શકતો હોય, ઈશ્વરત્વ છોડી જો એ પિતા થઈ શકતો હોય તો પતિ શા માટે ન થઈ શકે ? જો પિતા થવામાં કોઈ ખામી હશે તો તે પતિ થવામાં પણ આવશે. અને પતિ થવામાં હશે તો પિતા થવામાં આવશે. અંતે આ બધા સંબંધો તો લૌકિક જ છે ને. તમે કોઈ પણ સંબંધ લો, તે શુદ્ધ સંબંધ તો નથી જ.

તેથી જ શ્રીમદ્ આચાર્ય ચરણ જેમાં ઈશ્વરત્વનો પણ સંબંધ નથી એવા ભક્તિના નિરુપાધિક ભાવની વાત કરે છે.

મેં તે સિસ્ટરને એક વાત કહી કે તમે કહો છો તે ઈશ્વરની આ કલ્પના તમને કેમ આવી ? ઈજીપ્તનો રાજા ફેરો તમને દરેક રીતે મારતો હતો. ઈજીપ્તના રાજા તરીકે તેને મન ફાવે તે રીતે તમને દંડ પણ કરતો હતો. એ દંડ તમે ન ભરો યા દંડ ભરવામાં આનાકાની કરો તો તમારાં બાલબચ્ચાંને મારવા સુધી પણ પહોંચતો હતો. ઉપરાંત તમને શિક્ષા કરવા તમારા ઢોર બકરી વિગેરે પશુઓને મારી નાખતો હતો. આવું કૃત્ય રાજાનું જોઈને અને અનુભવીને તમને ઈશ્વરના એવા જ રૂપની કલ્પના આવી અને તમે સમજયાં કે ઈશ્વર એક જ છે.

અમારા હિન્દુસ્થાનમાં એક પણ રાજા એવો થયો નથી કે જે આટલો ક્રૂર શાસક રાજકર્તા હોય, જેથી અમને આવા એક ઈશ્વરની કલ્પના કયાંથી આવે ? અમારે ત્યાં નાના નાના ઘણા બધા દેશો હતા, તેમાં કોઈ લોકશાહી પદ્ધતિના, કોઈ સામન્તશાહી પદ્ધતિના, કોઈ રાજાશાહી ઢબના હતા. આ કારણથી અમને ઈશ્વરની દરેક જાતની કલ્પના આવી છે. 'ઈશ્વર આમ પણ છે, અને તેમ પણ છે.' આવી બધી જ કલ્પના અમને પોષાય, પણ તમને ન પોષાય, કારણ કે તમારી પેદાશ એવા પ્રકારની થઈ છે. તમે તો ઈજીપ્તના રાજાઓની ચુંગાલમાંથી – પકડમાંથી છૂટયાં અને તમાને રોમનોએ પકડયાં. એ લોકોએ તમને માર્યા એટલે સર્વત્ર તમે માર ખાતાં ખાતાં આવ્યા. આ કારણથી અને આવી રીતે ઈશ્વરથી તમોને બીવાનો જ ઉપદેશ મળ્યો છે. કુરાન ઉઘાડીને આપ જુઓ તો પણ એમ લાગે છે કે 'ભગવાનથી બીઓ' જે ડર છે તેને માટે આ કુરાન પ્રમાણરૂપ છે. જે ડરે તેને માટે તો તે

પ્રમાણ જ રહે ને ! નિડરની સામે પ્રમાણ હોય તો સાચું.

રસેલ કહે છે કે એક બંદુક મને હાથમાં આપો, અને મારા સિવાય બીજા કોઈના હાથમાં બંદુક હોવી ન જોઈએ. આ ઉપરાંત મનુષ્ય માત્રની રોટીની વ્યવસ્થા મારા હાથમાં આપો તો પછી દુનિયાભરના માણસોને હું એમ માનતા કરી શકું કે દિવસ એ રાત અને રાત તે દિવસ. આ વ્યવસ્થા મારા હાથમાં હોવી જોઈએ. બે વ્યવસ્થામાં બધું જ આવી ગયું. ડરથી પ્રમાણ માને તેમાં શું ? તમારો ઈશ્વર તમે તમારા ત્યાંની લૌકિક ભાવનાથી ઉત્પન્ન કર્યો છે અને અમારો ઈૡર અમે અમારી લૌકિક ભાવનાથી ઉત્પન્ન કર્યો છે.

મૂળ વાત એ છે કે ભક્તિનો તો શુદ્ધ ભાવ છે, તેમાં બીજો કંઈ પણ ભાવ નહીં, એટલે માહાત્મ્યજ્ઞાન પણ આપણે લેતા નથી. ભક્તિના ભાવની પ્રાથમિક ભૂમિકામાં આપણે માહાત્મ્યજ્ઞાન લીધું છે, અને તે એટલા માટે જ કે બીજા વિષયોને આપણે છોડી શકીએ. 'મહાત્મ્યજ્ઞાન વિના બીજા વિષયો છૂટતા નથી.'

મારે મારા પુત્ર, પિતા, પતિ કે પત્નીનું ભજન નહી કરતાં બ્રહ્મનું ભજન શા માટે કરવું ? આ બાબતનો જવાબ આપણે માહાત્મ્યજ્ઞાન વગર મેળવી શકતા નથી. શરૂઆતમાં થોડુંક માહાત્મ્યજ્ઞાન ભજનીયની પસંદગી માટે જરૂરી છે, અને તેવા માહાત્મ્યજ્ઞાનનો ઉપયોગ ભજનીયની પસંદગી માટે થઈ શકે છે., 'ભજનીય'ની પસંદગી પછી પણ જો માહાત્મ્યજ્ઞાન ચાલુ રહે તો તે માહાત્મ્યજ્ઞાન ભજનમાં ખલેલરૂપ બને છે. કારણ કે તે ભજન શુદ્ધ ભજન રહેતું નથી. તે વખતે જે સંબંધથી ભક્તિ થાય છે, જે ભાવ હોય છે, તેમા માહાત્મ્યજ્ઞાન ચાલુ રહેવાથી 'હું નહીં ભજાું તો પેલો (ભગવાન) ડંડો મારશે.' તેવો ભાવ બન્યો રહે છે. તેથી ભાવ શુદ્ધ તો નથી જ રહેતો ને ! તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે કે ભજનમાં કોઈ પણ ભાવ ન જોઈએ. માહાત્મ્યજ્ઞાન આપણને બ્રહ્મ સુધી પહોંચાડી દે, પણ પછી તમે તેને (માહાત્મ્ય જ્ઞાનને) છોડીને કોઈ પણ જાતના ભાવ વિના ભજન કરો તો જ શુદ્ધ થાય છે.

આપણ ત્યાં પતિભાવ, પુત્રભાવ, પત્નીભાવ, સખાભાવ વિગેરે ભાવોથી સેવા થાય છે., પણ એ બધા ભાવો તો વ્રજભકતતોના, આપણા નહીં. આપણે તો ભાવોના રમ્ય પ્રદેશમાં વિચરણ કરીએ છીએ, ફરીએ છીએ, અને જોઈએ છીએ કે તે રમ્ય પ્રદેશમાં કયે ઠેકાણે આપણે આપણું ઘર બાંધીશું ? કયા ભાવપ્રદેશમાં આપણે રહીશું ? કયા ભાવપ્રદેશની હવા આપણને અનુકુળ આવશે કે જેથી ત્યાં આપણે રહી શકીએ, ને આપણો ભાવ સ્થિર કરી શકીએ. તે પ્રદેશમાં વિચારણ કર્યા સિવાય તો આપણને ખબર તો ન જ પડે ને ! તેથી જ બધો ક્રમ છે, અને આ ક્રમમાં બાલભાવથી લઈ પતિભાવ સુધીના બધા ભાવોનો સેવામાં વિનિયોગ છે.

આ ક્રમની અક સામાન્ય વાત જાઈઅ. શીતકાલમાં મંગલામાં શ્રી ઠાકોરજીને બાલભાવથી જગાડીએ છીએ, અને મંગલભોગ ધર્યો ત્યાં સુધી બાલભાવ રહે છે. અને મંગલભોગ સરતાની સાથે જ ખંડિતાનાં પદ ગવાય છે. એટલે નિગૂઢ શૃંગારભાવ આવી જાય છે.હવે જો માનસશાસ્ત્ર (સાયકોલોજી)ની દ્રષ્ટિએ વિચાર કરીએ તો મંગલા સમયે આપણું

મન એટલા બધા બાલભાવમાં તલ્લીન થયું હોય કે તે મન એકદમ બાલભાવને બદલે શૃંગાર ભાવનો પલટો (આંચકો) સહન કરી શકે નહી. આને પરિભાષામાં 'રસાભાસ' કહેવામાં આવે છે. મન જયારે એક ભાવનો આકાર લઈ રહલ હોય ત્યારે તે રસથી સંપૂર્ણ ઊલટા રસનું અથવા એ રસના કોઈ પણ સંચારીભાવનું વર્ણન કરી દેવું તેનું નામ જ રસાભાસ. દાખલા તરીકે સ્નેહનું વર્ણન આવતુંહોય અને મૃત્યુનું વર્ણન આવે કે આપણા શાસ્ત્રકારો કહે છે કે ' રસાભાસ થઈ ગયો'. શૃંગારરસ મટીને કરુણરસ થઈ જાય. તેથી શાસ્ત્રકારોએ મર્યાદા સ્થાપી છે કે, શૃંગાર રસ રુદન,

મુર્છા સુધી જાય અને ત્યાંથી પાછો ફરવો જોઈએ. મૂર્છા પછી જો મરણ થયું તો શૃંગાર રસની મર્યાદા વટાવી ગયા અને કરુણ રસમાં આપણો પ્રવેશ થઈ ગયો.

કરુણરસ એ એક સ્વતંત્ર રસ છે, તેના સંચારી ભાવો નોખા નોખા (જુદા – જુદા) છે. તમે તે રસનું વર્ણન કરવા બેઠા હો તો તમે મરણથી પણ પ્રારંભ કરી શકો કે મરણ થયું, પછી આમ થયું, પછી શોક થયો, પછી મૂર્છા થઈ, એ બધું ત્યાં ચાલી શકે. પરંતુ અહીં શૃંગારનું વર્ણન ન આવી શકે.

હવે જો આટલો બધો રસાભાસ ઉપરના વર્ણન મુજબ થતો હોય તો જયારે આપણે આપણા ઠાકોરજી સાથે ખરેખર સંબંધ સ્થાપિત કર્યો હોય કે આ બાળક મારો – અને એ જ બાલભાવથી આપણે ઠાકોરજીને જગાડતા હોઈએ અને ભોગ ધરતા હોઈએ કે તમે કલેઉ કરો, અને ભોગ સરતાંની સાથે જ જો ખંડિતતાનો ભાવ થઈ જતો હોય તો આપણા મનની દશા શી ? આખો રસાભાસ થઈ જાય એટલે એ રીતે સેવા આગળ ચાલે જ નહી છતાંય સેવા ચાલે છે તેનું કારણ શું ? આનું કારણ એટલું જ કે 'આપણો કોઈ પણ ભાવ છે જ નહી. આપણેતો ત્યાં કોઈ ખબરપત્રીની જગ્યાએ છીએ.' જેમ ખબરપીને જયાં ઝઘડો થતો હોય ત્યાં જવાની છૂટ હોય અને તે ઝઘડો જોઈ શકે છે, તેવી જ રીતે આપણને ભક્તિનું પ્રમાણપત્ર (સરટીફિકેટ) છે ! તે સરટીફિકેટના આધારે ભગવાનની સાથે આ બધા ભાવોથી જે પ્રકારના સંબંધો છે તે બધા સંબંધો આપણને જોવા મળે છે અને તે જોઈને આપણે પોતાની જાતને કેળવવા–મેળવવા માંગીએ છીએ કે ઠાકોરજી સાથે આપણો કયો સંબંધ છે !

શ્રીમદ્આચાયચરણના હિસાબે ભકતની ભક્તિભાવપૂર્વકની સેવા જયારે વ્યસનદશા સુધી પહોંચે ત્યારે કોઈ પણ એક ભાવ રૂઢ થઈ જાય, પછી ચાહે તે કોઈ પણ ભાવ હોય, પતિભાવ હોય, પુત્રભાવ હોય કે પછી સખ્યભાવ હોય. એવું કંઈ જરૂરી નથી કે અમુક જ ભાવ હોય. તમારી એટલે ભકતની અને ભગવાનની વચ્ચે જે ભાવ વિકસિત થઈ ગયો, સ્થાપિત થઈ ગયો તે સાચો. તેમાં પછી કોઈ ગેરન્ટી નથી કે વ્યસન પછીની દશામાં કયો ભાવ વિકસિત થશે. મિયાં બીબી રાજી તો કયા કરેગા કાજી જેવી સ્થિતિ થાય.

આ બાબતમાં વળી એટલે સુધી કહ્યું છે કે આમાં પછી ગુરુ આજ્ઞાનો પ્રશ્ન પણ રહેતો નથી. ગુરુઆજ્ઞાનો પ્રશ્ન ત્યાં સુધી જ રહે છે કે જયાં સુધી વ્યસન ભાવ વિકસિત થતો નથી. જયાં સુધી તેમને સાવધાનતા છે કે 'હું સેવા કરું છું' ત્યાં સુધી જ ગુરુઆજ્ઞા પ્રમાણ છે. વ્યસનભાવ વિકસિત થયા પછી ગુરુઆજ્ઞાનો પ્રશ્ન જ નથી. ત્યાર પછી આ ક્રિયાત્મક સેવા

રહેવાની જ નથી. આ સેવા તો પ્રયોગાત્મક (એકસપેરીમેન્ટલ) સેવા છે. પછી તો જે સેવા થાય છે તે ફલરૂપ સેવા થાય છે એટલે આ સેવામાં બીજા ભાવોની જરૂર જ નથી ને ! તમારો જે સ્થાયીભાવ તે ભાવથી આખી રસેવા થશે. પછી તમે મંગલભોગથી શ્રીયશોદાજીના ભાવથી સેવા નહીં કરો. અથવા તો બાલભાવ તમારા હૃદયમાં રૂઢ થયો તો પછી ખંડિતાનો ભાવ તમને થવાની જરૂર નથી. કારણ કે તે ભાવ (ખંડિતાનો ભાવ) તમને ખ્યાલમાં પણ નહીં આવે. પોતાની વ્યસનાત્મિકા સ્થિતિમાં આ ભાવનું સ્મરણ કયાંથી આવે ?

આ બધા ભાવો માટે મનની અવસ્થા ન હોય તે વખતે જે લોકો અનધિકાર ચેષ્ટાથી કૃત્રિમ રૂપે આ અવસ્થાઓને પ્રકટ કરે છે, (કૃત્રિમ ભાવ બતાવે છે) તેઓની સેવા તો કેવળ પાખંડ જ છે. મનના ઊમળકા વિનાની આ અવસ્થા છે, તેથી તે ક્ષણિક છે. શુદ્ધ ભાવ–ભક્તિનો–સેવાનો તેમાં લેશ પણ સંબંધ નથી. પ્રાર્થનાનો પણ સંબંધ નથી. કોઈ પણ પ્રકારની પ્રાર્થના ય નહીં અને કોઈ જાતની અલૌકિક કામના ય નહીં, કારણ કે આપણને એ ભેદની ખબર નથી કે આપણે ભગવાનમાં જે ભાવ કેળવી રહ્યા છીએ તે લૌકિક વૃત્તિથી કેળવી રહ્યા છીએ કે ભક્તિથી કેળવી રહ્યા છીએ.

प्रार्थिते वा ततः किं स्यात्

स्वाम्यभिप्राय संशयात्

હવે આપણે ભક્તિની વૃત્તિથી ભગવાનમાં પુત્રભાવ કે પતિભાવ કેળવ્યો હોય તે તો સંપૂર્ણપણે પ્રશંસનીય છે, પરંતુ આપણે પારખી શકતા નથી કે ભગવાનમાં આ ભાવ આપણે લૌકિક મનોવૃત્તિથી કેળવી રહ્યા છીએ કે ભક્તિભાવથી. હવે જો આપણે લૌકિક મનોવૃત્તિથી આ ભાવ કેળવ્યો હોય અને ભક્તિભાવ પ્રાપ્ત ન થયો હોય તો આપણું અધઃપતન થવાનું જ.

આ બાબતમાં એક સામાન્ય વાત વિચારવા જેવી છે કે ભગવાનને આપણે પોતાનો પુત્ર માન્યો. આપણા પુત્રને આપણે થપડાક મારીશું તો મગવાનને આપણે થપડાક મારશું ? પુત્રને આપ ગાળો ભાંડો છો તો ભગવાનને પણ ગાળો

ભાંડશો ? હવે જો ભગવાનને ભક્તિથી ગાળો અપાઈ હશે તો તે ભગવાનથી સહન થશે. પરંતુ ગાળો ભક્તિની નહી પરંતુ લૌકિક દંભથી અપાઈ હશે તો ભગવાનનું અપમાન થશે.

હમણાં લોકોમાં સેવા કરવાના ભાવમાં ગોટાળો ચાલે છે કે બાલભાવથી સેવા કરવી કે પતિભાવથી. આમાં કોઈ ભાવ જ નથી. એક જ ભાવ એટલે ભક્તિભાવપૂર્વક સેવા કરવી ભક્તિભાવપૂર્વક એટલે વ્રજના જે ભાવો છે તે ભાવોનું કેવળ અનુસરણ, ભગવાન આપણો પુત્ર નહિ પણ યશોદાજીનો પુત્ર છે. તેથી કીર્તનમાં આવે છે કે :–

कहा आछो व्हें जेहे जात ॥

सुन यशोमती तुम बडरन आगे,

जो छिन एक बितात ॥१॥

પેલી પડોશની ગોપી આવીને યશોદાજીને કહે છે કે તમારા ઘરમાં આવી બેસું એમાં

મારા ઘરની શી મર્યાદા તૂટી ગઈ ? મારી સાસુ અને નણંદ મને એમ કહે છે કે દરેક વખતે તું ત્યાં જઈ પારકા ઘરમાં શા માટે બેસે છે ? અંતે તમે તો વૃદ્ધ છો અને અનુભવી છો. તમારી પાસે બેસીએ તો જાણવાનું પણ મળશે ! વળી અહીં આવી તમારા ઘરનું કામ પણ કરું તો એમાં મારૂં શું ઘટી જવાનું છે ? હું આવી છું તો હવે તમે શા માટે તકલીફ લો છો, કૃષ્ણને હું નવડાવી દઈશ.

‘બોલી લેહો’ બોલાવી લેજો મને, તમે જરા પણ સંકોચ નહીં કરતા, પારકું નહી માનતા.

**श्री विठ्ठल गिरिधरन लालको मोहीपे उबटावो** – ઉબેટનો એટલે બેસન ઘોળીને બનાવવામાં આવે છે. પછી શ્રીઅંગતને તેલ માલીશ કરીને ઉબટન કરવામાં આવે છે. **"मोहिपे उबटावो"** આમ કહેવામાં ખરેખર પોતાની ગરજ છે, તેથી તે કહેવા માટે આટલાં બધાં બહાનાં લપેટીને આગળ મૂકે છે ! કારણ કે તે તેનો પુત્ર તો નથી ને ? પુત્ર તો શ્રીયશોદાજીનો છે. આમ કહેનાર ગોપી તો કેવળ શ્રીયશોદાજી પડોશી છે. અને આ બાળકને નવડાવવામાં, ખવડાવવામાં, પહેરાવવામાં વિગેરે કાર્યોમાં ઘણો જ આનંદ આવે છે. તેથી તે પડોશી ધર્મનું બહાનું લઈને આવે છે.

આ ગોપીના પ્રસંગ ઉપરથી આપણે પણ બરાબર એ જ ભાવ લેવાનો છે કે પુત્ર આપણો નથી. પુત્ર તો શ્રી યશોદાજીનો છે, આપણે તો શ્રીયશોદાજીની પડોશમાં છીએ, એટલે આપણે જઈએ છીએ અને સર્વ રીતે આપણે શ્રીયશોદાજીને મદદગાર થવાની તો નથી જ. મૂળ વૃત્તિ તો કૃષ્ણને નવડાવવાખ્ખવડાવવાની છે. ગોપીની વૃત્તિ તો પોતે કૃષ્ણને નવડાવે અને ખવડાવે છે, એ છે, પરંતુ એ બને કેવી રીતે ? પડોશીધર્મ પણ બાધક તો થાય ને ! એટલે કોઈ એક બહાનું લઈ જાય છે. આ આ ગોપીનો ભાવ એ જ ખરેખર આપણો સેવામાંનો ભાવ છે. પછી તે કોઈ પણ ભાવ હોય, બાલભાવ–પતિભાવ કે સખાભાવ. જયાં સુધી આપણી વ્યસનદશા સિદ્ધ થાય નહિ, ત્યાં સુધી આપણો કોઈ સંબંધ – સગપણ નહિ બંધાય. સંબંધ–સગપણ બધાં વૃજના જ. તેથી જ શ્રીમદ્‌આચાર્યચરણ કહે છે કે ‘સર્વદા સર્વ–ભાવેન ભજનીયો વ્રજાધીપઃ’ જે દિવસે તમારું સગપણ નક્કી થયું તે દિવસે તે ‘વ્રજાધિપઃ’ નહિ પરંતુ તમારો ‘અધિપ’ બની જાય છે, વ્રજાધિપઃ નથી રહેતો. પછી વ્રજ વચ્ચે કયાં આવે ? અથવા તો પછી તમે જ વ્રજમાં આવી જાવ અને એ તો આખી અનિર્વચનીય સ્થિતિ ઊભી થાય. આ તો પછીની દશા છે, આરંભની દશા નથી.

ભક્તિ જ એક એવું સ્વરૂપ છે, કે જે તમને આવા (ઉપર વર્ણવેલા) ભાવો સુધી લઈ જવાની છૂટ આપે છે અને ભક્તિ વિના જો આવા ભાવ થાય તો શ્રીમદ્‌આચાર્યચરણ તેને લૌકિક વૃત્તિ માને છે, અલૌકિક નહિ. કારણ કે પતિભાવની વૃત્તિ, બાલભાવની વૃત્તિ કે સખાભાવની વૃત્તિ લૌસ્કક પણ હોઈ શકે ‘સેવાપૂજા નેમ વ્રત ગુડિયનકા સો ખેલ જબ લગ પિયુ પરખે નહિ તબલગ સંશય મેલ.’

જો લૌકિક વૃત્તિથી સેવા–પૂજા વિગેરે કર્યું તો ગુડિયા (ઢીંગલીના) ખેલમાં અને

તેમાં ફેર શું ? બચ્ચાં પણ ગુડિયાના ખેલ આટલી જ (એટેચમેન્ટ) લગન અથવા પ્રતિથી રમે છે. ખરું જોતાં તો બચ્ચાના ઢીંગલીના ખેલમાં લગન–પ્રીતિ વધુ હોય છે ! આપણી તો (સેલ્ફ ચીટીંગ) બનાવટ પણ હોઈ શકે. બચ્ચાંની તો બિલકુલ બનાવટ હોતી જ નથી. એ તો એ ઢીંગલી સાથે વાતો કરે, ખવડાવે–પીવડાવે અને એમાં યે બચ્ચંની લાગણી એકાગ્રતા અને એકરસતા હોય છે. અને તે આપણા કરતાં વધારે

સારી સચોટ અને સુંદર હોય છે. આમ ન થવાનું મૂળ કારણ એ છે કે આપણા હૃદયમાં ભક્તિ નથી. મૂળ અને અગત્યનો પ્રશ્ન તો એ છે કે ભક્તિ વિકસિત કેમ થાય ?

એક ટુચકામાં, વાંચ્યું હતું કે પ્રથમ સગર્ભા થયેલી છોકરીએ તેની માને કહ્યું કે બાળક થયા પછી મને રાતના જગાડજે, ત્યારે માએ કહ્યું કે બાળક થયા પછી તને જગાડવાની જરૂર નહીં પડે તું જ બધાને જગાડીશ. એ જ પ્રમાણે જે વખતે કોઈ ભાવ રૂઢ થઈ જશે તે વખતે પૂછવાની જરૂર જ નહિ પડે કે કયો ભાવ લેવો ? તે વખતે તે ભાવ પોતાની મેળે આવી જશે. 'પૂછવું તો ત્યારે જ પડે છે કે જયારે હૃદયમાં કોઈ પણ ભાવ નથી હોતો.'

**સવાલ ૬ : જેમ શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય આસેતુ–હિમાચલ સાર્વજનીન છે તેમ આચાર્ય શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય સાર્વજનીન થયા નથી તેનું કારણ વૈષ્ણવોએ એક સ્થિર પુષ્ટિમાર્ગીય સંપ્રદાય બાંધ્યો અને તે સંપ્રદાય શ્રી વલ્લભાચાર્યને માને છે તેનું આ પરિણામ માની શકાય કે નહિ ?**

જવાબ ૬ : પુષ્ટિમાર્ગીય સંપ્રદાય રુદ્ર સંપ્રદાય કહેવાય છે, એટલે કે પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના આદ્ય પ્રવર્તક શ્રીી મહાદેવ રુદ્ર છે. તેથી તેમના અવતાર શ્રીશંકરાચાર્ય આસેતુ– હિમાચલ (રામેશ્વરથી હિમાલય સુધી) પ્રસિદ્ધ હોય તેમાં આપણે ઈર્ષા કરવા જેવું કાંઈ પણ નથી. સાથે જ શ્રીશંકરાચાર્ય પુષ્ટિમાર્ગીઓના આદ્ય સંપ્રદાય સ્થાપક શ્રીમહાદેવજીના અવતાર છે તેથી શ્રી શંકરાચાર્યના સંપ્રદાયનું અનુસરણ કરવાનું પણ પ્રાપ્ત થતું નથી. કેમ કે આ તો કેવળ સંપ્રદાયના આદ્ય–પ્રવર્તકના અવતાર છે. પણ સંપ્રદાયના સાક્ષાત આરાધ્ય ભગવાન શ્રીકૃષ્ણના અવતાર બુદ્ધ ભગવાનને પણ વૈદિક મતાનુયાયીઓ નમન – અભિવંદન કરવા છતાંય અનુસરણ કરતા નથી. તેનું કારણ તેમના દ્વારા ઉપદિષ્ટ (ઉપદેશેલ) માર્ગ વેદાદિ શાસ્ત્રને અનુકૂળ નથી. સાક્ષાત વેદોની જ નિંદા પણ આસુરવ્યામોહનાર્થ ભગવાને બુદ્ધરૂપે કરી છે, તેમજ માયાવાદના ઉપદેશમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પરમ આરાધ્ય ભગવાન શ્રીકૃષ્ણના રૂપ અને આકારને મિથ્યા, માયિક અને કલ્પિત માનેલ હોવાથી આપણે પુષ્ટિમાર્ગીઓ શ્રી શંકરાચાર્યના મતને અનુસરતા નથી.

(૨) તેમજ બીજી વાત આમાં લક્ષમાં રાખવાની આ છે કે આસેતુ – હિમાચલ પ્રસિદ્ધ થવું એ કાંઈ કોઈ પણ સિદ્ધાન્તની વાસ્તવિકતા કે ઉત્તમતાની આધ્યાત્મિક ગેરંટી હોય જ તેવું કહી ન શકાય. નહીં તો શ્રીશંકરાચાર્ય કરતાં ય બૌદ્ધ મત ચીન, જાપાન, લંબા આદિ લગભગ આખી દુનિયામાં ઈસાઈ મત જેટલો વ્યાપક મત કે ધર્મ બીજો કોઈ નથી. તો તે ઈસાઈ મત બધાથી ઉત્તમ અને સત્યતમ ગણાશે, અને શ્રીશંકરાચાર્યનો મત એટલો વિશ્વવિખ્યાત ન થઈ શકયો તેનું કારણ તેમના અનુયાયીઓનું એક સ્થિર સંપ્રદાય બાંધવું

અને કેવળ શ્રીશંકરાચાર્યને જ માનવું થયું એમ ગણાશે. જનગણનાના આધારે લઈએ તો ચીન અને દક્ષિણ – પૂર્વ એશિયાના સાઈઠ – સિત્તેર કરોડ માણસો અને રશિયા ને પૂર્વ યુરોપના ત્રીસેક કરોડ માણસો એમ મળીને લગભગ એકાદ અબજ માણસો જો સામ્યવાદ અને માર્કસને માનતા હોય તો તેની તો અડધી સંખ્યા પણ શ્રી શંકરાચાર્યના અનુયાયીઓની નથી. તેથી કાંઈ સામ્યવાદ ઉત્તમોત્તમ કે સત્યતમ સિદ્ધાન્ત નથી ઠરતો. આવી ગણના રાજકારણમાં શાસન મેળવવામાં નિર્ણાયક માની શકાય પણ આધ્યાત્મિક વિકાસમાં કે ફિલસૂફીની ગહરાઈથી તેનો કશો પણ સંબંધ નથી. વિશ્વમાં આસેતુ–હિમાચલ પ્રસિદ્ધિ ઘણી ઓછી પ્રસિદ્ધિ ગણાય.

(૩) ત્રીજી વાત આ લક્ષમાં રાખવાની છે કે પુષ્ટિમાર્ગીય સંપ્રદાયને ઘેટાંઓની માફક જો આટલા બધા મુંડ કે ઝુંડ ન અનુસરતા હોય તો તેમાં કશું સંપ્રદાય કે શ્રી વલ્લભાચાર્યનું અગૌરવ નથી બલ્કે મહાન ગૌરવ છે. કોહીનૂર તો આખી દુનિયામાં એક જ છે અને તેનું અગૌરવ નહી પણ મહાન ગૌરવ છે. પુષ્ટિમાર્ગ એ ભગવત્કૃપાનો માર્ગ છે અને એ ભગવત્કૃપા શાકભાજીની જેમ ફૂટપાથ ઉપર ગલીએ ગલીએ અને શેરીએ શેરીએ વેચાતી ન મળતી હોય તો એમાં ઓછું માનવા જેવું કશું પણ નથી. ભગવત્કૃપા રસ્તે રઝળતી તો ન જ મળે ! અને મળે તો એની મહાત્તા શું ?

એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે, વરસાદમાં જેમ દેડકાઓ બધે ટરર, ટરર કરે છે તેમ કલિયુગમાં સર્વત્ર વેદાન્તીઓ વેદાન્તનો ઉપદેશ આપતા થઈ જશે. દેડકાઓ જેવી ગતિ પુષ્ટિમાર્ગની ન થાય તે તો પુષ્ટિમાર્ગ ઉપર સાચે જ ભગવાનની કૃપા જ માનવી અને જો આવી ગતિ થાય તો એમ સમજવું કે પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષ ખરેખર પૂરાં થઈ ગયાં.

શ્રીશંકરાચાર્યના અદ્વૈતમતના પ્રખર વિદ્વાન શ્રી હર્ષ પોતાના 'ખંડનખંડવાદ્ય' નામક ગ્રંથમાં કહે છે કે સમગ્ર સાંસારિક ભયોને નિવૃત્ત કરનારા અમાર મત (અદ્વૈત સિદ્ધાંત) ના સંસ્કાર જગતમાં ઈશ્વરના અનુગ્રહી થકી બે ત્રણ માણસોને જ હૃદયારૂઢ થઈ શકે.

इश्वरानुग्रहादेषा पुंसामद्वैतवासना ।

महाभयकृतत्राणा द्वित्रीणामेवजायते ॥

જયારે જ્ઞાનમાર્ગીય સિદ્ધાંતો પણ સાચી રીતે બે ત્રણ માણસોને જ હૃદયારૂઢ થતા હોય અને તે પણ ઈશ્વરાનુગ્રહ થકી જ તો સ્વયં ઈશ્વરાનુગ્રહના સિદ્ધાંત એટલે કે પુષ્ટિમાર્ગ તો જગતમાં એક માણસને પણ હૃદયારૂઢ થાય તો પણ ઘણું સમજવું.

(૪) શ્રી મહાપ્રભુજીનો તો સિદ્ધાંત જ આ છે કે બધા જ જીવો ભગવદિચ્છાનુસાર પોતપોતાના માર્ગ ઉપર ચાલે છે. જેવો જે જીવમાં પ્રભુએ બીજભાવ સ્થાપિત કર્યો હોય તે જ માર્ગનું તે જીવ અનુસરણ કરે. તેથી ' પુષ્ટિ–પ્રવાહ–મર્યાદા–ભેદ' ગ્રન્થમાં શ્રી મહાપ્રભુજી વિભિન્ન બીજભાવ અને વિભિન્ન માર્ગ, તેમજ પોતપોતાના માર્ગાનુસાર વિભિન્ન સાધનાચરણ અને વિભિન્ન ફળ અને તે થકી વિભિન્ન જીવોનું તારતમ્ય છે તેવું નિરૂપણ કરે છે. બધા જ

જીવો પુષ્ટિમાર્ગીય કે મર્યાદા માર્ગીય કે પ્રવાહ માર્ગીય નથી થઈ શકતા, પણ પોત પોતાના અધિકારાનુસાર જ જુદા જુદા માર્ગોનું અનુસરણ કરતા હોય છે. પુષ્ટિ માર્ગના નામે ટોળાં ભેગાં કરીને અન્તે ટોળાંને ખુશ કરવાના ચક્કરમાં પુષ્ટિસિદ્ધાંતોનો જ ભંગ કરતા લોકો આજકાલ પ્રવચનોમાં જોવા મળે છે.

પુષ્ટિમાર્ગ ભગવત્કૃપાના સિદ્ધાંતનો માર્ગ હોઈ તેના ઉપર જ અવલંબિત છે, તેથી ભગવદિચ્છાનુસાર સહજ જે માર્ગમાં રુચિ લઈને આવે તે જ સાચો અધિકારી, તે જો દુર્લભ હોય તો એ પુષ્ટિમાર્ગની દુર્લભતાનું જ પ્રમાણ છે, ન કે તેની કોઈ ઊણપતું. આવો પાકો નિર્ધાર આપણા હૃદયમાં ન રહેવાથી 'જળભેદ' માં ઉપદેશેલ આજ્ઞાને ભૂલી જયાં મળે ત્યાં પુષ્ટિમાર્ગ સાંભળવાનો જે રાફડો ફાટયો છે તેથી પાપાત્માઓ આપણા પુષ્ટિમાર્ગીઓની સમક્ષ આપણા જ મુધરાષ્ટક જેવા ગ્રન્થો ઉપર પ્રવચન કરીને પુષ્ટિમાર્ગીય જનતાને ભોળવવા માટે સાક્ષાત શ્રીમહાપ્રભુજીને પણ 'પાપી' કહેવાનું ચૂકતા નથી અને આપણે પુષ્ટિમાર્ગીઓ પણ ડોકું હલાવીને આવાં ભૂડાં વિધાનો સાંભળી અને સાંખી લઈએ છીએ. પ્રભુ આવી સાર્વજનીતા પુષ્ટિમાર્ગની ન કરે તો જ સારું !

(૫) આપણે જોઈ ગયા કે આસેતુ–હિમાચલ પ્રસિદ્ધ ન હોવું તે કાંઈ પુષ્ટિમાર્ગની ઊણપ નથી, પણ દિવ્યતા અને દુર્લભતાનું પ્રમાણ છે, છતાંય વિશ્વમાં જે સ્થિર સંપ્રદાયને બાંધવાનો અને શ્રી વલ્લભાચાર્યને માનવાનો જે અલ્પ પ્રસિદ્ધિના કારણરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બાબતનો પણ કાંઈક વિચાર કરવો જોઈએ.

શ્રી શંકરાચાર્ય પોતાના ઉપનિષદ ઉપરના ભાષ્યના લખાણનો પ્રારંભ કરતાં "ॐ नमो ब्रह्मादिभ्यो ब्रह्मविद्या संप्रदाय कर्तुभ्यो वंशऋषिभ्यो नमो गुरुभ्यः" કહેતા હોય છે. તેથી સિદ્ધ થાય છે કે શ્રીશંકરાચાર્ય પણ પોતાની જાતને એક સ્થિર સંપ્રદાય સાથે બાંધવા માંગે છે. હવે જો તેમના જ અનુયાયીઓ પોતાને સ્થિર સંપ્રદાયમાં બંધાવવું યુક્ત ન ગણતા હોય તો આવા સ્વચ્છંદ અને અસ્થિર ચિત્તવાળા અનુયાયીઓને પોતે શ્રી શંકરાચાર્ય એમના ભગવદ્ગીતા ઉપરના ભાષ્યમાં ગાળો પણ ભાંડે છે.

"आत्महा स्वयं मूढो अन्यांश्च व्यामो; हयति शास्त्रार्थ संप्रदासरहितत्वात् श्रुमकिनूश्रुतकल्पनांच कुर्वन् तस्माद् असंप्रदार्यावत् सर्वशास्त्रविदपि मूर्खवदेवोपेक्षणिय, (गीता शांकरभाष्य १३/२)"

અનુવાદ : આત્મઘાતી તે પોતે મૂઢ છે અને બીજાઓને બનાવવા માંગે છે. કેમ કે સંપ્રદાય અનુસાર તેને શાસ્ત્રનો અર્થ કરતાં આવતો નથી, તેથી જે કાંઈ સાંભળતાં આવ્યા છીએ તેનો ત્યાગ કરી કદી ન સાંભળી હોય એવી કલ્પનાઓ (શાસ્ત્ર પ્રવચનમાં) કરે છે. તેથી જે શાસ્ત્ર પ્રવચનકાર) સંપ્રદાયને સારી રીતે જાણી વળગી ન રહેતો હોય તે બધા જ મશાસ્ત્રોના જ્ઞાના હોય તો પણ તેવી વ્યક્તિની મૂર્ખ માણસની જેમ ઉપેક્ષા કરવી જોઈએ.

આ બે વચનોથી શ્રીશંકરાચાર્ય તો સ્થિર સંપ્રદાય બાંધીને ચાલનારાઓને જ બુદ્ધિમાન ગણે છે. સ્વચ્છંદ વિચારકોને નહીં એમ સિદ્ધ કરી આપે છે. અલબત્ત કળિયુગના પ્રભાવથી

શ્રીશંકરાચાર્યના પણ અનુયાયીઓ હવે પોતાના આદ્ય આચાર્યની ગાળોને ભૂલીને પણ નિર્લજ્જ થઈ મન ફાવે તેમ આધુનિક શ્રોતાઓને ખુશ કરવા માટે વ્યાખ્યાનો કરે છે. પણ તેથી ધાર્મિક જગતમાં વૈચારિક સ્વચ્છંદતા આવે છે અને તે ધર્મના મૂળ ઉપર આઘાત કરે છે. તેથી જ શ્રી મહાપ્રભુજીએ 'જળભેદ' ગ્રન્થમાં કેવા વકતા પાસે સિદ્ધાંત સાંભળવો તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. પણ આસેતુ–હિચાચલ ખ્યાતિ મેળવવાની ઈચ્છાવાળા વકતાઓ, ધર્મના નામે

અસંગત વિચારોનો પ્રચાર કરી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની આજ સુધીની શ્રી વલ્લભાચાર્ય અને તેમના સંપ્રદાયમાં રહેલી અડગ, શ્રદ્ધાને, નામ લીધા અગર શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોને વગોવી–વગોવી, આદિ–મધ્ય–અન્તમાં કયારેક કયારેક 'શ્રી વલ્લભાચાર્ય ભક્તિના બાદશાહ છે,'' આવી ખોટી પ્રશંસા કરતા હોય છે. પણ વૈષ્ણવોનું એ કર્તવ્ય છે કે આવી ફૂટનીતિથી ભરેલા ધર્મોપદેશથી બચવું જોઈએ કેમ કે કેવળ અલ્લાહ – અલ્લાહ અથવા તો કેવળ રામ, કૃષ્ણ, શિવ, ગણપતિ આદિ ઈશ્વરના નામો લેનારાઓની પોતપોતાના સંપ્રદાયાનુસાર ઈશ્વરમાં જેટલી સાચી નિષ્ઠા હોય છે, તેટલી ઈશ્વર કે અલ્લાહમાં ભેદ ન ગણનારાઓની મોટે ભાગે સાચી નથી હોતી. એવાઓને નથી નિસ્બત ઈશ્વર સાથે કે નથી નિસ્બતચ અલ્લાહ સાથે. એટલે બન્ને એક જ છે એમ કહેતાં પણ એવાઓને જોર નથી પડતું.

દુનિયામાં ખરાબ વસ્તુ છે, ઈશ્વર કે અલ્લાહના નામ ઉપર ઝઘડવું, પણ 'અલ્લાહ' કુરાનશરીફમાં ઈશ્વરને જેવી રીતે વર્ણવવામાં આવ્યો છે તેવું રૂપ ઈશ્વરનું આંખો સમક્ષ આવે છે. દાખલા તરીકે તે ઈશ્વર મહાન છે, આપણાં પાપોને ક્ષમા કરનારો છે, મહાન રહમદિલ છે ( પણ તેનો કોઈ રામ, કૃષ્ણ કે ગણપતિ અથવા મહાદેવજી જેવો આકાર કે બીજા કોઈની પણ સાથે પિતા–પુત્ર, મિત્ર–પતિ જેવા સંબંધ નથી.) કુરાનમાં સાફ કહ્યું છે કે 'લમયલિવલમયૂલદ' એટલે કે નથી તે કોઈનો દીકરો કે નથી તેને કોઈ દીકરો. આ પણ એક સ્વરૂપ છે ઈશ્વરનું, અને તે ભકતતોના પોતાના અધિકારાનુસાર હૃદયારૂઢ પણ થાય જ છે. જયારે મુસલમાનો નમાઝ પઢતા હોય ત્યારે જો ''ઈશ્વર અલ્લાહ તેરે નામ'' કહીને રામ કૃષ્ણ કે મહાદેવની છબી ધ્યાનમાં આવે તો કુરાન દ્વારા પ્રતિપાદિત ઈશ્વરના સ્વરૂપમાં કોઈ પણ મુસલમાનનું ચિત્ત એકતાન થઈ શકે નહીં.

તેમજ આપણે ત્યાં જયારે આપણે જન્માષ્ટમી કે રામનવમીને દિવસે દિવ્ય ઉત્સાહથી ભરપૂર થઈ શ્રીરામ કે શ્રીકૃષ્ણના પલના ઝુલાવતા હોઈએ અને પોતાના કરેલા અનેકવિધ પાપોની ક્ષમાયાચનાની ઈચ્છા પલના ઝૂલના ભગવાન પાસે જો તે ક્ષણે થાય તો આપણા ભક્તિરસમાં નિશ્ચિત રસાભાસ થયા વગર રહે નહીં.

એટલે કહેવાનો મુદ્દો એટલો જ છે કે જેમ આખી દુનિયામાં બધા જ માણસોના એક જ ચહેરા–મહોરા થઈ જાય, તેમજ બધાના વ્યવહાર–વિચાર અને ભાવનાઓ પણ એક જ થઈ જાય તો કેટલા બધા કલહ મટી જાય ! પણ આવી દુનિયા બધાને જ એટલી બધી નીરસ શુષ્ક અને વ્યર્થ લાગશે કે બધા મરી જવાનું પસંદ કરશે, જીવ્યા કરતાં ! વિવિધતામાં રસ રહેલો છે પણ આ રસ તથાકથિત જ્ઞાનીઓને નથી સમજાતો કે નથી પસંદ પડતા, તેથી જ ભેદને મટાડવા મથામણ કરતા રહે છે. પણ અંતે બધી જ મથામણ કરીને થાકે ત્યારે અભેદ

જ્ઞાનનો ઉપદેશ આપવા એક નહી, બે નહી, પણ આસેતુ–હિમાચલ જેટલા શ્રોતા અથવા તો શિષ્યો મળે તો પણ ઓછા જ લાગે. કદી પણ ગુરુ–શિષ્ય કે શાસ્ત્રી–શ્રોતાના અનિવાર્ય ભેદથી પેટ ભરાય નહીં પણ ઉપદેશ ચાલતો રહે કે – 'હું અને તું નો ભેદ મિથ્યા છે, બંધન અને મુક્તિનો ભેદ મિથ્યા છે, સંપ્રદાય અને ધર્મોના ભેદ મિથ્યા છે. શ્રીશંકરાચાર્ય અને શ્રીવલ્લભાચાર્યનો ભેદ મિથ્યા છે ! છતાંય એક ભેદ તો ત્રિકાલવર્તી સત્ય છે અને તે ભેદ છે શ્રોતા અને ઉપદેશકનો ! જો આ ભેદ મટી જાય તો દુનિયામાં કેટલા બધા ઝઘડાઓ, કેટલી બધી સાંપ્રદાયિક ઈર્ષ્યા અને સ્પર્ધાની લાગણીઓ મટી જાય ! પણ જયારે આ શ્રોતા અને ઉપદેશકનો આવો ભયંકર ભેદ નથી મટવાનો ત્યારે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ઓછામાં ઓછું એક સ્થિર પુષ્ટિમાર્ગીય સંપ્રદાય બાંધીને રહે તેમાં ખાસ કંઈ વાંધા જેવી વાત એમને દેખાતી નથી.

તેથી કોઈ પણ પ્રકારના મેદને છોડવા માટે અંતે કોઈ ઉપદેશકને માનવો જ જો પડતો હોય તો આપણી પાસે એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પાસે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યને માનવામાં કોઈ પણ જાતનો વાંધો નથી.

'' ભૂલ નિજ જાય મન અનત મેરો ! ''

**સવાલ ૭ : જે સૃષ્ટિનો નિયન્તા છે, ફકત આ જગત નહીં સમગ્ર બ્રહ્માંડ જેણે બનાવ્યું છે, તે શું આપણો બાળક થઈ શકે ? શું આપણે તેને બાળકની માફક સુવડાવી શકીએ ? ઈશ્વરને આમ ઉતારી પાડવો તે શું શાસ્ત્રીય કોઈ શકે ? નહીં તો બાળકૃષ્ણની ઉપાસનાનું તાત્પર્ય શું ? સૃષ્ટિના સર્જનહારને બાળક માનવો તે માનવીય મનોવિકાર સદશઃવાત નથી ? અન્યથા ગોકુળના કૃષ્ણને જ પોતાનો માનવો અને દ્વારકાના કૃષ્ણને નહીં, તેનો શો હેતુ ? મથુરા ગયા પછી કૃષ્ણમાંથી પુરુષોત્તમત્વ ગયું તે સાચી વાત છે ?**

જવાબ ૭ : આ પ્રશ્નમાં અનેક વાતો એક સામટી પૂછવામાં આવી છે. મહર્ષિ અરવિન્દો એક ઠેકાણે કહે છે –

" God is great says the Mohomedan. Yes, He is so great that He can afford to be weak whenever that too is necessary. God is infinite Possibility Therefore,

Truth is never at rest, therefore also, Error is justified of her children." એટલે કે મુસલમાનો કહે છે કે ઈશ્વર મહાન છે. હા તે એટલો મહાન છે કે જયારે જરૂર હોય ત્યારે અસમર્થ પણ થઈ શકે છે. ભગવાન અનન્ત–સંભાવના છે. તેથી સત્ય કદી સ્થિર નથી કે થોભતું નથી. તેથી જ આપણી ગલતીઓ પણ અન્તે ગલતી નથી રહી જતી, તેનું પણ સમર્થન થઈ શકે છે.

આપણે પણ કહી શકીએ કે હા, જેણે આ સમગ્ર બ્રહ્માંડ બનાવ્યું છે તે જો ધારે તો પોતાને બાળક પણ બનાવી શકે, કેમ કે તે પોતે પ્રતિજ્ઞા કરે છે કે – '' યે યથામાં પ્રમદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ '' જો જીવ બ્રહ્માંડના નાયકને વાત્સલ્ય દષ્ટિથી જોતો હોય અથવા તો વાત્સલ્યભાવપૂર્વક તેની સામે પ્રસન્ન થતો હોય તો ઈશ્વર તે જીવની સમક્ષ શા માટે બાળક ન

થઈ શકે ? ધારો કે એક મોટો પહેલવાન છે, જેમ કે કિંગકોંગ. એનામાં પ્રચંડ શક્તિ છે, પણ જો એને પોતાના બાળકો સાથે રમતાં ન આવડતું હોય અને પોતાના પાશવી બળનો પ્રયોગ કરી તેઓના હાથપગ તોડી નાખવાની ટેવ ધરાવતો હોય, તેવી વ્યક્તિને આપણે પહેલવાન ગણશું કે રાક્ષસ ? કિંગકોંગ કુસ્તીમાં દાસાસિંગનો હાથ મરડી શકે – તોડી પણ શકે. અલબત્ત તેના માટે પહેલાથી તેવો નિયમ અથવા બંધારણ થયું હોવું જોઈએ, અન્યતા તે FOUL અથવા CRIME જ ગણાશે. એટલે સમર્થ થવું તે એક વાત છે પણ મુદ્દાની વાત બીજી છે તે સામર્થ્યનો ઉચિત પ્રયોગ. ઈશ્વરને જયારે સૃષ્ટિનો નિયન્તા કહીએ છીએ ત્યારે આ વાત સ્પષ્ટ સમજવી જોઈએ કે નિયન્તા થવું તે તેનું એક સામર્થ્ય છે. આ સામર્થ્યનો ઉચિત અવસર પર યથેચ્છ પ્રયોગ કરવામાં જો ઈશ્વર સ્વતંત્ર ન હોય તો તે ઈશ્વરનું સામર્થ્ય નહીં પણ 'વિવશતા' ગણાશે. વિવશતાને સામર્થ્ય ન કહેવાય તેથી આ બ્રહ્માંડનો સમર્થ નિયન્તા પોતાના સામર્થ્યાનુસાર જ જયારે ધારે ત્યારે અસમર્થ બાળક પણ થઈ શકે છે. તેજ તેનું સાચું માહાત્મ્ય અથવા તો સામર્થ્ય છે.

એક વિચારણીય વાત એ પણ છે કે આવી રીતે જો આપણે ઈશ્વરની બાબતમાં પ્રશ્ન પૂછી શકતા હોઈએ તો એમ પણ કહી શકાય કે આ તત્વને ઈશ્વર પણ શા માટેક હેવું કે માનવું જોઈએ ? આપણા ગામનો કે રાજયનો ઘણી કોઈકના રાજા અથવા નાયક થતો હતો તેથી બ્રહ્માંડના પણ એક નાયકની આપણે કલ્પના કરી છે. હવે રાજાશાહી ઢબનું નાયકત્વ તો ગયું પ્રજાશાહીમાં કેવળ પ્રેસિડેન્ટ કે પ્રામઈ મિનિસ્ટરને જ ચૂંટવામાં આવે છે. તેથી હવે ઈશ્વરને બ્રહ્માંડનો રાષ્ટ્રપતિ કે પ્રધાનમંત્રી સ્વીકારીએ તો કોણે તેની ચૂંટણી કરી ? અને કયારેક જો તે પણ વોટરગેટ સ્કેંડલ કરતો હોય તો તેના ઉપર અભિયોગ લગાડીને તેને પદ ઉપરથી ઉતારી શકાય કે નહીં ? એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ઈશ્વરને ઈશ્વર માનવામાં પણ આ સૃષ્ટિ અને ઈશ્વરના સંબંધનું વરૂપ કોઈક ને કોઈક અંશે માનવીય તો રહેવાનું જ છે. આમ અંતે જો માનવીય સંબંધમાં ઈશ્વરને ઊતરવું પડતું હોય તો, અને જો આપણું વાત્સલ્યયુકત હ્રદય તે મહાન સમર્થ ઈશ્વરને પોતાના સ્વભાવ મુજબ જો બાલકરૂપે જ જોવા માંગતું હોય તો, તે ઈશ્વર શા માટે બાલક ન બની શકે ?

ઈશ્વર પોતે ભકત કે ઉપાસકના ભાવથી બંધાયેલા હોવાની પ્રતિજ્ઞા – 'યે યથામાં પ્રમદ્યન્તે' એ વચનમાં કરે છે. ઈશ્વર એક મોટો પહેલવાન હશે, પણ પુષ્ટિજીવોના વાત્સલ્યભાવને અનુરૂપ તે કોમળ સુકોમળ થઈને ભકતના ઘેર રમતો હોય – જમતો હોય કે તથાકથિત જ્ઞાનીઓની કર્કશતાથી ડરીને કોઈક વખત ભકતના ખોળામાં સંતાઈને સૂઈ પણ જતો હોય તો તે બધી ભકત અને ભગવાનના વચ્ચેની વાતો છે. તેમાં બીજા લોકોએ માથું ન મારવું જોઈએ. કહેવાય છે કે ' મીયાંબીબી રાજી તો કયા કરેગા કાજી' તે મુજબ આવા સંબંધમાં ઈશ્વર અને ભકત રાજી છે ! તેથી જ ઈશ્વર રમી રહ્યો છે – જમી રહ્યો છે – ભકતના ખોળામાં બેસે છે – સૂવે છે. તેમાં બીજાઓએ માથું મારવું તે જ 'માનવી મનોધિકાર સદશ વાત' છે. જો હૃદયમાં ભક્તિ ન હોય તો ભકત અને ભગવાનના સંબંધ બાબત પંચાત કરવી જ ન જોઈએ. ' મીયાંજી દુબલે કયોં, સારે ગામકી ફિકર' મુજબ વ્યર્થ દુર્બલ થવામાં કોઈ જાતનો

લાભ નથી !

પ્રશ્ન પૂછામાં આવેલ છે કે, આવી રીતે ઈશ્વરને ઉતારી પાડવો તે શું શાસ્ત્રીય વિચાર હોઈ શકે ? ના, શાસ્ત્રનું ગંભીર અવગાહન ન હોય તો આવો વિચાર શાસ્ત્રીય વિચાર ન જ હોઈ શકે, પણ મુદાની વાત અહીં શાસ્ત્રોની ન હોઈ ઈશ્વરકૃપાથી ઈશ્વર પ્રત્યે રહેલા ભકતના ભાવની છે. ધારો કે શાસ્ત્રમાં ઈશ્વરની બાલોપાસનાનું નિરૂપણ ન કરવામાં આવ્યું હોય, પણ ભકતના હ્રદયમાં રહેલો ભક્તિ – ભાવ જો ભકતને સમજાવતો હોય તો તેમાં ઊણપ શી છે ? શાસ્ત્રો તો ઈશ્વરના મહાત્મ્યનું નિરૂપણ કરે છે, પણ ભકતતો સાથે લીલાવિહારમાં ભગવાને શું કદી બાળરૂપ ધારણ કર્યું નથી ?સૂરદાસ, તુલસીદાસ, પ્રભૃતિ ભકતકવિઓએ જે બાળલીલા ગાઈ છે તે શું કોરી કાવ્યકલ્પનાઓ જ છે ?

તેમની પોતાની દિવ્ય અનુભૂતિઓ નહીં ? શું વ્યાસજી અને વાલ્મીકિ જેવા મહર્ષિઓએ કૃષ્ણલીલા કે રામલીલા કોરી કવિકલ્પનાના રૂપે જ ભાગવતમાં કે રામાયણમાં રજૂ કરી છે ? પૂછી જુઓ આ મહર્ષિઓને !

જો આ બધી કલ્પના જ હોય તો ખુદ ઈશ્વરને પણ એક કોરી કલ્પના જ શા માટે નહીં માનવી ? તેથી આવા અર્ધનાસ્તિક વિચાર કરતાં પૂર્ણ નાસ્તિક વિચાર સારા. કેમ કે તેમાં કંઈક બૌદ્ધિક સુસંગતિ તો હોય છે. અર્ધનાસ્તિક વિચારમાં તો તે પણ નથી જડતી.

સૃષ્ટિનો સર્જનહાર જ ભાગવતમાં – 'યુવાં માં બ્રહ્મભાવેન પુત્ર ભાવેન ચાસકૃત્ ચિન્તયન્તો કૃતસ્નેહૌ યાસ્યેથે મદ્ગતિં પરામ્' આમ પોતાને ઈશ્વર, પુત્ર ભાવથી જોવાની સલાહ આપે છે.

પણ 'મને સ્નેહ કરો' એમ આદેશ આપવાથી સાંભળનારી વ્યક્તિના હૃદયમાં સ્નેહ ઉભરાઈ જતો નથી. આમ જો સ્નેહ ઊભરાતો હોત તો બધા સરમુખત્યાર નેતાઓ, પ્રજા તેમને સ્નેહ કરે, તેવા વટહુકમ કાઢીને પોતાની ખુરસી સ્થિર રાખી શકયા હોત. તેથી સ્નેહની બાબતમાં શાસ્ત્રીય આદેશ હોય તો પણ નકામો જ છે. સ્નેહ શા માટે થાય છે, કયા હેતુથી થાય છે, – કોના ઉપર થાય છે, તે તો સ્નેહ કરનારાઓ જ જાણે છે. કેવળ ચર્ચા કરનારા કે ઉપદેશ અથવા આદેશ આપનારા આ વિષયને કદી સમજી શકતા નથી.

વળી ભગવાનની વિવિધ બાળલીલાઓનાં દર્શન કરનારા ભકતતો, સમગ્ર બ્રહ્માંડના નિયન્તાને બાળક માની સુવડાવો કે જગાડવો, તે શાસ્ત્રીય કૃતિ છે કે અશાસ્ત્રીય તેની ચિન્તા કરતા જ નથી. તે લોકોનું જીવન, જીવન–કળાના રસથી ઓતપ્રોત છે, પણ કળા –આલોચક જવલ્લે જ સાચો કળાકાર થઈ શકે છે. જીવનનો રસ તેને મળતો નથી. નીરસ છોતરાઓ છલવાનું કાર્ય તેનું છે, આ બધા પ્રશ્નો તેથી જ ઉદ્ભવે છે. બાકી તો બ્રહ્માંડનિયન્તા પણ અન્તે શું છે ? એના જવાબરૂપે કોઈનકે કહ્યું છે, "What is god after all ? An eternal child playing an eternal game in an eternal garden." સનાતન ઉદ્યાનમાં, સનાતન ક્રીડામાં – મગ્ન, એક સનાતન બાળક.

અન્તમાં જે વાત એક પૂછવામાં આવી છે તે એ કે "અન્યથા ગોકુળના કૃષ્ણને જ

પોતાનો માનવો અને દ્વારકાના કૃષ્ણને નહીં તેનો શો હેતુ ? મથુરા ગયા પછી કૃષ્ણમાંથી શું પુરુષોત્તમત્વ ગયુ ?"

અરે કૃષ્ણમાંથી પુરુષોત્તમત્વ કયારેય નથી જતું, મથુરામાંય નહીં અને દ્વારકામાંય નહીં. વધુ શું કહેવું ? અહીં માધવબાગમાં જે તખ્ત ઉપર બેસીને આ ઉત્તર આપી રહ્યો છું તે તખ્તમાં પણ કૃષ્ણનું પુરુષોત્તમત્વ તો એમનું એમ જ છે. તે કયાંય જતું નથી અને તેને જવાની જગ્યા નથી. '' કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં '' તેથી કૃષ્ણમાંથી પુરૂષોત્તમત્વ કયારેય પણ નથી જતું, પણ વિવિધ ભકતોના વિવિધ ભાવોની માંગણી તો કૃષ્ણને કયારે, કયાં અથવા તો કયા રૂપમાં ભજવો તે બાબતની છે.

દાદા ભીષ્મનો દાખલો લઈએ. (શ્રીઠાકોરજી) પોતાની પ્રતિજ્ઞા ભૂલી, હાથમાં રથનું ચક્ર લઈ, હાથી ઉપર જેમ સિંહ તરાપ મારે તેમ મારવા માટે પોતાના ઉપર ઘસી આવતા કૃષ્ણની છબી ભીષ્મની આંખોમાં એવી ભરાઈ ગઈ કે અન્તિમ ક્ષણ સુધી એ જ દશ્ય ફરી ફરીને તેમની સામે આવતું રહે છે. શૌર્યથી ભરેલું ભીષ્મનું હૃદય કૃષ્ણના આવા સંહારક રૂપ ઉપર મુસ્તાક છે. ભીષ્મનું અપ્રતિહૃત શૌર્ય તેના પોતાના પરમેશ્વરને પણ પોતાની સમક્ષ પરાજિત જોવા માગે છે. અહીં જરા સ્થિર ચિત્તથી વિચાર કરવાની જરૂર છે. પોતાના સંકલ્પમાત્રથી સૃષ્ટિના સર્જનહાર અને સંહારકર્તા કૃષ્ણ જો ભીષ્મને મારવા જ ઈચ્છતા હોય તો તેમને રથચક્રનો સહારો લેવો પડે ખરો ? સર્વથા નહિં. શ્રીકૃષ્ણ પણ ભીષ્મને મારવા માગતા નથી, બલ્કે પોતે પરાજિત થવા માંગે છે, અનેપરસ્પરની પ્રતિજ્ઞા સ્પર્ધામાં ભીષ્મની સામે આ સમગ્ર બ્રહ્માંડનો નિયન્તા હારી પણ જાય છે.

વળી પૂછવામાં આવ્યું છે કે, 'સર્વ સમર્થ કેમ અસમર્થ થઈ શકે ? પરંતુ પ્રશ્ન પૂછનારાઓ આ સમજી નથી શકતા ! અર્જુન પણ ન સમજયો, તેથી ભગવાનને સમજાવવા દોડયો, મહારાજ તમારી પ્રતિજ્ઞા મુજબ તમે શસ્ત્ર ધારણ નથી કરી શકતા, માટે પાછા વળો ...... '' અદનો ભીષ્મ વિજયી થયો, અને સર્વ સમર્થ નિયન્તા પરાજીત થયા. થવાનું હતું તે જ થયું. ખરેખર શું થયું તે તો ભીષ્મ જ સમજી શકે છે. બીજી વ્યક્તિ નહીં. કૃષ્ણના સ્વરૂપનું આ જ વૈશિષ્ટ્ય છે. જે એને શાસ્ત્રથી સમજવાનો દાવો કરે છે તે નથી સમજતો, અને જે સમજી જાય છે કે હું નથી સમજી શકયો, તે જ ખરો સમજુ છે. 'અવિજ્ઞાત વિજાનતાં, વિજ્ઞાતમવિજાનતામ્'

આમ છતાં પણ ભીષ્મના નયનપથ પર દોડતું કૃષ્ણનું રૂપ મા યશોદા કે વ્રજના તેના સખાઓ કે રાસમાં વિહરતી ગોપિકાઓને ન ગમતું હોય તો તે રૂપની ધ્યાન–ભાવનાનો ઉપદેશ તેઓને કરવો કયાં સુધી બૌધિક કૃત્ય

ગણાશે ? સંસ્કૃત ભાષામાં આને "दंडेन गोगर्दभौ" કહેવાય. આ ગોવાળિયા જેવી બુદ્ધિ મનુષ્યની બાબતમાં અસરકારક નથી થતી.

ભીષ્મને અન્તિમ ક્ષણે વ્રજના બાળરૂપ કૃષ્ણની સ્મૃતિ આવે છે. પણ વ્રજસ્થ ભકતો મહાભારતના કાળરૂપ કૃષ્ણનું કદિ ચિંતન નથી કરતા. કેમ કે વ્રજભકતોને કૃષ્ણે 'કાલોસ્મિ લોકક્ષયકૃત પ્રવૃત્તા' એવો સ્વરૂપોપદેશ કદી કર્યો નથી. તેથી સિદ્ધ થાય છે કે, બધાને માટે કૃષ્ણનાં ઘણાં રૂપો છે. કોઈક બધાં જ રૂપમાં ઐકય જુએ છે, ત્યારે કોઈક જે રૂપ પોતે જોયું

તેમાં જ મસ્ત છે. તેથી તેવા મસ્ત જીવોને હવે બીજું કશું નથી જોવું કે નથી જોઈતું.

આમ છતાંય, કેટલાક શ્રીશંકરાચાર્યની 'સદા સેવ્યઃ કૃષ્ણઃ' આ આજ્ઞાથી લોકોને બિવડાવે છે કે, શ્રીશંકરાચાર્ય ગોકુલ કે દ્વારકામાંના કૃષ્ણની સેવા નહીં, પણ 'સદા' એટલે સમગ્ર રૂપમાં ગોકુલથી લઈને દ્વારકા સુધીના કૃષ્ણની સેવા કરવાનું વિધાન કરે છે. તેથી કૃષ્ણમાં ગોકુલેશ કે દ્વારકાનો ભેદ કરવો તે બાલિશતા છે.

પણ આમ કહેનારાઓને સંસ્કૃત ભાષાના વ્યાકરણનું વ્યવસ્થિત જ્ઞાન ન હોવાથી આવું વિચિત્ર વિધાન કરે છે. ' સદા' એ ક્રિયાવિશેષણ હોઈ 'સેવ્ય' સાથે જોડાય છે, 'કૃષ્ણઃ' સાથે નહીં તેથી તેનો વાસ્તવિક અર્થ કૃષ્ણના ઉપાસકે એકાદ દિવસ નહીં પણ હરહંમેશ સેવા કરવી જોઈએ તેવો થાય છે. કૃષ્ણસેવા એ આપણુ નિત્ય કર્તવ્ય છે, નૈમિત્તિક અથવા પ્રસંગોપાત માત્ર નહીં તેથી ગોકુલેશ અને દ્વારકેશ એક જ હોય કે ભિન્ન–ભિન્ન હોય, કોઈ પણ સંજોગોમાં શ્રીશંકરાચાર્યના વચનમાં તે બાબતમાં કશં કેવામાં નથી આવ્યું.

બાકી રહી ગોકુલેશ–દ્વારકેશના અભેદની વાત. તો કૃષ્ણ તો ખરેખર પોતાની દરેક અવસ્થામાં સેવ્ય જ છે. ગોકુલથી દ્વારકા સુધી જ નહિં, પણ સર્વ દેશ–સર્વકાલ અને વસ્તુમાત્રમાં જો સર્વાત્મભાવ કેળવાઈ ગયો હોય તો (અને કેળવાઈ ગયો હોય તો પણ) કૃષ્ણ અને એક કૃષ્ણ જ સેવ્ય છે. પણ જ્ઞાન અને ભક્તિના ચરમ વિકાસમાં જ આ સર્વાત્મભાવ કળવા અન જાં સુધી નથી કેળવાતો ત્યાં સુધી સિદ્ધાન્ત હોવા છતાંય તેનો વ્યવહારિક નિષ્પાખંડ અમલ થઈ શકતો નથી. તેથી શ્રીશંકરાચાર્યજી અને આપણા શ્રીમહાપ્રભુજીના મતમાં ક્રમશઃ શાખા અરુંધતી ન્યાયાનુસાર પ્રતીકોપાસના અને સાક્ષાત સ્વરૂપસેવાનો એક વ્યવસ્થિત કાર્યક્રમ સાધક અથવા સેવકને સોંપવામાં આવે છે. દિવ્ય અનુભૂતિ માટે સાધના કે સેવામાં એકાગ્રતા, તન્મયતા, વાસ્તવિકતા કે વ્યવહારિકતા લાવવા માટે આ સંકોચ આત્યાવશ્યક છે.

ઘટઘટમાં ભગવાન વ્યાપક છે. (જે તખ્તા ઉપર હું બેઠો છું. તે વસ્તુતઃ અને સિદ્ધાન્તતઃ પણ બ્રહ્ન જ છે.) પણ જ્ઞાન અથવા તો ભક્તિની ટોચ ઉપર પહોંચ્યા સિવાય તેવો અનુભવ થઈ શકતો નથી. તેથી જ ત્યાં સુધી તેવો નિષ્પાખંડ વ્યવહાર પણ કોઈ તેની સાથે નિભાવી શકતો નથી. (કેમ કે પ્રશ્ન એક તખ્તાનો હોય તો નભે) વસ્તુ માત્ર બ્રહ્મ જ છે તેથી જગતનો વ્યવહાર, પૂર્ણ જ્ઞાનોદય થયા વગર કેવળ શાસ્ત્રીય જ્ઞાનના આધારે, ઘટઘટમાં ઉપસ્થિત બ્રહ્મ સાથે બ્રહ્મોચિત વર્તન દ્વારા નથી થઈ શકતો. તેથી જ મહાભારતના યોગેશ્વર કૃષ્ણની પ્રીતમા કે ગોકુલ વૃંદાવનના યોગેશ્વર (જુઓ ભાગ ૧૦–૨૯–૧૬ न चैत्रं विस्मयः कार्यो भवता भगवत्यजे । योगेश्वरेश्वरे कृष्णे ---- ) કૃષ્ણનં એક સુંદર સાક્ષાત સ્વરૂપ આપણને પૂજા અથવા સેવા માટે પધરાવવું પડે છે, અને આમ કરતાં આપણે તે કૃષ્ણની વ્યાપકતાને, વધુ તીવ્રતા (Intensity) અને ઘનીભૂત રૂપ (Condensed From)માં અનુભવીએ છીએ. જો કૃષ્ણ વ્યાપક ન હોય તો પાષાણમૂર્તિમાં કરેલું આપણું પૂજન, અભિવંદન કેમ સ્વીકારી શકે ? તેથી તે તો એની વ્યાપકતાનું પ્રમાણ છે.

હવે જો કોઈ એમ વિતંડાવાદ કરે કે કૃષ્ણ જો વ્યાપક હોય તો તેનું ભજન તમે

અમથાલાલ કે ફોગટલાલના રૂપમાં કેમ નથી કરતા ? કૃષ્ણ સર્વવ્યાપી અને સર્વરૂપ છે તેથી હવે શું રસ્તા ઉપર રખડતા ફોગટલાલની પૂજા સેવા તેને મંદિરમાં પધરાવીને શરૂ કરી દેવી તે સેવા પણ નિષ્પાખંડ નહીં હોય કેમ કે દુનિયામાં ફોગટલાલ એક નથી, અસંખ્યા છે. અને અસંખ્ય ફોગટલાલની સેવા નથી થઈ શકતી તેથી એક કોઈની સેવા કરવા જતાં મૂર્તિપૂજનની સ્થિતિમાં કોઈ તફાવત નહીં આવે અને અન્તે રસ્તા ઉપર રખડતા ફોગટલાલ કેટલા દિવસ સુધી આપણી કૃષ્ણશ્રદ્ધાને ટકાવી રાખવામાં સહાયક થઈ શકે ?

જયારે ઋષિ–મુનિઓ અને ભકતોએ માનવમનની લાંબી મનોવૈજ્ઞાનિક ચકાસણી પછી મૂર્તિપૂજા કે સ્વરૂપ સેવાની ઉપયોગિતા અને આવશ્યકતા શોધી કાઢી છે, તેથી જ શ્રીશંકરાચાર્યની 'સદા સેવ્યઃ કૃષ્ણઃ', આજ્ઞાનું પાલન આપણે ફોગટલાલની સેવા દ્વારા નથી કરતા, પણ યોગેશ્વરની પ્રતિમાના પૂજન દ્વારા કરીએ છીએ. તેમજ

વલ્લભસંપ્રદાયમાં પણ એકાગ્રતા લાવવા માટે કૃષ્ણસેવાનો વિષય વ્રજમાં રહેલા યોગેશ્વરેશ્વર કૃષ્ણને બનાવવામાં આવ્યો છે. વાસ્તવિક રીતે ગોકુલેશ અને દ્વારકેશમાં શુદ્ધાદ્વૈત દર્શન કોઈ પ્રકારનો ભેદ પાડવા માંગતું નથી, છતાંય જે ભેદપુરઃસર વ્યવહાર થાય છે તેને ભકત જ સમજી શક અને માણી શક ભકતતર વ્યક્તિ કેટલી પણ મોટી જ્ઞાની કે વિદ્વાન હોય તે સમજી જ નહીં શકે. પોતાના દિકરાનું આકર્ષણ મા જેટલું અનુભવે તેટલું બીજા અનુભવી નથી શકતા, આ એક હકીકત છે. તેથી શ્રીશંકરાચાર્યના વચનનું તાત્પર્ય કૃષ્ણ એક જ હોવા છતાંય ગોકુલેશ–દ્વારકેશની એકતાના પ્રતિવાદમાં ન હોઈ, દરેક કાલ (જેમ સત્ યુગથી કલિયુગ સુધીનો) અને જીવાત્માની દરેક અવસ્થા (જેમ કે બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા, બ્રહ્મચર્ય–સન્યાસ, બ્રાહ્મણ–શૂદ્ર, સ્ત્રી–પુરુષ,, સાધક–સિદ્ધ ઈત્યાદિ) માં કૃષ્ણ સેવ્ય છે તેમજ ગ્રણહ કરવું જોઈએ. કેમ કે કૃષ્ણનું એવું કાંઈક અદભુત અસાધારણ માહાત્મ્ય છે કે જે બીજા અવર દેવરૂપોમાં નથી તેથી કૃષ્ણ સદા જ સેવ્ય છે.

અદ્વૈતવાદના પ્રખર વિદ્વાન મધુસૂદન સરસ્વતી ગીતા ઉપરની પોતાની ટીકામાં કહે છે કે, 'કૃષ્ણાત્પરં કિમપિ તત્વમહં ન જાને' કૃષ્ણથી પર કે શ્રેષ્ઠ એવા કોઈ પણ તત્વની જાણકારી મારી પાસે નથી. પણ આટલું કહેતાં સન્તોષ નથતાં કહે છે :

प्रमाणतोपि निर्णीतं कुष्णमाहात्म्यमद्भुतम् ।

न शक्नुवन्ति ये सोढुं ते मूढा निरयंगता ॥ ( २० – १५ )

અર્થાત 'કૃષ્ણનું માહાત્ય બીજા બધા દેવો કરતાં અદ્ભુત છે, તેવું પ્રમાણ પુરઃસર નિર્ધારિત થાય છે. પણ જે મૂઢ લોકો આ વિધાનને સહન નથી કરીશ કતા તે તો નરકગામી જ છે.' આ હદ સુધી ડિંડિમ્ ઘોષ કરે છે. તેથી કૃષ્ણ સદા સેવ્ય છે. હવે જે ભકતનો ભાવ કૃષ્ણની ગોકુલની લીલામાં વધુ ચોંટતો હોય, તેને ગોકુલેશ કૃષ્ણ જ સદા સેવ્ય છે, અને જે ભકતનું મન કૃષ્ણની દ્વારકાલીલામાં વધુ ચોંટતું હોય તેને દ્વારકેશ સદા સેવ્ય છે. પણ કોઈક જ્ઞાનીની જો આ બન્ને કૃષ્ણમાં વાસ્તવિક અભેદદષ્ટિ હોય તેને કહો 'હજુ થોડોક ઔર ઉપર ઉઠ, અને વસ્તુમાત્રમાં કૃષ્ણદષ્ટિને કેળવતાં શીખ, જેથી ગોકુલનાથ અને દ્વારકાનાથનું 'અભેદ'

પ્રશંસનીય છે અને ભેદ નિંદનીય છે, તેવી તારી નિંદાસ્તુતિ કરનારી અજ્ઞાનજન્ય ભેદદષ્ટિ ખતમ થાય, અને પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં તું ખરેખર શુદ્ધ અદ્વૈતભાવ પ્રાપ્ત કરી શકે !

'ગુણદોષદષ્ટિદોષઃ ગુણસ્તુભયવર્જિતઃ' તેથી જ શ્રી મહાપ્રભુજી એક ઠેકાણે કહે છે કેઃ

"ब्रह्मरुपं जगद् ज्ञातव्यम् । जगतोऽतिरिच्यते इति न तत्रासक्तिः कर्तव्याः"

આ સમગ્ર જગત ભગવાનનું જ એક રૂપ છે તેમ જાણવું જોઈએ; પણ ભગવાનના તો આવાં બીજાં પણ અનંત રૂપો છે, તેથી ભગવદાસક્તિને આ ભગવાનના કાર્યરૂપ જગતમાં ક્ષીણ થવા દેવી ન જોઈએ. 'आदि मूर्ति एव सेव्यः' આદિમૂર્તિ કૃષ્ણ જ ભગવદાસક્તિનો સાચો વિષય કે આલંબન હોઈ શકે છે. બાકી તો બધી તે કૃષ્ણની સાદી મૂર્તિઓ છે.

આસક્તિનો સ્વભાવ ઘનીભાવ અને એકાગ્રતાવૃત્તિમાં વિકસિત થાય છે. જારે જ્ઞાનના સ્વભાવમાં વિરલતા (વ્યાપકતા) અને સર્વગ્રાહિતા રહેલી હોય છે. તેથી કૃષ્ણનું સર્વત્ર શુદ્ધ અદ્વૈત હોવા છતાંય સર્વત્ર સર્વરૂપના નહીં, પણ પોતાના ભાવમધુરરૂપના ચયનમાં ભકત આરંભથી અંત સુધી Selective (ચોક્કસ રૂપમાં આગ્રહ રાખનારો) હોય છે, જયારે જ્ઞાની પ્રારંભમાં 'અહં' ત્વં, અથવા કોઈ મૂર્તિ, સૂર્ય ઈત્યાદિ રૂપમાં 'તત્' જેવા પ્રતિકોનું ચયન (Selection) કર્યા પછી અન્તે તે પ્રતીકોને છોડીને, 'सर्वं खलु इदं ब्रह्म' અવસ્થા જ એનું લક્ષ્ય હોવાથી, શુદ્ધ અદ્વતભાવમાં નિષ્ઠ થઈ જાય છે. આ જ્ઞાનમાર્ગીય ઉપાસના અને અપરોક્ષાનુભૂતિનું ગૂઢ રહસ્ય છે. આ સૂક્ષ્મ રહસ્યને સરખી રીતે સમજવામાં આવે તો ભકતદ્વાર થતા સ્વરૂપચયનમાં (પસંદગીમાં) અને તે બાબતમાં તેની અનન્યતાની જે ઉદાત્ત રસમયી મનોવૃત્તિ છે, તેનું પણ રહસ્ય સમજવાની પાત્રતા આવશે; અન્યથા નહીં.

अनन्यचेता सततं यो मां स्मरित नित्यशः ।

तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥

**સવાલ ૮ : પ્રભુની સેવા નિરુપાધિક ભાવથી કરવી. તો એક જ સમયે પુત્રાદિક ભાવથી સેવા કરવાનું કેવી રીતે શકય બને ?**

જવાબ ૮ : દરેક પ્રાણીને, દરેક વ્યક્તિને કોઈક વિષયમાં સ્નેહ તો હોય જ છે. અતિશય ક્રૂર માણસને પણ કયાંક તો સ્નેહ હોય જ છે. વાઘને પણ પોતાનાં બચ્ચાં પર તો સ્નેહ હોય જ છે. જલ્લાદને પણ પોતાના પરિવારમાં તો સ્નેહ હોય જ. સ્નેહહીન માણસ તો શકય જ નથી.

શાસ્ત્રકારોએ સ્નેહને વિવેચના કરતાં એમ સમજાવ્યું કે અમુક સ્નેહની વિવેચના કરતાં એમ સમત્રવ્યું કે અમુક સ્નેહ સોપાધિક હોય છે અને અમુક સ્નેહ નિરુપાધિક હોય છે. નિરુપાધિક સ્નેહ એટલે શરત વિનાનો સ્નેહ. સોપાધિક સ્નેહ એટલે શરત મૂકીને જે સ્નેહ કરવામાં આવે તે.

એક દુકાનેથી આપણે માલ ખરીદતા હોઈએ તે દુકાનદાર સારો, સસ્તો માલ આપતો હોય તો આપણને તેની સાથે સ્નેહ થાય. આવો સંબંધ ઘણાં વર્ષોનો બને તો આપણે ત્યાં વિવાહ પ્રસંગે આપણે તેને લગ્નપત્રિકા આપવાનું ભૂલીએ નહીં. એટલે સ્નેહ થયો. પચ્ચીસ વર્ષ પછી તે માલ આપવામાં ભેળસેળ કરતો સંબંધ પૂરો થઈ જાય, પછી લગ્ન પત્રિકા આપવા જઈએ નહીં. તેથી દુકાનદાર સાથેનો આપણો સ્નેહ શરતી છે. તે સારો અને સસ્તો માલ આપે છે ત્યાં સુધી જ સ્નેહ છે.

દુનિયામાં કયાંક શરત વિનાનો નિરુપાધિક સ્નેહ હોઈ શકે ખરો ? ૪૦ વર્ષ જૂનો નોકર પણ કામ ન કરે અને ચોરી કરવા માંડે તો સ્નેહ રહે ? શાસ્ત્રકારો અંતે એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે કોઈ પણ માણસ બીજા માણસ પ્રત્યે નિરુપાધિક – શરત વિનાનો સ્નેહ કરી શકતો નથી. જીવનમાં દરેક વાતમાં શરત છે.

નિરુપાધિક સ્નેહ કેવળ શબ્દ છે કે તેનું ઉદાહરણ ખરું ? ઉપનિષદ કહે છે : વસ્તુમાં પ્રિયતા રહેલી છે માટે તે વસ્તુ આપણને પ્રિય નથી લાગતી. પરંતુ આપણને તે વસ્તુ પ્રિય લાગે છે, કારણ કે તેનામાંથી આપણી કોઈક શરત પૂરી થઈ રહી છે. શરત પૂરી ન થાય એટલે સ્નેહ પણ ન રહે.

આપણને કેવળ આપણામાં નિરુપાધિક સ્નેહ રહેલો છે, બીજા કોઈનામાં જ નહીં. આપણે પોતાની જાતને જ ચાહીએ છીએ. જે વસ્તુ આપણને સંતોષ આપવામાં નિષ્ફળ જાય તે વસ્તુ સાથેનું આપણું બંધન તૂટી જાય છે.

શાસ્ત્રકારો એવા નિષ્કર્ષ પર આવે છે કે દુનિયામાં નિરુપાધિક–શરતવિનાના–સ્નેહનું કોઈ પણ ઉદાહરણ હોય તો વ્યક્તિનો પોતાના માટેનો સ્નેહ. આપણી જાતને કઈ શરતે સ્નેહ કરીએ છીએ ? તેનો જવાબ નહીં જડે.

વેદાંત આ વાત આપણને સમજાવે છે. પણ શ્રીમહાપ્રભુજીની એક વિલક્ષણ દષ્ટિ છે. જો વેદાંતને આપણે ભાગવતનાં આધારે નહીં સમજીએ તો વેદાંતનું તાત્પર્ય આપણી સમજમાં નહીં આવે. જેમ બધા વાનરો સમુદ્રને ઓળંગી જઈ, લંકા પહોંચી ગયા, પણ સમુદ્રના ઉંડાણની જાણ તેમને ન થઈ, તેમ આપણે શબ્દોના અર્થને ઓળંગી જઈએ છીએ, પણ તેમાં ઊંડાણમાં કેટલું તેની ખબર આપણને પડતી નથી.

ભાગવતે આપણને પહેલી વખત સમજાવ્યું : આપણને એમ લાગે કે આપણા આત્મામાં આપણો નિરુપાધિક સ્નેહ છે. પણ હજી આપણી ભૂલ થાય છે. દુનિયાનો કોઈ પણ લૌકિક સ્નેહ નિરુપાધિક નથી. આ વાત સમજવાની છે, કહેવાની નથી. કહેવાથી રસાભાસ થઈ જાય. જ્ઞાનીઓ બ્રહ્મમાં લીન થવા માંગતા હોય અને આત્મામાં નિરુપાધિક સ્નેહ હોય તો, શા માટે આત્માને નોખો ન રાખતાં બ્રહ્મમાં લીન કરી દેવા માંગે છે ? આનો અર્થ એ કે આત્મામાં પણ આપણો નિરુપાધિક સ્નેહ નથી. તો આપણો નિરુપાધિક સ્નેહ કયાં ?

ભાગવત કહે છે : આત્મા સો પરમાત્મા તે જ્ઞાનમાર્ગની પરિભાષા. ભક્તિમાર્ગની પરિભાષા–આત્મામાં પરમાત્મા. જે આત્માના લીધે દેહમાં આપણને પ્રિયત્વ લાગે, તે આત્મા

કરતાં પણ પરમાત્માની મહત્તા વધારે છે. તેથી તો જ્ઞાનીઓ પરમાત્મામાં લીન થવા માંગે છે. આથી સિદ્ધ થયું કે આત્માના ભીતર એવું કોઈક તત્વ છે કે જેને કહી શકીએ કે તારા માટે અમે પ્રાણ ધારણ કર્યા છે. તારા માટે અમારા આવશ્યકતા નથી એટલે સાચો નિરુપાધિક સ્નેહ જો કયાંય હોય તો તે પરમાત્મામાં જ છે. પરમાત્મા પ્રત્યેનો સ્નેહ આત્મામાં આવ્યો તેમાંથી દેહમાં આવ્યો, તેમાંથી દુનિયાની સર્વ વસ્તુઓમાં આવ્યો. પરમાત્મામાં પરમ આકર્ષકતા રહેલી છે, માટે દરેક પ્રાણીનો પરમાત્મામાં નિરુપાધિક સ્નેહ રહેલો જ છે. નિરુપાધિક સ્નેહ બહાર આવી, જેના–જેના પર પડે ત્યાં સ્નેહની અનુભૂતિ થાય.

લૌકિક વિષયોમાં જેટલી એકાગ્રતા વધુ કેળવીએ, તેટલો તેમાં સ્નેહ વધતો જાય. મરચાં ભાવતાં હતાં માટે નથી ખાધાં મરચાં ખાવા લાગ્યા તેથી ભાવવા લાગ્યાં. દરેક વસ્તુનું આવું જ છે. કરવા માંડશો એટલે ગમશે. ગમે છે માટે કરવું એ સિદ્ધાંત તો કેવળ પરમાત્માની બાબતમાં જ શકય છે.

ઘણા લોકો સાંઈબાબાની માનતા માને માનતા પૂરી થાય તો દસ વખત મોટર લઈ દર્શન કરવા જાય પેટ્રોલનો ભાવ વધે તેની ફિકર નહીં. પણ જો માનતા પૂરી ન થાય તો ન જાય, ત્યારે પેટ્રોલનો ભાવ આકરો લાગે. એટલે એમાં આપણો નિરુપાધિક ભાવ નથી.

આવા ભાવથી જો આપણે સેવા કરવા લાગીએ તો, શ્રી મહાપ્રભુજી તેનો સ્વીકાર કરતા નથી. શ્રી મહાપ્રભુજી કહે છે : જો તમારે સેવા કરવી જ હોય તો નિરુપાધિક સ્નેહ (ભાવ)થી જ તમારે સેવા કરવાની છે.

સેવાથી આપણે શું મેળવવું છે ? એક ભાઈ કહેતા હતાઃ મારે ભગવાન મેળવવા છે. તેનો અર્થ એ કે આપણે સેવાનો સિદ્ધાંત સમજયા નથી. જેની સેવા કરી રહ્યા છો તે કોણ ? તે ભગવાન નથી એમ આપણે માની લીધું ને ? સેવા થકી ભગવાન મેળવવા છે એ વાત સાવ ખોટી. આમ જો તમે કહો તો એનો અર્થ એટલો જ કે હજી તમે પુષ્ટિમાર્ગનું તાત્પર્ય જ સમજયા નથી. સાચો સિદ્ધાંત તો એ છે કે તમને ભગવાન મળ્યા છે માટે તમે સેવા કરો છો. જો ભગવાન મળ્યા જ ન હોય, તો કોની સેવા કરો છો ? સેવાથી કંઈ પણ મેળવવું હોય તો એટલું જ કે આ સેવા જ ચાલુ રહે. સેવા થકી સેવા એ જ સાચી સેવા. તે નિરુપાધિક સ્નેહ.

સેવાથી જો માનતા પૂરી કરવી હોય તો સારું ખાનપાન મેળવવું હોય તો સેવા નથી. સેવા થકી બીજું કોઈ પ્રયોજન સિદ્ધ કરવું નથી. તેમ નક્કી કરીએ ત્યારે જ કહેવાય કે સેવામાં નિરુપાધિક ભાવ છે. આવી રીતે નિરુપાધિક ભાવથી સેવા કરતાં, પ્રભુમાં પતિભાવ, પુત્રભાવ કે સખાભાવ વિચારીએ તો સેવામાં કોઈ ઉપાધિ – શરત આવી ખરી ? મૂળ આ પ્રશ્ન છે.

સખ્યના સંબંધથી સખાની સેવા, આપણો પુત્ર  છે તે ભાવથી પુત્રભાવની સેવા, પતિ કમાઈને ખવડાવે છે તે ભાવથી પતિની સેવા આ સોપાધિક ભાવ છે.

પતિ છે તેથી ભજવા કે ભજવા છે માટે પતિ છે. ભજવા છે તેથી તમે તેને જે માનવા હોય તે માનો. તેમાં સોપાધિક ભાવ નથી. આપણે જેવું વિભાવન કરીશું તેવું વપુ પ્રભુ ધારણ

કરશે. વિભાવન એટલે શું ? પ્રભુની એવી ભાવના કરવી. સેવામાં નિરુપાધિક સ્નેહ છે એટલે તમે પ્રભુને પતિ, પુત્ર, સખા, ગુરુ જે માનશો તે થઈ શકે છે.

પતિ છે માટે સેવા કરીએ છીએ તેમ કહીએ તો આપણો નિરુપાધિક ભાવ ખંડિત થાય. પણ સેવા કરવી છે તેમાં આપણો સ્થાયીભાવ ભક્તિનો છે; પણ સંચારીભાવ પતિ, પુત્ર, સખા કે ગુરુનો છે.

માતાને પુત્ર પર વહાલ છે, તો કયારેક પુત્રને મારશે પણ ખરી. વ્હાલ ન હોય તો મારવાની જરૂર નથી. મિત્ર સાથે મૈત્રી છે, તો રીસ પણ આવે. દુશ્મન પર રીસ કરવાની જરૂર નથી. તેની ઉપેક્ષા જ થાય. આમાં વ્હાલ સ્થાયી છે, રીસ કે ક્રોધ સંચારીભાવ છે.

આપણે એક વખત શૃંગારલીલાનાં પદ ગાઈએ, બીજી વખત બાળલીલાનાં પદ ગાઈએ, તો શું રસાભાસ થઈ જાય છે ? ના. ભક્તિના રસના આ બધા સંચારીભાવો છે. તેવી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. તેથી જ આપણે સર્વ ભાવોથી ભક્તિ કરવી છે.

ભક્તિભાવને સ્થિર કરી પ્રભુને જે માનવા હોય તે માનો. જે ભાવ કરવો હોય તે પ્રભુ સાથે કરો. માટે એક જ કાળમાં અનેક ભાવોથી પ્રભુની ભક્તિ થઈ શકે છે, કારણ આ બધા ભાવો ભક્તિના સંચારી ભાવો છે. ભક્તિભાવ હોય તો તમે પરમાત્માને બધા ભાવોથી વિભાવિત કરી શકો છો.

એક શાસ્ત્રીજી એમ જ કહે છે : પુષ્ટીમાર્ગીયો પરમાત્માને પુત્ર માને છે, તે એમના મનની વિકૃતિ છે. કારણ ભગવાન કદી પુત્ર હોઈ શકતા નથી. પણ તેમને ભક્તિનું જ્ઞાન જ નથી. ભક્તિરસ હૃદય આર્દ્ર હોય તો વાત સમજવામાં આવે. આ વાત સમજવા હૃદયમાં આર્દ્રતા જોઈએ. પેલા શાસ્ત્રીજી વાતો કરે ભક્તિની, પણ હૃદયમાં નિંદ્ર ભરેલી હોય એટલે આવાં વિધાનો રૂપી નસકોરાં બોલે.

પરમાત્મા સાથે દરેક સંબંધ કેળવી શકાય – પણ જયારે ભક્તિ હોય ત્યારે જ. પરમાત્મા એમ તો પિતા પણ નથી અને ગુરુ પણ નથી. ભક્તિરસ હૃદયમાં હોય તો જ અજ નદાત્મજ બન્યાનો આનંદ લઈ શકાય. ફળ નથી. જયાં

નંદનો કુંવર મળતો હોય તે ભૂતળ જ આપણને વ્હાલું છે. 'વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં જાવું.' માટે ભૂતળ ઉપર જ આપણે ભગવાનને ભજશું. ભક્તિ દ્વારા જે ભાવ સ્ફુરશે તે ભાવથી જ આપણે ભગવાનને ભજીશું.

જેમ ખાવાની વસ્તુ અને તેના મસાલામાં અંતર છે, તેમ સ્થાયી ભાવ ભક્તિ અને સંચારી ભાવ, પુત્ર, પતિ વગેરેમાં અંતર છે. તે માણવામાં મસાલાની જેમ વિવેક રાખવો. જે – તે ભાવથી માણી, પાછા ભક્તિના ભાવ પર સ્થિર થઈ જાવ. આપણો મુખ્ય સંબંધ તો આત્મા અને પરમાત્માનો. તે વાત ન ભૂલવી.

આમાં મહત્ત ભક્તિના રસની છે એ વાત જ મુખ્ય છે.

**સવાલ ૯ : જેટલી શુદ્ધિ પાળી શકાય તેટલી શુદ્ધિ પાળીને, શ્રીઠાકોરજી પુષ્ટ કરાવીને સેવા કરીએ તો ચાલે કે કેમ ?**

જવાબ ૯ : શ્રીમહાપ્રભુજીએ મૂળ મુદાની વાત સમજાવતાં એમ આજ્ઞા કરી કે જે તમારી પાસે સારામાં સારું હોય, જે તમને અતિશય ગમતું હોય, જેને તમે ઉત્તમોત્તમ કહી શકો એવી અવસ્થા, એવું દ્રવ્ય, એવાં સાધન અને એવા સમયે, એવી રીતે તમારે શ્રી ઠાકોરજીની સેવા કરવી.

જે કરવાથી તમારા ચિત્તમાં ઉમળકો ખંડિત થાય, તમને ત્રાસ થાય, બીજાને ત્રાસ થાય તે વસ્તુથી સેવા કરવી એનો અર્થ એ કે તમે શ્રી ઠાકોરજીના સ્વરૂપને સાચી રીતે જાણી શકયા નથી; કેમ કે આપણી કોઈ પણ ઉત્તમોત્તમ વસ્તુ પણ એવી નથી હોતી કે જે આપણે પરમાત્માની સામે મૂકી શકીએ. જો પરમાત્મા પોતાની કૃપાથી તે સ્વીકારવા તૈયાર ન હોય તો આપણે તેને showcause નોટિસ આપી શકતા નથી કે અમે તમને આટલી કિંમતી વસ્તુ ધરાવવા આવ્યા છીએ અને તમે કેમ સ્વીકારતા નથી ? પરમાત્મા આપ્તકામ છે. તેને આપણી વસ્તુઓની ગરજ નથી.

એક કવિએ બહુ સુંદર કહ્યું છે : લક્ષ્મી તારી પત્ની છે એટલે હું તને દ્રવ્ય ન આપી શકું. તું વાણીનો પતિ છે એટલે હું તારી સ્તુતિ ન કરીશકું. તારી પાસે એક ચીજની જણપ છે; જે હું તને આપી શકું છું. તારું હૃદય તારા ભકતોએ ચોરી લીધું છે, એટલે તારી પાસે હૃદય નથી. મારી પાસે હૃદય છે જે હું તને આપી શકું છું.

આપણે પરમાત્માને હૃદય આપી શકીએ છીએ. પરમાત્માને તે હૃદયની ગરજ છે. તમે પરમાત્માને હૃદય થકી કંઈક આપ્યું છે તેનું લક્ષણ કયું ? તમારા ચહેરા પર તે આપવાનો ઉમળકો હોય, પરંતુ તે આપતી વખતે તમારા ચહેરા પર અહંકાર હોય, તો પરમાત્મા કહેશે તારું હૃદય તારી પાસે રાખ. મને સ્નેહ, દીનતા, ભક્તિરસથી ભરેલ હૃદય આપ.

તેથી શ્રી મહાપ્રભુજી કહે છે : જેનાથી તમારા ચિત્તમાં આનંદ આવતો હોય તે વસ્તુ પ્રભુને સમર્પો. જે કરતાં તમારા હૃદયમાં અહંકાર આવતો હોય, તમને ત્રાસ થતો હોય તેવી સેવા ન કરો. આવી સેવા જયારે તમે કરો છો, ત્યારે શ્રી ઠાકોરજીના સુખનો વિચાર ન કરતાં, તમે તમારી ધાર્મિકતાના મદનો વિચાર કરો છો. સેવાનો સાચો સિદ્ધાંત 'તત્સુખ' ના વિચારનો છે. 'સ્વસુખના વિચારનો નથી. જયારે સેવામાં સ્વસુખનો વિચાર આવે છે, ત્યારે સેવાના સિદ્ધાંત ખંડિત થઈ જાય છે. એક પત્નીએ નિયમ લીધો–પતિને લેવડાવીને લેવું. પતિને ભારે ત્રાસ થઈ ગયો, કારણ પત્નીને જયારે ચા પીવાનું મન થાય, ત્યારે પતિને ચાનો ગ્લાસ આપે. પતિની ઈચ્છા વિરુદ્ધ પાય, કારણ પતિને લેવડાવીને લેવાનો પત્નીએ નિયમ લીધો છે. તેમાં તત્સુખનો વિચાર નથી.

આમ સેવામાં આપણે ધર્મી (પરમાત્મા)ને બદલે આપણા ધર્મને મહત્તા આપી. પુષ્ટિમાર્ગનું સાચું રહસ્ય ધર્મની મહત્તામાં નથી, ધર્મીની મહત્તામાં છે. આપણે ધર્મીની મહત્ત સમજીશું તો બીજી બધી વાતો આપોઆપ સમજાઈ જશે. અધર્મ કરતાં ધર્મની મહત્તા

સમજયા તે અભિનંદનીય છે. પણ તે પ્રથમ પગથિયું છે. ત્યાં અટકી ન જાવ. હજી થોડા આગળ વધો. ધર્મી સુધી પહોંચો. તે આપણું લક્ષ્ય છે.

તમે અપરસનું પૂછો છો તે માટે હું તમને એક સ્પષ્ટ થર્મોમીટર બતાવું. અપરસ પાળવી હોય, મનોરથ કરવો હોય, વસ્ત્ર – શૃંગાર, સામગ્રી ધરાવવી હોય, સેવાના વત્તા – ઓછા નિયમ લેવા હોય તે થોર્મમીટર લગાવીને જુઓ. તમે જે કંઈ કરો છો તે ભક્તિના ઉમળકાથી કરો છો કે ધર્મના ત્રાસથી કરો છો ? જે વખતે સેવામાં તમે જે કંઈ ધર્મના ત્રાસથી કરો છો તે વખતે તમે ધર્મના તત્સુખનો વિચર ભૂલી ગયા છો. તેમાં પ્રભુને સુખ નથી. ધર્મ તમારા માટે છે – તમારે પાળવા માટે છે. તેને પ્રભુના સુખ સાથે શો સંબંધ ? એવા અનંત કોટિ જીવો છે. જે ધર્મ પાળી પ્રભુને બતાવી શકે છે. પ્રભુને ગરજ છે. તમારા ભાવની, તમારા હૃદયની ભક્તિરસની. પ્રભુ આપ્તકામ અનેીનષ્કામ છે, પણ સાથે સાથે તે ભરતકામ પણ છે તે વાત ભૂલી ન જશો. પણ આ ભકત એવા નહી જે અહંકારથી ભરેલા હોય, ધર્મમદથી ભરેલા હોય,

સાક્ષાત્ દુર્વાસાના અવતાર હોય. જે ભકતતો અતિશય આનંદથી હસતા મુખે, અતિ પ્રસન્નતાથી પ્રભુની સેવા કરતા હોય, તેની સેવાની પ્રભુને ગરજ છે. તેની પાસે પ્રભુ માંગીને માગીને લે છે.

તમે સેવા કરતાં જે આનંદ પોતે ભોગવી રહ્યા છો, તેમાં પ્રભુને ભાગીદાર બનાવો તો તે સાચી ભક્તિ છે. આનંદ હું ભોગવું અને ત્રાસ પ્રભેને આપું એવી ભક્તિ ન કરો તો સારું. ભગવાને તમારું શું બગાડયું છે  કે તમે ભગવાનની આવી ભક્તિ કરો છો ?

જે સેવા કરતાં તમને ક્રોધ આવતો હોય, જે અપરસ પાળતાં તમને ક્રેધ આવતો હોય, જે ભોગ ધરતાં તમને ત્રાસ થતો હોય તે પ્રભુને નથી ગમતું, નથી ગમતું, નથી ગમતું.

કેટલીક વાર્તાઓમાં સ્પષ્ટ પ્રસંગો છે કે આવી સ્થિતિમાં ધરેલ ભોગની થાળીઓને પ્રભુએ લાત મારી ઢોળી દીધી છે; કેમ કે ધરતી વખતે તેમાં ભાવનો ઉમળકો ન હતો.

ઉમળકો આવે તે જરૂર કરો., કરતાં હો તેથી પણ વધુ કરો પરંતુ તે કરતી વખતે દુર્વાસાનો આવેશ આવે તો યાદ રાખજો કે દુર્વાસાનો માર્ગ વૈરાગ્યનો છે, ભક્તિનો નથી. આપણો માર્ગ તો અંબરિષનો છે કે કોઈ ગાળો આપે તો ય માથું નીચું રાખી સાંભળી લે. દુર્વાસાનો માર્ગ તો પ્રભુને લાત મારવાનો માર્ગ છે. તે આપણો માર્ગ નથી.

પ્રાચીન સમયમાં આપણે ત્યાં એવી પરિપાટી હતી કે સેવામાં ક્રોધ આવે એટલે ચાંડાલનો આવેશ આવ્યો ગણાય, ત્યારે આપણી સેવા છોવાઈ જાય, અપરસ છોવાઈ ય. પછી અ–પરસ ન રહેતા અપ–રસ થઈ જાય. અપરસ કરતાં જો રોષ આવી ગયો તો અ–પરસ (અસ્પર્શ) ન રહી. અપ–રસ થઈ ગયો જેમાંથી સેવાનો–ભક્તિનો રસ ચાલ્યો ગયો છે તેનું નામ અપ–રસ. જે પાળતાં તમને પ્રસન્નતા થાય તેનું નામ અ–પરસ છે. લૌકિક ભાવોથી શુદ્ધ થઈ તમે સેવા કરો છો તેમાં અ–પરસ છે.

એક ભાઈએ મને કહ્યું : હું સેવા કરું છું. પણ મને સિગારેટ ફૂંકવાની આદત છે. ત્યારે મેં કહ્યું : સિગારેટ ફૂંકવી તે મહાન પાપ, પણ સેવા ન કરવી તે એથી યે મહાન પાપ છે.

તેમણે સેવા શરૂ કરી એટલે ગામમાં પ્રચાર થઈ ગયો કે શ્યામુબાવાએ તેમને સિગારેટ પીવાની છૂટ આપી. અરે ભાઈ, હું સિગારેટની છૂટ આપું કે સેવાની ? મેં સિગારેટની છૂટ નથી આપી, મેં તો સેવાની છૂટ આપી છે.

જે વૈષ્ણવો બ્રહ્મસંબંધ લઈ ઘરમાં સેવા નથી કરતા, તે બધા પુષ્ટિમાર્ગમાં કેન્સરથી પીડત દર્દીઓ છે. અ ાત પથ્થર ઉપર કે પતરા ઉપર કોતરાવી ઘરમાં રાખજો. પ્રભુ એ સ્વાસ્થ્ય આપે અને સ્વાસ્થ્ય ન આપે તો આવા દર્દીઓ પુષ્ટિમાર્ગમાંથી વિદાય થાય તો સારું. આવો વૈષ્ણવ શ્રી મહાપ્રભુજીને પણ ગમતો નથી.

**સવાલ ૧૦ : જે પાકી મર્યાદાથી સેવા કરતા હોય અને જે પાકી મર્યાદાથી સેવા ન કરતા હોય તે બંનેની અસેવામાં ભેદ ખરો ? તે બંનેની સેવાના ફળમાં ભેદ ખરો ?**

જવાબ ૧૦ : ઘણા લોકો કહે છે : જે સખડી આરોગે તે સખડીના ઠકોરજી, જે દૂધઘર આરોગે તે દૂધઘરના ઠાકોરજી. પ્રશ્ન એ છે કે સખડીના ઠાકોરજી કે ઠાકોરજી માટે સખડી ? આપણે ઊલટલું ચક્કર ચલાવ્યુ. એક વખત અમારા પાર્લામાં એવું થયું . એક વૈષ્ણવે મેવાના શ્રીનાથજી બનાવ્યા અને પછી ખાઈ ગયા. ઠાકોરજી શાના ? ઠોરજીનો આનંદાત્મક છે શ્રી મહાપ્રભુજીનો તો એક જ સિદ્ધાંત છે : તમે જે જમો છો તે શ્રીઠાકોરજીને ભોગ ધરીને જમો. તમે નિવેદન કર્યું છે તો પ્રભુને સમર્પણ કરીને જ લો. મરજાદના ઠાકોરજી ન હોય. ઠાકોરજી માટે તમે મરજાદ પાળો તે સારી વસ્તુ છે. ઠોરજી માટે તમે મરજાદ તોડો તે પણ સારી વસ્તુ છે. અમારા તાતજી મહારાજ આજ્ઞા કરતા કે ઠાકોરજી માટે સાડી પહેરીને નાચવું તે પણ સારી વસ્તુ છે. શરત એક જ છે : જે કરીએ તે ઠકોરજી માટે હોવું જોઈએ. ઠાકોરજીમાટે નથી હોતું તે બધું ખોટું છે. ઠાકોરજી ટે મરજાદ હોય તો મરજાદ સાચી પણ જો મરજાદ પાળવા માટે તમે ઘરમાં ઠાકોરજી રાખો તો તે રસોઈ કરનાર બાઈ નથી. માટે આપણે વાફઈ લઈ આવ્યા તેના જેવું છે. પણ માત્ર રસોઈ માટે વાઈફ મોંઘી પડે છે તે વાત આપણે ભૂલી જઈએ છીએ. તમે નુકસાનનો ધંધો ન કરો, ફાયદાનો ધંધો કરો. મરજાદ માટે ઠાકોરજી ન રાખો. ઠાકોરજી માટે મરજાદ રાખો. સખડી માટે ઠાકોરજી ન રાખો, ઠાકોરજી માટે સખડી રાખો. જે કંઈ છે તે ઠાકોરજી માટે રાખો તો પુષ્ટિમાર્ગ છે. મરજાદ માટે ઠાકોરજી નથી, તો મરજાદના ઠાકોરજી અને બિન મરજાદના ઠાકોરજીમાં કેમ ભેદ હોઈ શકે ? મેંડ કોની ? ઠાકોરઢની કે આપણી ? મેંડ શ્રી મહાપ્રભુજીની કહેવાય છે, શ્રી ઠાકોરજીની નહીં. શ્રી ઠાકોરઢ તો મેંડની બહાર છે. શ્રી ઠાકોરદ્રડ માત્ર તમારા ભાવની મેંડમાં જ બંધાય છે મર્યાદા પાળવી આપણા માટે આવશ્યક છે – આપણા દેહ, મન, ઘરની શુદ્ધિ માટે તે આવશ્યક છે. પ્રભુએ મર્યાદા

પાળવાની નથી. તેમણે મર્યાદા તોડી, ત્યારે તો આપણે ત્યાં પધાર્યા છે. પ્રભુ માટે તો કેવળ સ્નેહની મર્યાદા જ પાળવાની આવશયકતા છે. સ્નેહની મર્યાદામાં જ પ્રભુને બાંધી શકાશે. ઠાકોરદ્રડમાં ભેદ કરવો તે ગેર પુત્રિમાર્ગીય વાત છે.

તમને એમ લાગે કે એક વૈષ્ણવને ત્યાં અપરસ પળાતી નથી અને તેના ઠાકોરજી તમારે ત્યાં પધારે તો, આપણે તં શ્રીઠાકોરજીને શુદ્ધ કરવાનું વિધાન છે – શ્રી ઠાકોરજીને સ્નાન કરાવી દેવાનું. આપણે છોવાઈ જઈએ તેમ આપણા ઠાકોરજી પણ છોવાય. જેમ

આપણે શુદ્ધ થઈએ તેમ ઠાકોરજી પણ શુદ્ધ થાય. ઠાકોજીને મરજાદ લેવા કંઈ કોઈ ેસ્વામી બાળક પાસે આજ્ઞા લેવાની જરૂર નથી. ઠાકોરજીને શાની મરજાદ ? મરજાદ તો વૈષ્ણવે લેવાની છે. આનંદથી પળાય તેટલી પાળો. ચિત્રજીને અંગવસ્ત્ર કરાવો એટલે સ્નાન થઈ ગયું.

મેંડ છોવાય છે, ઠાકોરજી છોવાતા નથી, પણ આપણે ઠાકોરજી કરતાં મેંડની મહત્તા માની એટલે સોપાધિક ભાવ થઈ ગયો.

શુદ્ધાદ્વૈતમાં જ ભેદ નથી, તો સ્વરૂપમાં તો કયાંથી ભેદ હોય ?

**સવાલ ૧૧ : ઉત્સવ પ્રસંગે કોઈના શ્રીઠાકોરજી પધાર્યા હોય અને ભેટ કરે તો તે સ્વીકારવામાં દોષ ખરો ?**

જવાબ ૧૧ : પુષ્ટિમાર્ગ ખૂબ લચીલો માર્ગ છે, તેના નિયમો છે. પષ્ટિમાર્ગ પર કઠોર કાનૂન કે કાયદા નિયમ લાગુ થઈ શકતા નથી.

અમારા કિશનગઢમાં રાજાનું મંદિર. ત્યાં નિયમ કે કોઈની ભેટ લેવી નહીં. રાજા ચાલ્યા યા પછી, ત્યાં ભેટ લેવાતી થઈ. તેમણે એવો માર્ગ કાઢયો કે તે ભેટ અમારા મંદિરે મોકલી આપવી. મને આ વાતની જાણ થઈ. મેં તેમને કહ્યું : તમારા વડીલોએ ભેટ બંધ કરેલી, તે તમે ચાલુ કરવા માંગતા હો તો તમે રાખો. મારે ત્યાં શા માટે મોકલાવો છો ? તેમણે કહ્યું : ગુરુઘર સિવાય બીજે કયાં મોકલાવીએ ? મેં કહ્યું : તમે ખાડમાં પડો, પણ મને શા માટે ખાડમાં પટકો છો ? દરબારે મારી વાત માની. તેમણે ધરનાંની ભેટ લેવાનું પણ બંધ કર્યું. બધાં રડતાં મારી પાસે આવ્યાં.

મેં કહ્યું : મેં દરબારને એમ કહ્યું હતું કે તમારા સ્વજનો ન હોય, તેમની ભેટ ન લેવી.

જેને આપણે આપણાં ગણતાં હોઈએ તેની ભેટ લેવાય. જે મારો લાગે તેની ભેટ લઉં. સ્નેહની આ લચીલી મર્યાદા છે.

**સવાલ ૧૨ : ઠાકોરજીને પુષ્ટાવવાની જરૂર ખરી ?**

જવાબ ૧૨ : સ્ત્રીને ઘરમાં પત્ની તરીકે રાખવી હોય તો વિવાહ કરવા જોઈએ. તમારે જો ગેરકાનૂની સંબંધ હોય તો તમે જાણો. તેમ ઠાકોરજીની સેવા કરવી હોય તો પુષ્ટ કરાવ્યા વિના સેવા કરવાની પદ્ધતિ આપણે બંને જાતની છેતરપીંડી માટે શરૂ કરી. આપણે મનમાં એવો ભાવ ધારી લીધો કે પુષ્ટ કરાવવાથી કોઈ જાતની જવાબદારી આપણા માથે વધી જશે એટલે આપણે એમ વિચાર્યું કે બે ય બાબતો સાધો. એક બાજુ કહીશું સેવા ચાલી રહી છે. બીજી બાજુ સેવામાંથી છુટ્ટી. સેવા ન કરવી હોય ત્યારે કહીએ અમારા ઠાકોરજી પુષ્ટ કાં છે ? કબાટમાં બંધ કરી કાશ્મીર ચાલ્યા જાવ. પાછા આવો એટલે પાછી સેવા શરૂ. આમ તમે તમારી જાતનેય ઠગો છો. અને ઠાકોરજીને પણ ઠગો છો; માર્ગનેય ઠગો છો. માત્ર ગામને નથી ઠગતા. એટલા તમે બુદ્ધિમાન નથી. ગામને ઠગે તે બુદ્ધિમાન, પણ પોતાની જાતને ઠગે તે બુદ્ધિમાન નહીં.

જે પુષ્ટ નથી તે ઠાકોરજીની સેવા કરવી, તે આપણા માર્ગનો સિદ્ધાંત નથી. પુષ્ટ કરાવવામાં શ્રી મહાપ્રભુજીની કાનિ છે. તેમાં વ્રજભકતતોની કાનિ છે.

આજકાલ જેમ instant નો જમાનો ચાલ્યો છે, તેમ ઠાકોરજીને પણ instant પુષ્ટ કરી દેવાની પદ્ધતિ શરૂ થઈ ગઈ છે. ચરણસ્પર્શ કંર્ા એટલે પુષ્ટ આ પદ્ધતિ ખોટી છે. શ્રી મહાપ્રભુજીએ – શ્રી ગુંસાંઈજીએ પુષ્ટ કરવાનો આખો પ્રકાર સમજાવ્યો છે. ભાગવતમાં પ્રભુના ભાવાત્મક વર્ણનના જે શ્લોકો છે, તે થકી સ્વરૂપમાં તે ભાવની સ્થાપના કરવાની આખી પદ્ધતિ બનાવી છે, તે પાછળ કોણ સમય આપે ? જયારે બહુ વધી જાય, ત્યારે બધું automation થઈ જાય. પછી જોયા વિના રસદી ફાડીએ, આંકડો જોવા વિના રસીદ કપાતી જાય, એવું થઈ ગયું. પુષ્ટ કરવાની સાચી પદ્ધતિ શ્રીગુસાંઈજીએ 'પુરુષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર' નામના ગ્રંથમાં લખી છે. તે પ્રકારથી ઠાકોરજી પુષ્ટ કરવા જોઈએ. વૈષ્ણવોને પણ એવું જ ગમે છે. તમે temporary પુષ્ટ કરી દો. permanent કરશો તો પાછું ગળે

વળગશે. અમને પણ લાગે છે કે permanent ક્યાં પુષ્ટ કરવા ? એટલે ચરણસ્પર્શ કરી temporary પુષ્ટ કરી દીધા. આ બધો આજકાલનો પ્રકાર છે. જેવા ગુરુ તેવા ચેલા જેવા ચેલા તેવા ગુરુ એવું ચાલી રહ્યું છે. આપણા સિદ્ધાંતથી આ વિપરીત વાત છે.

**સવાલ ૧૩ : બ્રહ્મસંબંધ લીધા પછી સેવા ન કરીએ તો દોષ લાગે ખરો ?**

જવાબ ૧૩ : શ્રીમહાપ્રભુજી સેવા ઉપર આટલો ભાર આપે છે, છતાં તેઓ જાણે છે કે આપણે પુષ્ટિમાર્ગીય હોવા છતાં અમુક સંજોગોમાં સેવા નહીં કરી શકીએ. તેથી શ્રીમહાપ્રભુજી તેવા જીવોને ભક્તિમાર્ગની કક્ષાને બદલે શરણાગીતની કક્ષામાં સ્થાપિત થવાની સ્પષ્ટ આજ્ઞા કરે છે.

બ્રહ્મસંબંધ લઈને જેમનાથી સેવા ન નભવાની હોય તેમને બ્રહ્મસંબંધ ન આપાં, કવળ અષ્ટાક્ષર મંત્રની જ દીક્ષા આપવાની જે પ્રણાલી હતી ત સાચી પ્રણાલી હતી. જેનાથી સેવા ન થાય અને તેને જ બ્રહ્મસંબંધ આપવું જોઈએ. પણ આજકાલ લોકો આગ્રહ કરે છે કે મહારાજ તમે બ્રહ્મસંબંધ આપી દો, પછી અમે જોઈ લઈશું.

શ્રીમહાપ્રભુજી કહે છે : લેનારને કંઈ હાનિ નથ, પણ આપનારને હાનિ થાય છે. એટલે જ શ્રીમહાપ્રભુજીએ વાર્તામાં સમજાવ્યું કે સમજયા વિના દીક્ષા લેનાર ચેલાઓ કીડી થઈ દીક્ષા આપનાર ગુરુ અજગરને કરડતા હતા. એક ભાઈએ મને કહ્યું : તમે બ્રહ્મસંબંધ આપો. પછી તમે છૂટા. અમે ભગવાન સાથે સમજી લઈશું.

મેં કહ્યું : ભગવાન સમજતા હોય, તો મને શા માટે વચમાં નાંખો છો ? પહેલાં જ સમજી લો ને ! મને અજગર બનાવવામાં તમને શો રસ છે તે સમજાવો.

એટલે આ બધાં અમને અજગર બનાવવાનાં ઘોર ષડયંત્ર છે. જે વૈષ્ણવો સેવા કરવા તૈયાર ન હોય તે મહારાજ પાસે આવી બ્રહ્મસંબંધ લઈ જાય, તે મહારાજોને અજગર બનાવવાનાં ઘોર ષડયંત્રો છે.

તમે કીડી ન થાવ એવું અમે વિચારીએ અને અમે અજગર ન થઈએ તેવું તમે વિચારો.

**પ્રશ્ન ૧૪ : શ્રી મહાપ્રભુજીના મતે સેવાનો સિદ્ધાંત શો છે ?**

જવાબ : મહાપ્રભ શ્રીવલ્લભાર્ચાજીના માર્ગમાં–પુષ્ટિમાર્ગમાં જે દીક્ષિત હોય તેનું કર્તવ્ય શ્રીમહાપ્રભુજી ' ચતુઃશ્લોકી'ના પ્રથમ શ્લોકમાં દેખાડે છે. 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ, સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન'૧.

સર્વદા ભગવાન પ્રત્યેના જે કંઈ બધા ભાવો હોઈ શકે, તે બધા ભાવો સાથે વ્રજાધિપ એટલે શ્રીકૃષ્ણ જ એક ભજનીય છે. પુષ્ટિમાર્ગીય તરીકે દીક્ષિત વ્યક્તિનું કર્તવ્ય કે ધર્મ આ જ છે. બીજું કશું કર્તવ્ય, કયારેય પણ હોઈ શકતું નથી. કૃષ્ણનું ભજન (સેવા) આપણે માટે ધર્મ છે.

એ કૃષ્ણભજનનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંતમુકતાવલિ'ના બીજા શ્લોકમાં આવી રીતે સમજાવે છે કે ÷ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા, તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્'' ચિત્તનું ભગવાનમાં ચોટવું તે સેવા કહેવાય. ચિત્તને ભગવાનમાં ચોંટાડવા માટે જે સિદ્ધિ પ્રાપ્ત થવી જોઈએ તેના માટે 'તનુવિત્તજા' તરીકે શ્રીમહાપ્રભુ સમજાવે છે. આ તનુવિત્તજાની સંકલ્પનાને સરખી રીતે સમજવી જોઈએ. આને માટે શ્રીગુંસાઈજી કહે છે 'ઉકત સેવા સાધને ઈતરે ઈત્યાહુસ્તદિતિ' એટલે વિત્ત આપીને કોઈક બીજા પુરુષ દ્વારા જો આપણે સેવા કરાવીએ 'વિત્તદત્વા કારતૈકા' – તેમજ કોઈનો પૈસો લઈને આપણે પોતે સેવા કરીએ, એટલે જે વિત્ત આપીને સેવા છે ત વિત્તજા સવા કહવા અને જ કોઈનં વિત્ત લઈન પોતે સવા કરતો હો તન તનુજા સેવા કહેવા. આ વાતન સમજાવતાં શ્રીગુસાંઈજી કહે છે ' એતાદશ્યો તે તત્સાધિકે ન' – આવી રીતે કોઈને સેવા માટે પૈસા આપવા અને સેવા માટે કોઈના પૈસા લેવા એ બંને પ્રકારને અપનાવતાં સાચી રીતે સેવા થઈ શકતી નથી. સાચી ેવાનું સ્વરૂપ એ છે કે પોતાના પૈસાથી અને પોતાના દેહથી આપણે સેવા કરીએ તે 'તનુવિત્તજા' સેવા કહેવાય છે. આ જ સિદ્ધાંત વધુ સ્પષ્ટતાથી સમજાવતાં શ્રી પુરુષોત્તમઢ કહે છે કે જે બે પ્રકાર – તનુજા અને વિત્તજા બતાવ્યા તેમાં 'તચ્એદ્વિતં વેતનત્વેન દત્વા કાર્યતે, તદા સા ચિત્તસ્ય રાજસત્વં કુર્વન્તી, ચિત્તસ્ય તત્પ્રવણં ન કરોતિ' ત્રે આપણે કોઈને વેતન તરીકે પૈસા આપીને સેવા કરાવી લઈએ તો તેથી ચિત્તમાં રાજસતા એટલે અહંકાર વધે છે, પણ તેથી ચિત્ર કદી ભગવાનમાં ચોંટી શકતું નથી. અને કોઈથી પગાર પેટે પૈસા લઈને આપણે સેવા કરીએ તો એ સેવા ભાડુતી થઈ જાય છે અને તેવી ભાડુતી સેવાથી પણ ચિત્ર ભગવાનમાં ચોંટી શકતું નથી, તેથી એ પ્રકારે સેવા ન કરવી. સેવા કરવાનું સાચું સાધન છે પોતાના મનથી અને પોતાના ધનથી, પોતે પોતાના ઘરમાં

સેવા કરવી તે. કેમ કે સેવાને તે શ્રી મહાપ્રભુડ અને શ્રી ગુસાંઈદ્રડ– બંને આ જ ગ્રંથમાં પ્રારંભમાં કહે છે કે સેવા એ સેવકનો ધર્મ નથી કે તે કાળમાં કરવી કે કોઈક નિશ્ચિત કાળમાં કરવી એવું પણ નથી. સમગ્ર સેવા એ પુષ્ટિમાર્ગના વ્યક્તિની જીવનપ્રણાલી છે અને એ રીતે જો સેવા થાય તો જ એ સેવાનું સાચું સ્વરૂપ જળવાય.

'નરોધલક્ષણ'માં સેવાનું પ્રયોજન સમજાવતાં શ્રી મહાપ્રભુજી કહે છે. 'સંસારાવેશદુષ્ટાનામિન્દ્રિયાણાં હિતાય વૈ, કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન યશસ્ય યોજયેત ૧૪. એટલે સેવા એવી રીતે કરવી ત્રેઈએ કે આપણી બધી ઈન્દ્રિયો, આપણા દરેક વ્યવહાર કોઈકને કોઈક રીતે ભગવાન સાથે સંકળાઈ ત્રય. આની વ્યાખ્યા કરતાં શ્રી પુરુષોત્તમદ્રજી સમજાવે છે : 'તાદશેન હિ સંસારાવેશદુષ્ટાનીન્દ્રિયાણિ નિગ્રાહ્યાણિ નિગ્રાહ્યાણિ,' – કેમ કે સાંસારિક વિષયોમાં આપણી ઈન્દ્રિયોની પ્રવૃત્તિ હોય છે અને એમાં એ પ્રવૃત્તિને લીધે જયારે ઈન્દ્રિયોના વ્યવહારના સંસારનો આવેશ થાય ત્યારે દોષ ઉત્પન્ન થાય છે અને તેમનો જા આપણે નિગ્રહ કરવા જઈએ તો તે સરખી રીતે થઈ શકતો નથી. ઈન્દ્રિયોને એક રીતે અશ્વની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે ઘોડાને સાવ છૂટો મૂકીએ તો કયાંય પણ લઈ જાય અને બહુ લગામ ખેંચીએ તો સવારને પટકી દે. તે રીતે ઈન્દ્રિયોની લગામ ખેંચવી નહીં અને વધારે છૂટી મૂકવી નહીં, એવો એક મધ્યમ માર્ગ અપનાવવો જોઈએ . સેવા –સિદ્ધાંતને લીઈને એવો એક મધ્યમ માર્ગ અપનાવવો જોઈએ. સેવા–સિદ્ધાંતને લઈને શ્રી પુરુષોત્તમજી કહે છે 'તાનિ ચ નિગૃહ્યમાણાનિ ક્ષોભં જયન્તિ,' – એટલે ઈન્દ્રિયોનો જો સર્વથા નિગ્રહ કરવા જઈશું તો ક્ષોભ ઉત્પન્ન થશે. ક્ષોભ એટલે frustration. તેથી એમનું સાચું સ્વરૂપ એ છે કે ઈન્દ્રિયોનો નિગ્રહ પણ ન કરવો અને મુકત પણ ન રાખવી. પણ, જેમ બને તેમ બધી ઈન્દ્રિયોનો વ્યવહાર ભગવાન સાથે જોડી દેવો. દા.ત. જમવાનો શોખ છે તો પ્રભુને ભોગ ધરીને જમવું, પહેરવાનો શોખ છે તો પ્રભુને વસ્ત્ર ધરાવીને પહેરવું, સંગીત સાંભળવાનો શોખ છે તો પ્રભુ સંબંધી સંગીત સાંભળવું. એમ જે જે ઈન્દ્રિયોના જે જે શોખ છે એનો કોઈક રીતે ભગવાન સાથે સમન્વય જો આપણે જોડતા થઈએ તો ઈન્દ્રિયોના સંપૂર્ણ નિગ્રહ અને ઈન્દ્રિયોને સર્વથા મુકત રાખવાના જે ગેરલાભ છે, તેનાથી આપણે બચી શકીએ.

શ્રીઆચાર્યચરણના મત મુજબ સેવા દરેક ગૃહસ્થનું આવશ્યક કર્તવ્ય છે. કેમ કે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ગૃહં સર્વાત્મના ત્યાજયં તચ્ચેત્યકતું ન શકયતે, કૃષ્ણાથજ્ય ત્યપ્રયુંજીત કૃષ્ણઃ સંસારમોચકઃ (૨૫૧) (સપ્રકાશતત્વદીપ). ઘર છોડી દેવું જોઈએ, ઘરનો ત્યાગ કરવો જોઈએ કેમ કે ઘરને લીધે આપણને આસકિત થાય છે, પણ ઘરનો ત્યાગ કરી શકાતો નથી, તેથી ઘરનો વિનિયોગ કૃષ્ણની સેવામાં કરવો જોઈએ. ધનને સર્વથા છોડી દેવું જોઈએ, પણ ધનનો ત્યાગ થઈ શકતો નથી, તેથી ધનનો કૃષ્ણસેવામાં ઉપયોગ કરવો જોઈએ. કૃષ્ણની સેવામાં ઘર અને ધનનો ઉપયોગ લેવાથી ઘર અને ધનમાં જે અનર્થ રહેલાં છે, તે નિવૃત્ત થઈ જાય છે અને તેથી શ્રીઆચાર્યશ્રી કહે છે–'એતત્સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતમ્, અન્યેષાં સંભવે તુ સ્યાદ્યતેઃ પર્યટનં વરમ. (૨૪૬) આ જે અમે સેવાનો પ્રકાર બતાવ્યો તે વૃહસ્થ માટે બતાવ્યો આ વિધાનનો ખુલાસો કરતાં તેઓ કહે છે કે 'બ્રહ્મારી પ્રભુતીનામપિ સેવક–સાધન સપંત્વાવેતત્કર્તવ્યમ્.' એટલે બ્રહ્મચારી પ્રભૂતીનામપિ સેવક–સાધન સંપત્તાવેતત્કર્તવ્યમ્.' એટલે બ્રહ્મચારી હોય અને પોતે સમૃદ્ધ હોય અને પોતાના સેવક–સાધન–સંપત્તિનો ઉપયોગ થઈ શકતો હોયતો બ્રહ્મચારીએ પણ એવી જ રીતે ઘરમાં ઠાકોરજીની સેવા કરવી જોઈએ. જે ઘરમાં સેવા ન કરી શકતા હોય એમણે ઘર છોડી દેવું જોઈએ, ગૃહત્યાગ કરવો જોઈએ. એમના માટે બીજા ઉપાયો, જેવા કે તીર્થયાત્રા, સંન્યાસ

આદિના બતાવવામાં આવ્યા છે. ગૃહસ્થની સેવામાં પાંચ પ્રકારના દોષ હોય છે અને એ એવા દોષો જો થતા હોય તો ગૃહસ્થે પણ સેવા ન કરવી જોઈએ. એ દોષો ઉપર જો આપણે ધ્યાન આપીએ તો સેવાનો પ્રાઈવેટ નેચર (એકાંતિક પ્રકાર) આપણને સમજાય છે. પહેલો દોષ એ છે જેને સતત સેવામાં રુચિ ન જાગતી હોય અને જબજસ્તી કરવી પડતી હોય, જેને ગુજરાતીમાં 'વેઠ' કહેવાય, તેવી વેઠ કરવી પડતી હોય તો તેણે સેવા છોડી દેવી જોઈએ. કેમ કે' સતતપ્રવૃત્તિરહિતાનીદ્રિયાણિ બલાદ્ ભગવતિ નિયોજયમાનાનિ વિક્ષેપં જનયતિ વિગ્રહકર્શિતાની,' જયારે ઈન્દ્રિયોને સેવામાં લગાડવા જઈશું તો વિક્ષેપ થશે બીજો દોષ એ છે કે વૃદ્ધાવસ્થા કે વ્યાધિને લીધે જો શરીરમાં શારીરિક શક્તિ ન રહી હોય તો જબજસ્તી સેવા ન કરવી જોઈએ. ત્રીજો દોષ એ છે કે 'સ્વસ્ય પરમ આગ્રહ ઉત્પદ્યતે યેન તમસિ પ્રવિષ્ટો ભગવંતં ન સ્મરતિ,' આપણે સેવા કરવા જઈએ અને આપણુ મન સેવામાં લાગે જ નહીં. ચોથો દોષ એ છે કે 'લોકોનાં વા પીડાં કુર્યાત્તત્ર પૂજાત્યકતવ્યા,' આપણી સેવાથી પાડોશીઓને કે પરિવારના લોકોને પીડા થતી હોય ત્યારે પણ આપણે સેવા છોડી દેવી જોઈએ. 'તદાદન્યત્રાપિતથાત્વે પરદેશે શૂન્યદેવાલયે પૂજા વિધેયા' આપણી સેવાથી આપણા ઘરને, પરિવારને કે પાડોશીઓને પીડા થતી હોય તો ઘેર સેવા ન કરતં કોઈ શૂન્ય દેવાલયમાં એટલે કે ઉઝજડ મંદિર

હોય, જયાં કોઈ જતું ન હોય ત્યાં જઈને સેવા કરવી અને પાછા ઘરે આવી જવું. આટલા દોષ વગર જો સેવા થઈ શકતી હોય તો ગૃહસ્થે પોતાના ઘરમાં જ સેવા કરવી જોઈએ. ગૃહસેવા ન થઈ શકતી હોય તો ઘરનો ત્યાગ કરવો જોઈએ, એ શ્રીઆચાર્યચરણનો સિદ્ધાંત છે.

આને જોતાં સ્પષ્ટ ખ્યાલમાં આવે છે કે ગૃહસેવા એ ગૃહસ્થના માટે બતાવેલ ધર્મ છે. જે ગૃહસ્થીમાં નથી રહી શકતા, જે પોતાની ગૃહસ્થીમાં ભગવાનની સેવાને એડજસ્ટ (ગોઠવી) નથી કરી શકતા એને માટે શ્રીમહાપ્રભુજી તીર્થ–પર્યટન કે બીજા ઉપાયો દેખાડે છે.

આ જ સંદર્ભમાં 'સિદ્ધાંત–રહસ્ય' નામના ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કહે છે 'નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વ કુર્યાદિતિ સ્થિતિ; અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન, અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્દ્વર્જનમાચરેતુ. ૪ એટલે જે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લઈને દીક્ષિત થાય છે એણે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. અસમર્પિત વસ્તુ એટલે જે ભગવાનની સેવામાં ઉપયોગમાં ન આવી હોય એવી વસ્તુથી બચવું જોઈએ. 'યતોસ્મિન્માર્ગે ભગવત્સમ્બન્ધાભાવવદ્ વસ્તુ સંસર્ગસ્યૈવ દોષત્વમ્, અતઃ સ્વાર્થ ભગવદસમર્પિત વસ્તૂનાં વર્જન માચરેત, સંસર્ગમપિન કુર્યાદિત્યર્થઃ, કેમ કે જેનો ભગવાનથી સંબંધ જોડાયો, તેવી વસ્તુને આપણા ઉપભોગમાં લાવવી એ સેવાના સિદ્ધાંત સાથે મેળ ખાતી વાત નથી. ' એવમસમર્પિતવસ્તુમાત્ર ત્યાગે તાદશસ્યાગ્રે લૌકિકાલૌકિક વ્યવહારસિદ્ધિઃ કથમ્' જો આવી રીતે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરે તો દરેક વ્યવહાર કેવી રીતે ચાલે, તેનો પ્રકાર બતાવે છે કે 'નિવેદિભિઃ' અ એટલે જેમણે બ્રહ્મસંબંધ દીક્ષા લીધી છે એમણે પોતાનું લૌકિક કે વૈદિક બધું કાર્ય, દા. ત. પુત્રાદિના વિવાહ કે બ્રાહ્મણ–ભોજન કે પોતાના ઉપભોગ માટે કે વૈદિક રાદ્ધ ઈત્યાદિ એ બધા માટે ભગવાનને સમર્પિત કરીને જ લેવું જોઈએ. વગર સમર્પિત કરે કોઈ પણ કાર્ય કરવું ન જોઈએ. જો આપણા ઘરની દરેક

વસ્તુ ભગવાનને સમર્પિત કરવી હોય અને સેવા જો પ્રાઈવેટ (અંગત) સ્વરૂપની ન હોય તો ઘરની દરેક વસ્તુ ભગવાનને સમર્પણ કરવાની પ્રણાલી નભે કેમ ? એટલે આ વાત ઉપર આપણે જો ધ્યાન આપીએ કે સેવાની પાછળનો મુખ્ય સિદ્ધાંત અસમર્પિત વસ્તુના ત્યાગનો છે અને અસમર્પિત વસ્તુનો ત્યાગ જો દરેક વ્યક્તિ માટે કર્તવ્ય હોય તો સેવા જયાં સુધી પ્રાઈવેટ (અંગત) ન હોય ત્યાં સુધી અસમર્પિત વસ્તુનો ત્યાગ થઈ શકે નહીં. શ્રી પુરુષોત્તમજી આનો ખુલાસો કરતાં કહે છે કે 'સ્વાત્મસમર્પણાવસરે' – પોતાનું આપ્મ – સમર્પણ જે વખતે કર્યું (બ્રહ્મસંબંધ દીક્ષા વખતે) તે વખતે ' નિવેદિતૈઃ દારાદિભિઃ' એટલે એ આપ્મસમર્પણ વખતે પોતાના પરિવારના બધા સદસ્યો અ પત્ની, પુત્ર, પિતા આદિનો 'ગૃહવિત્તદિભિઃ અચૈતનૈશ્ચ – પોતાનું ઘર, પોતાનું ધન, સંપત્તિ વગેરેનું આપણે ભગવાનને સમર્પણ કરીએ છીએ અને એ સમર્પણ કર્યું એટલે ખાલી મોઢેથી કહી દીધું કે મેં સમર્પણ કર્યું, એટલું ન હોવું જોઈએ. પણ કોઈક ને કોઈ રીતે બધાનો ભગવદ્સેવામાં ઉપયોગ લઈ શકાતો હોય તેવો સેવાનો પ્રકાર ગોઠવવો જોઈએ. તેઓ કહે છે કે 'તત્સર્વ ભગવતે તેષાં યથોચિતવિનયોગરૂપં સમર્પણં વિદ્યાયૈ કુર્યાત્, આનો ખુલાસો કરતાં કહે છે કે 'શાસ્ત્રે નિવેદનં દાનં અર્પણં ત્રિવિધં સ્મૃતમ્, નિવેદનં સમુદિશ્ય દ્રવ્યસ્ય જ્ઞાપનં મતમ્, દાનં સ્વકીયતા ત્યાગઃ અસ્વાદ્યાદનં વિધેઃ, અર્પણં સ્વામિભોગ્યસ્ય સ્વામિને જ્ઞાપનં મતમ્, સૂદદષ્ટાંતદષ્ટેન તદો ત્રિવિધં પ્રેમે'તિ કવચિદ્વૈષ્ણવનિબંધે દર્શનાત્. નિવેદન, દાન અને સમર્પણ – એ ત્રણ પ્રકાર હોય છે. નિવેદન એટલે એક જાતનું ઈન્ટીમેશન. આપણે પ્રભુને જણાવીએ છીએ કે જે અહંતા – મમતા મેં કેળવી, એ મારા ગૃહ, પતિ, પત્ની પુત્રાદિમાં રહેલી મારી અહંતા – મમતા મિથ્યા છે, દરેક વસ્તુ પ્રભુ તમારી છે. એ કેવળ શાબ્દિક (વર્બલ) ઈન્ટીમેશન છે. દાનનો મતલબ છે સ્વકીયતાનો ત્યાગ.એટલે ટ્રાન્સફર ઓફ ઓનરશીપ. આ નિવેદન અને દાન એ બંનેથી ત્રીજો જુદો પ્રકાર સમર્પણનો છે. અર્પણં સ્વામિભોગ્યસ્ય સ્વામિને જ્ઞાપનં મતમ્, આપણે જેને સ્વામી માનતા હોઈએ એની સેવામાં જે ઉપયોગી વસ્તુ હોય તે તેના ઉપયોગમાં લેવી અને એ ઉપયોગથી બચે તે પાછી આપણા ઉપયોગમાં લઈ શકાય તેનું નામ સમર્પણ. એક વખત જે વસ્તુનું દાન કર્યું હોય તેને આપણે આપણા ઉપયોગમાં ન લઈ શકીએ. માટે આપણે ત્યાં સેવાનો ક્રમ દાનથી નથી ચાલતો, પણ નિવેદન અને સમર્પણથી ચાલે છે. તેથી જ શ્રી આચાર્યચરણ કહે છે 'નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વ કુર્યાત્.'

આપણે ત્યાં પ્રભુનુે – ભગવાનને દાન રૂપે કોઈ વસ્તુ નથી આપવામાં આવતી. કેમ કે શ્રી આચાર્યચરણ કહે છે કે ' દત્તાપહાર વચનં તથા ચ સકલાં હરેઃ, ન ગ્રાહ્યમિતિ વાકયં હિ ભિન્નમાર્ગ પરં મતમ' દાનથી ભગવાનની પૂજા – સેવા કરવી એ ભિન્ન માર્ગની વાત છે, એટલે પુષ્ટિ માર્ગની વાત નથી, એ મર્યાદામાર્ગીય ભક્તિના પ્રકારમાં આવે છે. પુષ્ટિમાર્ગીય ભક્તિના પ્રકારમાં દાનથી સેવા કરવાનો પ્રકાર નથી, નિવેદન અને સમર્પણથી સેવા કરવાનો બધો પ્રકાર છે. તેથી એમાં આપણો અને પ્રભુનો કશો ભેદ છે નહીં. આપણી દરેક વસ્તુ પ્રથમ પ્રભુના ઉપયોગમાં આવવી જોઈએ અને પ્રભુના ઉપયોગમાં આવ્યા પછી દરેક વસ્તુ આપણા ઉપયોગમાં આપણે લઈ શકીએ છીએ અને તેમજ લેવી જોઈએ કેમ કે ભગવદ્પ્રસાદ ગણીને આપણે એને ઉપયોગમાં લઈ શકીએ. જયારે દાન થયું હોય ત્યારે તેને આપણે

આપણા ઉપયોગમાં લઈ શકતા નથી, કેમ કે એમાં ટ્રાન્સફર ઓફ ઓનરશીપ થાય છે. 'દાનં સ્વકીયતાત્યાગઃ' એટલે કે આપણે જેમાંથી સ્વકીયતાનો ત્યાગ કર્યો તેને આપણે આપણા ઉપયોગમાં લઈ શકતા નથી. અને તે લેવા જતાં અપરાધ થાય છે. સમર્પણમાં કેવળ આપણા સ્વામી માનીએ છીએ, તેથી એમની સેવાના પ્રથમ ઉપયોગમાં લઈ શકીએ અને સમર્પિતનું પ્રસાદ તરીકે પુનર્ગ્રહણ થાય છે. સેવાના પ્રકારમાં આપણે ત્યાં દાન નથી, સમપૃણનો જ પ્રકાર છે. દા.ત. આપણા ઘરમાં આપણે ઠાકોરજીને પધરાવીને સેવા કરીએ અને તેમાં આપણે પણ રહીએ. આપણા ઘરમાં ઠાકોરજીને પધરાવ્યા તેથી આપણું ઘર આપણે ઠાકોરજીને દાન રૂપે નથી આપી દેતા. પણ સમર્પણરૂપે આપીએ છીએ. તેથી જ આપણે પણ રહી શકીએ. આપણે જે ભોગ ઠાકોરજીને ધરીએ છીએ તે દાન રૂપે ભોગ નથી ધરતા, પણ સમર્પણ રૂપે ધરીએ છીએ, તેથી એ ભોગનો પાછો પ્રસાદ લઈ શકાય. જે વસ્ત્રાદિ ધરાવવામાં આવે છે કે ઘરેણાં, આભૂષણ આદિ ધરવામાં આવે છે. એ પણ દાન રૂપે નહીં, પણ સમર્પણ રૂપે ધરાવવામાં આવે છે. એટલે ઠાકોરજીને ધરાવીને ઠાકોરજીના પ્રસાદી ઘરેણાં તરીકે આપણે પણ પહેરી શકીએ. એમ જ દરેક વસ્તુનું સમજવું. કેમ કે સેવાના પ્રકારમાં નિવેદન અને સમર્પણ એ મુખ્ય છે. દાન એ આપણે ત્યાંનો પ્રકાર નથી, મર્યાદા માર્ગીય ભક્તિનો પ્રકાર છે. એથી જ શ્રીકલ્યાણરાયજી 'દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ, ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્' ની વ્યાખ્યા કરતાં કહે છે કે 'નિવેદનસ્ય નવ વિદૌભકતાયુક્તત્વેન ભક્તિરૂપત્વાત્,' જે આપણે આત્મનિવેદન કરીએ છીએ (બ્રહ્મસંબંધ દીક્ષા વખતે) એ નવધા ભક્તિમાંની અંતિમ ભક્તિ છે. શ્રવણ, સ્મરણ, કીર્તન, અર્ચન, વંદન, પાદસેવન, સખ્ય, આત્મ–નિવેદન અને એ આત્મ–નિવેદનરૂપી ભક્તિમાં 'દારાન્ સુતાનિતિ સાર્ધશલોકેન ભકત્યર્થત્વાચ્ય', આપણી પત્નીને, પુત્રને, પિતાને, ભાઈને, બહેનને બધાને આપણી પ્રભુની સેવામાં નિવેદિત કરીએ છીએ. એટલે પ્રભુને આપણે એક રીતે જણાવીએ છીએ 'આ બધા પરિવારના સદસ્યો, ઘર, ધન સાથે હું તમારી સેવા માટે ઉપસ્થિત છું' અને એ નિવેદન પછી તે બધું ભગવાન માટે છે. 'પૂજામાર્ગે નિવેદનાભાવાત્ તત્ર ભગવતે નિવેદનં દાનમેવ' કેમ કે મર્યાદામાર્ગમાં, જે પૂજામાર્ગ છે, ત્યાં આવું નથી, તેથી ભગવાનને જે કંઈ નિવેદન કરવામાં આવે છે તે ત્યાં દાનના રૂપમાં હોય છે અને 'નિવેદને સ્વસ્વત્વનિવૃત્તેરભાવાત્,' કોઈ પણ વસ્તુનું આપણે ભગવાનને નિવેદન કરીએ તેથી આપણી ઓનરશીપ નિવૃત્ત થઈ જતી નથી. સ્વસ્વત્વની નિવૃત્તિ થતી નથી. 'નિવેદિતસ્ય ભગવદુપભુકત સ્યોચ્છિષ્ટસ્ય પ્રસાદત્વેન ગ્રહણે બાધકાભાવાત,' તેથી જયારે આપણે ભગવાનને નિવેદિત કરી દઈએ, સમર્પણ કરી દઈએ અને પાછું તે સમર્પિત પ્રસાદ તરીકે ગ્રહણ કરીએ તો તેમાં કંઈ બાધક નથી. જયારે દાનમાં પોતાનું સ્વત્વ નિવૃત્ત થઈ જાય છે, ઓનરશીપ ટ્રાન્સફર થઈ જાય છે. એટલે પૂજામાર્ગમાં જે કંઈ ભગવાનને નિવેદિત કર્યું હોય તે પાછું ગ્રહણ ન થઈ શકે. એ પછી ઘર હોય, સંપત્તિ હોય કે જે હોય તે; પણ પુષ્ટિમાર્ગીય સેવાપ્રકારમાં દાનનો આ પ્રકાર નથી.

આ પ્રકારે 'તનુવિત્તજા' સેવા અને પોતાના પરિવાર, ધન, સંપત્તિ–બધાનો સેવામાં વિનિયોગ કરીને ભગવાનના પ્રસાદથી પોતાનો આખો જીવન–વ્યવહાર ચલાવવો એ સેવાનું બાહ્ય સ્વરૂપ અને બાહ્ય પ્રયોજન છે. એના વડે ભગવાનમાં ચિત્ત ચોંટાડવું એ આંતરિક સ્વરૂપ

અને આંતરિક પ્રયોજન છે., ભગવાન પ્રત્યેનો આપણો ભાવ તેથી વધે છે.

એ ભાવવર્ધન માટે બ્રહ્મસૂત્રના અણુભાષ્યના ત્રીજા અધ્યાય ચોથા ભાગના ઓગણપચાસમા સૂત્રમાં એમ કહે છે 'અનાવિષ્કુર્વન્નન્વયાત્' એટલે ભગવાનમાં સર્વેન્દ્રિયોનો વિનિયોગ ગૃહસ્થીએ કરવો જોઈએ, તે કેવી રીતે કરવો જોઈએ, તેને સમજાવતાં કહે છે 'ભગવદ્ભાવસ્ય રસાત્મકત્વેન ગુપ્તસ્યૈવાભિદ્ધિસ્વભાવકૃત્વાદાશ્રમધર્મૈરેવ લોકે સ્વ ભગવદ્ભાવમનાવિષ્કુર્વન ભજનત્યેતદારાયન તે ધર્માઃ ઉકતાઃ, ચિત્ત ભગવાનમાં ચોંટાડવા માટે સેવા ભાવથી કરવી જોઈએ એ ભાવ રસાત્મક હોવાથી જો ચોરેચૌટે ગામમાં (જાહેરમાં) ફરીએ તો એ ભાવ વધી શકતો નથી, તેથી પોતાના સેવાસંબંધી ભાવને ગુપ્ત રાખવા અને પોતે જે આશ્રમમાં, જે અવસ્થામાં હોય તેમ રહેવું. દા.ત. કોઈ ગૃહસ્થ હોય ગૃહસ્થીના ધર્મો પ્રગટ રીતે આચરે, સંન્યાસી હોય તો સંન્યાસીના ધર્મો પ્રગટ રીતે આચરે. પોતાનો સેવાધર્મ પ્રગટ રીતે આચરણ કરવાનો નથી. એટલે સેવા સંબંધી પોતાના ધર્મ અને ભાવને પ્રગટ કર્યા વગર એકાંતમાં સેવા કરવી જોઈએ. એવી રીતે જો સેવા કરીએ તો જ સેવાનું મુખ્ય પ્રયોજન સચવાય, જળવાય છે; નહીં તો જળવાનું નથી. ગોપને મુખ્ય હેતુ માહાન્વયાદિતિ, યતો ભગવતા સમન્વયં સંબંધ પ્રાપ્ય વર્તતે તાવતસ્તથા, કેમ કે યાવદન્તઃકરણં સાક્ષાન્પ્રભોઃ પ્રાકટયં નાસ્તિ તાવદેવ બહિરાવિષ્કરણં સંભવતિ, પ્રાકટયં તુ ન તથા સંભવતીતિ જ્ઞાપિતમ્. જયાં સુધી હ્રદયમાં ભગવાનનું પ્રાગટય નથી, ત્યાં સુધી જ ભગવાનના સેવાસંબંધી ભાવનું આપણે પબ્લીકમાં એકઝીબીશન (જાહેર પ્રદર્શન) કરી શકીએ છીએ. એક વખતે હ્દયમાં જો ભગવાન પ્રગટ થાય તો એ ભાવ અને સેવાનું એક્ઝીબીશન (પ્રદર્શન) હોતું નથી. આમાં ધ્યાન દેવાની વાત એટલી જ છે કે સેવાનું અંતરંગ પ્રયોજન આપણા ઘરની એક જીવનપ્રણાલી તરીકે સેવાને

સ્વીકારવાનું છે, કર્મ કાંડરૂપે નહીં અને ઘરમાં એક જીવનપ્રણાલીરૂપ સેવાને સ્વીકારીને પણ એનું ગામમાં પ્રદર્શન કરવાનું નથી. પોતાની મેળે શાંતિથી ઘરમાં પ્રાઈવેટ (ખાનગી) રૂપે જ સેવા કરવાની હોય.

મંદિરોમાં વૈષ્ણવો આવતા થયા, દર્શન કરતા થયા, કારણ કે આરંભમાં વૈષ્ણવોનો અને મહારાજોનો એવો પારિવારિક ઘનિષ્ટ સંબંધ હતો, તેથી તેમને આવવા અને દર્શન કરવાની છૂટ મળી. જતે દહાડે પોપ્યુલેશન (વસ્તી) વધી ગઈ અને એકના દસ થઈ ગયા, બધા દર્શન કરવા માંડયા ત્યારે એ વાત–સિદ્ધાંત–તરફ લક્ષ રહ્યું નહીં અને આજે આપણને એવું લાગે છે કે બધા દર્શન કરવા આવે છે. વસ્તુતઃ એમને જ દર્શન કરવાં દેવાં અને કરાવવાં જોઈએ, કે જેની સાથે આપણો પરિવાર જેવો સંબંધ હોય, ગામની દરેક વ્યક્તિ આપણી સેવાનાં દર્શન કરી શકતી નથી અને કરે તો સેવાનું સાચું સ્વરૂપ જળવાઈ શકતું નથી. તેથી જ સેવામાં ઉપયોગી સ્થળ, સેવામાં ઉપયોગી દ્રવ્ય, સેવામાં ઉપયોગી જે આપણા સહાયકો છે (એસિસ્ટંટસ) એ બધાની વ્યવસ્થા સમજાવતાં શ્રીઆચાર્યચરણ કહે છે યથા સુંદરતાં યાતિ વસ્ત્રેરાભરણૈરપિ, અલંકુર્વીતં સપ્રેમ તથા સ્થાનપુરઃસરમ્ ૨૩૦. (સપ્રકાશ તત્વદીપઃ) સેવા એવી રીતે કરવી જોઈએ કે જે કરવા જતાં આપણું પ્રભુમાં ચિત્ત ચોંટે, પ્રભુમાં પ્રેમ વધે તેવી રીતે પ્રેમપૂર્વક સેવા કરવી જોઈએ. ઘરમાં પ્રભુ માટે સ્વતંત્ર સ્થાન હોવું જોઈએ, એક સ્વતંત્ર

મંદિર હોવું જોઈએ કે જયાં પ્રભુને આપણે પધરાવીને સેવા કરીએ. તે મંદિરને પણ અલંકૃત કરવું જોઈએ, ભગવાનને પણ અલંકૃત કરવા જોઈએ અને ભર્યાદિ–પોતાની પત્ની, પોતાના પુત્ર આદિ બધા જો અનુકૂળ હોય તો તેમને સેવામાં જોડવાં જોઈએ. જો એ અનુકૂળ ન હોય અને ઉદાસીન હોય તો પોતે સેવા કરવી જોઈએ અને જો આપણી સેવામાં વિઘ્ન કરતા હોય તો એવા ઘરનો ત્યાગ કરવો જોઈએ.

આ વિધાનથી આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ કે આખી સેવાનું વિધાન ગૃહસ્થ માટે ગૃહસ્થ જીનપપ્રણાલી તરીકે છે, કોઈ મંદિરમાં આવતા કર્મકાંડ તરીકે સેવાનું વિધાન નથી થયું. કેમ કે નોકરોનો પણ સેવામાં ઉપયોગ છે તે એક ગૃહસ્થીમાં જેવી રીતે નોકરોનો ઉપયોગ હોય છે, તેટલો જ ઉપયોગ છે. કર્મકાંડ તરીકે જેમ પૂજારીન રાખીને આપણ સેવા કરીઅ ત રીત નોકરો સવામાં પોી નથી મખ્ત ઘરના બધા મિલી મેમ્બર સાથે મળીને સેવા કરવાની હોય છે.અને એનું સ્થાન પણ ઘરમાં મંદિર તરીકે હોવું જોઈએ, ઘરની બહાર ઠાકોરજીનં મંદિર ન હોવં જાઈઅ તના જ પ્રમાણરૂપ આજ પણ દરક પષ્ટિમાીં મંદિરમાં ઠાકોરજીની સવાનં સ્થળ નોખં નથી હોતં પહલે માળે મહારાજા રહેતા હોય તો ાન્ડ લોર (ભોંયતળિયા) ઉપર ઠાકોરજીની સેવા થાય છે. મંદિર અને ઘર એ નોખાં નોખાં નથી હોતાં.

સેવા કઈ વસ્તુથી કરવી એની અવસ્થા સમજાવતાં પણ શ્રીઆર્ચાચરણ નિબંધમાં કહ છ 'યદ્યદિષ્ટતમં લોકે યથાતિપ્રિમાત્મનઃ, ન સન્નિવૃત્તિશ્રિતે તત્કૃષ્ણ સાધ્દ્ધવમ્ (૩૩૬) ભગવાનની સેવામાં કોઈ પણ વસ્તુનું કલેશપૂર્વક સમર્પણ ન કરવું. ત્રણ પ્રકારના કલેશ સમજાવ્યા (૧) લોકમાં જે વસ્તુને પ્રાપ્ત કરતાં કલેશ થતો હોય તેવી કોઈ વસ્તુથી સેવા ન કરવી. (૨) 'આત્મકિલષ્ટ' એટલે જે બાલભાવથી આપણે પ્રભુની સેવા કરી રહ્યા હોઈએ તે બાલભાવથી પ્રભુને કલેશ થાય એવી કોઈ વસ્તુનું સમર્પણ પ્રભુને ન કરવું અને (૩) ઘરમાં આપણને પોતાને કલેશ થાય એવી પણ કોઈ વસ્તુથી સેવા ન કરવી જોઈએ. સેવા એવી રીતે કરવી જોઈએ કે જે લોકમાં ઈષ્ટતમ હોય – આપણને જે ગમતું હોય, આપણે જે સરળતાથી મેળવી શકતા હોઈએ, સહજ રીતે જે મેળવી શકતા હોઈએ તે બધી વસ્તુઓથી સેવા કરવી જોઈએ, તેના સિવાય બીજો કોઈ કર્મકાંડ સેવામાં આવશ્યક નથી. જે વસ્તુને મેળવીને અને સેવામાં ધરતાં આપણને ચિત્તમાં પ્રસન્નતા થાય એવી વસ્તુથી સેવા કરવી જોઈએ. ચિરકાલ મનોરથ (સંદર્ભ નં. ૪૩૭૩) ચિંતિતમંતઃકરણપ્રિયં તનૈવ ચિત્તનિવૃત્તિઃ, એટલે દ્રવ્ય આપણું પોતાનું કમાયેલું હોવું જોઈએ બીજાની કમાયેલી વસ્તુથી આપણે સેવા ન કરી શકીએ. અને આપણું કમાયેલું પણ કલેશથી કમાયેલું ન હોવું જોઈએ. જે આપણે સહજ રીતે કમાયા હોઈએ તેવી વસ્તુને સેવામાં લગાડવી જોઈએ. જેને લગાડતાં ચિત્તમાં આપણને કલેશ ન થાય. આના શ્લોકમાં સર્વનિર્ણય નિબંધમાં શ્રીમહાપ્રભુજી કહે છે 'સ્વયં પરિચયેદ્ભક્ત્યા વસ્રપ્રક્ષાલનાદિભિઃ, એકકાલં દ્વિકાલંવાત્રિકાલંવાપિ પૂજયેત્.૨૩૭ પોતે સેવા કરવી જોઈએ. પોતે જો ધંધામાં કે વ્યાપારમાં બીઝી (કામગરા) રહેતા હોય તો પોતાના પરિવારના સદસ્યોથી સેવા કરાવે અને બહારની સેવા પોતે કરે, કેમ કે – મુખ્યતઃ 'સેવા સમુખ્યા ન પૂજેતિ મંત્રમાત્ર પૂજાપરો ન ભવેદ્' આપણે ત્યાં મુખ્ય સેવા છે પૂજા મુખ્ય નથી. એટલે મંત્ર બોલીને ફૂલ ચઢાવી દેવાં

એવો પ્રકાર આપણે ત્યાં નથી. ઠાકોરજીનાં વસ્ત્રો ધોવાં એ પણ ઠાકોરજીની સેવા છે, ઠાકોરજીના મંદિરની બુહારી કાઢવી એ પણ સેવા છે અથવા ઠાકોરજીની સેવા માટે આપણે નોકરી કરતા હોઈએ એવી આપણી નોકરી પણ ઠાકોરજીની સેવા તરીકે જ ગણાય છે. પણ એ બહિરંગ સેવા છે, અંતરંગ સેવા નથી. આવી રીતે પ્રાઈવેટ સેવાના નેચરનો પ્રકાર આપણે જોયો.

સેવા કરવામાં દાન અને નિવેદનનો જે વિવેક છે એ ૮૪ વૈષ્ણવોની વાર્તામાં વાસુદેવદાસ છકડાની વાર્તામાં આપણને એવી રીતે જોવા મળે છે કે શ્રી મહાપ્રભુજી અડેલમાં પોતે જયારે બિરાજતા હતા તે વખતે ઠાકોરજીને કોઈકે કટોરી ધરી હતી તે વેચીને જયારે ભોગ ધરાવો પડયો અને તે કટોરી કોઈ પ્રસંગમાં કયારેક ઠાકોરજીને નિવેદન રૂપે નહીં પણ દાન રૂપે આપવામાં આવી હતી, તેથી એ વેચીને જયારે ભોગ ધરવો પડયો ત્યારે શ્રી મહાપ્રભુજીએ પ્રસાદ લીધો નહીં. એટલે જે સંપત્તિનો આપણે પ્રસાદ લઈ શકીએ છીએ તે સમર્પિત–નિવેદિત ભોગ હોય તેનો જ લઈ શકીએ. દાન રૂપે જે ઠાકોરજીની સંપત્તિ હોય છે, તેનો પ્રસાદ લઈ શકાતો નથી. તે વાર્તામાં દાન અને નિવેદનનો ભેદ સમજાવવામાં આવ્યો છે.

સેવાનું મહત્વ ગૃહસ્થાશ્રમ માટે ગૃહસ્થ વ્યક્તિઓ માટેનું છે તેનું વિધાન આપણને 'સિદ્ધાંત રહસ્યમાં મળે છે. અનેન સેવાભિલાષિણાં ગૃહાશ્રમઃ સર્વાશ્રમેભ્યો બલિયાનિત્યુકતં ભવતિ, યસ્યસ્તુ ગૃહે ભગવદસેવાયાઃ અભાવઃ તદ્વિષયકાનિ ગૃહત્યાગવચનાનિ, અત એવ હિ તત્વામ્મપોતં ગૃહમન્ધકૂપ મિત્યત્રાત્મપાતત્વમન્ધકુપત્વં ચ વિશેષણદ્વયમુકતમ્, ' સેવાભિલાષિણાં' જે લોકો પુષ્ટિમાર્ગીય પ્રણાલિકાથી સેવા કરવા માંગે છે, તેમણે ગૃહસ્થાશ્રમમાં રહેવું જ સૌથી ઉ'મ પ્રકાર છે. જે લોકોના ઘરમાં સેવા નથી નભી શકતી તેમને માટે પુક્ષિમાર્ગમાં ગૃહત્યાગનાં વિધાનો છે એમ સમજવું જોઈએ. ઘરમાં સેવા પધરાવીને ઘરની સેવાપ્રણાલી મુજબ સેવા કરે તો એનો સંસાર દુઃખરૂપ નથી પણ ભગવદાત્મક સંસાર છે. તે વાત પણ અહીં દેખાડવામાં આવી જ છે. 'આત્મઃ સહ સમર્પિતાનામ્ દેહાદિનામ્ દારાગારપુત્રાદિનામ્ ચ બ્રહ્મતાપવતી.' એટલે જે વખતે ભગવાને આપણો દેહ, આપણી પત્ની, આપણો પુત્ર, આપણા ભાઈ–બંધુઓ, આપણું ઘર, આપણો પૈસો સમર્પિત થઈ જાય ત્યારે એ બધું બ્રહ્માત્મક થઈ જાય છે. કેમકે બ્રહ્મની સેવાનું અંગ બની જાય છે અને શ્રીઆચાર્યચરણ 'તૃતીયસ્કંધ સુબોધિની'માં આજ્ઞા કરે છે – 'તસ્માન્યપ્યર્પિતા શેષ ક્રિયાર્થ્યાત્મા નિરંતરઃ, મય્યર્પિતાત્મનઃ પુંસો મયિ સંન્યસ્તકર્મણામ્, ન પશ્યામિ પરં ભૂતમકર્તૃઃ બ્રહ્મદર્શનાત્' ૩૩. આ શલોકની વ્યાખ્યા કરતાં કહે છે કે 'વ્યર્થ ત્યાગાપેક્ષયા ભગવતિ સમર્પણ મુતમમ્' કોઈ પણ વસ્તુનો વ્યર્થ ત્યાગ કરવા કરતાં ભગવાનને તેનું સમર્પણ કરવું અને સમર્પિતનો પ્રસાદ તરીકે ઉપભોગ કરવો એ ઉત્તમ કલ્પ છે. વ્યર્થ ત્યાગ કરવા જતાં ત્યાગનો ડોળ થઈ જાય છે. પણ સાચી ભગવાનમાં ચિત્તવૃત્તિ કેળવાતી નથી. તેથી જ 'ભક્તિવર્ધીની' નામના ગ્રંથમાં પણ 'અતઃસ્થેયં' હરીસ્થાને તદીયેઃ સહ તત્પરૈઃ' વ્યાખ્યા કરતાં લાલુ ભટ્ટજી કહે છે – ગૃહસ્થિતિપક્ષે શ્રીવિગ્રહસ્ય અદૂરે નિકટે, ત્યાગપક્ષે શ્રીમૂર્તેવિપ્રહેર્ષ દૂરે તાવપિ ચિત્તદોષો યથા ન ભવેત તથા સ્થયેયમિત્યુપદેશઃ, એટલે

જે લોકો ઘરમાં રહે છે એમણે ભગવાનના સ્વરૂપ સાથે નિકટ રહેવું જોઈએ અને જે લોકો ઘરમાં નથી રહેતા એ લોકોને ભગવદ્સેવા પ્રાપ્ત નથી એટલે તે દૂર રહે છે. ગૃહસ્થિતિ પક્ષે સેવાયામ, ત્યાગપક્ષે કથાયામ – 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દોઢા ભવેત, યાવજજીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ.' ૯ એટલે ભગવાનની સેવામાં અથવા ભગવાનની કથામાં જેની દઢ આસક્તિ છે, તેનો કદી નાશ નહીં થાય એવું શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની'માં કહ્યું છે. એની વ્યાખ્યા કરતાં લાલુ ભટ્ટજી કહે છે : 'સેવા એ ગૃહસ્થિતિપક્ષમાં છે, કથા એ ગૃહત્યાગના પક્ષમાં છે, એથી જે લોકો ઘરમાં સેવા ન કરી શકતા હોય તેમણે ઘરનો ત્યાગ કરવો જોઈએ અને એમણે ભગવાનની લીલા, કથા આદિનું શ્રવણ નિરંતર કરવું જોઈએ. જે લોકો ઘરમાં સેવા કરી શકતા હોય એ લોકોએ ઘરમાં રહેવું જોઈએ અને ભગવાનની સેવા કરવી જોઈએ.'' આ બંને કલ્પ ભગવાનમાં ચિત્તને ચોંટાડવા–સેવા અને કથાના – ક્રમશઃ ગૃહસ્થ અને ગૃહત્યાગીને માટે કહેવામાં આવ્યા છે. એનાથી પણ સિદ્ધ થાય છે કે સેવા એ ગૃહસ્થનો પોતાનો જીવન પ્રણાલીનો વિષય છે, કર્મકાંડનો વિષય નથી. તેથી જ શ્રીઆચાર્યચરણ 'ભક્તિવર્ધીની'માં આગળ જઈને સમજાવે છે કે જો ત્યાગ કરશો તો 'ત્યાગે બાધક ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ. ૭ ગૃહત્યાગકૃતે ભકતેર્બાધકાનિ ભૂયાંસિ સંભવેત. ભક્તિના ઘણા બધા બાળકો સાથે, વિધ્નો સાથે, તમારે ટકરાવું પડશે. કેમ કે ઘેર ઘેર તમારે અન્ન લેવું પડશે. એવું અન્ન કે જે ભગવાનને નિવેદિન નથી કરવામાં આવ્યું. એવી વ્યક્તિઓ સાથે સંસર્ગ થશે, કે જે ભગવદીય નથી. એટલે ઘરમાં પોતાના ઠાકોરજીને પધરાવીને, પોતાના ઠાકોરજીને સમર્પિત કરીને જ પોતાની જીવનપ્રણાલી સ્થાપવી જોઈએ. તે જ સેવાનો સાચો પ્રકાર છે. તેથી જ અહીં શ્રીબાલકૃષ્ણજી પણ કહે છે કે 'અતઃ સેવાયાં દ્વિવિધાયામપિ ગૃહસ્થસ્યાં સામપ્રદાયિક ગુરુકૃપા કટાક્ષપૂર્વક ગૃહીત સામ્પ્રદાયિક ગતિના કૃતાયાં યતેર્બ્રહ્મચારિણોયસ્ય કસ્યચિદ્ ભગવનુગૃહીતસ્યાથાશક્તિ ર્દઢા કેનાપિ અનપનોદ્યા હર્ષવિષાદાદિનાપ્યનપનોદા ભવેત્.

સેવામાં ત્રણ પ્રતિબંધ માનવામાં આવ છે – ભોગ, ઉદ્વેગ અને પ્રતિબંધ તે પૈકી ભોગમાં બે ભેદ છે – એક લૌકિક ભોગ અને બીજો અલૌકિક ભોગ. અલૌકિક ભોગનો અર્થ શ્રીમહાપ્રભુજી કરે છે કે જે બ્રહ્મસંબંધ દીક્ષા વખતે આપણાથી સંબંધિત બધી વસ્તુનું ભગવાનને નિવેદન કરીએ છીએ તે નિવેદિત પદાર્થોનો જયારે ભગવાનની સેવામાં એક વખત ઉપયોગ થઈ જાય, અને પછી એનો પ્રસાદ તરીકે જયારે આપણે ઉપયોગ કરીએ એ અલૌકિક ભોગ છે. એ સંસારમાં

બાધક નહીં થાય. પણ જે અનિવેદિત પદાર્થ છે તેનો – નિવેદિત પદાર્થનું કે અનિવેદિત પદાર્થનું સમર્પણ ન કર્યું હોય તેવા પદાર્થનો જો આપણે વિષયાસક્તિથી ભોગ કરીશું તો તે લૌકિક ભોગ છે, અને તે સેવામાં વિઘ્નરૂપ થાય છે. આનાથી એ સ્પષ્ટ થયું કે સેવાનો જે પ્રકાર છે તે વ્યક્તિના પોતાના લૌકિક ભોગની નિવૃત્તિ માટે છે. સેવા કોઈ પણ પબ્લીક પરપઝ (જાહેર હેતુ) માટે કરવામાં નથી આવતી. સેવા અને ઠાકોરજીનો મુખ્ય હેતુ આ છે. આપણે આત્મનિવેદન [બ્રહ્મસંબંધ દીક્ષા] વખતે જે પ્રતિજ્ઞા લીધી તે વખતે જે નિવેદન કર્યું છે, તેનું આપણે સમર્પણ કેવી રીતે કરી શકીએ ? જો આપણા ઘરમાં, આપણી પોતાની અને આપણી કમાયેલી વસ્તુઓનો આપણે આપણી રીતે, આપણી સેવામાં વિનિયોગ ન કરી શકતા હોઈએ તો આ લૌક્ષ્કિક ભોગની નિવૃત્તિ થઈ શકતી નથી. અને તેથી જ 'નવરત્ન'

ગ્રંથમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે – દાને હિ ન સ્વવિનિયોગે, ન નિવેદને, અન્યથા નિવેદિતાન્નાદૈર્ભોજનં ન સ્યાત્, અનિવેદિતસ્ય નિષિધ્ધત્વાત્ નિવેદિતાના મર્થાનાં ભગવદ્‌ભોગાર્થ વિનિયોગે જાતે પદન્નપ્રસાદત્વેન સ્વોપભોગકૃતિ રુચિતતરા, એટલે જે વસ્તુ દાનરૂપે કરવામાં આવી હોય તેનો પાછો આપણા કામમાં ઉપયોગ નથી કરી શકતા. પણ આ વાત નિવેદનને લાગુ નથી પડતી, કેમ કે, નિવેદિત અન્ન આદિનું ભોજન આપણે ન કરી શકીએ અને અનિવેદિતનું ભોજન કરવાનો શ્રીમહાપ્રભુજીએ નિષેધ કરેલો છે. અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્, તેથી કોઈ પણ નિવેદિત પદાર્થનો ભગવાનની સેવામાં ઉપયોગ થયા પછી પ્રસાદ તરીકે તે લેવો તે ભક્તિમાર્ગની દૃષ્ટિએ ઉચિતતર છે. આની વ્યાખ્યા કરતાં પણ શ્રીપુરુષોત્તમજી દાન, નિવેદન અને સમર્પણનો ભેદ સમજાવે છે.કે દાનં નામ સ્વત્વપરિત્યાગપૂર્વકઃ સ્વસ્વત્તોત્પાદાનુકૂલઃ, એટલે કે પોતાના સ્વાવનો પરિત્યાગ કરીને બીજામાં સ્વત્વનો પરિત્યાગ કરીને બીજામાં સ્વત્વ ઉત્પન્ન કરવું તેનું નામ દાન, જેને આપણે 'તુભ્યમહં સમ્પ્રદદે ન મમ' – 'આ હું તને આપું છું. હવે આ મારું નથી. એવી રીતે આપતા હોઈએ તે દાન કહેવાય છે. તસ્મિન્ ઈવ સતિ હિ નિશ્ચયેન ન સ્વવિનિયોગઃ અને દાનની રીતે જો આપવામાં આવે તો એનો પાછો આપણા કાર્યમાં ઉપયોગ થઈ શકતો નથી અને આપણે ત્યાં આપણે ઘર કે સામગ્રી કે કોઈ પણ વસ્તુ મોટા ભાગે દાન રૂપે ઠાકોરજીને નથી આપતા, પણ નિવેદન રૂપે જ આપીએ છીએ. 'નિવેદનં તુ તદીયત્વાદનુસંધાનપૂર્વકઃ સ્વત્વભિમાનત્યાગાનુકુલઃ તુભ્યં સમર્પયામિ, નિવેદયામિ, ઈત્યાદિશબ્દાભિવ્યાપ્તસ્તદ્વિલક્ષણો મનોવ્યાપારઃ, 'આ તો હું તને સમર્પિત કરી રહ્યો છું, તને નિવેદન કરી રહ્યો છું. આ નિવેદનનો વ્યાપાર છે. આમાં ટ્રાન્સફર ઓફ ઓનરશીપ થતી નથી, તેથી આપણી દરેક વસ્તુ આપણે પ્રભુની માનીએ છીએ અને પ્રભુના અને આપણા વ્યવહારમાં આપણે ભેદ ગણતા નથી. પ્રભુનું અને આપણું પાર્ટીશન (જુદાઈ) નથી તે રીતે આખો સેવાનો પ્રકાર નભાવવો જોઈએ. તે વાત અહીં શ્રીપુરુષોત્તમજીએ સ્પષ્ટ કરી છે. તેથી જ લાલુ ભટ્ટજી સમજાવે છે કે અસ્મિન માર્ગેહિદેહાદિનાં આત્મના સહ ભગવતે આત્મસમર્પણાત્ ન તું દાનમ્. આ માર્ગમાં (પુષ્ટિમાર્ગમાં) દેહાદિ એટલે પોતાનો દેહ, પોતાના સંબંધીઓ, પોતાનું ધન – બધાનું ભગવાનને આત્માની સાથે નિવેદન કરવામાં આવે છે, દાન આપવામાં નથી આવતું, કેમ કે, દાન જે છે તે તો ટ્રાન્સફર ઓફ ઓનરશીપ છે અને તે આપણે ત્યાં નથી, કેમ કે આપણી ઓનરશીપ આપણે માનતા જ નથી, કે જેને ટ્રાન્સફર કરી શકીએ. બધું ભગવાનનું છે અને તેથી આપણે ભગવાનમાં અને આપણામાં ભેદ ગણતા નથી. તેથી પુષ્ટિમાર્ગમાં દાનની એ પ્રણાલી નથી. તેથી જ કહે છે કે :

સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધયતિ,

તથા કાર્યં સમપ્યૈવ સર્વેષાં બ્રહ્મતાસ્તતઃ

(સંદર્ભ નં. ૪૪૦૧)

એટલે જે ઠાકોરજીના સ્વરૂપની સેવા કરતા હોય, તેમનો દરેક વ્યવહાર – જેવી રીતે ઘરનો ડોમેસ્ટીક સરવન્ટનો વ્યવહાર હોય તેવી રીતે સ્વામીએ ઉપભોગ કરેલી વસ્તુ

સ્વામીની આજ્ઞાથી તે આપે, તે લઈને સ્વામીની સાથે ઘરમાં રહે, જમે – બધું કરે – પ્રોપર્ટીની રીતે સ્વામીનો અને એનો ભેદ નથી હોતો તેવો વ્યવહાર હોવો જોઈએ.

સેવાનું વિધાન આપણે જોઈ ગયા કે ગૃહસ્થ માટે છે અને ગૃહસ્થની જીવન પ્રણાલીને અનુસરનારું છે. સેવાને માટે સ્થળ કયું હોવું જોઈએતે બાબતનો ખુલાસો પણ આપણે ભક્તિવર્ધિની'માં મેળવી શકીએ છીએ. ત્યાં સ્પષ્ટ આજ્ઞા છે કે ગૃહસ્થિતિઃ સ્વધર્મેણ વર્ણાશ્રમગતેન હિ વિધેયાનાપિ સેવાર્થમ્ અધર્મેણ કથંચન, અધર્મે સ્થિતિતો બુદ્ધિનાશાર્દુઃસંગતસ્તથા. એટલે સેવા માટે ઘરમાં રહેવું જોઈએ. ઘરમાં સેવા કરવી જોઈએ. આ વિધાનથી સ્પષ્ટ થાય છે કે સેવાનું સાચું સ્થળ ઘર છે. પબ્લીક ટેમ્પલ (જાહેર મંદિર) નહીં તેથી જ 'ભક્તિવર્ધિની'માં દ્વિતીય શ્લોકની વ્યાખ્યા કરતાં શ્રીવલ્લભજી કહે છે કે, સ્વમાર્ગીય ભગવદભજનં તુ ગૃહસ્તિ અભાવે ન સંભવતિ જો પુષ્ટિમાર્ગીય ઘરમાં પોતે ન

રહે તો પુષ્ટિમાર્ગીય સેવા એ જાળવી શકતો નથી. એથી જ શ્રીમહાપ્રભુજી 'ભક્તિવર્ધિની'માં કહે છે છે 'યથા ભક્તિ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરુપ્યતે.... પૂજયા શ્રવણાદિભિઃ. એટલે ભક્તિનું જે બીજ હૃદયમાં રહેલું છે, એને જો દૃઢ કરવું હોય તો પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરીને આપણે ઘરમાં રહીને કૃષ્ણની સેવા કરીએ, તો એ ભક્તિનું બીજ – ભાવ આપણા હૃદયમાં જરૂર થાય. આ વિધાનથી સ્પષ્ટ થાય છે કે સેવાનું સ્થળ એ પબ્લીક પ્લેસ (જાહેર સ્થાન) નથી, પણ ગૃહસ્થ વ્યક્તિનું પોતાનું ઘર જ સેવા માટે ઉત્તમ છે. તેથી જ જયારે શ્રીનાથજીનું મંદિર બનાવવાનું હતું તે વખતે શ્રીઆચાર્યચરણે આગ્રહ કર્યો હતો, એ વાત ૮૪ વૈષ્ણવના ચરિત્રમાં પૂરણમલ્લ ક્ષત્રિયની વાર્તામાં આવે છે. આ વાતમાં સ્પષ્ટ જણાઈ આવે છે કે શ્રીઆચાર્યચરણ મંદિરના રૂપે ઘરસેવાનું વિધાન નહોતા કરવા માંગતા, પણ ઘરની પદ્ધતિથી સેવાનું વિધાન કરવા માંગતા હતા. પણ ભગવદિચ્છા વિપરીત હોવાથી આચાર્યચરણે શ્રીનાથજીના મંદિરની છૂટ આપી, પણ તે અપવાદ બીજા ઉપર લાગુ થતો નથી. એટલે શ્રીઆચાર્યચરણ ત્યાં કહે છે સો દેવાલયકી રીતિ 'યહાં' રાખનો ઉચિત હૈ. એટલે શ્રીનાથજીના એ મંદિરના જ કેસમાં દેવાલયની રીતિની સેવા હતી, બાકી તો દરેક ઠેકાણે નંદાલયના રૂપમાં સેવા છે. એટલે નંદરાયજીના ઘરની પદ્ધતિથી સેવા છે. તેથી જ બ્રહ્મસંબંધમાં એક વાત કહેવામાં આવી છે કે દરેક વસ્તુ આપણી નથી, ભગવાનની છે, આપણે ભગવાનને માટે આપીએ છીએ. તે પણ ત્યાગ, દાનરૂપ ત્યાગ નથી, સમર્પણરૂપે ત્યાગ છે, વિષયાક્રાંત દેહાનાં નાવેશઃ સર્વથા હરે; અતોઽત્ર સાધને ભક્તૌનૈવ ત્યાગઃ સુખાવહઃ એટલે સાધનરૂપા ભક્તિમાં ત્યાગ સુખાવહ નથી. એટલે 'તેન સાધનસમ્પત્યર્થઃ યઃ પરિત્યાગઃ સસુખં નાવહતિ ન કરોતીત્યર્થઃ ન કેવલં સુખાભાવઃ કિંતુ દુઃખમપિ ઈતિ ભાવઃ' એટલે બ્રહ્મસંબંધમાં આપણે ત્યાગ નથી કરતા પણ નિવેદન જ કરીએ છીએ.

આપણો જેની સાથે પરિવાર જેવો સંબંધ હોય છે, તે વ્યક્તિ જો આપણને આપણા ઠાકોરજી માટે કોઈક વસ્તુ ઠાકોરજીની સેવા માટે આપે તો આપણે પરિવારની ભાવનાથી લઈ શકીએ છીએ, પણ એને ઠાકોરજીની સેવામાં વાપરવી કે ન વાપરવી એ આપણા મનની વાત છે. એનો ખુલાસો શ્રીગિરિધરજીનાં વચનામૃતમાં છે. ઈંદોરની એક શેઠાણીએ સોનાનું

પલનું આપ્યું હતું અને તે પલનું કાકાજી મહારાજે ઠાકોરજીની સેવામાં વાપર્યું નહી, પણ હોલ્કરને આપી દીધું. તે વાતથી ત્યાં સિદ્ધ થયું છે કે પ્રભુ માટે મળેલી વસ્તુ વાપરવી કે ન વાપરવી તે આપણા મનની વાત છે. કેમ કે ભાવ ઉચિત ન દેખાયો, તેથી એમણે ઠાકોરજીની સેવામાં ન વાપર્યું અને તેથી જ બ્રહ્મસબંધની દીક્ષામાં દરેક વસ્તુની સાથે પોતાના પરિવારના સગા – સંબંધીઓ, પત્ની પુત્ર, પતિ આદિનો અને ઘરનો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવે છે કે હું ઘર પણ સેવા માટે સમર્પિત કરી રહ્યો છું. ત્યાં દારા અને આગાર શબ્દ આવે છે આગાર એટલે ઘર.

આ સેવાનો પ્રકાર બતાવ્યો કે દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં કમાયેલી સંપત્તિથી પોતે, પોતાના પરિવાર, સગા–સંબંધીઓ સાથે કૃષ્ણસેવા કરવી.

ગુરુનું પણ આ જ કર્તવ્ય છે અને એવી રીતે ગુરુ પોતે સેવા ન કરતો હોય તો ગુરુ ગુરુ થવા લાયક નથી, એ વાત શ્રીમહાપ્રભુજીએ 'સપ્રકાશતત્વદીપ'માં કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્, શ્રીભાગવતતત્વ ભજે નિજ્ઞાસુરાદરાત્. કહી વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે યો હિ ગુરુઃ સેવામુપદેક્ષ્યતિ સ સ્વયં ચેત્તામુત્તમાં જાનીયાત્તદા કથં ન સ્વયં કુર્યાદિતિ સેવાપરં એવ ગુરુઃ. એટલે જે ગુરુ આવી સેવાનો ઉપદેશ આપતા હોય, સાધના તરીકે આ સેવાને ઉત્તમ ગણતા હોય તો આવા પ્રકારે પોતે સેવા કેમ નથી કરતા ? એટલે જે આવી રીતે સેવા કરતા હોય એને જ ગુરુ બનાવવા, દરેકને ગુરુ ન બનાવવા. આ વિધાનથી સ્પષ્ટ થઈ જાય છે કે આ જે સેવાપ્રણાલી છે, ગુરુના નિર્વાહ માટે પણ સેવાપ્રણાલિ છે અને એ ગુરુત્વ તેનામાં ત્યારે જ રહી શકે, જયારે એના પોતાના ઘરે, પોતાની સંપદ્રિથી, પોતાના ઠાકોરજીની સેવા કરે તો.

જે ગુરુદ્રવ્ય હોય તે વૈષ્ણવોથી લઈ નથી શકાતું. પદ્મનાભદાસજીની વાર્તામાં છે કે જયારે ગુરુદ્રવ્ય અમને મોકલવામાં આવ્યું ઠાકોરજીની સેવા માટે – ત્યારે પદ્મનાભદાસજીએ કહ્યું કે હવે અહીંથી આપણે ગૃહત્યાગ કરવો જોઈએ. કેમ કે, ગુરુદ્રવ્ય આપણે લઈ શકતા નથી.

**સાર – નવનીત :**

૧. પુષ્ટિમાર્ગીય ગૃહસ્થ વૈષ્ણવે પોતાનો સ્વધર્મ સમજી પોતાના ઘરમાં, પોતાના કુટુંબ સાથે મળીને, પોતે સહજ રીતે કમાયેલા દ્રવ્યથી, પોતાની જાતે, પોતાની અનુકૂળતા પ્રમાણે સેવા કરવી જોઈએ.

૨. સેવામાં આપણી સંપત્તિ આપણા સ્વજનોનું પ્રભુને નિવેદન અને સમર્પણ છે. દાન નથી. તેથી આપણી સર્વ સંપત્તિ પ્રભુને સમર્પિત કરીને પછી જ આપણા ઉપયોગમાં લેવી જોઈએ. તેમ કરવાથી અસમર્પિતનો દોષ લાગતો નથી.

૩. સેવા ગૃહસ્થનો અંગત ધર્મ છે એટલે સેવાનું સ્વરૂપ પ્રાઈવેટ (ખાનગી) સ્વરૂપનું છે માટે સેવાને પ્રદર્શનનું રૂપ ન આપવું જોઈએ. સેવા જાહેર સ્થળમાં, જાહેર રીતે ન કરવી જોઈએ.

૪. જો કોઈ પણ પ્રકારે સેવા ન જ બને તો ગૃહત્યાગ કરી તીર્થયાત્રા, કથાશ્રવણ આદિ ઉપાયો કરવા જોઈએ.

**પ્રશ્ન ૧૫ : આપણું કર્તવ્ય શું ? જનસેવા કે પ્રભુસેવા ?**

જવાબ : આજે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં બે પ્રશ્નો પૂછાય છે – પુષ્ટિમાર્ગમાં પરોપકાર જેવા માનવધર્મનું કોઈ સ્થાન હોવું જોઈએ કે કેમ ? પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય શું ? જનસેવા કે પ્રભુસેવા ?

આજે ઘણા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની સાચી માહિતી નથી, તેથી આ બધી બાબતોમાં રોજ નવી નવી વાતો સાંભળવાથી વૈષ્ણવો ગુંચવાય છે, પુષ્ટિમાર્ગને અનુસરવામાં તેમને દિશાભ્રમ થાય છે; અને તેથી તેઓ અવળા માર્ગે ચઢી જતા જોવા મળે છે.

આ સંજોગોમાં જનસેવા અને પ્રભુસેવા વિષ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત શું છે, તે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

શ્રીમહાપ્રભુજી માને છે કે પૃથ્વી પરના દરેક જીવમાં પ્રભુએ કોઈક પ્રકારનો બીજભાવ સ્થાપિત કરેલો છે. જેના હૃદયમાં જે પ્રકારનો બીજભાવ છે, તે જીવ તે જ પ્રકારના ચોક્કસ માર્ગ ઉપર ચાલી શકે છે. તે બીજા કોઈ માર્ગે સરળતાથી અને સફળતાથી ચાલી શકતો નથી. (જેમ વડનું બીજ વાવીએ તો વડનું વૃક્ષ જ ઊગે, તેમાંથી ગુલાબનો છોડ ઊગે નહીં તેમ.)

શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથના બારમા શ્લોકમાં સ્પષ્ટ રીતે સમજાવે છે કે : 'જે પુષ્ટિજીવ છે, તેના હૃદયમાં સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ એવા વ્રજાધિપતિ શ્રીકૃષ્ણની સ્વરૂપાસક્તિ અને સ્વરૂપસેવાનો જ બીજભાવ પ્રભુએ સ્થાપેલો છે. માટે પુષ્ટિમાર્ગીય જીવો બીજા જીવ કરતાં બીજભાવની દષ્ટિએ ભિન્ન છે. આ બાબતમાં કોઈ શંકાને અવકાશ નથી.' શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે : 'આ પુષ્ટિજીવોની સૃષ્ટિ ભગવાનની રૂપસેવા માટે જ બનાવેલી છે, તેથી તે જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગના રસ્તે અથવા અન્ય સાધનોના અવળા માર્ગે જઈ શકતી નથી.

શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાને સાચા સ્વરૂપમાં આપણે સમજતા નથી એટલે તેનો અર્થ આપણને મન ફાવે તેમ ગોઠવીએ છીએ. કયારેક આપણે એમ કહીએ છીએ કે પ્રભુની સ્વરૂસેવા માટે પુષ્ટિસૃષ્ટિ છે. એટલે તેનું એકમાત્ર કર્તવ્ય પોતાના ઘેર કે મંદિરમાં બિરાજતા ઠાકોરજીનાં દર્શન કે સેવામાં સમાપ્ત થઈ જાય છે. કયારેક કેટલાક એમ કહે છે કે, અમે બ્રહ્મસંબંધ લઈ કંઠી બંધાવી એટલે અમે કૃતકૃત્ય થઈ ગયા, હવે અમારે કશું કરવાનું રહેતું નથી. સાચી વાત આ નથી.

ભગવાને સ્થાપિત કરેલો બીજભાવ ખરેખર આપણા હૃદયમાં દઢ થઈ, જો તેને પ્રેમના અંકૂર ફૂટે અથવા તેના ઉપર આસક્તિનાં ફૂલ ખીલે અથવા વ્યસન–દશા રૂપી ફલ આવે તો તેવી સ્થિતિમાં સ્વાભાવિક રીતે આપણી દ્રષ્ટિ પરોપકારનો વિચાર કરવા તરફ નહીં જાય. આપણને પ્રભુમાં સર્વાત્મભાવ પ્રગટે એટલે કે, આપણા પ્રભુ સિવાય બીજી કોઈ

બાબતનું સાન, ભાન કે જ્ઞાન જ ન રહે. બીજી વસ્તુઓ અને વ્યક્તિઓમાં આપણને અનાત્મબુદ્ધિ થાય, તે સૌ પ્રભુપ્રેમમાં બાધક બનતાં લાગે તેવી પરિસ્થિતિમાં પરોપકારના વિષયમાં આપણું મન જ ન લાગે આ વાત ખૂબબ સ્વાભાવિક છે. ગોપીજનોએ આવી અવસ્થામાં ઉદ્ધવજીને કહ્યું હતું કે : 'ઉધો, હમારે મન નહીં દસ–બીસ,' (હે ઉદ્ધવ, પ્રભુએ અમને દસ–વીસ મન આપ્યાં નથી કે અમે કહો છો તે બધા માર્ગે મન લગાડી શકીએ. અમારે તો એક જ મન છે અને તે શ્યામમાં એવું ચોંટી ગયું છે કે બીજે લાગે તેમ નથી.) (ગોવિંદસ્વામી)ની વાર્તાને અહીં યાદ કરીએ, તેમની દીકરી મળવા આવી. તેમનાં બહેને ગોવિંદસ્વામીને કહ્યું : 'દીકરી સાથે વાત તો કરો.' ત્યારે ગોવિંદસ્વામીએ જવાબ આપ્યો હતો કે : 'મારે એક જ મન છે. અહીં લગાડું તો ત્યાંથી નીકળી જશે અને ત્યાં લગાડું તો અહીં નહીં લાગે.'

આપણે શ્રીઠાકોરજીની તનુવિત્તજા સેવા વ્રજભક્તોના ભાવથી કરીએ. તે કરતાં કરતાં તે સેવા ભાવાત્મિકા બને અને માનસીની અવસ્થાએ પહોંચે ત્યારે આપણો પ્રભુમાં સંપૂર્ણ નિરોધ થયો છે એમ કહેવાય. નિરોધ એટલે સંસારની વિસ્મૃતિ અને પ્રભુમાં સંપૂર્ણ આસક્તિ. આવી અવસ્થામાં આપણને પરોપકારના ધર્મનો કોઈ ખ્યાલ ન આવે તે સ્વાભાવિક છે.

પરંતુ જયાં સુધી આવી ભાવાતિભોરતા ન થઈ હોય, જયાં સુધી આપણને આપણા દેહના સુખ–દુઃખનો ખ્યાલ આવતો હોય, જયાં સુધી જગતની અન્ય પ્રવૃત્તિઓમાં મન લાગતું હોય ત્યાં સુધી આપણે એમ કહીએ કે અમને પારકાનાં સુખ–દુઃખનો ખ્યાલ આવતો નથી, તો તે વાત બરોબર નથી. જયારે આપણને આપણી અહંતા અને મમતા ડગલે ને પગલે યાદ આવતી હોય ત્યારે જો આપણે પરોપકારથી દૂર ભાગીએ તો માનવું કે તેમાં આપણી સ્વાર્થપરાયણતા છે, તેમાં આપણી સ્વાર્થી વૃત્તિ જ રહેલી છે. આવા લોકોને પરોપકાર કરવા માટેનો ધર્મોપદેશ પ્રભુએ પોતે જ શ્રીભાગવતના દસમા સ્કંધના રરમા અધ્યાયના ૩૫માં શ્લોકમાં નીચે પ્રમાણે આપ્યો છે :

'જીવાત્માની દેહ ધારણ કર્યાની સફળતા જ એમાં છે કે પોતાના પ્રાણથી, ધનથી, બુદ્ધિથી અને વાણીથી પરોપકાર રૂપી કલ્યાણનું જ આચરણ કરતો રહે.' શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિની'માં અને શ્રીગુંસાઈજીએ 'ટિપ્પણી'માં આ શ્લોકની જે વ્યાખ્યા કરી છે તે સમજવી આપણા માટે જરૂરી છે : 'અહંતા–મમતા છોડી પરોપકારી થવું, પ્રાણીમાત્રમાં સેવાભાવ રાખવો. સર્વમાં પ્રભુનો અંશ છે તેવી ભગવદ–બુદ્ધિ રાખવી. અંતે ઐહિક અને પારલૌકિક વાસનાઓથી મુકત થવું. એમાં જ ભગવદીય જીવનની પણ કૃતાર્થતા ગણવામાં આવી છે.'

શ્રીમહાપ્રભુજી 'ભાગવતાર્થ પ્રકરણ'માં આજ્ઞા કરે છે કે : હજી જયારે આપણી સાધનદશા છે ત્યારે આપણે ચાર વાતોનો પૂરો ખ્યાલ રાખવો જોઈએ. (૧) મોહ–માયા ઉપર કાબૂ મેળવી શાસ્ત્ર અનુસાર જીવન જીવવું. (૨) એક સઘન ફળથી લચેલા વૃક્ષની માફક હમેશાં પરોપકારી જીવન જીવવું (૩) ઘગવદ્પ્રસાદ રૂપી શુદ્ધ અન્નનો આગ્રહ રાખવો. (૪) ભગવાનના સર્વથી અધિક માહાત્મ્યનો ખ્યાલ રાખીને જ દાન, વ્રત, તપ વગેરે કર્મો કરવાં.'

આવો ઉપદેશ ભગવાને મર્યાદામાર્ગીય ભકતો માટે જ આપ્યો નથી, પરંતુ ભગવાને આ ઉપદેશ વ્રજના પોતાના ભકત – સખાઓને પણ આપ્યો છે, તેમ શ્રીમહાપ્રભુજી સ્વીકારેછે.

પરંતુ પ્રભુએ વ્રજગોપિકાઓને આવો ઉપદેશ આપ્યો નથી. તેનું કારણ એ છે કે, ગોપિકાઓ ભક્તિની સર્વોચ્ચ અવસ્થાએ પહોંચવા આવ્યા હતાં, તેથી તેમને માટે આ ઉપદેશ અસ્થાને હતો.

**આથી સિદ્ધ થાય છે કે, જયાં સુધી પુષ્ટિજીવમાં ભક્તિનો સર્વાત્મભાવ પ્રગટ થયો નથી ત્યાં સુધી તેવા પુષ્ટિજીવ માટે પરોપકાર એ સ્વધર્મ છે, પરોપકાર સ્વકર્તવ્ય છે.** અહીં ઘણા પ્રશ્નો કરે છે કે : ' પ્રેમ, આસક્તિ અને વ્યસન જેવી ભક્તિની ક્રમિક અવસ્થાઓ વિકાસ ન પામી હોય તેવા પુષ્ટિજીવોનું કર્તવ્ય જનસેવા કે પ્રભુસેવા ? જનસેવા અને પ્રભુસેવા સાથે સાથે નભે કે નહીં ? બેમાંથી કોઈ એકને છોડવી પડે તો કઈ સેવા છોડવી ?

આવા પ્રશ્નોના જવાબમાં ઘણી વખત આપણને એમ લાગે છે કે અત્યારનો યુગ સ્વાર્થનો અને સ્પર્ધાનો યુગ છે. આવા કલુષિત વાતાવરણમાં ગોપીજનો જેવી ભાવવિભોરતા આપણામાં કયાંથી વિકસે ? આવી ભાવવિભોરતા વિના આપણે સેવા કરીએ તે કેવળ બાહ્યાડંબર જ બને. આવી ક્રિયાવત્ સેવા આપણામાં માનવીય ગુણોને કેળવવાનો સુઅવસર કે પ્રેરણા પણ આપી શકે નહીં. આ સંજોગોમાં, આજે આપણે સાચા માનવ બનીએ તે માટે સત્યપરાયણતા, નીતિપરાયણતા અને પરોપકાર ઉપ વધુ ભાર મૂકવાની જરૂર છે.

આપણો આ પરોપકારનો વિચાર ખરી રીતે આત્મનિંદા છે, તે નિરાશામય ચિંતા છે અને તેનાથી પુષ્ટિમાર્ગને બચાવવાની ખૂબ જરૂર છે. આપણે આત્મચિંતન કરી, દીનતાવાળા બનીએ તો તે ગુણ કહેવાય; પરંતુ હીન ભાવનાની મનોવિકૃતિથી પિડાઈ, હંમેશા આત્મનિંદા કર્યા કરવી એ કયાં તો આપણને લાગુ પડેલો માનસિક રોગ છે અથવા તો આપણું પાખંડ છે. તેથી કંટાળીને શ્રીમહાપ્રભુજીએ સુરદાસને કહ્યું હતું કે : 'સુર વ્હૈ કે કાહે ધિધિયાત હૈ, કછૂ ભગવદ્લીલા ગા.'

**આપણે સત્યપરાયણ બનીએ, નીતિપરાયણ બનીએ અને પરોપકારી બનીએ તે જરૂરી છે; પરંતુ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ માટે સત્યપરાયણ, નીતિપરાયણ અને પરોપકારી બનવું એમ નથી. આપણે માનવયોનિમાં જન્મ લીધો છે માટે આપણું કર્તવ્ય છે કે સત્યપરાયણ, નીતિપરાયણ અને પરોપકારી બનવું જોઈએ.** સૌ મનુષ્યોનું આ કર્તવ્ય છે.

રસ્તા ઉપર મોટર ડાબી બાજુએ ચલાવવી તે આપણું કર્તવ્ય છે. આ કર્તવ્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે નથી, પણ એક નાગરિક તરીકે છે. તવી રીતે, **આપણે પહેલા માનવ હતા પછી વૈષ્ણવ બન્યા; તેથી**

**સત્યપરાયણતા. નીતિપરાયણા અને પરોપકાર એ માનવ – કર્તવ્યનો એક ભાગ છે, અને તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં પણ સહજ રીતે હોય તે જરૂરી છે.**

ધારો કે કોઈ એવો માનસિક રોગચાળો ફાટી નીકળે કે બધા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો રસ્તા ઉપર ડાબી બાજુએ મોટર ચલાવવાના નિયમનો ભંગ કરી, જમણી બાજુએ ચલાવે અને પોલીસ તેમને પકડવા આવે ત્યારે આપણે મનુ શું ઉપદેશ આપીશું કે કંઠી બંધાવવી અને બ્રહ્મસંબંધ લઈ સેવા કરવી તે બધું પાખંડ છે ? પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું સાચું કર્તવ્ય મોટરગાડી રસ્તા ઉપર ડાબી બાજુએ ચલાવવી એટલું જ છે.

અહીં આપણે વિવેકબુદ્ધિથી વિચાર કરવાની જરૂર છે. કોઈ પણ મનુષ્ય – પછી તે પુષ્ટિમાર્ગીય હોય, ઈતરમાર્ગીય હોય, આસ્તિક હોય કે નાસ્તિક હોય તેને મોટર ચલાવવી હશે તો સરકારના નિયમ પ્રમાણે જ ચલાવવી પડશે. અને તેમ કરતાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય ભગવદ્સેવા છે, તેને કશી આંચ આવતી નથી. અથવા મોટર ચલાવવાના કર્તવ્યની સાથે સેવાનું કર્તવ્ય ગૌણ કે હલકું બનતું નથી. આ બંને બાબતો અલગ અલગ છે અને તે બંને બાબતોને અલગ અલગ રીતે જ સ્વીકારવી જોઈએ.

એવી જ રીતે સત્ય, નીતિ અને પરોપકાર જેવા માનવધર્મોની સાથે ભગવદસેવાના પુષ્ટિધર્મની સરખામણી કરવી તે આત્માતી ચિંતન છે. આવું ચિંતન નિરાશા અને ગ્લાનિમાંથી ઉદ્ભવેલું છે. તે આપણને આપણા લક્ષ સુધી પહોંચાડવાને બદલે અવળે માર્ગે દોરનારું બનશે.

પુષ્ટિમાર્ગીય જીવ જો રાક્ષસયોનિ કે પશુયોનિમાં જન્મે તો તેને સત્ય, નીતિ અને પરોપકારપરાયણ બનવાનું અલગ કહેવું પડે : પરંતુ મનુષ્યને તેની અલગ સમજ આપવાની જરૂર રહે નહીં. **સત્ય, નીતિ અને પરોપકારમાં પરાયણ થવું તે તો મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. તે કર્તવ્ય બજાવતાં પ્રભુસેવાને આડંબર માનવી અને ગૌણ માનવી તે શ્રીમહાપ્રભુજીના અનુયાયી તરીકે આપણને સર્વથા ઉચિત નથી જ.**

શ્રીહરિરાયજી ૩૨મા શિક્ષાપત્રના શ્લોક – ૧ થી ૫ માં આજ્ઞા કરે છે કે : 'કામાવેશવાળું, ક્રોધી, સંસારમાં આસકત, લોભી, કેવળ ધન કમાવામાં જ રત, દયારહિત, દુષ્ટ પક્ષનું પોષક, જ્ઞાનમાર્ગીય રંગથી રંગાયેલું, બધાં જ દેવરૂપો કે બધા જ સંપ્રદાયો એક જ છે એવા દુરાગ્રહથી ભરેલું, લૌકિકમાં ભગવદ્ભકતતોથી વિમુખ, કૃષ્ણલીલામાં દોષ જોનારું, કર્મજડ, શ્રી આચાર્યચરણથી વિમુખ અને અસદ્વાદમાં જ રસ લેનારું ચિત્ત ભગવાનમાં ચોંટી શકે નહીં આવા ચિત્તમાં ભગવાનનો આવેશ થાય જ નહીં.'

શ્રીભાગવતના દશમ સ્કંધના સાધન પ્રકરણમાં વૃક્ષોના ઉદાહરણ વડે ભગવાને ગોપબાળકોને પરોપકારનો ઉપદેશ આપ્યો છે. તે વિષય અંગે શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી'માં ઘણી જ મનનીય વાત બતાવે છે :, જો ભગવાન પોતે જ્ઞાનોપદેશ ન કરે તો પોતાના સખા એવા ગોપબાળકોનો અનર્થ દૂર ન થાય. જો ગોપબાળકો પરોપકારમાં કંઈક સમજતા થાય તો તેઓ અંતે આ સિદ્ધાંત પણ સમજતા થશે કે જીવને જે બંઈ મળ્યું છે તે ભગવદ્સેવા માટે જ મળ્યું છે. વિદ્યાના પ્રથમ પર્વરૂપી આવા વૈરાગ્ય–પરોપકારના ઉપદેશ માટે તો ભગવાન વૃંદાવન છોડીને આગળ પધારે છે, કારણ કે ભગવાનને સ્વાર્થમય અહંતા–મમતાત્મક સંસારથી

ભકતતોનો ઉદ્ધાર કરવો છે. આવો ઉપદેશ ભગવાને વૃંદાવનમાં ન આપ્યો. તે માટે તેમણે બીજું સ્થળ પસંદ કર્યું. કારણ, વૃંદાવનમાં બધા ભગવાન માટે જ છે. ત્યાં સ્વાર્થભાવ છે જ નહીં, એટલે વૃંદાવનમાં પરોપકારનો ઉપદેશ જરૂરી નથી.'

આમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, જીવે ક્રમશઃ ઉત્તરોત્તર ત્રણ બાબતો વિચારતા જવાની છે. પ્રથમ સ્વાર્થ, પછી પરાર્થ (પરોપકાર) અને સૌથી ઉત્તમ ભગવદ્–અર્થ (બધું ભગવાન માટે.) શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત પણ સ્વાર્થ, પરાર્થ અને ભગવદ્–અર્થ એમ ક્રમશઃ ઉત્તરોત્તર શ્રેષ્ઠતા સ્વીકારે છે.

**શ્રીમહાપ્રભુજીના મતે કોઈ પણ સંજોગોમાં ભગવદસેવા કરતાં વધારે ઊંચી લોકસેવા હોઈ શકતી નથી, છતાં પોતાના દેહની સેવા–સ્વાર્થ કરતાં પરોપકાર ઉપર જો આપણે વધારે ભાર ન આપીએ તો આપણો અનર્થ થયા વિના રહે નહીં. આનો અર્થ એ થયો કે સ્વાર્થ સૌથી વધુ અધમ છે, માટે તે અધર્મ છે. પરાર્થ (પરોપકાર) આપણો ધર્મ છે. ભગવદ્–અર્થ એટલે ધર્મી–પરાયણતા છે.**

શ્રીમહાપ્રભુજી 'સુબોધિનીજી'માં આજ્ઞા કરે છે કે : 'ધર્મીમાં નિષ્ઠા કેળવવી તે ધર્મ કરતાં અધિક ઉત્તમ છે.' ધર્મીમાં નિષ્ઠા એટલે ભગવદ્સેવા. આમ, ભગવદ્સેવા એ ધર્મીનો વિચાર છે, પરોપકાર એ ધર્મનો વિચાર છે.

સ્વાર્થપરાયણપા એ અધર્મ છે. આ જ સાચો પુષ્ટિમાર્ગીય વિવેક છે, તેથી તે જ આપણે માટે ફરજના એક પછી એક પગથિયા છે.

આપણા આ સિદ્ધાંતને મહર્ષિ અરવિંદ પણ ઘણા સુંદર શબ્દોમાં રજૂ કરે છે. તે કહે છે : 'માનવતા ઈશ્વરની ઉચ્ચતમ અભિવ્યક્તિ નથી, ઈશ્વર માનવતાથી કંઈક વધુ જ છે; પરંતુ માનવતામાં પણ આપણે ભગવાનની શોધ અને સેવા કરવી જોઈએ.

અહીં શ્રી અરવિંદે 'પણ' શબ્દ' વાપર્યો છે, તેનો અર્થ બરાબર સમજવાની જરૂર છે. આપણી અહંતા–મમતા ભરેલી સ્વાર્થ–વૃત્તિને છોડી, ભગવાન તરફ આગળ વધવા માટે પરોપકાર પહેલું પગથિયું છે. પગથિયાં ચઢવા માટે હોય છે, બેસી રહેવા માટે નહીં. પગથિયે બેસી જવાની વૃત્તિ હારેલા, થાકેલા, હૃદયના રોગીની હોય છે. સ્વસ્થ માણસ તો ઝડપથી પગથિયાં ચડી, જ્યાં જવું છે ત્યાં પહોંચીને જ જંપે છે. એટલે ભગવદ્‌સેવાની સરખામણીમાં પરોપકાર એ આપણું મુખ્ય કર્તવ્ય તો નથી જ. આ વાત બરાબર સમજી લેવી જોઈએ.

શ્રીહરિરાયજી 'સેવાફલ' ગ્રંથના બીજા શ્લોકની ટીકામાં આજ્ઞા કરે છે કે : ખરેખર પરોપકાર વગેરે ધર્મોને ગૌણ ધર્મ સમજી, તેમનો ત્યાગ કરવો જોઈએ અથવા સેવા કરતાં કરતાં જે – કંઈળ સમય બચે તેટલો સમય પરોપકાર વગેરે ધર્મના પાલનમાં લગાડવો જોઈએ.

ટૂંકમાં, વાત એટલી જ છે કે, **આપણી ભગવદ્‌સેવામાં કોઈ પણ હેતુથી અથવા કોઈ પણ પ્રકારે પ્રતિબંધ ન આવે તેવી પૂરતી કાળજી પુષ્ટિજીવે રાખવી જોઈએ.**

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે : 'જો પુષ્ટિજીવો ભગવદ્‌સેવા ન કરે તો પ્રભુના

બીજા કોઈ જીવો ભગવદ્‌સેવા કરી શકવાના નથી. **ભગવાનને જો પોતાના સ્વરૂપની સેવા થાય તેવી ઈચ્છા ન હોત તો પુષ્ટિમાર્ગીય જીવો પ્રગટ થયા જ ન હોત, કારણ કે, નામસેવા તો મર્યાદામાર્ગીય જીવો પણ કરી શકે છે.'**

આ બધી બાબતોનો વિચાર કરીએ છીએ ત્યારે એક બાબત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, જરૂરિયાત બે પ્રકારની હોય છે. (૧) તાત્કાલિક (૨) હમેશની. આ બંને વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. જો આપણી હમેશની જરૂરિયાતોને ભૂલી જઈશું તો ધર્મનો આધાર સનાતન સત્ય નહીં રહે, પરંતુ ધર્મનો આધાર યુગે યુગે બદલાતી આપણી તાત્કાલિક જરૂરિયાતો બનશે.

પુષ્ટિમાર્ગીય મનુષ્યના ઈતિહાસના એવા કોઈ તાત્કાલિક જરૂરિયાતના સમય માટે સીમિત ધર્મ નથી કે જેમાં લોકો ભૌતિક રીતે કષ્ટમય જીવન જ ગાળતા હોય. પુષ્ટિમાર્ગ તો કાલાતીત ધર્મી શ્રીકૃષ્ણ પર અવલંબિત છે. નદીઓના પૂરથી પિડાતા કે દુષ્કાળથી પીડાતા માવન સમુદાયની સેવાને જો આપણે આપણો પરમ ધર્મ માની લઈએ તો જે વર્ષે પૂર ન આવ્યું હોય કે દુષ્કાળ ન પડયો હોય તે વર્ષ આપણા ધર્માચરણ વગર પસાર થશે, અથવા દર્દી વિનાના ખાલી દવાખાનમાં બેઠેલા ડોકટરની માફક આપણે પણ ભગવાનને મનમાં પ્રાર્થના કરીશું કે, 'હે પ્રભુ ! મને દુઃખી લોકોની સેવાનો અવસર આપો.'

આ કેવી મનોવિકૃતિ કહેવાય ! આપણને એકને સેવાનો મોકો મળે તે માટે ભગવાન અનેકોને મુસીબતમાં મૂકે ! માટે **આર્તજનોની સેવા એ આપણો સ્વભાવ હોવો જોઈએ, માનવમાત્રનો સ્વભાવ હોવો જોઈએ, માનવમાત્રનો સ્વભાવ હોવો જોઈએ, તે આપણો સિદ્ધાંત ન હોય. આપણે મનમાં કામના એવી કરીએ કે કોઈ પણ જીવ કયારેય મુસીબતમાં મુકાય નહીં.**

આપણી હંમેશની જરૂરિયાતોના આધાર ઉપર આપણે આપણું નિત્યકર્મ કરવું જોઈએ. માટે આપણું નિત્યકર્મ છે ભગવદ્‌સેવા. જયારે તાત્કાલિક જરૂરિયાતના આધાર પર આવી પડેલ નૈમિત્તિક કર્મો કરવાં જોઈએ. તેમાં આપણે પરોપકારને પણ ગણી શકીએ.

જનસેવા અને પ્રભુસેવા વચ્ચેનું આ તારતમ્ય આપણે સમજીને તે પ્રમાણે આપણા જીવનનું આચરણ કરીએ તો તે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સાથે સુસંગત બને.

**પ્રશ્ન ૧૯ : પુષ્ટિધર્મ કયો – લોકોપકાર કે ભગવત્સેવા ?**

જવાબ : जयति श्रीवल्लभाचार्यो जयति च विट्ठलेश्वर प्रभुः श्रीमान् ।

पुरुषोत्तमश्च तैश्च निर्दिष्टा पुष्टिपद्धतिर्जयति ॥

પુષ્ટિમાર્ગમાં લોકોપકાર જેવા ધર્મનું શું સ્થાન હોવું જોઈએ તથા પુષ્ટિમાર્ગીય જીવના પ્રમુખ કર્તવ્ય ભગવદ–ભજન સાથે તેનું શું તારતમ્ય છે, તેની વિચારણા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના અભિપ્રેત ભાવાનુસાર આજે ખૂબ જ જરૂરી લાગે છે. સ્વસિદ્ધાંતની સાચી માહિતી ન હોવાથી રોજેરોજ થતા નવા નવા વિધાનોની પુષ્ટિજીવોની પુષ્ટિમાર્ગ પર

ચાલતી યાત્રામાં થતા આ બાબતના દિશાભ્રમ તેઓને અવળા માર્ગ ઉપર લઈ જઈ શકે છે.

આચાર્યશ્રીના સિદ્ધાંત મુજબ દરેક જીવમાં પભુએ કોઈ એક ચોક્કસ માર્ગ ઉપર ચાલી શકાય તેવા સામર્થ્યનો બીજભાવ રોપિત સ્થાપિત કરેલો હોય છે. જે બીજભાવનું રોપણ પુષ્ટિજીવમાં કરવામાં આવ્યું છે તે સાક્ષાત પુરુષોત્તમ વ્રજાધિપ શ્રીકૃષ્ણના સ્વરૂપાસક્તિનું અને રૂપસેવાનું જ છે.

तस्माजीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।

भगवद्रुपसेवार्थं तस्सृष्टिर्नान्यथा भवेत् ॥

पु प्र म १२

અર્થ : તેથી પુષ્ટિમાર્ગીય જીવ ભિન્ન જ હોય છે તે બાબતમાં કોઈને શંકાને અવકાશ નથી. આ પુષ્ટિસૃષ્ટિ ભગવાની રૂપસેવા માટે જ બનાવેલી હોવાથી તે અન્યથા માર્ગોના કે સાધનોના અવળે માર્ગે જઈ શકતી નથી.

આ વિધાનનો અર્થ જાણે – અજાણે બંને તરફ અતિવાદિતાથી લેવાતો જોવામાં આવે છે.

કોઈક વખત આપણને એમ લાગે કે રૂપસેવાર્થ જે સૃષ્ટિ છે તેના કર્તવ્યની ઈતિશ્રી પોતાના ઘરે કે મંદિરમાં બિરાજતા ઠાકોરજીના દર્શન કે ભજન કરવામાં જ થઈ જાય છે. કોઈક વખત એમ લાગે છે કે બ્રહ્મસંબંધ લઈ કંઠી બંધાવી એટલે કૃતકૃત્યતા જ આવી ગઈ.

ખરેખર ભગવાને સ્થાપિત કરેલો બીજભાવ દઢ થઈને જો અંકુરિત કે પ્રેમપલ્લવિત થવા માંડયો હોય અથવા તો તેને આસક્તિના કુસુમ ખીલવા માંડયા હોય કે વ્યસનદશામાં તે ફલિત થઈ ગયો હોય તો લોકોપકાર તરફ આપણી દષ્ટિ ન જાય તે તો સ્વાભાવિક જ છે. સર્વાત્મભાવ જયાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી પ્રભુ સિવાયની દરેક વસ્તુમાં કે વ્યક્તિમાં આપણને અનાત્મબુદ્ધિ અને બાધકતાની સ્ફૂર્તિ થવાથી લોકોપકાર ધર્મમાં આપણું મન ન જ ચોંટે તે પણ સ્વાભાવિક જ છે. તેમજ ઠાકોરજીની તનુવિત્તજા સેવા વ્રજભકતતોના ભાવોથી ભાવાત્મિકા થતા માનસીની અવસ્થા ઉપર પહોંચતી હોય ત્યારે નિરોધ (પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ) ની દશામાં પણ લૌોપકારના ધર્મનો આપણને ખ્યાલ ન જ આવે. પણ જો આવી ભાવવિભોરતા ન હોય તો, પોતાના દૈહિક સુખદુઃખની માફક, પારકાના સુખ દુઃખનો પણ ખ્યાલ આવ્યા વગર રહે જ કેમ ? જયારે અહંતા – મમતા સ્ફુરતી જ હોય ત્યારે પરોપકારથી દૂર ભાગવામાં માણસોનો હેતુ તેની ભગવદ – ભાવવિભોરતા ન હોઈ સ્વાર્થપરતા જ હોય છે. તેથી તેવાને લોકોપકારનો પણ ધર્મોપદેશ પ્રભુએ પોતે જ કર્યો છે.

एतावद्जन्मसाफल्यं देहिनामिह दैहिषु ।

प्राणैरथैर्थ्धया वाचाश्रेय वाचरेत्सदा ॥ भाग १०–२२–३४

અર્થ : જીવાત્માની દેહધારણ કર્યાની સફલતા એમાં જ છે કે તે પોતાના પ્રાણથી

ધનથી બુદ્ધિથી અને વાણીથી પરોપકારરૂપી શ્રેયનું જ આચરણ કરતો રહે.

આ શ્લોકની સુબોધિનીજી અને ટિપ્પણીજીની વ્યાખ્યા જોવાથી સ્પષ્ટ થાય છે કે અહંતા – મમતા છોડી પરાર્થ થવું. પ્રાણિમાત્રમાં સેવાભાવ રાખવો, સર્વત્ર ભગવદ–બુદ્ધિ રાખવી અને અન્તે સર્વથા અકામ થવું (ઐહિક પારલૌકિક વાસનાઓથી મુકત થવું) તેમાં ભગવદીયના જીવનની પણ કૃતાર્થતા ગણવામાં આવી છે. તેથી જ ભાગવતાર્થ પ્રકરણમાં આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે સાધનદશામાં આપણે ચાર વાતોનો ખૂબ જ ખ્યાલ રાખવો જોઈએ.

(૧) માયામોહ ઉપર કાબૂ મેળવીને શાસ્ત્રાનુસારી જીવન રાખવું.

(૨) એક સઘન સફલ વૃની માફક સદા પરોપકારી જીવન રાખવું.

(૩) ભગવત્પ્રસાદ એવા શુદ્ધાન્નનો આગ્રહ રાખવો.

(૪) ભગવાનના સર્વશક્તિશાળી માહાત્મ્યનો ખ્યાલ રાખીને જ દાન, વ્રત, તપ, હોમ આદિ કર્મોનું આચરણ કરવું.

આવો ઉપદેશ ભગવાને મર્યાદામાર્ગીય ભકતતો માટે નહીં પણ વ્રજના પોતાના ભકતસખાઓ માટે આપ્યો છે, તેમ શ્રીમહાપ્રભુજી પણ સ્વીકારે છે. વ્રજગોપિકાઓને પ્રભુએ આવો ઉપદેશ આપ્યો નથી, તેનું કારણ એ કે, તેઓની ભક્તિ સર્વાત્મભાવની અવસ્થા ઉપર પહોંચવા માંડી હતી, તેથી તેવો ઉપદેશ વ્રજગોપિકાઓને આપ્યો હોત તો પણ તે અસ્થાને જ કહેવાય. તેથી સિદ્ધ થાય છે કે પરોપકાર ધર્મ પુષ્ટિ જીવના માટે પણ સ્વધર્મ – સ્વકર્તવ્ય જ છે, જયાં સુધી તેની ભક્તિ સર્વાત્મભાવમાં ખીલી નથી ઊઠતી.

પ્રેમ – આસક્તિ – વ્યસનની ક્રમિક અવસ્થાઓમાં જો ભક્તિ વિકસિત ન થઈ રહી હોય તો આપણાં જેવા જીવોનું કર્તવ્ય ભગવત્સેવા માનવું કે લોકસેવા ? બંને સાથે નભે કે નહીં ? અને જો બેમાંથી કોઈ એકને છોડવી પડતી હોય તો કઈ સેવા છોડવી ? ભગવત્સેવા કે લોકસેવા ?

આવા પ્રશ્નોનો ઉત્તર શોધતા ઘણી વખત આપણને એમ પણ લાગે : સ્વાર્થના અને સ્પર્ધાના આ વર્તમાન યુગમાં ગોપીજનો જેવી ભાવવિભોરતા આપણામાં કયાંથી વિકસિત થવાની હતી, અને તેના વગર થતી આ ભાવાત્મિકા સેવા કેવળ બાહ્યાડંબર હોઈ આપણને આપણામાં માનવીય ગુણો કેળવવાનો પણ સુઅવસર કે પ્રેરણા આપતી નથી. તેથી આપણને સાચા માનવ થવા માટે સત્યપરાયણતા, નીતિપરાયણતા અને લોકોપકાર ઉપર વધુ ભાર મૂકવાની જરૂર છે.

ખરી રીતે જોતાં આ એક નિરાશામય ચિંતન છે, અને આવી આત્મનિંદાની મનોવૃત્તિથી પુષ્ટિમાર્ગને બચાવવાની ખૂબ જ જરૂર છે. આત્મલોચન કરીને અહંકારરહિત થવું તે તો ગુણ કહેવાય પણ હીન ભાવની મનોવિકૃતિથી સર્વદા આત્મનિંદા કરવી એ કયાં તો માનસિક રોગ અથવા તો પાખંડ જ હોય છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ કંટાળી સૂરદાસજીને કહ્યું હતું '

'સૂર વ્હે કે કાહે ઘિઘિયાત હૈ ? કછુ ભગવદ્ લીલા ગા ?''

સત્યપરાયણ કે નીતિપરાયણ થવું અથવા લોકોપકારરત થવું તે તો પુષ્ટિપંથના પથિક રૂપે નહીં, પણ માનવયોનિમાં જન્મ લીધો તેથી જ આપણું કર્તવ્ય બની જાય છે. દા. ત. મોટરગાડી રસ્તા ઉપર ડાબી બાજુએ ચલાવવી તે આપણું કર્તવ્ય એક પુષ્ટિમાર્ગીય તરીકે નહીં. પણ એક નાગરિક તરીકે છે. ધારો કે કોઈ એવો માનસિક રોગચાળો ફાટી નિકળે કે ઘણાં બધા પુષ્ટિમાર્ગીયો (પણ) રસ્તા ઉપર ડાબી બાજુએ મોટર ચલાવવાના નિયમની અવહેલના કરતા જમણી બાજુએ મોટરગાડી ચલાવતા પોલીસ દ્વારા પકડવામાં આવે તો આપણે શું એવો ઉપદેશ આપવો કે કંઠી બંધાવવી કે બ્રહ્મસંબંધ લઈ સેવા કરવી તે બધું પાખંડ છે, પુષ્ટિમાર્ગીયોનું સાચું કર્તવ્ય તો મોટરગાડી રસ્તા ઉપર ડાબી બાજુએ ચલાવવી એટલું જ છે !

વિવેક વાપરીએ તો આપણને સમજાશે કે પુષ્ટિમાર્ગીય હોય કે ઈતરમાર્ગીય – આસ્તિક હોય કે નાસ્તિક, મોટરગાડી ચલાવવી છે તો આ. ટી.ઓ.ના નિયમ નાગરિક તરીકેની હેસિયતમાં પાળવા જ પડશે. તેથી પુષ્ટિમાર્ગીય તરીકેના આપણા પ્રમુખ કર્તવ્ય (ભગવત્સેવા)ને આપણે મોટરગાડીને ડાબી બાજુએ ચલાવવી તેની સાથે સરખામણી કરી નીચે ઉતારી પાડી શકતા નથી. તે મુજબ સત્ય નીતિ કે લોકોપકાર આદિમાં નિષ્ઠા રાખવી તે માનવયોનિમાં જન્મ લીધો તેથી જ પ્રાપ્ત છે. પુષ્ટિપંથની યાત્રા તો તેના પછી (અને પહેલા પણ) પ્રારંભ થાય છે. તેથી સત્ય નીતિ કે લોકોપકાર આદિ માનવ ધર્મોની સાથે ભગવત્સેવા કે પુષ્ટિધર્મની સરખામણી કરવી તે આત્મઘાતી ચિંતન આપણને લક્ષ્યસુધી પહોંચાડનારું નહીં પણ અવળે માર્ગે દોરવાનારું થઈ શકે છે. પુષ્ટિમાર્ગીય જીવ જો રાક્ષસયોનિમાં કે પશુયોનિમાં જન્મે તો વાત જુદી છે. અન્યથા સત્ય, નીતિ કે લોકોપકારપરાયણ થવું તે તો મનુષ્યમાત્રનું કર્તવ્ય છે. પણ તેથી પ્રભુસેવાને આડંબર માનવાનો કે ગૌણ માનવાનો શ્રીવલ્લભાચાર્યના અનુયાયી તરીકે આપણને અધિકાર સર્વથા નથી જ. શ્રીહરિરાયજી તેથી જ શિક્ષાપત્ર (૩૨–૧–૫)માં આજ્ઞા કરે છે.

कामाविष्टे क्रोधयुते संसारासक्तिसंयुते ।

लोभाभिभूते सततं धनार्जनपरायणे ॥ १ ॥

दयाविरहिते रक्षे नित्यं संतोपवर्जिते ।

शोकाकुले भयाक्रांते विषयध्यानतत्परे ॥ २ ॥

अहंकारयुते क्रूरे दुष्टपक्षैकपोषके ।

ज्ञानमार्गस्थिते सर्वसाम्यचिंतनभाविते ॥ ३ ॥

लौकिकेऽसन्मुखे कृष्णजनवैमुख्यसंयुते ।

कृष्णलीलादोषदृष्टौ तथा कर्मजडेपिच ॥ ४ ॥

आचार्यविमुखे नित्यमसद्वादविभूषिते ।

एतादशे च हृदयं हरिर्नाविशते क्वचित् ॥ ५ ॥

અર્થ : કામાવેશવાળું, ક્રોધવાળું, સંસારાસક્તિવાળું, લોભથી અભિભૂત થયેલું, કેવળ ધનાર્જનમાં જ પરાયણ એવું દયારહિત, લૂખું, દુષ્ટ પક્ષનું પોષક, જ્ઞાનમાર્ગીય રંગથી રંગાયેલું, બધા જ દેવરૂપો કે બધા જ ધર્મ–સંપ્રદાયો એક જ છે એવા દુરાગ્રહથી ભરેલું, લૌકિક, અસન્મુખ, કૃષ્ણજનોથી વિમુખ, કૃષ્ણલીલામાં દોષ જોનારું, કર્મજડ, આચાર્યવિમુખ અને અસદ્વાદમાં જ રસ લેનારું ચિત્ત ભગવાનમાં ચોંટી શકે નહીં. ભગવાનનો આવા ચિત્તમાં આવેશ થાય જ નહીં.

સાધન પ્રકરણમાં જયાં વૃક્ષોના ઉદાહરણ વડે ભગવાને ગોપબાલકોને પરોપકારનો ઉપદેશ આપ્યો છે તેની સુબોધિનીજી આ વિષય ઉપર ઘણી જ મનનીય છે.

"अथ ज्ञानं निरुप्यते अन्यथा गोपालानामनर्थपर्यवसानं स्यात् तैर्यदि अन्यार्थता बुद्धयेत तदा क्रमेण भगवदर्थमेव सर्वमिति ज्ञानं भवेद आतस्तेभ्यो परार्थतां विद्यां प्रथमपर्वरूपां वोधयितुं भगवान स्थानान्तरे जगाम गोपैर्वृतो भगवान भक्तोद्धारार्थ प्रवृतो वृन्दावनाद् दूरं गतो वृन्दावनं परित्यज्य अग्रे गतः वृन्दावनस्य तु स्त्रीप्राधान्यात् ज्ञानं न भविष्यतीति ।"

અર્થ : જો ભગવાન પોતે જ્ઞાનોપદેશ ન કરે તો પોતાના સખા ગોપબાલકોનું અનર્થનિવારણ થાય નહીં. જો ગોપબાલકો પરોપકારમાં કાંઈક સમજતા થાય તો જીવને જે કાંઈ મળ્યું છે તે ભગવત્સેવા માટે જ મળ્યું છે. તે સિદ્ધાંત પણ અંતે સમજતાં થશે. તેથી વિદ્યાના પ્રથમપર્વ વૈરાગ્ય–પરોપકારના ઉપદેશ માટે ભગવાન વૃંદાવન છોડીને આગળ પધારે છે. કેમ કે ભગવાનને સ્વાર્થમય અહંતા–અમમતાત્મક સંસારથી ભકતનો ઉદ્ધાર કરવો છે. પણ તે ઉપદેશ માટે ભગવાને વૃંદાવનનું ચયન ન કરી કોઈક બીજા જ સ્થળને યોગ્ય ગણ્યું. તેનું કારણ એ કે વૃંદાવનમાં તો સ્વાર્થભાવ હોય જ નહીં. બધું ભગવદર્થ (ભગવાનના માટે જ) છે તેવો ભાવ સ્થિર હોવાથી પરાર્થ–પરોપકારનો ઉપદેશ ત્યાં ચાલતો જ નથી. સિદ્ધાંત મુજબ સ્વાર્થ પરાર્થ અને ભગવદર્થ એમ ક્રમશઃ ઉત્તરોત્તર શ્રેષ્ઠા સ્વીકારવામાં આવી છે.

શ્રી મહાપ્રભુજીના મતમાં કોઈ પણ સંજોગમાં ભગવત્સેવાથી ઊંચી લોકસેવા થઈ શકતી નથી. છતાંય સ્વદેહસેવા સ્વાર્થ કરતાં પરોપકાર પરાર્થ ઉપર વધુ ભાર જો ન આપવામાં આવે તો પુષ્ટિજીવનું પણ અનર્થમાં પર્યવસાન થયા વગર રહે નહીં. (૧) તેથી સ્વાર્થ તે અધર્મ છે. (૨) પરાર્થ તે આપણો ધર્મ છે, પણ (૩) ભગવદર્થ બધું સમજવું અને થવું એટલે કે ભગવત્સેવા તે તો આપણી ધર્મિપરાયણતા છે. શ્રી મહાપ્રભુજી સુબોધિનિજી (૧૦–૨૯–૩૨)માં આજ્ઞા કરે છે. ધર્મિવિચારો ધર્માદપ્યાધિકઃ । અર્થ : ધર્મવિચાર – ધર્મીમાં નિષ્ઠા કેળવવી તે ધર્મ કરતાં અધિક ઉત્તમ છે.

ભગવત્સેવા એ ધર્મિવિચાર છે, લોકોપકાર તે ધર્મવિચાર છે અને સ્વાર્થપરાયણ થવું

તે અધર્મ છે. આ સાચો પુષ્ટિમાર્ગીય વિવેક છે અને એ જ આપણે ત્યાં Order of duties છે.

આપણા આ સિદ્ધાંતને ઘણા જ સુંદર શબ્દોમાં મહર્ષિ અરવિંદો આધુનિક ભાષા અને ભાવમાં અભિવ્યકત કરે છે. : " Humanity is not highest Godhead. God is more than Humanity, but in humanity too, we have to find and serve him."

અર્થ : માનવતા ઈશ્વરતત્વની ઉચ્ચત્તમ અભિવ્યક્તિ નથી. ઈશ્વર કે ભગવાન માનવતાથી કંઈક વધુ જ છે, પરંતુ માનવતામાં પણ આપણે ભગવાનની શોધ અને સેવા કરવી જોઈએ.

અહીં "Too" 'ટૂ' શબ્દ વાપરવામાં આવ્યો છે અને તેની સરખી ધ્વનિ જો સમજાય તો ખરેખર સમજવામાં આવશે કે ભગવત્સેવાની તુલનામાં લોકોપકાર એ કાંઈ પ્રમુખ કર્તવ્ય નથી પણ પોતાની અહંતા – મમતા ભરેલી સ્વાર્થવૃત્તિ છોડી ભગવાન તરફ આગળ વધવા માટે પરોપકાર યા લોકોપકાર પણ એક પહેલું પગથિયું છે. પગથિયું ચડવા માટે હોય છે. બેસી રહેવા માટે નહીં. પગથિયે બેસી જવાની વૃત્તિ હારેલા–થાકેલા હૃદયના રોગીની હોય છે. સ્વસ્થ માણસ તો પગથિયાં ચઢીને જયાં પહોચવું  હોય ત્યાં પહોંચીને જ ઝંપે છે. ! 'ભગવદ્રૂપ સેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત'

શ્રીહરિરાયજી સેવાફલના બીજા શ્લોકની ટીકામાં આજ્ઞા કરે છે  : પરોપકારાદેસ્તુ ધર્મસ્ય ગૌણધર્મત્વજ્ઞાનેન ત્યાગઃ કાલાંતરે વા કરણમ્ એવમન્યત્રાપિ સર્વત્ર હરિચરણરતિપ્રતિબંધ વિભંજનીબુદ્ધિરનુસંધેયા' અર્થ : ખરેખર પરોપકાર આદિ ધર્મોને ગૌણધર્મ સમજી ત્યાગ કરવા જોઈએ. અથવા સેવા કરતાં જે સમય બચે તેટલો સમય પરોપકારાદિ ધર્માચરણમાં લગાડવો જોઈએ. સમગ્ર વાત એટલી જ કે આપણી ભગવત્સેવામાં કોઈ પણ હેતુથી કે કોઈ પણ પ્રકારે પ્રતિબંધ ન આવે તે બાબની પૂરતી કાળજી પુષ્ટિજીવે સર્વદા રાખવી જોઈએ.

શ્રીપુરુષોત્તમજી ઉપર કહેલ ''ભગવદ્રૂપસેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્'' ની વ્યાખ્યામાં કહે છે કે જો પુષ્ટિસૃષ્ટિ ભગવત્સેવા ન કરે તો પ્રભુની બીજી કોઈ સૃષ્ટિથકી રૂપસેવા થઈ શકે જ નહીં. ભગવાનને પણ જો પોતાની રૂપસેવાની ઈચ્છા ન હોય તો પુષ્ટિમાર્ગીય જીવ પ્રગટ થાય જ નહી કેમ કે નામસેવા તો મર્યાદામાર્ગીય જીવ પણ કરી શકે છે.

एतत्सृष्टिकरणभावे अधिकार्यभावात् भगवतोरूपसेवैव न भवेत् तथा रूपसेवांचेन्न कारयितुमिच्छेत् नान्न सृजत नामसेवायाः देवान्तररैपि संभवात् ॥

તાત્કાલિક આવશ્યકતાનું અને સનાતન આવશ્યકતાનું તારતમ્ય સમજવું ઘણું જરૂરી છે. તે જો ભૂલી જાય તો ધર્મનો આધાર સનાતન સત્ય નહીં રહે અને યુગે યુગે બદલાતી આપણી આવશ્યકતાઓ તેનું સ્થાન લઈ લેશે. પુષ્ટિમાર્ગ મનુષ્યના ઈતિહાસના એવા કાલ માટે સીમિત ધર્મ નથી કે જેમાં લોકો ભૌતિક રીતે કષ્ટમય જીવન જ ગાળતા હોય. તે તો

કાલાતીત ધર્મી શ્રીકૃષ્ણ પર અવલંબિત છે. કાલાધિકો હરિશ્ચાત્ર પુરુષોત્તમ એવ ચ (વેણુગીત સુબો. કારિ ૪) દા. ત. પાણીના પૂરથી પિડાયેલ કે દુષ્કાળથી પિડાયેલ માનવસમુદાયની સેવાને જો આપણે આપણો પરમ ધર્મ માની લઈએ તો જે વર્ષે પૂર ન આવ્યું કે જે વર્ષે દુષ્કાળ ન પડયો હોય તે આપણું વરસ યા તો ધર્માચરણ વગર જશે યા તો ખાલી દવાખાનામાં બેઠેલા ડોકટરની માફક આપણે પણ ભગવાનને અંતર્મનમાં પ્રાર્થના કરતા હોઈશું કે, 'પ્રભો મને આર્તજનોની સેવાનો અવસર આપ !' પણ આ એક શુદ્ધ મનોવિકૃતિ છે. એકને સેવાનો મોકો મળે તેથી અનેકોને મુસીબતમાં પડવું ?

આર્તજનોની સેવા તે આપણો સ્વભાવ હોવો જોઈએ. સિદ્ધાંત નહીં. કામના તો મનમાં એ જ સારી કે કોઈ જીવ કયારેય પણ મુસીબતમાં પડે નહીં. **"सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिंद् दुःखभाग् भवेत्"** તેથી શાશ્વત આધાર પર નિત્યકર્મ થવું જોઈએ અને તે છે ભગવત્સેવા, તાત્કાલિક આવશ્યકતાના આધાર પર નૈમિત્તિક કર્મો થાય તેમાં આપણે લોકોપકારને પણ ગણી શકીએ. આજ તારતમ્ય ધર્મ પરાયણ અને ધર્મિપરાયણ થવામાં પણ છે.

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः । स्वस्यायमेव धर्मो हि नान्दः क्वापि कदाचन ।

**સવાલ ૧૭ : પુષ્ટિમાર્ગ વ્રજચોર્યાસીકોસની યાત્રા શા માટે ?**

જવાબ ૧૭ : આજકાલ કેટલાક લેખકો પુષ્ટિમાર્ગની પોતપોતાની રીતે વ્યાખ્યા કરે છે. કોઈ કહે છે કે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો માર્ગ એટલે પુષ્ટિમાર્ગ. પરંતુ વાસ્તવિકતા અનુસાર આ વ્યાખ્યા પર્યાપ્ત નથી. જીવાત્માનું પોષણ ભગવત્અનુગ્રહથી જ થાય છે. જેમ દેહનું પોષણ અન્ન–જલ–વાયુથી થાય છે, જેમ વિચારોનું પોષણ આચરણથી થાય છે, જેમ એક નવજાત બાળકનું પોષણ માતાના દૂધથી થાય છે, એવી જ રીતે જીવાત્માનું પોષણ પરમાત્માના અનુગ્રહથી થાય છે.

સર્વ જીવાત્માઓ પરમાત્માનો જ અંશ છે. તથા પરમાત્મા, જો અનુગ્રહશીલ છે તો એ તમામ જીવાત્માઓને પોતાના અનુગ્રહને પાત્ર બનાવશે. એટલે બધા જ જીવાત્માઓ પુષ્ટીમાર્ગીય હશે અથવા તો કોઈ પણ નહી હોય.

વસ્તુતઃ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી જયારે પુષ્ટિમાર્ગ એક સંપ્રદાય તરીકે આપણી સામે મૂકે છે ત્યારે એનો અર્થ એવો નથી કે એમણે પ્રવર્તાવેલા સંપ્રદાય પર ચાલવાવાળાનું જ પરમાત્મા પોતાના અનુગ્રહથી પોષણ કરશે. બીજા

કર્મ, જ્ઞાન, ભક્તિ – પ્રવચનના માર્ગો પર ચાલનારા વિભિન્ન ધર્મસંપ્રદાયોમાં માનનારાઓનું ભગવાન પોતાની કૃપાથી પોષણ નથી કરતા એવો શ્રી મહાપ્રભુજીનો સિદ્ધાંત નથી.

શ્રી મહાપ્રભુજી એવો વિવેક દર્શાવે છે કે વિવિધ ધર્મમાર્ગ પર ચાલવાવાળાઓમાં અધિકારરૂપ બીજભાવ હોય જ છે. એટલે દરેક જીવાત્મા કોઈપણ માર્ગ પર યાત્રા કરવાને અધિકારી હોય છે. પરંતુ કોઈ પણ જીવાત્મા દરેક માર્ગ પર યાત્રા કરવાને અધિકારી હોતો

નથી. કયા જીવાત્માએ કયા માર્ગ પર ચાલવું ઘટે તે નિયામક પરમાત્મા દ્વારા જીવાત્મામાં આરોપિત બીજભાવ દ્વારા જ નક્કી થઈ શકે.

પરમાત્મા પોતાની કૃપાથી જે રીતથી જીવાત્મામાં બીજારોપણ કરે છે, તે માર્ગ પ્રતિ જીવાત્મામાં સહજ આકર્ષણ પેદા થાય છે, અને તે માર્ગ પર ચાલવાના અધિકાર જેવો બીજભાવ પરમાત્માના અનુગ્રહનું જ રૂપ છે.

અનુગ્રહના અનેક રૂપો છે. જેવી રીતે કંસ – શિશુપાળ જેવા દુષ્ટ જીવાત્માઓ પર પરમાત્માનો અનુગ્રહ ક્ષમાસ્વરૂપે પ્રગટ થાય છે. તેમના અનેક દુરાચારો અને અપરાધોને લક્ષમાં ન લેતાં તેમને ક્ષમા આપે છે. આ પણ એક પ્રકારની પુષ્ટિ અથવા તે જીવાત્માનું પોષણ જ છે.

શાસ્ત્રવિહિત કર્મોનું નિષ્કામ અનુષ્ઠાન કરવાવાળા પર તેમના કર્મ, જ્ઞાન યા ભક્તિને અનુરૂપ પરમાત્મા પ્રસન્ન થઈને અર્થાત્ તુષ્ટમાન થઈને પોતાની પુષ્ટિને પ્રકટ કરે છે. સાધકોના પોતાના કર્મ, જ્ઞાન, ભક્તિ વિરક્તિ, તપ, શૌચાદિ શ્રેયઃ સાધનોથી પણ અધિક ફળનું દાન કરી શકે છે.

કૃષ્ણાવતારના સમયમાં બધા વ્રજવાસીઓ નિઃસાધન જીવ હતા એમ ભાગવતમાં કહ્યું છે. દિવસમાં ગોધણ ચરાવતા તથા ગૃહસ્થીના કાર્યમાં વ્યસ્ત રહેતા તથા રાત્રે થાકીને લોથપોથ થઈ સૂઈ જનારા વ્રજજનોની વચ્ચે ભગવાનશ્રીનું પ્રાકટ્ય એ વાતનું નિર્દેશન કરે છે કે પરમાત્માએ વ્રજવાસીઓને નિઃસાધનતામાંથી ઉગારી લીધા. આવા નિઃસાધન જીવો જ્યારે ભગવદ્‌ભક્ત અને પ્રભુઅનુરાગી બની જાય છે ત્યારે શ્રી મહાપ્રભુજી એમ કહે છે કે અહીં કારણભૂત સાધન નથી પરંતુ પરમાત્માની પુષ્ટિ – અનુવૃહ જ એમાં રહ્યો છે. શ્રી પ્રભુની કૃપા વગર કાંઈ વિકસી શકે નહીં. જીવાત્માની ભીતરમાં જ્યારે નિષ્કામ અને મક્કમ પરમાત્મપ્રીતિનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તે કેવળ ભગવતકૃપાનું જ સુફળ છે. આમ પુષ્ટિમાર્ગની વાસ્તવિક વ્યાખ્યા આવી થઈ શકે :

ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકયા પછી જીવાત્મામાં રહેલો આ બીજભાવ જે નિષ્કામ તથા દ્દઢ ભગવદાસક્તિમાં અંકુરિત થઈ શકે તથા પરમાત્મકૃપાથી જે માર્ગનું દર્શન થાય તે જ પુષ્ટિમાર્ગ છે.

પરમાત્માની શુદ્ધપુષ્ટિથી જ આવી શુદ્ધપુષ્ટિ ચોર્યાસી કોશના વ્રજમંડલમાં કૃષ્ણાવતારના સમયમાં કૃષ્ણલીલામાં તેમના ભકતો માટે પ્રગટ થઈ હતી એટલા માટે આજે પણ પુષ્ટિમાર્ગીય જીવો (સાધકો) પોતાના પુષ્ટિપ્રભુની તે પુષ્ટિલીલાની અનુભૂતિ કરવા માટે તેને જોવા સાંભળવા માટે મનન તથા નિદિધ્યસન કરવા માટે વ્રજચોર્યાસી કોશની યાત્રા દરેક વર્ષે કરે છે.

જે રીતે રાસલીલામાં શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થઈ જતાં ગોપીઓ તેને વૃંદાવનની કુંજગલીઓમાં શોધતી હતી, તેવી જ રીતે આજે પણ ભકત વ્રજચોર્યાસી કોસમાં પોતાના પરમપ્રિય કનૈયાને શોધતા ફરે છે અને તેને એવો અનુભવ ચોક્કસ થાય છે કે ‘‘સદા વ્રજ હી

મેં કરત વિહાર !’’

આત્મા જ્યારે ચોર્યાસી લાખ યોનિઓમાં વિહાર કરીને પણ જે પરમાનંદની પ્રાપ્તિ કરી શકયો નથી ત્યારે પરમાત્મા જે પોતે વ્રજવિહારી બન્યો છે, ત્યારે તમે જ કહો, ચોર્યસી કોસના વ્રજમંડળને છોડીને તેને બીજે કયાં શોધવો ?

આમ પુષ્ટિમાર્ગ વ્રજભકતતોની ભાવનાઓ અનુસાર વ્રજભૂમિમાં વ્રજવિહારીની શોધનો માર્ગ છે.

જા થલ કિન્હેં વિહાર અનેકન

તા થલ બૈઠિ કાંકરી ચુન્યો કરે

જા રસના સોં કરી બહુ બાતન

તા રસના સોં ચરિત્ર ગુન્યો કરે.

આલમ જિન સે કુંજન મેં કરી કેલી

તહાં અબ શીશ ધુન્યો કરે

નૈનન મેં જે સદા રહતે તિનકી

અબ કાન કહાની સુન્યો કરે

આજ વિરહ–વ્યથા અને તીવ્રતમ ઉત્કંઠાની સાથે પ્રત્યેક પુષ્ટિ જીવ દરેક વર્ષે વ્રજવિહારીની કથા સાંભળતા, કુંજોમાં શીશ ધુણાવતા, રસના (જીભ)થી રસમધુર ચરિત્રોનું રસાસ્વાદન કરતા, વૃજવિહારીના વિહારના સ્થળોના કાંકરાઓને ચુંબન કરીને વ્રજયાત્રાને પોતાની જિંદગીનું પરમ સૌભાગ્ય ગણે છે.

સવાલ ૧૮ : પ્રપંચી [જગત] બ્રહ્મરૂપ છે તો પણ પ્રપંચ વિસ્મૃતિ માટે કેમ આગ્રહ રાખવામાં આવે છે ?

જવાબ ૧૮ : પરબ્રહ્મ એક છે. અદ્વિતીય છે. બ્રહ્મ પોતે પોતામાં એક નિરપેક્ષ તત્વ છે. પરમાત્મા અથવા ભગવાન અથવા પરમેશ્વરની વાત જયારે આપણે કરીએ છીએ ત્યારે બ્રહ્મ સાપેક્ષ તત્વ થઈ જાય છે.

શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત મુજબ આ સમગ્ર જગત પરબ્રહ્મના આત્મરમણનો એક વિસ્તાર છે, એક વિકાસ છે. બ્રહ્મ આત્મરમણ કરી રહ્યું છે. શ્રુતિ કહે છે : બ્રહ્મથી જુદું કંઈ છે જ નહી, જુદું કંઈ હોઈ શકતું નથી.

શ્રી મહાપ્રભુજી ત્યાં સુધી કહે છે કે –

" यत्र येन यतो यम्य, यास्मैं यद् यद् यथा यदा स्यदिदं भगवान् साक्षात् प्रधान पुरुपेश्वर "

જે કંઈ થાય છે, જયાં થાય છે, જેવું થાય છે, જેનાથી થાય છે, જે માટે થાય છે, જયારે થાય છે – તે બધું ભગવાન જ થાય છે. "त्रायते त्राति विश्वात्मा हयते हरतिश्वर सृजतै सृजति प्रभु अयमेव ब्रह्मवादः शिष्टं मोडाय कल्पते ॥ જે મરી રહ્યું છે, (ગીતાના સંદર્ભમાં કહીએ તો તે બ્રહ્મ છે) જે મારી રહ્યું છે તે બ્રહ્મ છે, જે પાળી રહ્યું છે તે બ્રહ્મ છે, જે પળાઈ રહ્યું છે, જ સર્જન કરે છે તે બ્રહ્મ છે અન જેની સૃષ્ટિ થઈ છે તે પણ બ્રહ્મ છે. "सर्वं खलु इदम् ब्रह्म" આ બધું બ્રહ્મ છે. બ્રહ્મે બધાં રૂપ આત્મરમણના વિસ્તારના રૂપમાં લીધાં છે.

ઉપનિષદ આપણને એ સમજાવે છે કે "स एकाकी न रमते स द्वितीयमैच्छत् ।" કારણ કે રમણનો સ્વભાવજ એવો છે કે તે એકાકી થઈ શકતું નથી. માટે બ્રહ્મ જગતના રૂપમાં પરણિત થઈ જાય છે. જગતના રૂપમાં કોઈ બહારનું તત્વ પરિણત થતું નથી. બહારનું કોઈ તત્વ હોઈ જ ન શકે. બ્રહ્મ પોતે પોતાની મેળે જ જગતના રૂપમાં પરિણત થાય છે. જે કંઈ છે તે બ્રહ્મના નામરૂપનો વિસ્તાર છે. ફરક એટલો છે કે કંઈક બ્રહ્મની સત્તાનો વિસ્તાર છે, તો કંઈક બ્રહ્મના ચૈતન્યનો વિસ્તાર છે, અને કંઈક બ્રહ્મના આનંદનો વિસ્તાર છે.

આસન, ટેપરેકોર્ડર અથવા કપડું છે, તેને તેમના હોવાનું ભાન નથી કે તેઓ આ બ્રહ્મની સત્તાનો વિસ્તાર છે. જેવી રીતે રૂમાંથી સૂતર બને છે, સૂતરમાંથી કપડું બને છે, કપડાનાં જુદા જુદા પહેરવેશ બને છે લેંઘો બને છે, કફની બને છે, ટોપી બને છે, એક રૂનો કેટલા રૂપોમાં વિસ્તાર થાય છે ! સોનું, તેમાંથી એરિંગ બને, બંગડી બને વીંટી બને, ઘડિયાળ બને, નેકલેસ બને, કેટલા રૂપોમાં વિસ્તાર બની શકે, છતાં મૂળ તત્વ તો એક 'સોનું' જ છે. તેવી રીતે લોખંડ, વેલણ બને, આદણી બને, ઘડો બને, ગ્લાસ પણ બને, પણ મૂળ તત્વ તો એક લોખંડ. રૂપ અલગ અલગ હોઈ શકે.

આ આજું જગત બ્રહ્મની સત્તાનો વિસ્તાર છે. જે ચેતન જગત છે, જે ચૈતન્ય પ્રાણી છે, તેને આપણે બ્રહ્મના ચૈતન્યનો વિસ્તાર માનીએ છીએ.

આપણે છીએ, અને આપણને પોતાનું અસ્તિત્વ હોવાની ચેતના છે – ભાન છે. આપણે બ્રહ્મને એ અર્થમાં सच्चिदानन्द કહીએ છીએ કે બ્રહ્મને પોતાને હોવાની ચેતના છે – ભાન ઉપરાંત બ્રહ્મને આ હોવાની ચેતનાના ભાનમાં કોઈ જાતના દુ:ખનો સંસ્પર્શ નથી. બ્રહ્મ હંમેશા આનંદથી પૂર્ણ વિસ્તાર છે. પણ આપણને કોઈ વખત દુ:ખનો ખ્યાલ આવે છે કે આપણે દુ:ખી છીએ. પૈસા ચાલી જાય છે, નુકસાન થાય છે, પગમાં ઠોકર વાગે છે, કોઈ બે શબ્દો કડવા કહે છે તો પણ દુ:ખ થાય છે. કોઈ જરા પણ ખોટી પ્રશંસા કરે છે તો સુખ થાય છે. આ રીતે સુખ દુ:ખનું ભાન તો થાય છે, પરંતુ

નિરન્તર આનંદનો અનુભવ રહેતો નથી. એટલા માટે જો કે આપણે બ્રહ્મના નામરૂપનો વિસ્તાર છીએ પણ એ વિસ્તારમાં બ્રહ્મના આનંદનો વિસ્તાર થતો નથી. તો આનંદ કયાં ગયો ? તેમજ જડ વસ્તુમાંથી તે બ્રહ્મ હોવા છતાં ચેતન કયાં જાય છે ? શું બ્રહ્મમાં ત્રણ ખાના છે ? ત્રણ ડબ્બા છે ? કે એક ડબ્બામાંથી સત્તા નીકળે, બીજામાંથી ચૈતન્ય નીકળે અને ત્રીજામાંથી આનંદ નીકળે ! ખરેખર બ્રહ્મમાં આવા કોઈ ખાના નથી, પણ બ્રહ્મ એક અખંડ, એક રસ, પૂર્ણ તત્વ છે. તો પછી આ ત્રિવિધ વિસ્તાર શા માટે થયો ? જો બ્રહ્મની અખંડતા અને એકરસતા બની રહેતી હોય તો લીલા

સંભવ નથી. માટે બ્રહ્મ પોતે પોતામાં ખંડ પ્રકટ કરે છે અને એથી કરી તે બ્રહ્મમનો ત્રિવિધ વિસ્તાર થાય છે.

બાળક જયારે જન્મે છે ત્યારે તેના પગના તળિયાની ચામડી કેટલી કોમળ હોય છે. થોડું પણ દબાવો તો લોહી દેખાશે. આપણા પગના તળિયાની ચામડી દબાવી જોઈશું તો કોમળતા ચાલી ગયેલી દેખાશે. ચાલતાં ચાલતાં પગમાં એટલી ઠેસ લાગે છે કે ચામડી કઠોર થઈ જાય છે. જે ચેતનતા છે તે ત્યાંથી થોડી ઊંચે સરકી જાય છે. ત્યાં કોઈ સોય ઘોંચે તો કંઈ ખબર પડતી નથી. પણ પગના તળિયાની અંદર સીધી સોય ઘોંચીશું તો સોયની ખબર પડશે. જયારે સોય વાંકી નાખવાથી કાંઈ દર્દ નથી થતું. ત્યારે આપણે કહીએ છીએ કે ચામડી ખોટી થઈ ગઈ છે, આપણે તેને ખોટી કહીએ કે બહેરી કહીએ, પણ ખરેખર તો તે ચામડી ન તો ખોટી થાય છે કે ન તો તે ચામડી બહેરી થાય છે. કારણ કે જો ચામડી ખોટી કે બહેરી થતી હોત તો તે કાપ્યા પછી નવી પેદા ન થાત પણ નવી ચામડી આવે એટલે ચામડી ખોટી નથી પડી ગઈ એ સાબિત થાય છે. તો પછી ચેતના જાય છે કયાં ? ખરી રીતે તો ચેતના સરકીને પાછળ ચાલી જાય છે.

જયારે લશ્કર હારવા માંડે છે ત્યારે પાછળ જવા લાગે છે, પીછેહઠ કરે છે. એવી રીતે જે ચેતના છે તે જડની પ્રધાનતામાં થોડી પછીહઠ કરે છે. થોડી પાછળ સરકી જાય છે. બહાર જડ વસ્તુ રહી જાય છે. બહાર સત્તા રહી જાય છે. ચેતના અંદર ચાલી જાય છે. આપણે આપણી ભાષામાં તેને કહીએ છીએ – 'તિરોહિત' થઈ જાય છે. તે નાશ નથી પામતી. ચેતના ફકત તિરોહિત થઈ જાય છે. એટલે કે છુપાઈ જાય છે. થોડી પાછળ સરકી જાય છે.

તો જેને આણે જડ વસ્તુ સમજીએ છીએ, જેમ કે પત્થર, અથવા લોખંડ, અથવા મેજ, અથવા ખુરશી – તેમાં પણ ચેતના છે, પણ કંઈક પાછળ સરકી ગયેલી છે.

હવે જારે ચેતના જ પાછળ સરકી જાય તો આનંદ તેનાથી પણ પાછળ સરકી જાય છે. આપણી શી સ્થિતિ છે ? આપણી ચેતના પાછળ નથી સરકી, આપણે છીએ અને આપણામાં ચેતના પણ પ્રકટેલી છે. જેવી રીતે બાળકના પગના પળિયામાં જે કોમળતા રહેલી છે, ત્યાં ચેતના પ્રકટેલી રહે છે. ત્યાં જરાપણ જોરથી દબાવીશું તો લાલી દેખાશે – જરા પણ અડીશું તો બાળકને ગલીપચી થશે. આપણી ચંચળતા ખતમ થઈ ગઈ છે. શા માટે ખતમ થઈ ગઈ છે ? ચેતના થોડી પાછળ સરકી ગઈ છે. કારણ કે પગના તળિયાનો ઉપયોગ જડની જેમ આપણે કર્યો છે. ચેતનાની જેમ નથી કર્યો. જયારે આપણે જડની જેમ ઉપયોગ કરીએ છીએ તો ચેતના પાછળ સરકી જાય છે. આપણે ચેતનાની જેમ તેનો ઉપયોગ કરવા લાગીએ એક પ્રયોગ કરીને જોઈએ તો ચેતના પ્રેકટીકલી દેખાશે.

મહીનો બે મહીના પગથી કામ ન લઈએ, ચાલીએ નહઢ તો પોતાની મેળે તે જ ચેતના આવી જશે. પગ ફરીથી એટલા જ કોમળ થઈ જશે. મારા ગુરુજી જેની પાસે હું શીખવા જતો હતો, તે બહુ જ અદ્ધર અદ્ધર રહેતા હતા. તેમના ણગના તળિયાં પણ બાળકોની જેમ એકદમ ગુલાબી હતાં થોડો પણ ઉપયોગ તેનો આવી રીતે કરવા માંડીએ તો તે

ચેતના પાછી આવી જાય છે.

જડ અને ચેતનામાં જેવી રીતે સંતાકૂકડીની રીત ચાલી રહી છે, તેવી રીતે સંતાકૂકડીનો સંબંધ ચેતના અને આનંદમાં પણ ચાલી રહ્યો છે. આપણી ચેતનામાં, આનંદ પાછળ છુપાઈ ગયો છે. તે જયારે કોઈ કોઈ વખત પોતાની ઝલક દેખાડે છે ત્યારે આપણને આનંદની અનુભૂતિ થાય છે. આનંદની ઝલક થતી નથી તો આપણે કહીએ છીએ કે અમે દુઃખી છીએ. પછી આપણે બહાનું બનાવી લઈએ છીએ, ખોળી લઈએ છીએ કે, આજે આ વાતથી દુઃખી છીએ, અને કાલે આ વાતથી દુઃખી હતા. અને પરમ દિવસે તે વાતથી દુઃખી હતા. આ બધાં દુઃખી થવાનાં બહાનાં છે. ખરી વાત તો એ છે કે, આનંદ ચેતનાના પડદાની પાછળ છુપાઈ ગયો છે. ચેતનાનો જે પડદો છે ત્યાં સુધી તે આનંદ ઝળકી નથી રહ્યો પાછળ છુપાઈ ગયો છે. પીછેહઠ કરી ગયો છે. આપણે તેને કહીએ છીએ કે અમારી ચેતનામાં આનંદ તિરોહિત થઈ ગયો છે. વાત આમ છે.

આ ભૂમિકા એટલા માટે બાંધી કે આપણી પાસે સવાલ એ આવ્યો છે કે 'પ્રપંચને જયારે આપણે ભગવદાત્મક માનીએ છીએ તો પ્રપંચવિસ્મૃતિ પર શા માટે આટલો બધો ભાર આપવામાં આવે છે ?

પ્રપંચ – આસકકતને, પ્રપંચના ભગવાદાત્મક હોવા છતાં પણ પ્રપંચથી વિસ્મૃતિનો ઉપદેશ આપવો પડે છે. કારણ કે લીલાનું સ્વરૂપ જ એવું છે.

એ વાતને કોઈ એટલી હદ સુધી ન તાણે કે પ્રપંચ વિસ્મરણીય છે માટે મિથ્યા જ છે. એટલી હદ સુધી તાણવું ન જોઈએ. પપંચ વિસ્મૃતિની વાતથી લોકો એટલા વધારે પડતા ઉત્તેજીત થઈ જાય છે કે જગતને મિથ્યા કહેવા લાગી જાય છે. વધારે પડતી ઉત્તેજનાથી એમને કહેવું પડે છે, કે ભાઈ ચૂપ રહો. આટલી હદ સુધી જવાની જરૂ૧ર નથી. ''

કોઈ એક પિતાની પાસે જઈને કોઈએ કહ્યું, ''અરે ભાઈ, તમારો બાળક કોઈને ગદ્ધા, પાજી વિગેરે ગાળો રસ્તામાં ઊભો રહીને ભાંડી રહ્યો છે.'' તે ભાઈને લાગ્યું કે આ બાળક ભોળપણમાં ગાળ બોલી રહ્યો હશે. તે પિતા વધારે ભયંકર ગાળો ભાંડતા બહાર નીકળ્યા અને ગાળો દેવા લાગ્યા. ત્યારે તે ભાઈએ કહ્યું, ''અરે ભાઈ સાહેબ, તમે અટકી જાવ. આથી તો તમારું બાળક બીજી વધારે ભયંકર ગાળો શીખી લેશે. અત્યારે તો બીજા બાળકો આપે તેવી નાની નાની ગાળો આપે છે. માટે આપ ચૂપ રહો. આપ ન બોલો તે જ ઠીક છે. તે જે ગાળો આપે છે તે અમે સાંભળી લેશું.

આવા જે જ્ઞાનની હોય છે તે વધારે પડતા ઉત્તેજિત થઈ જાય છે. પણ આવશ્યક એટલું જ છે કે પ્રપંચને ભૂલી જવો અને ભગવાનમાં આસકત થઈ જવું. બસ આટલા સમતોલપણાની વાત કહીએ તો વાત બરાબર ગણાશે અને તેમ ન કહી વધારે ગાળો આપવા લાગી ગયા તો બનેલી વાત પાછી બગડી જશે.

અમારે જ્ઞાન મેળવવું છે અમારે પરમાત્માનું જ્ઞાન મેળવવું છે. પણ તે એટલા માટે નથી મેળવવું કે અમે જગતથી દ્વેષ કરીએ, એટલા માટે મેળવવું છે કે અમે પરમાત્માથી સ્નેહ

કરીએ એટલા માટે નહી કે, અમે કોઈને મિથ્યા કે તુચ્છ માનીએ પણ એટલા માટે કે અમે બધા જગતને પરમાત્મા માનીએ. જો અમારું જ્ઞાન પરમેશ્વરના અખંડ દ્વૈતમાં, અખંડશુદ્ધાદ્વૈતમાં, પરિણત નથી થતું તો અમારું જ્ઞાન એકાંગી જ્ઞાન છે, ઉતાવળું જ્ઞાન છે, કોઈને તુચ્છ દષ્ટિથી જોવામાં જ્ઞાનનો વિકાસ થતો નથી.

ખરેખર શું થાય છે કે બે વાતો લોકો જાણી સમજી લે છે ત્યાં તો તેઓમાં સહનશક્તિખવાઈ જાય છે. સંસ્કૃત ભાષામાં એક મજેદાર શબ્દ છે. 'સાક્ષર' સાક્ષરને જેવી રીતે વિદ્વાન કહીએ છીએ તેવી રીતે તેને 'દોષજ્ઞ' પણ કહેવામાં આવે છે છે. વિદ્વાનનું વિદ્વાન હોવું એ તો સારી વાત છે, પણ દોષજ્ઞ હોવું એ ખરાબ વાત છે.

ગુજરાતીમાં એવી કથા ચાલે છે કે ''બાવા બના તો હિન્દી તો બોલેગા''. પહેલાનાં વખતમાં જે સાધુ થતા હતા તે બધા 'સધુકડી' હિન્દી બોલતા હતા.હિન્દીનો ફેલાવો આ સાધુઓને લીધે આખા હિન્દુસ્તાનમાં થયો છે. કબીરપંથી જેટલા પણ સાધુ થયા તે બધા હિન્દી બોલતા હતા. કોઈ એક ગુજરાતી ભાઈ સાધુ થઈ ગયા. તે ગુજરાતમાં ગયા ત્યારે હિન્દી બોલવા લાગ્યા. ત્યારે એક શ્રોતાએ કહ્યું, ''મહારાજ, તમે પણ ગુજરાતી છો, અમે પણ ગુજરાતી છીએ, હિન્દી શા માટે બોલો છો ? ગુજરાતીમાં બોલો.'' તે સાધુએ જવાબ આપ્યો. ''આપણે બન્ને ગુજરાતી છીએ તો શું થયું ? હું સાધુ થયો છું તો હિન્દી તો બોલીશ જ !'' આવી રીતે જો વિદ્વાન થયા તો એકાદ દોષ કાઢયા વિના રહેવાશે નહીં. વિદ્વાન થયા તો દોષજ્ઞ તો થશે, પણ દોષજ્ઞ હો તો શાસ્ત્ર આપણને એ સમજાવે છે કે પોતાના દોષને જાણો અને દોષથી બચો. દિવસ રાત આપ દોષોની નિન્દા કરવા લાગી જશો તો ગરબડ થઈ જશે.ખરેખર એમ જ થાય છે.

અમે કેટલાયે વકતાઓને સાંભળ્યા છે. લોકો બિચારા શું કરે ? કોઈકની નિન્દા કરે છે, કોઈકની સ્તુતિ કરે છે. પણ જે વકતા હોય છે તે કલાકોના કલાકો સુધી નિન્દા કરવાવાળાઓની નિન્દા કર્યા કરે છે અને થાકતા પણ નથી. જે સામાન્ય માનવી છે તે પંદર – વીસ મિનિટ કે ત્રીસ મિનિટ કોઈની નિન્દા કે સ્તુતિ કરી લે છે પણ વકતતા બે કલાક એ જ વિષય પર પ્રવચન આપે છે કે નિન્દા કરવી એ બહુ નિન્દનીય કૃત્ય છે. પણ` પોતે એટલી બધી નિન્દા કરતો હોય છે જેનો ઉપાય નથી ! આ જે જટિલતા વિદ્વતાની છે તે દોષજ્ઞના રૂપમાં પેદા થઈ જાય છે. જ્ઞાન–વિદ્વત્તાનો અર્થ છે કે પોતાના દોષોથી પોતાને બચાવવો. પણ ખરેખર આપણે શું કરીએ છીએ કે જયારે આપણે વિદ્વાન થઈ જઈએ છીએ તો ગામની ટીકા કરવાના રૂપમાં વિદ્વત્તાને શરૂ કરી દઈએ છીએ.

સાચેસાચ, આપણા સંપ્રદાયમાં પણ સેવામાર્ગમાં જે ક્ષતિ થઈ છે તે ક્ષતિ આવી જાતના વિદ્વાનોથી વધી છે.

થોડો વિષયનો ફેર થાય છે પણ હું આપને બતાવી રહ્યો છું, કારણ કે હું માનું છું કે અહીં પુષ્ટિમાર્ગીય મંદિર પણ છે અને પુષ્ટિમાર્ગીય શ્રોતા પણ છે.

અમારા એક ઓળખીતા મરાઠી વૈષ્ણવ છે, બ્રહ્મસંબંધ લીધા પછી તેમણે ઠાકુરજી

પધરાવ્યા. તેમણે મને પૂછયું, '' મહારાજ, સેવા કેવી રીતે કરીએ ? '' અમે કહ્યું, 'જુઓ, તમારા ઘરમાં ત્રણ બાળક છે. આપે કોઈને પૂછયું હતું અથવા કોઈથી શીખ્યા હતા કે એમને કેવી રીતે ઉછેરવા !'' તેમણે કહ્યું, 'ના' તો અમે કહ્યું, '' આ ચોથું બાળક આપને ત્યાં પેદા થઈ ગયું છે એમ સમજીને એને પણ પાળી પોષીને મોટું કરો. 'તે બહુ ખુશ થઈ ગયા અને સેવા બહુ આનંદથી પધરાવી.'

ત્રણ ચાર મહિના પછી કોઈ વૈષ્ણવ ઘરે પહોંચી ગયા. હવે તેમણે ચાકદાર વાગો જે આપણે ધરાવીએ છીએ તે ધરાવ્યો નહોતો. પણ મરાઠી રીતનાં કંઈક વસ્ત્ર તેમણે ધરાવ્યાં હતાં. આ જોઈને તે વૈષ્ણવે બૂમાબૂમ કરી દીધી, '' અનર્થ થઈ ગયો. બધી સેવાની રીત ભ્રષ્ટ થઈ ગઈ.'' આ થઈ ગયું તે થઈ ગયું, વિગેરે. હવે તે મરાઠી વૈષ્ણવ ગભરાઈ ગયા. અમારી પાસે આવ્યા. કહેવા લાગ્યા. '' અમે તો બહુ પરિશ્રમ ઠાકુરજીને આપી દીધો છે. બધી સેવાની રીત ભ્રષ્ટ થઈ ગઈ છે.'' અમે કહ્યું, 'શું થયું ?' એમણે કહ્યું, '' આપ મારે ત્યાં આવીને જોશો ત્યારે અમને સંતોષ થશે. '' અમે કહ્યું, 'ભાઈ, આવી જઈશ.'

મુંબઈથી એ વૈષ્ણવ ચાલીસ માઈલ દૂર રહેતા હતા. એક દિવસ અમે તેમને ત્યાં ગયા. એટલા માટે કે અનર્થ થઈ ગયો છે તો જઈને જોઈએ તો ખરા કે શું અનર્થ થયો છે. અમે જોયું તો ઠાકુરજી મરાઠી રીતનાં વસ્ત્રો ધારણ કરીને બિરાજતા હતા. અમને તો બહુ આનંદ આવ્યો. એક મરાઠી ઘરમાં ઠાકુરજી મરાઠી વસ્ત્ર ધારણ કરીને ન બિરાજતે, તો આપશ્રીએ મરાઠી કુટુંબ પર કૃપા (પુષ્ટિ) કરી છે એનું પ્રમાણ કેવી રીતે મળતે ? અમને બહુ આનંદ આવ્યો. એમણે બતાવ્યું કે આ જાતનાં વસ્ત્ર એ જ દિવસે પણ ધરાવ્યા હતા. આજે પણ એ જ વસ્ત્રો ધરાવ્યાં છે. જો કે ધરાવવા નહોતા જોઈતાં. પણ હવે આપ બતાવો કે હવે બીજાં વસ્ત્ર કેવી રીતે ધરાવીએ અને અમાં શું ગરબડ થઈ છે ? અમે કહ્યું, ''હા ખરેખર, બહુ ગરબડ થઈ ગઈ છે અને એ ગરબડ એ થઈ છે કે આપ આપનાં ઠાકુરજીના દર્શન બીજાને કરાવો છો. આપે વિદ્વાનોને દર્શન કરાવી દીધાં એઓએ દોષ કાઢી આપ્યો પણ આપે દર્શન શા માટે કરાવ્યાં ?''

'' આપણે યાં એટલા માટે જ જો બહારનો વૈષ્ણવ દર્શન કરે તો રાઈ મીઠું કરીને ઠાકુરજીની નજર ઉતારવી પડે છે. હવે જયારે આપે દર્શન કરાવ્યાં તો એ આપની ભૂલ છે અને અમે પણ માનીએ છીએ કે મોટો અનર્થ થઈ ો છે આ જાતનો અનર્થ ન કરવો હો તો બીજી વખત કોઈને દર્શન કરાવશો નહીં. નહી તો પાછી રબડ થઈ જશે. અને ઠાકુરજીને બહુ પરિશ્રમ થઈ જશે.''

પણ અમે સાચું કહીએ છીએ કે જયારે મરાઠી વસ્ત્રમાં અમે પુષ્ટિમાર્ગીય ઠાકુરજીને જોયા તો બહુ આનંદ આવ્યો. અમે કહ્યુ, 'કેટલી અસહજ વાત છે, મરાઠી ઘરમાં ઠાકુરજી બિરાજે અને મરાઠી વસ્ત્ર ધારણ ન કરે !' આપણા ઘરમાં ઠાકુરજી બિરાજે અને આપણા ઘરની રસોઈ ન આરોગે, આપણા ઘરમાં ઠાકુરજી બિરાજે છે તેનું પ્રમાણ દિનચર્યા ન સ્વીકારે તો પછી તે આપણા ઘરમાં બિરાજે છે તેનું પ્રમાણ શું ? ભગવાન સર્વવ્યાપક છે, કણ–કણમાં બિરાજે છે, છતાંય એક વિશેષ સ્વરૂપના રૂપમાં જયારે આપણા ઘરમાં બિરાવાની

તે કૃપા કરે છે. તો કંઈક આપણો પણ મહિમા સ્વીકારશે ત્યારે જ તો તે પુષ્ટિ કહેવાશે.

મહાપ્રભુજી બહુ સુંદર વાત કહે છે કે ડૂબતા માણસને બચાવવાને માટે દોરડું ફેંકવામાં આવે છે પણ જો આપણા સ્નેહી, ઓળખીતા, કોઈ ડુબવા લાગે તો દોરડું ફેંકવાની ધીરજ માણસ રાખતો નથી ને પોતે જ કૂદી પડે છે, તેવી રીતે જયારે ભગવાન સાધન ફેંકે છે કર્મ, જ્ઞાન, ભક્તિના 'લ્યો કર્મ કરો, લ્યો જ્ઞાન મેળવો, લ્યો ઉપાસના કરો, અને તમારો ઉદ્ધાર કરી લો' ત્યારે ભગવાને આપણી સાથે છેટાપણું રાખ્યું છે. પણ જયારે આપણા ઘરના કૂવામાં ડૂબતા એવા આપણને બચાવવા માટે પોતે જાતે જ કૂદી પડે તો આપણે તેને પુષ્ટિ માનીએ છીએ કે ભગવાનને આપણને પોતાના સમજયા છે, આપણે તો આ ઘરના કુવામાં ડુબી રહ્યા હતા પણ ભગવાને પોતે કૂદી પડયા, એ વાતને વિચારીને હવે આ ડૂબી રહ્યો છે તો એને દોરડું આપીને બચાવવામાં કદાચ વાર થઈ જશે, જો જીવ જ્ઞાન, કર્મની સાધનાઓની આંટીઘૂંટીમાં ફસાઈ જશે, જો સરખી રીતે સાધનાના દોરડાને પકડી નહી શકે, અધીર થઈને ડૂબી જશે તો શું થશે ? સાંભળો, હું સંભળાવું છું. ભગવાન તમારા ઘરમાં કૂદી પડવામાં ખુશ થયા છે. તમારા ઘરના કુવામાં જયાં સુધી ભગવાન સમાતા નથી ત્યાં સુધી ભલે તે વ્યાપક હોય, આખા બ્રહ્માંડમાં વ્યાપક હોય તેથી ફાયદો નહી થાય. ભગવાન તમારા ઘરના કુંવામાં ન સમાઈ જાય, એટલા નાના ન બની શકે તો પુષ્ટિમાર્ગીય ભગવાન નથી. દરેક કુવાની પોત–પોતાની મર્યાદા છે. દરેક કુવાની પોત પોતાની દિશાઓ છે. તેમાં ભગવાને ઊતરવું પડશે. તે સર્વવ્યાપી હોય તો ભલે હોય તે સર્વના

અંતરાત્મા હોય તો હોવા દો. તે સર્વેશ્વર હોય તો હોવા દો. જયાં સુધી આપણા ઘરના કુવામાં ભગવાન કૂદશે નહી ત્યાં સુધી એને પુષ્ટિરૂપ માની નહીં શકાય.

અને એક વખત સર્વવ્યાપી ભગવાન પણ જયારે આપણા સંસાર કુવામાં સમાવિષ્ટ ણઈ ગયા પછી તમે સરખી રીતે તેમને વળગી જાઓ. પછી સંસારભય અસ્થાને છે. સંસારાસક્તિને લીધે આપણે વિષયાનંદ શોધી રહ્યા હતા. તેથી અધીર વિદ્વાનોને વિષયને માયિક કહેવો પડયો. પણ જગતમાં સંસારી બનીને જીવવું તેમાં કશી મહત્તા નથી. જગતમાં જગદીશ સાથે સંસાર માંડવામાં – ભગવાનને સર્વ વિષયોનું સમર્પણ કરવાથી સંસારની ભયંકરતા મટી જાય છે. આ જ સંસાર ભજનાનંદમાં સહાયક બની જશે. તમે તે પરમાત્માના ભજનમાં એટલા તલ્લીન બની જશો કે પ્રપંચનો ભય કે સ્મરણ કશું તમને નહી સતાવે. પ્રપંચ ત્યારે ભગવલ્લીલાનું સ્થાન બની જશે.

ભગવાન જેમ પોતાની મહત્ત–આવડત વિગેરે ભૂલીને તમારા કુવામાં ભજનીય બની જાય છે, તેમ જ તમારે પણ તમારા પ્રપંચને ભૂલીને કેવળ ભગવાનમાં જ આસકત બની જવાનું છે. નહીં તો તમે ભગવાનના તે પુષ્ટિરૂપને માણી નહી શકો. તેથી પ્રપંચ તે ભગવાનને સ્વલીલાર્થે લીધેલા નામરૂપો છે. તે પ્રાપંચિકનામરૂપોને બ્રહ્માત્મક બ્રહ્મે લીધેલા નામરૂપ તરીકે સ્વીકારીને તેમાં અટવાઈ જવાનું નથી, પણ તેના આધારે તાત્કાલિક રૂપે તે નામરૂપોને ધારણ કરનાર પરમાત્માને પિછાણી જાણી માણી લેવા તૈયાર થઈ જવાનું છે.

શ્રી મહાપ્રભ કહે છે – આ સર્વ જગતને બ્રહ્મ તરીકે માનો પણ બ્રહ્મને બધા જ રૂપેમાં

માણો– જગતને જગદીશરૂપે જાણવું જોઈએ. પણ માણવાનું તો જગદીશને જ છે. અને આ માટે જ પ્રપંચવિસ્મૃતિ પર ભાર દેવામાં આવ્યો છે.

**સવાલ ૧૯ : પુરાણોમાં કોઈ ગરબડ ગોટાળો કરાયો છે એમ કહેવું યોગ્ય છે ખરું ?**

જવાબ ૧૯ : એક્ વાતનો ખુલાસો શરૂઆતમાં જ સરખી રીતે સમજી લઈએ, આચાર્યચરણ નિબંધમાં આજ્ઞા કરે છે :

'' બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ''

બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન આમ ત્રણ રીતથી આચાર્યચરણે નિબંધના ત્રણ શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય અને ભાગવતાર્થ પ્રકરણોમાં વિવેચન કર્યાં છે. ઉપનિષદ્, સ્મૃતિ અને ભાગવત પૈકી ઉપનિષદ્ બ્રહ્મનું સ્મૃતિ પરમાત્માનું અને ભાગવત ભગવાનનું નિરૂપણ કરે છે. 'ભાગવતઃ ઈદમ્ ભાગવતમ્'

'બ્રહ્મ' એક નિરપેક્ષ પ્રત્યય છે. બ્રહ્મને બીજી વસ્તુથી નિરૂપણ કરવાનું જરૂરી નથી. પરમાત્મામાં થોડી સાપેક્ષતા આવી જાય છે. કરાણ કે આત્મા અને પરમાત્મા. આત્માની પરિભાષા ''અતતિ વ્યાપ્નોતિ'' કરવામાં આવી છે. આચાર્યચરણ 'તમુકાંતૌ' થી 'આત્મા' શબ્દ બતાવે છે., 'આસમંતાન કાન્ત ઈતિ આત્મા' પરમ આત્મા પરમાત્મા તેથી ' પરમાત્મા'નો અર્થ પરમાત્મા પરમપ્રિય હોય છે.

નવારે સર્વં કામસ્ય સર્વં પ્રિયં ભવતિ

આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ

આ ઉપનિષદે બતાવેલું આત્માનું રૂપ છે. ઉપનિષદે બતાવેલા આ રૂપનો ખુલાસો ભાગવતમાં મળે છે :

અહમ્ આત્માત્મનાં ધાતઃ પ્રેષ્ઠ સન્ પ્રેયસામપિ,

અતો મયિ રતિં કુર્યાત્ દેહાદિર્યત્કૃતે પ્રિયઃ

દેહાદિમાં પ્રિયતા આત્માને કારણે છે. એટલું પ્રતિપાદન ઉપનિષોમાં થયું છે. પણ આ પ્રિયતા પોતે આત્મામાં નિરુપાધિક છે કે પરમાત્મો પાધિક છે, એ વાતનું સ્પષ્ટીકરણ આપણને પહેલીવાર ભાગવતમાં મળ્યું છે : ''હું આત્માનો આત્મા છું, એ અર્થમાં તરમાત્મા છું. '' જેવી રીતે મિત્રોમાં ખાસ મિત્રને આપણે 'પરમમિત્ર' કહીએ છીએ, ગુરુના ગુરેને 'પરમગુરુ' કહીએ છીએ, તેવી રીતે આત્મામાં પણ જે આત્મા હોય એટલે કે આત્મરૂપથી નિવાસ કરી રહ્યો છે, તેને તે અર્થમાં 'પરમાત્મા' કહીએ છીએ. એટલે જ આપણે ત્યાં શુદ્ધાદ્વૈતમાં ''આત્મા સો પરમાત્મા'' ને સાચું મનાતું નથી. 'આત્મામાં પરમાત્મા' એ મનાય છે.

આ ન્યાયથી પરમાત્મા પાસાનું નિરૂપણ સ્મૃતિમાં મુખ્યતયા છે. પરમતત્વના પરમાત્મા હોવાના જે ગુણધર્મો છે તે ગુણધર્મોનું પ્રતિપાદન મુખ્યતયા ગીતા વધારે કરે છે.

આ પરમતત્વના બ્રહ્મ હોવાના જે ગુણધર્મો છે, એ અર્થમાં બ્રહ્મ નિરપેક્ષ છે. જે અર્થમાં બ્રહ્મ અધિકરણ રૂપ છે, જે અર્થમાં બ્રહ્મ કાળ કર્મ, સ્વભાવ, પ્રકૃતિ–પુરુષનું પ્રવર્તક છે, જે અર્થમાં બ્રહ્મ કર્મ વગેરેનું ફળ આપનારું છે, તે બધા અર્થમાં બ્રહ્મના રૂપનું નિરૂપણ ઉપનિષદ કરે છે.

આ સંદર્ભમાં કહીએ તો 'બ્રે' દાર્શનિક પ્રત્યય છે. 'પરમાત્મા' ધાર્મિક પ્રત્યય છે. અને 'ભગવાન' પૌરાણિક પ્રત્યય છે. પુરાણને અંગ્રેજીમાં 'માયથોલોજી' કહે છે. તેથી આજે તેનો અર્થ બગડી ગયો છે. તેનું મૂળ કારણ એ છે કે અંગ્રેજોએ, યૂનાનીઓ અને રોમનોની પૌરાણિક ગાથાઓને ખોટી અને અર્થ વગરની માની લીધી છે.

એક વખતે પાદરી કોપ્પલ્સ્ટન અને બર્ટ્રેન્ડ રસેલનો ઈશ્વર છેકે નહિ તે વિષયમાં એક મજાનો શાસ્ત્રાર્થ થયો હતો. બર્ટ્રેન્ડ રસેલને તેણે પૂછયું, ''ઈશ્વરની સત્તાને તમે માનો છો કે નહિ.' રસેલે જવાબ આપ્યો, 'જેટલી તમે ગ્રીક પૌરાણિક દેવતાઓની સત્તાને માનો છો, તેટલી ઈશ્વરની સત્તાને હું માનું છું. જો કે ગ્રીક માયથોલોજીકલ દેવતાઓ છે. તો બાઈબલનો ઈશ્વર પણ છે. બોલો, ગ્રીક માયથોલોજીકલ દેવતાઓ છે કે નહિ ?'' આમ સાંભળીને પાદરી કોપ્પલ્સ્ટન છેડાઈ ગયા. તેમણે કહ્યું ''તમે આ બંનેની સરખામણી કરો નહિ.'' ત્યારે રસેલે કહ્યું '' તમે સરખામણી ન કરવાની વાત કહી રહ્યા છો, કેમ કે યૂનાની સંસ્કૃતિ આજે કાયમ નથી. તેથી મારી વાત તમને ધર્મનિંદા લાગે છે, પણ જો તમે પ્રાચીન યૂનાનમાં હોત તો તમારી વાત પણ એટલી જ ધર્મનિંદા માનવામાં આવત કે જેટલી મારી વાત આજે તમને ધર્મનિંદા લાગી રહી છે. ''

આ બધી ખરાબી કટ્ટર ઈસાઈઓએ કરી જેથી 'માયથોલોજી' શબ્દ આજે 'જૂનાં ગપ્પાં' ના અર્થમાં વપરાતો થયો છે.

આપણે ત્યાં કહેવાતા ભણેલાગણેલા ખુલ્લા દિમાગવાળા (Broad Minded) વિદ્વાનો પુરાણોનો અર્થ માઈથ (Myth) કરી રહ્યા છે. પણ આપણે ઈસાઈઓના અર્થમાં પુરાણોને શા માટે માનીએ ? આપણે આપણા અર્થમાં ' ભગવાન' ને પૌરાણિક પ્રત્યય કહીએ છીએ પણ જો આ ભગવાન બીજા પ્રત્યયોથી જુદો સમજવો હોય તો કેવી રીતે સમજવો ? જે રૂપોમાં પરમ તત્વ જગતનું કારણ બને જગતનો નિયામક બને અને જગતનો આધાર બને એ બધાં રૂપોમાં આપણે તેને 'બ્રહ્મ' કહીએ છીએ. બ્રહ્મને નજર સમક્ષ રાખી વિચારીશું તો ત્યાં મનુષ્યનો કોઈ પ્રશ્ન ઊઠતો નથી. બ્રહ્મની ભૂમિકામાં પક્ષી, કીડી કે મનુષ્ય બધું સરખું જ છે. કારણ કે બ્રહ્મનો સીધો સંબંધ બ્રહ્માંડથી છે, માનવીથી નથી.

એક મુસલમાન મિત્રે અમને એક વાત બતાવી હતી કે ''ખુદા આપણા દુઃખનો ઈલાજ કેમ નથી કરતો ? ખુદા તો રહીમ અને કરીમ છે તો પછી માનવી દુઃખી કેમ છે ? મહંમદ સાહેબે આનો જવાબ આપયો છે કે, માનવી ચાલે છે ત્યારે તેના પગ નીચે આવી જતાં કીડી, મંકોડા વિગેરે જીવ મરતાં હોય છે તેમને તે કયારેય પણ જુએ છે ખરો ? માનવી કીડી વગેરેને મરતાં જોતો નથી. કારણ કે પેમનું અસ્તિત્વ માનવી માટે અર્થ વગરનું છે. આવી

રીતે ખુદાની નજરમાં પણ માનવીનું અસ્તિત્વ અર્થ વગરનું છે. તમારા ચાલવાથી કીડીઓ મરી જાય છે એમ સિદ્ધ નથી કરતું કે તમે ક્રૂર છો, કઠોર છો. તમારા હૃદયમાં દયાળુતા છે, પણ તમારી દષ્ટિથી કીડીઓનું એટલું મહત્વ નથી કે તમારી દયાને પાત્ર બને. આવી રીતે માનવીનું પણ બ્રહ્માંડમાં એટલું મહત્વ નથી કે તે, ખુદાના રહીમ અને કરીમ હોવા છતાંય, તેની દયાને પાત્ર બને. આથી ઈશ્વર નિર્દય છે એવું નથી.''

આ બ્રહ્મની દષ્ટિનો વિચાર છે, પરંતુ પરમાત્મા માનવીના અસ્તિત્વથી આવી રીતે નિરપેક્ષ રહી શકતો નથી. બ્રહ્મનિરપેક્ષ થઈ શકે છે. કીડી મરી રહી છે તો મરવા દો, માનવી તેની મસ્તીમાં ચાલ્યો જાય છે. કીડીના મરવાની તેને ફિકર નથી. જે વખતે પરમાત્માની દષ્ટિથી વિચાર કરીશું તો એક જાતનો વ્યક્તિગત સંબંધ તેની સાથે સ્થાપિત થઈ જાય છે. બ્રહ્મ અને જગતનો સંબંધ દિશા વગરનો છે. છતાં કોઈ દિશા છે. તો તે એટલી અમૂર્ત દિશા છે કે આપણે તેને વ્યકત કરી શકતા નથી. વ્યકત કરવા જઈશું તો કંઈકને કંઈ ગોટાળો થઈ જશે.

પરમાત્મા અને જગતના સંબંધની જે કંઈક દિશાઓ છે તે આ કે પરમાત્મા, ત્માના સંબંધથી, પરમાત્મા છે. આ સંબંધની દિશાઓ બનતાં જ આપણા બધા ધાર્મિક ભાવ અને કૃતિને આપણે તેના સંદર્ભમાં જ જોવા લાગી જઈશું. આપણે જયારે આણે કંઈક પાપ કરીએ છીએ તો આપણને એ અનુભૂતિ થાય છે કે પરમાત્માએ મારા પાપને જોયું છે. મારે પરમાત્માને સાક્ષી માનીને કોઈ પાપ ન કરવું જોઈએ. આપણે કંઈક સત્કર્મ કરીએ છીએ તો આપણને થાય છે કે પરમાત્માની પ્રસન્નતાને માટે મેં આ કર્યું છે. સત્કર્મ દ્વારા ઘણા લૌકિક ફળની કામના કરે છે, એવાઓની આ વાત નથી, પણ જે ઉચ્ચ કક્ષાના અધિકારી છે, એમના સત્કર્મમાં એક આહ્લાદ પ્રકટ થાય છે કે જેમાં પરમાત્માની અનુભૂતિ

થાય છે. તે અનુભૂતિ કંઈ વ્યાપક નિરપેક્ષ અનુભૂતિ નથી, પણ એક વૈયક્તિતક અંતર્યામી પરમાત્માની અનુભૂતિ લાગતી હોય છે. આ સંબંધની દિશા 'જીવથી પરમાત્મા સુધીની છે. જીવના બિંદુથી પરમાત્માના બિંદુ સુધીની લાઈન બનશે.

પણ ભગવાનનો જે સંબંધ છે તે ભગવાનથી જીવ સુધીનો સંબંધ છે. તેની દિશા એક અનેરા પ્રકારની છે, જયારે પરમાત્મા ભૂતળ પર પોતાનું સ્વરૂપ કે પોતાની લીલા પ્રકટ કરે છે ત્યારે તે 'ભગવાન' શબ્દની પૂર્ણ સાર્થકતા તેના અવતરિત થવામાં આવી જાય છે. એટલે જયાં સુધી લીલાનું નિરૂપણ ન થઈ શકે ત્યાં સુધી એ તત્વને 'ભગવાન' કહી શકાતું નથી.

આવી રીતે કોઈ ત્રણ તત્વ નથી. આપણે ત્યાં કોઈ ત્રિપુટીવાદ નથી કે નથી ત્રિપુટીનો સિદ્ધાંત. એક જ તત્વનાં ત્રણ પાસાં છે. એક જ તત્વ છે : ''બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દઘતે' આચાર્યચરણ કહી રહ્યા છે. ''ત્રિતયે ત્રિતયમ્ વાચ્યમ્ ક્રમેણૈવ મયાત્રહિ.''

હું આ ત્રણ પક્ષોનો ત્રણ રીતથી ખ્યાલ રાખીને મારી વાત કહીશ. આચાર્યચરણની વાત સમજવામાં જયારે આ ત્રણ પક્ષો આપણે આપી નજર સમક્ષ ન રાખીએ, ત્યારે ગોટાળો ઊભો થાય છે. કોઈ વાત આચાર્યચરણ 'બ્રહ્મ'ને ખ્યાલમાં રાખીને કહે છે. કોઈ વાત '

પરમાત્મા'ને ખ્યાલમાં રાખી કહે છે. કોઈ વાત 'ભગવાન'ને ખ્યાલમાં રાખી કહે છે. આ વાત આપણે પણ ખ્યાલમાં રાખવી જોઈએ. જો તેનો તાલમેલ આપણે બેસાડી ન શકીએ તો પંક્તિઓનો અર્થ બરાબર લાગશે નહિ અને અર્થમાં ગરબડ થઈ જશે. માટે આપણે દરેક વખત એ વાત યાદ રાખવી જોઈશે કે જયારે પણ આચાર્યચરણની વાણીમાંથી અથવા લેખનમાંથી કોઈ સિદ્ધાંત સામે આવી રહ્યો હોય ત્યારે દરેક વખત આપણા મનને પૂછતા રહેવું જોઈએ કે આ બ્રહ્મપક્ષથી વાત કહેવાઈ છે, કે ભગવાન પક્ષથી વાત કહેવાઈ છે ?

આ એક આધારભૂત પાયો છે. વાત સાફ સાફ આપણા મનમાં પૂછતા રહીશું તો તેનો અર્થ આપણને સ્પષ્ટ રીતે સમજવામાં આવશે. વળી દરેક વખત આચાર્યચરણ એટલી સાવધાની નથી રાખતા કે જયારે કંઈક કહે અથવા લખે ત્યારે એમ બતાવે કે હું હવે 'બ્રહ્મ'ના વિષમાં કહી રહ્યો છું. કે 'પરમાત્મા'ના વિષયમાં કહી રહ્યો છું, કે 'ભગવાન'ના વિષયમાં કહી રહ્યો છું. તે તો પોતાની મસ્તીમાં કહે છે. શરૂઆતમાં તો આપશ્રીએ ખુલાસો એ વાતનો કરી દીધો કે હું કહીશ તો આ ત્રણ પક્ષને ખ્યાલમાં રાખીને કહીશ. તે આપણી પાસેથી અપેક્ષા રાખે છે કે જયારે આપણે આપશ્રીની વાણી સાંભળીએ કે શીખીએ ત્યારે મનમાં અવધારણા કરી જાણતા રહીએ કયારે કયા પક્ષને લઈ કઈ વાત કહેવાયેલી છે.

ઉપનિષદમાં બ્રહ્મની પરિભાષા એક વિશિષ્ટ પ્રકારથી કહેવાઈ છે. વર્ણન તો ઘણી રીતથી થયાં છે. અહીં વર્ણનની વાત નથી. પરિભાષાઓ પણ ઘણા પ્રકારની અપાઈ છે. આ પરિભાષાઓને વ્યાસજીએ પરિભાષાના રૂપમાં માન્યતા આપી નથી. વ્યાસજીએ જે પરિભાષા માન્ય કરી તે એ છે કે,

''અથાતો બ્રહ્મજીજ્ઞાસાજન્માદ્યસ્ ત'' અન તેમાં 'યતો વા ઈમાનિ ભૂતાનિજાયન્તે યેન જાતાનિ જીવન્તિ ત્પ્રયન્ત્યભિસંવિશન્તિ તદ્વિજીજ્ઞાસસ્વ તદ્ બ્રહ્મ'' આ રીતથી બ્રહ્મને પરિભાષિત કર્યું. અહીં બ્રહ્માના લીલાનાં ત્રણ જ પાસાં જોયાં છે. ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર.'' આજ ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર જે બ્રહ્મનાં કાર્ય છે તે ત્રણ કાર્ય છે ત્રણ કાર્યને માટે ફરી પરમાત્માનાં ત્રણ અવતાર કે રૂપ પ્રકટ થાય છે. આ પૌરાણિક વ્યાખ્યા છે. 'બ્રહ્મા' 'વિષ્ણુ' અને 'મહેશ' એક–એક લીલાના એક એક અધિષ્ઠાતા દેવતા. શ્રુતિ જે વખતે આખા જગતનું નિરૂપણ કરવા જાય છે તે વખતે બધી વસ્તુની વ્યાખ્યા કરતાં કરતાં તે એક અમૂર્ત જેવા તત્વ તરફ આપણી બુદ્ધિને લઈ જાય છે. પુરાણની વ્યાખ્યાની પદ્ધતિ તે બધા અમૂર્ત, અરૂપ તત્વના મૂર્ત પાસાઓના વર્ણનની છે. પુરાણ બધાંને વિશિષ્ટ મૂર્ત ઉદાહરણથી સમજવાનો પ્રયત્ન કરે છે. એટલા માટે જ ''યતોવાઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્પ્રયન્ત્યભિસંવિશન્તિ, તદ્વિજીજ્ઞાસવસ્વ, તદ્બ્રહ્મ'' ની વ્યાખ્યા પુરાણોમાં ત્રણ ગુણાવતારના રૂપમાં વર્ણિત છે : ''બ્રહ્મા'' ''વિષ્ણુ'' અને '' મહેશ.''

શ્રુતિમાં જયારે એમ કહ્યું છે કે,

નસારે સર્વં કામસ્ય સર્વં ત્રિયં ભવતિ,

આતમનસ્તુ કામાય સર્વં પ્રિય ભવતિ.

ત્યારે પુરાણમાં એક કામદેવનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે, તેની લીલાઓ સમજાવવામાં આવી છે. પુરાણમાં જરાપણ દ્દષ્ટિ કરીશું તો સમજાશે કે ત્યાં બધા અમૂર્ત તત્વોનું નિરૂપણ મૂર્ત રૂપે કરવામાં આવ્યું છે. એટલા માટે પુરાણોની પરિભાષામાં શરૂઆતમાં જ વેદાર્થનો અને અવ્યક્ત બ્રહ્મનો ઉપબૃંહણ (એટલે વ્યાખ્યા) એટલી સહેલાઈથી કરાયો છે કે વેદાર્થ વ્યક્તિના ઉદાહરણ દ્વારા સમજમાં આવી જાય છે. કોઈ પણ સિદ્ધાંત અમૂર્ત સ્વરૂપમાં રાખવામાં આવ્યો નથી. જો વેદમાં કોઈ સિદ્ધાંત અમૂર્ત અથવા રૂપહીન સ્તર પર બતાવવામાં આવ્યો હોય તો પુરાણમાં તેને કોઈને કોઈ ભગવાનની લીલા અર્થાત કોઈને કોઈ અધિષ્ઠાતા દેવતા ચરિત્રના રૂપમાં સમજાવવામાં આવે છે. તત્વનાં બન્ને પાસાઓ છે. જેમ કે .પનિષદમાં સ્વીકારવામાં આવ્યું છે : **"द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चैवामूर्तं च"** બ્રહ્મના બે રૂપો છે, મૂર્ત પણ અને અમૂર્ત પણ.

આ પુરાણની અને ેદની આંતરિક સંગતિ છે જે લોકો સમજી શકતા નથી. તેથી તેમને તેના બધા વિપરીત અર્થ દેખાય છે. એમને એમ લાગે છે કે પુરાણમાં કોઈ ગરબડ ગોટાળો કરાયો છે. સિદ્ધાંતોને તોડી – મરોડી દેવાયા છે. ખરેખર તો તોડ–મરોડ થયો નથી. પુરાણોનું પ્રવતૃન જ આ વાતને માટે કરાયું છે કે વેદના જે અમૂર્ત સિદ્ધાંત હતા તેને મૂર્ત રૂપવાળા પાસાંના ઉદાહરણથી સમજાવાય આ માટે પુરાણમાં બ્રહ્મની ત્રિવિધ લીલાનાં અનેકવિધ લીલારૂપે વર્ણન થયાં છે જેમ એક બ્રહ્મ તત્વ અનેક રૂપ નામરૂપ ધારણ કરીને સૃષ્ટિ રૂપે પ્રગટ થયું છે.

**સવાલ ૨૦ : પુષ્ટિ એટલે શું ? પુષ્ટિભક્તિ કોને કહેવાય ?**

જવાબ ૨૦ : શ્રીમદ્‌ભાગવતપુરાણમાં વર્ણિત ભગવાનની દશવિધલીલા પૈકી પોષણલીલાનું વર્ણન છઠ્ઠા સ્કંધમાં થયું છે. 'પોષણ' એટલે ભગવાનનો અનુગ્રહ. આને જ આપણે 'પુષ્ટિ' પણ કહીએ છીએ. હવે તે પુષ્ટિને લીધે પ્રકટ થતી ભક્તિનો વિચાર કરીએ.

ભગવાનના અનુગ્રહથી નિષ્કામ, અનન્ય અને અવિચલ ભક્તિ પ્રકટ થાય છે. આવી વિલક્ષણ પુષ્ટિને લીધે પ્રકટ થતી ભક્તિને 'પુષ્ટભક્તિ' કહેવાય. મરાઠી ભાષામાં એક કહેવત છે : ' બાપ દાખવ નહિતર શ્રાદ્ધ કરા.' તેમજ ભગવાનના સ્વરૂપમાં આસક્તિ છે તો પુષ્ટિભક્તિછે અને જો તે નથી તો બીજા કોઈ જાતની ભક્તિ સંભવે પણ પુષ્ટિભક્તિનો તો અભાવ જ સમજવો. જેમ કૃપાના દરેક પ્રકારને આપણે પુષ્ટિમાર્ગીય ગણી શકતા નથી, તેમજ ભક્તિના દરેક પ્રકારને આપણે પુષ્ટિભક્તિ ગણી શકતા નથી.

શ્રીમહાપ્રભુજીએ આ વાત છઠ્ઠા સ્કંધના નિબંધમાં સ્પષ્ટ રીતે સમજાવી છે.

"पुष्टिः स्वार्थाः परार्था तु भक्तिः साऽनवके मता"

અર્થ : પુષ્ટિ જીવાત્મા માટે હોય છે અને ભક્તિ પરમાત્માના માટે, તે 'અવનમ' એટલે પૂર્ણ કૃપા થકી મળશે તેવું નવમસ્કંધમાં નિરૂપણ કરવાનું છે.

આજકાલ જેમ કોઈક હેતુથી ટ્રસ્ટ બનાવવામાં આવે છે તેમાં કોઈક ટ્રસ્ટી બને છે અને

બીજા બેનીફિશિયરી. તેમાં'ટ્રસ્ટી' એટલે જે ટ્રસ્ટની સંપત્તિની વ્યવસ્થા જાળવતો હોય તે. તેમજ 'બેનીફિશિયરી' એટલે આવા ટ્રસ્ટથી જે લાભ મેળવવાનો અધિકારી હોય તે. શ્રીમહાપ્રભુજી મુજબ પુષ્ટિના ટ્રસ્ટી પોતે ભગવાન છે અને બેનીફિશિયરી જીવ છે. તેમજ ભક્તિના ટ્રસ્ટી આપણે જીવો છીએ અને બેનીફિશિયરી ભગવાન છે !

કદાચ કોઈક વખત જો ટ્રસ્ટી વ્યવસ્થા જાળવવાના ઠેકાણે ટ્રસ્ટથી મળતા લાભોને પોતે લેતો થઈ જાય, 'ચેયર્સ એડવાંટેજ' (એટલે કે કુર્સીનો લાભ) લેતો થઈ જાય તો તેને 'બ્રીચ ઓફ ટ્રસ્ટ' એટલે કે વિશ્વાસઘાત કહેવામાં આવે છે, તેમજ આપણે જો ભગવાન પ્રત્યેની આપણી ભક્તિને લીધે કોઈક લૌકિક સુખ અથવા પારલૌકિક સુખ યા મુક્તિનો લાભ લેવાની આકાંક્ષા સેવતા હોઈએ તો પ્રભુ સાથેના આપણા ભક્તિમય સંબંધમાં તે વિશ્વાસઘાત જ છે. ભક્તિનો ખરેખરો બેનીફિશિયરી ભગવાન જ રહેવો જોઈએ !

ભગવાન પણ કદી પોતાની પુષ્ટિનો લાભ લેવાની વૃત્તિ ધરાવતા નથી. જે ભગવાનનું મજન કરતો હોય તેના ઉપર જ પુષ્ટિ દાખવવી એવો પક્ષપાત ભગવાનને નથી. જેઓ ભગવાનની સાથે સ્વાર્થયુકત કામભાવ કે ભય અથવા દ્વેષપ્રયુક્ત હિંસાનો ભાવ રાખે છે, તેમના ઉપર પણ ભગવાન તો પુષ્ટિ – કૃપા દાખવીને તેમનો પણ ઉદ્ધાર કરે જ છે ! તેથી જ ભાગવતમાં કહેવામાં આવ્યું છે :

कामं क्रोधं भयं स्नेहमैकयं सोहृदमेववा ।

नित्यं हरो विद्वतो यान्ति तन्मयतां हि ते ॥

અર્થ : કામ, ક્રોધ, ભ, સ્નહ, અક, સૌહૃદ વિગેરે જે ભાવ આપણે ભગવાનમાં અખંડિત રાખી શકીએ તેથી ભગવાનમાં આપણી તન્મયતા કેળવાઈ જાય છે.

કેટલાક અણસમજુ લોકો ભગવાનની આ સમદષ્ટિને ‘ટકે શેર ભાજી ટકે શેર ખાજા’ કહીને નિંદા કરતા હોય છે. તે મૂર્ખાઓને શું કહેવું ? એવા લોકોને નથી બ્રહ્મના અદ્વૈતની સાચી સમજ કે નથી કર્મ અને તેના ફળના નિયમની સાચી સમજ. આપણા દેહના પ્રત્યેક અંગમાં જેમ આપણને અહંભાવ રહેલો હોય છે, તેથી તે અંગોથી કરવામાં આવતી અનેકવિધ ક્રિયાઓના ભેદની સાથે આપણા એક અહંકારનો અભેદ પણ તાણાવાણાની જેમ વણાયેલો રહે છે. તેમજ અસંખ્ય જીવાત્માઓના ભેદની સાથે એક પરમાત્માના અહંભાવનો અભેદ પણ તાણાવાણાની જેમ વણાયેલો હોય છે. તેથી જે કાંઈ આપણે કરીએ છીએ તેની જીવચેતનામાં થતી પ્રતીતિ મુજબ નિહાળશું તો જીવનું કર્તૃત્વ સ્ફુરિત થતું હોય છે, પણ જો પરમાત્માચેતનામાં થતી પ્રતીતિ મુજબ નિહાળીએ તો પરમાત્માનું પ્રેરકત્વ – કારયિતૃત્વ સ્ફરિત થવા માંડશે.

ઉદાહરણ રૂપે વાતચીતમાં જેઓ સંયમ રાખી શકતા નથી તેઓની વાણી સ્વચ્છંદ બની જાય ત્યારે ‘વાણી વદે છે’ એમ કહેવાય. જયારે અહંતાથી આપણી વાણીને આવરી લઈએ અને સંયમથી સાવધાનીપૂર્વક બોલવાનો પ્રયાસ કરીએ ત્યારે તો ‘વાણી થકી હું એમ વદુ છું’ એમ કહેવાય. વાણી વદવાની ક્રિયામાં કર્તા છે અને આપણે પ્રેરક–કારયિતા બની જઈએ છીએ. તેમજ ઈશ્વર આપણા દરેક કર્મનો પ્રેરક–કારયિતા છે, આપણે કર્તા.

આવી સ્થિતિમાં ઈશ્વર જો સમદષ્ટિ રાખતો હોય તો તેમાં ‘ટકે શેર ભાજી ટકે શેર ખાજા’ ની વાત લાગુ પડતી નથી.

વાણીથી વદી શકાય છે સાંભળી નથી શકાતું. કાનથી સાંભળી શકાય છે બોલી નથી શકાતું. તેમજ આંખ, નાક, ત્વચા, હાથ, પગ વિગેરે ઈન્દ્રિયો તે તે કાર્યોને સંપન્ન કરે છે. તેમાં એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયનું કાર્ય કરી શકાતું નથી. પણ જો આપણે અહંતામાં નિહાળશું તો લાગશે કે ‘‘ તે બધા કાર્યો કે વ્યાપારો ‘હું’ પોતે જ કરી રહ્યો છું. ’’ જેમ ઈન્દ્રિયોનો ભેદ આપણી અહંતાની આડે આવતો નથી તેમજ આપણી ભિન્ન જીવચેતાનો ભેદ પરમાત્માની સર્વવ્યાપી દિવ્ય ચેતનામાં સ્ફુરતી અહંતાની આડે આવી શકતો નથી. તેથી પરમાત્માની પુષ્ટિ સુસાધન નિઃસાધન કે દુષ્ટસાધન જીવો ઉપર પણ પ્રકટ થઈ શકે છે. છતાંય સુસાધનતા, નિઃસાધનતા અને દુષ્ટસાધનતાના ભેદ જળવાઈ રહે છે !

આપણી એક અહંતાથી અભિન્નતયા સંપન્ન હોવા છતાંય જેમ જોવાની, સાંભળવાની, પકડવાની કે દોડવાની વિભિન્ન ક્રિયાઓમાં ભિન્નતા રહે છે, આપણી અનેકવિધ ઈન્દ્રિયો – આંખ, કાન, હાથ કે પગ વગેરેનાં ભેદને લીધે આને આપણે ‘ટકે શેર ભાજી ટકે શેર ખાજા’ નથી ગણતા, તેમજ વિવિધ જીવાત્માઓની કયારેક સુસાધનતા કયારેક નિઃસાધનતા; અથવા તો કયારેક દુષ્ટ સાધનતાના ભેદમાં પણ એક અભિન્ન પુષ્ટિને જો પરમાત્મા પ્રકટ કરતો હોય તો તેમાં ‘ટકે શેર ભાજી.....’ કેમ વિચારવું જોઈએ !

આને આધારે જ શ્રી મહાપ્રભુજી આપણાં કર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, તપ, સ્વાધ્યાય, સંયમ, નિયમ, વ્રત, તીર્થ, જપ, ધ્યાન, અર્ચન, વિગેરે કોઈ પણ સાધનને વાસ્તવિક રીતે એટલું સક્ષમ નથી ગણતા કે તેનું અવલંબન કરવાથી પરમાત્માની પ્રાપ્તિને નિયત જ માની શકાતી હોય ! શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે પ્રભુપ્રાપ્તિ કેવલ પુષ્ટિથી જ થઈ શકે છે, સાધનોથી નહિ. ઉપનિષોમાં કહેવામાં આવ્યું છે – ‘નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેઘયા ન બહુના શ્રુતેન યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ’ અર્થ :પરમાત્માની પ્રાપ્તિ પ્રવચન, સ્વાધ્યાય કે મેઘા કે બહુશ્રવણ થકી થતી નથી, કેમ કે તે પરમાત્મા જેનું વરણ કરે તે જીવાત્મા જ તેને પ્રાપ્ત કરી શકે છે.’’

હવે એ પરમાત્મા જો સુસાધન જીવ ઉપર કૃપા કરીને તેનું વણરણ કરે તો સુસાધન જીવો તેને પામી શકે, નિઃસાધન જીવો ઉપર કૃપા કરીને તેમનું વરણ કરે તો નિઃસાધન જીવો પણ તેને પામી શકે; અને દુષ્ટ જીવો ઉપર જો કૃપા કરીને તેઓનું વરણ કરે તો દુષ્ટ સાધન જીવાત્મા પણ પરમાત્માને પ્રાપ્ર કરી શકે છે ! શિશુપાલ વિગેરે દુષ્ટ સાધનવાળા જીવાત્માઓને ભગવાનના ચરણારવિન્દની પ્રાપ્તિ થઈ હતી તેવા અનેક અહેવાલ આપણને શાસ્ત્રોમાં મળે જ છે.

આમ જોતાં સમજી શકાય કે વાસ્તવિક સાધન તો પુષ્ટિ જ છે, બાકી બધા તેના વ્યાપાર હોઈ શકે નોખા – નોખા. આ એક ગંભીર વિવેચન છે તેને આપણે એક સરળ ઉદાહરણ સમજી લઈએ.

જો મને ગરમી લાગતી હોય તો હું વિજળીનો પંખો ચલાવું છું. હવે હવા મેળવવાનું સાધન પંખો કહેવાય પણ તે જો ફરતો ન હોય તો હવા મળે નહિ; અને પંખાના પતરા કાઢી નાખીએ તો કેટલા વેગે તે કેમ ન ફરતો હોય પણ હવા નહિ જ મળે એટલે આપણે પંખાને સાધન ગણીએ છીએ અને તેનું ફરવું એ વ્યાપાર છે.

તેમ જ સાધન એ પરમાત્માની પુષ્ટિ અને આપણામાં પ્રકટ થતી કર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, તપ, સ્વાધ્યાય, સંયમ, નિયમ વ્રત, તીર્થ, જપ, ધ્યાન અને અર્ચન વિગેરે વૃત્તિઓ તે પુષ્ટિતરફ સાધનના નોખા નોખા વ્યાપારો છે. પંખાની ફરવાની ક્રિયાની માફક.

આ તો બધા ઉદાહરણ સારા સાધનોના જ આપણે જોયા, પણ પરમાત્મા એટલો સમર્થ છે કે તે ધારે તો અસાધનોને પણ સાધન બનાવી શકે; અને દુષ્ટ સાધનોને પણ સુસાધન બનાવી શકે ! તેથી જ કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐકય ભાવના, મૈત્રી વિગેરે આપણા દરેક મનોભાવોમાં પોતાના પ્રત્યે તન્મયતા કેળવીને પરમાત્મા આપણો આત્મોદ્ધાર કરવા સમર્થ છે. કંસ, પૂતના, શિશુપાલ વિગેરેના અનેક ઉદાહરણોમાં આ દિવ્ય રહસ્યનો નિરાવરણ પુરાવો આપણે જોઈ શકીએ છીએ.

શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે તેથી પરમાત્મામાં ભક્તિ કેળવી શકાતી નથી. પરંતુ પરમાત્માની પુષ્ટિ થતાં ભક્તિ મેળવી શકાય છે. કેમ કે જો આપણે આપણા પ્રયાસોથી ભક્તિ કેળવતા જઈશું તો તેના પહેલા મનને મનાવવું પડશે કે પરમાત્માની ભક્તિ થકી લૌકિક સુખ સમૃદ્ધિ વધશે, અથવા મન જો વિરક્તિપ્રધાન હોય તો તેને એમ મનાવવું પડશે કે પરમાત્માની ભક્તિ થકી બ્રહ્મજ્ઞાન કે મોક્ષ મળી શકશે.

અને આમ કરતાં આપણે શ્રીમહાપ્રજીએ અગાઉ જણાવ્યું તે પ્રમાણે આપણી ભક્તિને સ્વાર્થવાળી બનાવી દઈએ છીએ. આપણે શરૂઆતમાં જ જોઈ ગયા કે પુષ્ટિનો લાભ મેળવવાનો અધિકારી જીવાત્મા છે અને ભક્તિનો લાભ મેળવવાનો અધિકારી (બેનીફિશિઅરી) કેવલ પરમાત્મા જ હોવો જોઈએ. છતાંય ભક્તિ થકી લૌકિક સુખ સમૃદ્ધિ કે મુક્તિ મેળવવાની મથામણમાં આપણી ભક્તિ ભગવદર્થા નહી રહીને સ્વાર્થા બની જાય છે. ભગવદર્થા ભક્તિની સરિતા તો પુષ્ટિનો ધોધમાર વરસાદ આપણા હૃદય પ્રદેશ ઉપર ભગવાન વરસાવે ત્યારે જ, વહીને પરમાનંદના સાગર શ્રીકૃષ્ણની દિશા મણી વહી નીકળે છે ! અન્યથા તે સંભવ નથી.

તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે ''નામધ્યાનાર્ચનાદિક પુરસ્કૃત્ય હરેઃ વીર્ય નિરૂપ્યતે''. અર્થ : તે તે જીવોના ઉદ્ધારની કથામાં કયાંક નામથી ઉદ્ધાર વર્ણવ્યો છે, તો કયાંક ધ્યાનથી અથવા તો કયાંક પૂજનથી પણ, આ બધા નામ ધ્યાન પૂજન વિગેરે દ્વારા અંતે શ્રીહરિના સામર્થ્યનું નિરૂપણ જ અભિલષિત છે.

અજામીલે પોતાના પુત્રનું 'નારાયણ' નામ પાડયું હતું અને મૃત્યુ સમયે તે પોતાના દીકરાને જ મોહવશ યાદ કરી રહ્યો હતો. છતાંય વાણીમાં નારાયણ ! નારાયણ !! નારાયણ !!!ની રટના ચાલતી હતી તેથી વિષ્ણુદૂતોએ યમદૂતોને તેને નરકે લઈ જતા વાર્યા

હતા ! આમાં કહેવા ખાતર નામનું માહાત્મ્ય છે પણ ભીતરખાને તો ભગવાનની પુષ્ટિ–કૃપા જ એના ઉપર પ્રકટ થઈ હતી. પુષ્ટિ તે અજામીલના આત્મોદ્ધારનું સાધન હતું અને નામોચ્ચારણ તો પુષ્ટિનો વ્યાપાર બની ગયો ! જેમ શિશુપાલના ઉદાહરણમાં તેના આત્મોદ્ધારની સાધન પુષ્ટિએ દ્વેષને કે સો ગાળોને પોતાનો વ્યાપાર બનાવી લીધો હતો ! વાલ્મિકી 'મરા–મરા' કહીને પણ તરી ગયા અને આપણે 'રામ–રામ' કહેતા પણ તે ઊંચાઈ ઉપર પહોંચી શકા નથી એનું કારણ એ જ કે વાલ્મિકીના ઉદાહરણમાં પુષ્ટિએ 'મરા–મરા' ને પોતાનો વ્યાપાર બનાવી લીધો હતો, જયારે કે આપણા 'રામ–રામ'ના જપમાં આપણે આપણું સાધનબલ વાપરી રહ્યા હોઈશું. આપણે રામનામ જપીએ એ ઉત્તમ વાત હોઈ શકે છે, છતાંય જયાં સુધી શ્રીરામ અને પોતાની પુષ્ટિનો વ્યાપાર નહિ બનાવે ત્યાં સુધી કાં તો આપણે ' રામનામ' જપતા બગાસા ખાવા મંડશું, અથવા તો વાણી 'રામનામ' રટતી હશે અને મન કોઈ ક્ષુદ્ર કામમાં અટવાયેલું હશે ! એટલે સાધન તો એકમાત્ર પરમાત્માની કૃપા જ છે. બાકી બધા તેમના વ્યાપાર હોય છે, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ પરમેશ્વરની પુષ્ટિના વ્યાપારરૂપે જયારે આપણી ભીતર ભોગ–મોક્ષ કામનાથી અદૂષિત એવી અવિચલ ભક્તિ પ્રકટ થાય ત્યારે તેને 'પુષ્ટિ ભક્તિ' કહેવામાં આવે છે.

તેથી એક અર્થમાં આપણી ભીતર પ્રકટ થતા જપ, તપ, યમ, નિયમ, સ્વાધ્યાય, સંયમ, યોગ, વૈરાગ્ય, કામ, જ્ઞાન કે ભક્તિરૂપ વ્યાપારોની પ્રભાવોત્પાદકતા નગણ્ય છે, નગણ્ય એટલા માટે કે આમાંથી કોઈ પણ વ્યાપાર જીવ કર્તૃત્વબલથી પ્રકટ થાય તો તે સુંદર વાત છે. પણ પરમાત્મા તેના ફલ નિયમથી બંધાયેલા જ હોય તે જરૂરી નથી !

પરમાત્મા 'કર્તું સમર્થ' હોવાથી આવા સત્સાધનોથી જે જીવ સમ્પન્ન ન હોય તેવા નિઃસાધન જીવને પણ ફલ આપવા માટે સમર્થ છે. પરમાત્મા 'અકર્તું સમર્થ' હોવાથી આવા સત્સાધનોથી સમ્પન્ન સુસાધન જીવને ફલ ન આપવા માટે પણ સમર્થ છે, તેમજ પરમાત્મા 'અન્યથા કર્તું સમર્થ' હોવાથી આ જપ, તપ, યમ, નિયમ વિગેરે સાધનોથી વિપરીત કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વિગેરે દુષ્ટ સાધનોવાળા જીવોને પણ મુક્તિદાન કરવા સમર્થ છે. જેમ પૂતના, કુબ્જા, કંસ, શિશુપાલ વિગેરેનો ઉદ્ધાર પ્રભુએ કર્યો જ હતો કે નહિ ! તેમના ઉદ્ધારના સાધન તેમના દુર્ગુણ નહોતા પણ પ્રભુકૃપા હતી. પ્રભુકૃપાએ તેમના દુર્ગુણોને તેમના આત્મોદ્ધારના વ્યાપાર બનાવી લીધા હતા. જેમ ન્યાયાલયના ચુકાદાઓમાં કયારેક કયારેક અમુક 'રૂલીંગ' અપાતી હોય છે. તેવી રૂલીંગને બીજા મુદ્દાઓ સાથે સરખામણી કરીને વકીલો અવાર–નવાર ટાંકતા હોય છે, અને તેના આધારે ન્યાયની પ્રાર્થના કરતા હોય છે. તે મુજબ શાસ્ત્રોમાં અનુગ્રહના વ્યાપાર તરીકે પ્રકટ થનાર જે જે સારા સાધનો કે દુષ્ટ સાધનોના અહેવાલ મળે છે તે આધારે આપણે પણ પ્રભુની પ્રાર્થના કરી શકીએ કે 'હે પ્રભુ ! મારામાં પણ કામ, ક્રોધ વિગેરે દુર્ગુણો છે છતાંય તું જો મને તારી કૃપાનું પાત્ર બનાવે તો તેમાં તને કાંઈ વાંધો નહિ આવે!''

જેમ એક વકીલ કોઈક દાવાના ચુકાદામાં આપવામાં આવેલ કાનૂની વ્યાખ્યાઓનો પોતાના દાવામાં દાખલો આપે, બંનેની વચ્ચે સરખામણી પણ સિદ્ધ કરી દેખાડે છતાંય તેને

સ્વીકારવું કે નહિ તે ન્યાયાધીશના નિર્ણય ઉપર અવલંબે છે. તેવી જ રીતે પરમાત્માની સમક્ષ કૃપાની યાચના કરતાં આપણી નિઃસાધનતા કે દુષ્ટ સાધના કે તેવા બીજા ઉલ્લેખો પણ કરીએ, છતાંય કૃપાના આપણે પાત્ર છીએ કે નહિ તે તો કેવલ પરમાત્માની ઈચ્છા ઉપર જ નિર્ભર છે.

પરમાત્મા દુષ્ટ સાધનતાને પણ કૃપાનો વ્યાપાર બનાવતો હોય, તેથી જો આપણે દુષ્ટ સાધનતા કેળવવા જઈશું તો તેથી કોઈ દહાડો વળવાનો નથી. તેમજ પરમાત્માની ઉપર નિષ્ઠા હટાવીને આપણા સાધનબલ ઉપર જ જો નિષ્ઠા કેળવવાનો પ્રયાસ કરીશું તો કૃપાર્થિતા આપણી સ્પષ્ટ નહીં થાય તેથી શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત છે કે 'સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્'' જેવી પોતાની શક્તિ કે સામર્થ્ય હોય તે મુજબ સ્વધર્માચરણ કરતા રહેવું અને વિધર્માચરણથી બચતા રહેવું,'' આવી રીતિ–નીતિ રાખીને પૂર્ણ નિષ્ઠા તો કેવલ પ્રભુ ઉપર જ રાખવી. આપણા ધર્મ સાધનબલ કરતાં ધર્મી પરમાત્માનું કૃપાબલ વધારે પ્રભાવશાળી નીવડે છે તેવી નિષ્ઠાથી સાધન કરતાં સ્વયં પરમાત્મામાં નિષ્ઠા આદર રુચિ કે સ્નેહ રાખવા તેને ભક્તિમાર્ગમાં નિઃસાધનભાવ કહેવામાં આવે છે.

આ નિઃસાધનભાવાત્મિકા ભક્તિ એ પ્રભુની પુષ્ટિના રૂપમાં જે સાધન છે તેનો જ વ્યાપાર બની શકે છે. અન્યથા આપણા હૃદયનું સામર્થ્ય એટલું નથી કે તે ભાવવાસ્તવિકતા આપણા હૃદયમાં સ્પષ્ટપણે આરૂઢ થઈ શકે ! તેથી પુષ્ટિભક્તિનું એક પ્રમુખ લક્ષણ 'નિઃસાધનભાવાત્મિકા ભગવદાસક્તિ' પણ સમજવું જરૂરી છે. જે જીવાત્મામાં નિઃસાધનભાવાત્મિકા પુષ્ટિ–ભક્તિ પ્રકટ થઈ શકે છે, તેવા જીવને શ્રી મહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય જીવ તરીકે સ્વીકારે છે. જે જીવમાં દુષ્ટ સાધનોનું આકર્ષણ વધારે છે તે કાં તો પ્રવાહમાર્ગીય જીવ છે કાં તો તેમાં પ્રવાહમાર્ગીય આવેશ છે. તેમજ જે જીવમાં પોતાના સત્સાધનોમાં ભગવાન કરતાં વધુ નિષ્ઠા છે તેને શ્રીમહાપ્રભુ મર્યાદામાર્ગીય જીવ તરીકે આલેખે છે. જે જીવને પરમાત્મા ઉપર જ કેવળ પૂર્ણ નિષ્ઠા હોય, બાકી તેનાથી જે કાંઈ શકય હોય તે ધર્મ કરતો હોય અને જે શકય ન હોય તે ન પણ કરતો હોય (!) છતાંય કોઈ પણ રીતે ભગવદ્વિભુખ ન હોય, તેવા જીવને પુષ્ટિમાર્ગીય નિઃસાધન જીવ સમજવો જોઈએ.

નિઃસાધનતાની ભાવભૂમિમાં પ્રભુની પુષ્ટિના બીજના વાવેતરથી થતો પાક, તે પુષ્ટિભક્તિનું સ્વરૂપ સમજમાં આવતાં ભગવત્કથા નવમ સ્કંધથી–દશમસ્કંધ તરફ આગળ વધી શકે છે.

**સવાલ ૨૧ : પુષ્ટિમાર્ગીઓએ પુષ્ટિમાર્ગેતર વિદ્વાનોના પ્રવચનથી લાભાન્વિત થવું કે નહીં ?**

જવાબ ૨૧ : મનુષ્યના જીવનમાં સદસદ્વિવેકનું ઘણું જ મહત્વ છે. સદસદ્વિવેક વગર મનુષ્યના સમાજ અને જાનવરોના ટોળામાં ભેદ કરી શકાતો નથી.

નાસ્તિકો સદસદ્વિવેક પોતાની મતિ મુજબ કરવાનો આગ્રહ સેવે છે. જયારે આસ્તિકો શ્રદ્ધા–ભક્તિપૂર્વક શાસ્ત્રો અને સ્વાચાર્યની આજ્ઞાને અનુસરવામાં જ સાચો સદસદ્વિવેક

માને છે. ભગવાન પણ ગીતાજીમાં કહે છે કે ''તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતીં, જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તતં કર્મ કર્મમિવૃધૃસિ.''

અર્થ : શું કરવું કે શું ન કરવું તે જાથવાનો ઉપાય કેવળ શાસ્ત્ર જ છે તેથી સરખી રીતે શાસ્ત્રીય વિધિ–વિધાન સમજીને જ તે મુજબ પોતાનું કર્તવ્ય નિર્ધારિત કરવું.''

આપણા જીવનમાં વ્યવહારની ત્રણ શ્રેણીઓ દેખાય છે : (૧) ઉત્તમ, (૨) મધ્યમ, (૩) અધમ.

(૧) સાચા કે સદ્‌લશ્યને મેળવવા માટે સન્માર્ગ ઉપર ચાલવું તે ઉત્તમ શ્રેણીનો જીવન–વ્યવહાર ગણી શકાય.

(૨) મધ્યમ શ્રેણીના જીવન વ્યવહારમાં બે ભેદ હોય છે. (ક) સદ્‌લક્ષ્યને મેળવવા માટ અસન્માર્ગનો પણ આશ્રય લેવો, અથવા (ખ) સન્માર્ગનો ઉપયોગ અસદ્‌લક્ષ્યને મેળવવા માટે કરવો. આમ એવા બે પ્રકારો મધ્યમ શ્રેણીમાં જોવામાં આવે છે.

(૩) અધમ શ્રેણીનો જીવનવ્યવહાર અસદ્‌લક્ષ્ય સુધી પહોંચવા માટે અસન્માર્ગના અવલંબનમાં રહેલો છે.

મધ્યમ શ્રેણીના વ્યવહારમાં મોટા ભાગના માણસો પોતાની સહજ દુર્બલતાને લીધે કયારેક અસદ્‌લક્ષ્ય અને કયારેક અસન્માર્ગને સ્વીકારતા જોવામાં આવે છે. આમાં નવું કંઈ પણ નથી – મનુષ્યનો સ્વભાવ જ આમાં હેતુ બની રહે છે. ભગવાને રાજસ ગુણની શ્રેણીવાળા આવા માણસોને મધ્યે ''તિષ્ઠંતિ રાજસઃ'' તરીકે ગીતમાં બિરદાવ્યા છે.

ગીતાજીમાં ભગવાન કહે છે કે ''લોભઃ પ્રવૃત્તિરારંભઃ કર્મણિ મશમઃ સ્પૃહા રજસ્યેતાનિ જાયન્તે વિવૃધ્ધે ભરતવર્ષભઃ'' અર્થ : ''કેવલ યશલોભથી કે ધનલોભથી જ બધા કાર્યોનો પ્રારંભ કરનારાઓની તેવી સ્પૃહા કે કામના કદિ પણ સંતુષ્ટ થતી જ નથી. હે અર્જુન ! રજોગુણ વધતાં આવા લક્ષણો પ્રકટ થાય જ છે.''

માણસોમાં રહેલો આ લોભ જ તેને અસદ્‌લક્ષ્ય અથવા અસન્માર્ગ વરણ કરવામાં હેતુ બની જાય છે.

અસન્માર્ગ વડે સાચા લક્ષ્યને મેળવવાના રજોગુણ વૃત્તિ આત્મકલ્યાણ માટે કયારેક અથવા કદાચ સહાયક થાય ખરી. છતાં ય જનકલ્યાણ કરવા માટે અસન્માર્ગ ઉપર ચાલવાથી જનતામાં અયુક્ત કે ખોટા ઉદાહરણો સ્થાપિત થાય તેથી પુષ્ટિમાર્ગેતર વિદ્વાનોના ધાર્મિક પ્રવચન કે કથાથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ લાભાન્વિત થવું કે નહીં તે ગંભીર વિચાર માંગી લે છે.

જો પે વલ્લભચરણ ગહે !

તો મન કરત વૃથા કયોં ચિંતા હરિ હિય આય રહે.

જન્મ જન્મ કે કોટિક પાતક છિનહી માંઝ દહે,

સાધન કર સાધો જિન કોઉ સબ સુધ સુગમ લહે

કોટિ કોટિ અપરાધ ક્ષમા કર સદા નેહ નિબહે,

અબ સંદેહ કરો જિન કોઉ કરુણાસિંધુ લહે.

અબલો બિન સેવે શ્રીવલ્લભ ભવદુઃખ બહોત સહે,

રસિક મહાનિધિ પાય ઔર ફલ મન વચ ક્રમ ન ચહે.

**સવાલ ૨૨ : શ્રીપ્રભુના ચરણકમળોમાં ષોડશ ચિહ્નો વિદ્યમાન છે એવું નિરૂપણ છે. જુદા – જુદા ગ્રંથોમાં જુદા – જુદા ચરણચિહ્નોનું નિરૂપણ જોવા મળે છે. તો વાસ્તવમાં શ્રીપ્રભુના ચરણકમળોમાં કયા ચરણચિહ્નો વિદ્યમાન છે ?**

જવાબ ૨૨ : શ્રીમહાપ્રભુજીએ રાસપંચાધ્યાયીમાં ખૂબ સુંદર આજ્ઞા કરી છે. રાસ સમયે પ્રભુનું સ્વરૂપ તો એક જ પ્રકટ થયું. પરંતુ ત્યાં જેટલા ભકતોએ પ્રભુનાં દર્શન કર્યાં તે સૌ ભકતોને પોતપોતાના ભાવ પ્રમાણે પ્રભુના પ્રત્યેક શ્રીઅંગના વિવિધ પ્રકારે દર્શન થયાં. શાસ્ત્રોમાં પ્રભુનાં અનેક પ્રકારનાં રૂપોનું વર્ણન છે.

શાસ્ત્રોનો વિચાર કરતાં આપણે ધીરજ રાખતા નથી, એટલે એવું માનીએ છીએ કે પ્રભુનાં આવાં વિવિધ રૂપો છે. પ્રભુનું કોઈ એક રૂપ નથી. માટે પ્રભુનાં બધાં રૂપો ખોટાં છે. આપણી બુદ્ધિની આ દુરાગ્રહિતા છે. શાસ્ત્ર તો એમ વિચારે છે કે આ બધાં જ રૂપો એક પરમાત્માનાં જ છે.

આપણે ત્યાં ઘણા પુરાણો છે જેમ કે શિવપુરાણ, શાકતપુરાણ, વૈષ્ણવપુરાણ તમે કોઈ પણ પુરાણને જોશો તો તમને જણાશે કે જે પુરાણ જે દેવનું પ્રતિપાદન કરતું હમે તે પુરાણ તે દેવને જ મુખ્ય બતાવશે. આમ બધાં પુરાણો જોતાં આપણે કેવી રીતે કહી શકીશું કે આમાંથી પરમાત્માનું કયું રૂપ સાચું ? જે અનેક રૂપ ધારણ કરવા શક્તિમાન છે તે પરમાત્માનાં બધાં જ રૂપ સાચાં છે તેનું કોઈ રૂપ ખોટું નથી.

કેટલાક સંકુચિત વિચારવાળા લોકો એમ કહે છે કે, ભગવાન જગતના ૫િતા છે. તેઓ જગતના પિતા હોવાથી જગતના પુત્ર કેવી રીતે થઈ શકે ? જો ભગવાનનો જગતપિતા તરીકેનો જ એક લૌકિક સંબંધ સત્ય હોઈ શકે તો તેઓ જગતપુત્ર પણ કેમ ન થઈ શકે ?

કૃષ્ણલીલામાં કૃષ્ણ સાંદીપનિ ઋષિને ત્યાં ભણ્યા તછી જ્ઞાની બન્યા. વાસ્તવમાં એવું નથી. કૃષ્ણ સાંદીપનિ ઋષિને ત્યાં ગયા તે પહેલાં તેમણે બાલલીલામાં ઈન્દ્રયાગ બંધ કરાવી, ગોવર્ધનપૂજાનો ઉપદેશ આપ્યો હતો. આ પ્રસંગમાં કૃષ્ણે આખા વેદાંતનું જ્ઞાન સમજાવ્યું હતું. સાંદીપનિ ઋષિને ત્યાં ભણ્યા તે પહેલાં કૃષ્ણ અજ્ઞાની હતા. અને ભણ્યા પછી જ્ઞાની બન્યા એમ નથી. તે પહેલાં પણ તેઓ જ્ઞાની હતા છતાં, કૃષ્ણ શિષ્ય થઈ શકે છે અને સાંદીપનિ ઋષિનુ તત્યાં ભણતાં ભણતાં પણ જગતગુરુ બની શકે છે.

પરમાત્માનું આ સમાર્થ્ય છે. તેથી તેમને એવી શરમ આવતી નથી કે હું જગતગુરુ

હોવાથી સાંદીપનિ ઋષિ પાસે કેવી રીતે ભણું ? પરમાત્મા તો એમ વિચારે છે કે જો કોઈના હૃદયમાં એવો ભાવ હોય કે હું પરમાત્માને પણ ભણાવું, તો તેના ભાવના પોષણ માટે હું શિષ્ય બનવા પણ તૈયાર છું. ગીતાજીમાં ભગવાન કહે છે : ''યે યથા મામ્ પ્રપદ્યંતે તસ્તિથૈવ ભજામ્યહમ્ ।'' આ ભાવથી પરમાત્મા પોતાના અનેક રૂપ પ્રકટ કરી શકે છે.

જયારે ભગવાન કૃષ્ણ કંસના દરબારમાં પધાર્યા ત્યારે તેઓ સ્ત્રીઓને કામદેવ રૂપે દેખાયા. શું અગિયાર વર્ષનો બાળક કામદેવ લાગે ખરો ? પ્રભુનું આ સામર્થ્ય છે. જો આપણામાં જોવાની વૃત્તિ હોય તો પરમાત્માં તેવું દશ્ય છે જ. જેટલા સંબંધ, જેટલા રંગ, જેટલા સ્વાદ જગતમાં છે તે બધા પ્રભુમાં છે. આપણો જેવો ભાવ હશે તેવો અનુભવ આપણને થશે.

સમુદ્રમાં ગટર પણ મળે છે અને ગંગા પણ મળે છે. બધી નદીઓ સમુદ્રને મળે છે. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે બધી નદીઓના સ્નાનનું ફળ સમુદ્રસ્નાનથી મળે છે; પરંતુ આપણે સમુદ્ર સ્નાન કરતાં ગટરની ભાવના કરીશું તો તેવું ફળ મળશે. ગંગાની ભાવના કરીશું તો તેવું ફળ મળશે.

આવી રીતે, આપણામાં ગુરુભાવ હશે તો પ્રભુ શિષ્ય બનશે. આપણામાં વાત્સલ્યભાવ હશે તો પ્રભુ પુત્ર બનશે. આપણામાં પુત્રભાવ હશે તો પ્રભુ પિતા બનશે. સેવકભાવ હશે તો પ્રભુ સ્વામી બનશે અને સ્વામીભાવ હશે તો તેઓ સેવક પણ બનશે.' – (સર્વ ખલુ ઈદમ બ્રહ્મ)

આથી જગતમાં જેટલાં નામરૂપ છે તે બધાં પ્રભુનાં જ છે. તેથી શાસ્ત્રોમાં પ્રભુના સ્વરૂપના વિવિધ વર્ણનો આવે તો આપણે ગભરાવાની જરૂર નથી. પ્રભુના સ્વરૂપનું ચિંતન કરતાં આપના જે જે ચરણચિહ્નના વર્ણન મળે તેમનો વિચાર કરતાં, આપણને જે જે ચિહ્નના ચિંતનથી આનંદ થાય તે તે ચરણચિહ્ન આપણે માનવું.

હું પધરામણીએ ગયો હતો. ત્યમં મને મઝા આવી. ઘરના વડીલે બાળકને કહ્યું : 'પગે લાગ' બાળકે પૂછયું : ' કોને પગે લાગું ?' વડીલે કહ્યું : 'જે જે બાવાને પગે લાગ.' બાળકે પૂછયું : 'જે જે બાવા કયાં છે ?' બાળકને મન 'જે જે બાવા' એટલે ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજી. તે બાળક મારા જેવા દાઢીવાળા બાવાને જેજે માનીને કેવી રીતે પગે લાગે ? આપણામાં આવી અનન્યતા હોવી જ જોઈએ. ખરેખર તે બાળકને ધન્યવાદ ઘટે છે. કારણ કે તેનામાં આવી અનન્યતા હતી. બાળકના મનમાં તેના જે જે બાવા પ્રત્યે જો શ્રદ્ધા હશે તો તે તેમને જ પગે લાગશે, બીજાને નહીં. આપણને કોઈ કહે કે 'પગે લાગો' ત્યારે આપણા મનમાં પણ આવો જ પ્રશ્ન ઊઠવો જોઈએ – 'હું કોને પગે લાગું ?'

આમ પ્રભુના ચરણારવિંદના જે ચિહ્ન મને પસંદ આવ્યાં તેનું હું ધ્યાન ધરું. કોઈ બીજી વ્યક્તિ બીજું ચરણચિહ્ન બતાવે ત્યારે આપણી આંખ તરત શોધવા ।ગે કે તે ચિહ્ન કયાં છે ?

એક કલા વિવેચક એક વખત ખજૂરાહો ગયા. ત્યાં એક યુરોપિયન બાઈ પણ આવી

હતી. બંને ત્યાંના મંદિરોની શિલ્પાકૃતિઓ જોતાં હતાં. તે ભારતીય કલાવિવેચકે યુરોપિયન બાઈને કહ્યું : ‘ અહીંના આ યુગલચિત્રોથી મને સાચે જ શરમ આવે છે.’ ત્યારે તે યુરોપિયન બાઈએ પૂછ્યું : ‘યુગલચિત્ર કયાં છે ?’ ભાતીય કલાવિવેચકે કહ્યું : આ સામે તો છે!’ ત્યારે યુરોપિયન બાઈ બોલી : ‘અરે ! અહીં તો ભારોભાર કલા ભરેલી છે. મને કોઈ યુગલ તો દેખાતાં જ નથી.’

આનું કારણ એ છે કે દરેક વ્યક્તિને પોતપોતાની દૃષ્ટિ હોય છે. આપણી દૃષ્ટિથી ત્યાં યુગલ ચિત્રો જ દેખાય. પરંતુ તે બાઈની દૃષ્ટિથી તેને શિલ્પકલાના ઉત્તમનમૂનાઓ જ દેખાયા. આમ આપણે જે જોવું હોય તે જ દેખાય છે.

એક વ્યક્તિ તાજમહલ જોવા ગઈ. તાજમહાલ જોઈને તેણે કહ્યું : ‘અરે ! આમાં શું જોવા જેવું છે ! અહીં તો બાદશાહ અને બેગમ સૂતેલાં છે. ’ જો તેની પાસે આર્કિટેકટની દૃષ્ટિ હોત તો તેને તાજમહલમાં સુંદર ભવન દેખાત. જો કલાદૃષ્ટિ હોત તો તેને સુંદર કોતરકામ દેખાત. કારણ, તાજમહલ આ ત્રણેય ચીજો છે.

મને એક વખત એક વ્યક્તિએ કહ્યું : ‘આ લોકો કહે છે કે આપણા ભગવાન શ્રીકૃષ્ણ નરકમાં છે. તમે તેમને જવાબ આપો.’ મેં તેમને કહ્યું : તેમની વાત સાંભળી આપણે ગભરાવાની કશી જરૂર નથી. એમની વાતથી ભગવાન કૃષ્ણની કશી બદનામી થતી નથી. કારણ કે ભગવાન સર્વત્ર વ્યાપક છે. એટલે નરકમાં પણ ભગવાન હોય. જેને ભગવાનને નરકમાં જોવા હોય તેને ત્યાં પણ દેખાય. જેમને સ્વર્ગમાં જોવા હોય તેમને ત્યાં પણ દેખાય. જેમને ગોકુલમાં જોવા હોય તેમને ગોકુળમાં પણ દેખાય. ભગવાનનું દર્શન દેખવાવાળાની ઈચ્છા ઉપર આધારિત છે કે તે ભગવાનને કયાં જોવા માંગે છે ?’

આવી જ રીતે, ભગવાનનાં ચરણારવિંદનું જે જે ચિહ્ન આપણા મનને આનંદ આપે, તે તે ચિહ્નનું આપણે ધ્યાન ધરવું.

**સવાલ ૨૩ : શ્રી હરીરાયજી કૃપ ‘ભગવદ્ચરણચિહ્નવર્ણનમ્’ નામનો ગ્રંથ છે. તેમાં ભગવાનના સોળ ચરણચિહ્નનું નિરૂપણ છે. પ્રત્યેક ચરણ ચિહ્નના ધ્યાનથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. એમ કહ્યું છે. તો અલૌકિક રસાત્મક ભગવાનના અલૌકિક રસાત્મક ચરણચિહ્નથી આવી લૌકિક ફળ પ્રાપ્તિ કેમ બતાવી હશે ?**

જવાબ ૨૩ : હું એક વખત કિશનગઢ ગયો હતો. ત્યારે મારી પાસે એમ. એ. માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ આવ્યા. તેઓ ફિલોસોફી વિષયમાં એમ. એ. કરતા હતા. તેમણે મને કહ્યું : ‘મહારાજ ! અમારે ચાર્વાક મત શીખવો છે. મેં તેમને સમય આપ્યો. ગામવાળા બીજા વૈષ્ણવોને ખબર પડી કે મહારાજ અમુક સમયે પ્રવચન કરવાના છે. એટલે તે સમયે બે–ચાર વૈષ્ણવો પણ આવીને બેસી ગયા. જે પોતાની જાતે આવીને બેસે તેમને કાઢી તો મુકાય નહીં. મેં પેલા વિદ્યાર્થીઓને ચાર્વાક મત શીખવવો શરૂ કર્યો. મેં કહ્યું : ‘આત્મા નથી, ઈશ્વર નથી – દુનિયામાં મોજમઝા કરવી એ જ શ્રેષ્ઠ બાબત છે.’ આ સાંભળી, ત્યાં બેઠેલા બે–ચાર વૈષ્ણવોએ રડવાનું શરૂ કરી દીધું. હું ગભરાઈ ગયો. મેં પૂછ્યું : ‘ અરે ભાઈ,

તમે કેમ રડવા લાગ્યા ? તેઓ કહે : ‘આપ મહારાજ થઈ, આવી આજ્ઞા કરો છો. હવે અમારું શું થશે ?’ મેં કહ્યું : ‘હું તમને કયાં આજ્ઞા કરું છું ? જે વિદ્યાર્થીઓ ચાર્વાક મત શીખવા આવ્યા છે, તેમને ચાર્વાકનો મત શીખવું છું, ચાર્વાક મતમાં જે વાત આવતી હોય તે જ શીખવું કે બીજી શીખવું ? ચાર્વાક મત શીખવતાં કૃષ્ણભક્તિ કરવાનું હું કેવી રીતે કહું ?’

આવી જ રીતે, જયારે શ્રીહરિરાયજીએ ‘ભગવદચરણચિહ્નવર્ણનમ્’ ગ્રંથ રચ્યો હશે ત્યારે કોઈ અધિકારી જીવ આવ્યો હશે, જેને માટે શ્રીહરિરાયજીએ અમુક ચિહ્નના ધ્યાનથી લક્ષ્મી પ્રાપ્ત થાય એવી આજ્ઞા કરી હશે. આ વાત શ્રીહરિરાયજી જ જાણી શકે. શ્રીહરિરાયજી પાસે જરૂર કોઈ વણિક બુદ્ધિવાળી વ્યક્તિ આવી હશે, જે ભગવાનનાં ચરણમાંથી લક્ષ્મીને છીનવી લેવા માંગતી હશે. એટલે શ્રીહરિરાયજીએ ‘તથાસ્તુ’ કહ્યું હશે. તેની ચિંતા આપણે કરવાની જરૂર નથી. આપણી વાર્તામાં એક મઝાનો પ્રસંગ આવે છે. જયારે કૃષ્ણદાસ અધિકારી મૃત્યુ પામ્યા ત્યારે શ્રીનાથજીના અધિકારી કોને બનાવવા, તે પ્રશ્ન ઊભો થયો. શ્રીગુસાંઈજી પરમદયાળુ છે, એટલે તેમણે વિચાર કર્યો કે, હું મારા હાથે કોઈને અધિકારી બનાવી તેનું અહિત કરું ? ત્યારે શ્રીનાથજીએ શ્રીગુંસાઈજીને કહ્યું : ‘તમારે અહિત કરવાની જરૂર જ કયાં છે ? તમે ઉપરણો લઈને ઊભા રહો. જેનું અહિત થવાનું હશે તે ઉપરણો ઓઢવા માથું નમાવશે.’ શ્રીગુસાંઈજીએ કોઈને અધિકારી બનવા આમંત્રણ ન આપ્યું, જેથે માથું નમાવ્યું તેને ઉપરણો ઓઢાડયો. જેનું અહિત થવાનું હોય તે અધિકારી બને, આપણે શા માટે કોઈનું અહિત કરીએ ? કારણ કે મંદિરમાં જો કોઈનો અધિકાર હોય તો કેવળ શ્રીઠાકોરજીનો હોય, આપણો કેવી રીતે હોય ? મહાનુભાવોએ સાચું કહ્યું છે : જાકો પ્રભુ દારુણ દુઃખ દેહી, તાકી બુદ્ધિ

પ્રથમ હરિ લેહી' – પ્રભુ જેને દારુણ દુઃખ આપવા માંગતા હોય તે મંદિરનો અધિકારી અથવા ટ્રસ્ટી બની જાય.. તેને માટે પ્રભુની ઈચ્છા શી છે, તે વાત પરથી સમજી લેવું. તે સમજયા પછી તેની ચિંતા ન કરવી, કારણ કે પ્રભુ જેનું હિત કરવા માંગતા હોય તે કદી મંદિરમાં અધિકારી કે ટ્રસ્ટી ન બને.

શ્રીઠાકોરજી આપણા માથે બિરાજે છે, આપણે થોડા શ્રીઠાકોરજીના માથે બેસી શકીએ ? શ્રીઠાકોરજીનું ટ્રસ્ટ કેવું અને ટ્રસ્ટી કેવા ? આપણા મનમાં એવો ભાવ જાગે કે આપણે શ્રીઠાકોરજીની લક્ષ્મીના ટ્રસ્ટી છીએ, તો સમજી લેવાનું કે આપણું અહિત થવાનું છે.

આવી જ રીતે, જેણે લક્ષ્મીની કામના કરી હશે તેને માટે શ્રીહરિરાયજીએ લક્ષ્મીની ફળપ્રાપ્તિનું વિધાન કર્યું હશે; પણ આપણે સમજી લેવું જોઈએ કે લક્ષ્મી ભગવાનનાં ચરણ છોડી બીજે કયાં જશે નહીં. લક્ષ્મી ભગવાનનાં ચરણમાં બિરાજે છે. તે ભગવાન માટે બિરાજે છે, આપણા માટે નહીં.

**સવાલ ૨૪ : અન્યાશ્રયનું સ્વરૂપ શું છે ?**

જવાબ ૨૪ : દરેક વસ્તુ અન્ય છે અને છતાં કશું જ અન્ય નથી. આપણે જયાં સુધી પરણ્યા ન હોઈએ ત્યાં સુધી કન્યાઓના એક હજાર ફોટા જોઈએ તો પણ વાંધો ન આવે. પરણ્યા પછી જેની સાથે પરણ્યા નથી તેના ફોટા આપણા પાકીટમાં રાખીએ તો વાંધો આવી જાય. પરણ્યા પહેલાં એક હજારને મળવામાં અને ફરવામાં પણ આજે વાંધો નથી આવતો, પુરાણા જમાનામાં વાંધો આવતો હતો. પરણ્યા પછી બીજાનો ફોટો રાખવો તેનું નામ અન્યાશ્રય. જેને પરણ્યા હોઈએ તેનો જ ફોટો પાકિટમાં રાખવો તેનું નામ અનન્યાશ્રય.

**સવાલ ૨૫ : સ્વરૂપનિષ્ઠા અને ધર્મનિષ્ઠા વચ્ચે શું તારતમ્ય છે ?**

જવાબ ૨૫ : પ્રભુના સુખના વિચારથી દરેક કાર્ય કરવું તે સ્વરૂપ નિષ્ઠા. આપણા આત્મોદ્ધારના વિચારથી દરેક કાર્ય કરવું તે ધર્મનિષ્ઠા. આપણા દેહનાં સુખના વિચારથી દરેક કાર્ય કરવું તે દેહનિષ્ઠા.

મને ગમે છે માટે હું કહું તે દેહનિષ્ઠા કહેવાય. મને ન ગમતું હોય પણ શાસ્ત્રમાં આત્મોદ્ધાર માટે અમુક વસ્તુ કરવાનું કહેવામાં આવ્યું છે, તે મારે કરવું જ જોઈએ તે ધર્મનિષ્ઠા કહેવાય. મારા ધર્માચરણથી પ્રભુને કષ્ટ થતું હોય તો પ્રભુનાં સુખ માટે મારું ધર્માચરણ પણ ન્યોચ્છાવર કરી દઉં તે સ્વરૂપનિષ્ઠા કહેવાય.

વાર્તાસાહિત્યમાં પ્રસંગ આવે છે. પદ્મનાભદાસજીને ત્યાં વણઝારો રડતો–કકળતો આવ્યો, ત્યારે તેમણે કહ્યું : 'હું મારો ધર્મ ગિરે મૂકીને પણ તને પૈસા અપાવી દઈશ, પરંતુ તું અત્યારે કકળાટ બંધ કર. કારણ કે મારા ગુરૂદેવ આરોગી રહ્યા છે.' આમાં સ્વરૂપનિષ્ઠા છે, ધર્મનિષ્ઠા નથી. તેમણે શ્રીમહાપ્રભુજીના સુખ માટે પોતાનો ધર્મ પણ ગિરે મૂકયો.

સવાલ ૨૬ : ૮૪/૨૫૨ વૈષ્ણવો પૈકી કેટલાક વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ વ્રત કરાવ્યા વિના બ્રહ્મસંબંધ આપ્યું છે, તો અમુક વૈષ્ણવને વ્રત કરાવીને બ્રહ્મસંબંધ આપ્યું છે. આવો ભેદ કેમ ?

જવાબ ૨૬ : વ્રત કરાવ્યું તેની પાછળનો હેતુ શુદ્ધિનો છે. સામાન્યતઃ એવી મર્યાદા છે કે અપરસમાં સ્નાન કર્યા વિના બ્રહ્મસંબંધ ન લેવાય; પરંતુ અમારા ઘરોમાં એવી પદ્ધતિ છે કે જેનાં લગ્ન થાય તેના હાથે કંકણ બાંધવામાં આવે છે. આ કંકણ શાસ્ત્રીય રીતે સિદ્ધ કરેલાં હોય છે. એટલે તે બાંધ્યા પછી સ્નાન કરી શકાતું નથી. જેટલા દિવસ હાથમાં તે કંકણ રહે તેટલા દિવસ સ્નાન ન થાય. જયારે પરણીને વધૂ અમારે ઘેર આવે ત્યારે અમે તરત જ તેને બ્રહ્મસંબંધ અપાવીએ છીએ. તે વખતે અપરસમાં નહાતી નથી, કારણ તેના હાથમાં શાસ્ત્રીય કંકણ બાંધેલું હોય છે. એટલે આ સ્તિમાં અપરસમાં નહાયા વિના પણ બ્રહ્મસંબંધ થયેલું; પરંતુ મારી પુત્રીઓને મેં બ્રહ્મસંબંધ કરાવ્યું ત્યારે તેમનાં લગ્નનો પ્રસંગ નહોતો, તેથી તેમને અપરસમાં સ્નાન કરાવીને બ્રહ્મસંબંધ કરાવેલું.

આમાં મુખ્ય હેતુ શુદ્ધિનો છે. શુદ્ધિના હેતુથી જ સ્નાન કરવામાં આવે છે. દેહની બાહ્ય શુદ્ધિ સ્નાનથી થાય છે, દેહની આંતરશુદ્ધિ વ્રતથી થાય છે. શાસ્ત્ર કહે છે : 'અનશનથી મોટું તપ બીજું કોઈ નથી.'

શ્રીમહાપ્રભુજી અતિ સમર્થ છે. આપ જોઈ શકે છે કે અમુક વ્યક્તિનું અંતઃકરણ અીત શુદ્ધ છે. આવી વ્યક્તિને આપ વ્રત ન પણ કરાવો તો તે તેમના સામર્થ્યની વાત છે. તેને આપણે નિયમ નહીં કહીએ; પરંતુ અપવાદ કહીશું.

જેમ લગ્નમાં શાસ્ત્રીય કંકણ બંધાય છે, તેમ જનોઈમાં પણ બાળકના હાથે શાસ્ત્રીય કંકણ બંધાય છે, ત્યારે તે બાળકને અપરસમાં સ્નાન વિના બ્રહ્મસંબંધ આપી શકાય છે.

જેમ સ્નાન દ્વારા શુદ્ધિની મર્યાદા શાસ્ત્રે આપી તેમ શાસ્ત્રીય કંકણ દ્વારા વિના સ્નાને શુદ્ધિની મર્યાદા પણ શાસ્ત્રે બતાવી. તેમાં એટલે સુધીનું વિધાન છે કે ઘરમાં કોઈનું મરણ થઈ જાય, પણ જો હાથે આ શાસ્ત્રીય કંકણ બાંધેલું હોય તો તેને સૂતક લાગતું નથી. આપણને વિચાર આવે કે મહારાજે શુદ્ધિનો આપણને ખૂબ સસ્તો ઉપાય બતાવી દીધો, હવે આપણે બારેય મહિના આ શાસ્ત્રીય કંકણ બાંધીને જ ફરીએ પછી 'ડાહીનો ઘોડો રમતો–જમતો, હરતો–ફરતો છૂટ્ટો.' આપણો આવો વિચાર ન ચાલે, કારણ કે જે વખતે આ કંકણ બાંધવાનું શાસ્ત્રનું વિધાન છે તે સમય પૂરતું જ તે બંધાવાય, હંમેશ માટે નહીં.

આજે કયાંક કયાંક એવી પદ્ધતિ પણ જોવા મળે છે કે આજે બ્રહ્મસબંધ લઈ લો, આવતી કાલે વ્રત કરી લેજો. તો શું બ્રહ્મસંબંધ લેવાથી તે વ્યક્તિમાં અશુદ્ધિ ઉત્પન્ન થઈ, કે જેના નિવારણ માટે તેણે બીજા દિવસે વ્રત કરવું પડે ? આપણે આવા અગડમ્ બગડમ્ ક્રમમાં ફસાવું ન જોઈએ.

વ્રત કરવા માછળનો ભાવ એ છે કે જ્યારે આપણે પ્રભુને આત્મનિવેદન – આત્મસમર્પણ કરી રહ્યા છીએત્યારે આપણે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ જ પ્રભુને સમર્પણ કરીએ. શ્રીગોકુલેશજીનાં વચનામૃતોમાં એક સુંદર વાત આવે છે. પ્રબોધિની એકાદશીના દિવસે આપે પાનની બીડી આરોગી તે જોઈ વૈષ્ણવોને થયું : 'આ ખૂબ સારું થયું, આપણને પણ એકાદશીએ પાનની છૂટ મળી ગઈ.' પછી જન્માષ્ટમી આવી ત્યારે એક વૈષ્ણવ પાની બીડી લઈ શ્રીગોકુલેશજીને આરોગાવવા ગયા. આપે કહ્યું : આજે જન્માષ્ટમીનું વ્રત છે, આજે કંઈ પાનની બીડી લેવાય ? તે લેવાથી વ્રતભંગ થાય.' તે વૈષ્ણવે કહ્યું : 'આપે પ્રબોધિની એકાદશીના દિવસે તો લીધી હતી ?' આપે ખુલાસો કર્યો : 'તે દિવસે મેં મારા માટે પાનની બીડી થોડી લીધી હતી ? તે દિવસે આખી રાત પ્રભુની સન્મુખ કીર્તન કરવાનાં હતાં. કીર્તન માટે ગળામાંથી સરખી રીતે સ્વર નીકળે તો પ્રભુની પ્રસન્નતા થાય, તે હેતુથી બીડી લીધી હતી, મારા વ્યસનને કારણે બીડી નહોતી લીધી. પ્રબોધિની જેમ જન્માષ્ટમીના દિવસે આખી રાત પ્રભુને કિર્તન સંભળાવવાની પદ્ધતિ નથી એટલે આજે પાનની બીડી લઉં તો વ્રતભંગ થાય.'

આપણે ત્યાં એક ચોક્કસ સિદ્ધાંત છે. વ્રત ધારણ કરવું કે વ્રતભંગ કરવું તે પ્રભુના માટે જ છે. આપણે આપણા માટે વ્રતભંગ કરતા નથી. મને પાન ખાવાની ટેવ છે. તેથી હું વ્રતના દિવસે પાન નહીં ખાઉં, પરંતુ તે દિવસે જો પ્રભુને કીર્તન સંભળાવવામાં પાન ખાધા વિના મને અડચણ થતી હશે તો હું પાન ખાઈશ. એકાદશી કરવાથી વધુમાં વધુ મને શો લાભ થશે ? મારો આત્મોદ્ધાર થશે. મારો આત્મોદ્ધાર ભલે ન થાય; પણ પ્રભુને વધુમાં વધુ સુખ થાય તે જ મને પ્રિય છે. આમ, પ્રભુસુખના વિચારથી વ્રતનો ભંગ કરી શકાય છ; પણ આત્મસુખ કે દેહસુખના વિચારથી વ્રતનો ભંગ કરી શકાતો નથી.

આજે ઘણા લોકો એમ કહે છે કે : 'અમારે આજ રાતનું પ્લેન પકડી ઈંગ્લેન્ડ કે અમેરિકકા જવું છે. અમને આજે જ બ્રહ્મસંબંધ આપી દો.' આવા લોકોને બ્રહ્મસંબંધ આપવા માટે વ્રત નહીં કરાવવાનું, સ્નાન નહીં કરાવવાનું, ખિસ્સામાંથી તુલસીપત્ર કાઢી તેમના હાથમાં મૂકી દેવાનું અને મંત્ર બોલી દેવાનો ! આ પદ્ધતિએ બ્રહ્મસંબંધ અપાતું હોય તો તે બ્રહ્મસંબંધ નથી; પરંતુ 'ભરમસંબંધ' કહેવાય.

**સવાલ ૨૭ : આપે જણાવ્યું કે શ્રીઠાકોરજીનું પ્રદર્શન ન કરવું, પણ કર્યું હોય તો તે અપરાધનું નિવારણ શું ?**

જવાબ ૨૭ : કર્મમાર્ગની દષ્ટિથી સિદ્ધાંત એવો છે કે જે ધર્મ કરતાં આપણો અપરાધ થાય, તે ભોગવ્યા વિના તેની નિવૃત્તિ થતી નથી.

હું નાનો હતો ત્યારે તોફાની વધારે હતો. હું વધારે તોફાન કરું ત્યારે અમારા દાદાજી (પિતાશ્રી) અને ભાભીજી (માતુશ્રી) મને કહે : 'સમજતો નથી, બે કાન વચ્ચે માથું કરી દઈશ.' મને ડર લાગતો કે બે કાન વચ્ચે માથું થશે તો આપણું શું થશે ? તે વિચારે હું શાંત થઈ જતો. મોટા થયા પછી સમજણ પડી કે બે કાન વચ્ચે તો માથું છે જ. તેમાં કરવાનું કશું હતું જ નહીં. નાહકના આપણે ડરી ગયા ! આ વહાલનો ભય છે, કર્મનો ભય કાન કાપી લેવાનો ભય હોય છે. કર્મના ભય અવા હોય છે.

ભક્તિમાં થતા અપરાધથી બચવું તે આપણું પ્રથમ કર્તવ્ય છે. પરંતુ ભક્તિમાં થઈ ગયેલા અપરાધ માટે આપણને એટલો જ ભય આપવામાં આવે છે કે હવે પછી ફરીથી આવો અપરાધ ન કરશો, નહીં તો બે કાન વચ્ચે માથું કરી દઈશું. કર્મના અપરાધ કદાચ એવા હશે કે તેમાં કાન કાપી લેવા પડે; પરંતુ આપણો માર્ગ કર્મનો નથી, ભક્તિનો છે.

**સવાલ ૨૮ : કદાચ કોઈ વૈષ્ણવને તયાં શ્રી ઠાકોરજી ન બિરાજતા હોય અને તેને ભાવ હોય તો તેને દર્શન કરાવાય કે ન કરાવાય ?**

જવાબ ૨૮ : પહેલાં મુંબઈમાં ચાલી પદ્ધતિનાં મકાનો હતાં. તે પદ્ધતિ હવે ઘસાતી ગઈ છે. મુંબઈમાં પરાંઓમાં હવે નવી ફ્લેટ પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે. આ બંને પદ્ધતિનાં મકાનોમાં રહેવાનો તફાવત આપણે જાણીએ છીએ.

ફ્લેટ પદ્ધતિમાં ડ્રોઈંગરૂપ, કીચન, બેડરૂપ, બાથરૂમ નોખા નોખા હોય. ચાલી પદ્ધતિમાં આ બધું એક જ રૂમમાં હોય. તેથી ચાલીમાં રહેતા બધા માણસો પોતાની આજુબાજુનાં રૂમોમાં રહેતનાર બધા માણસોની વ્યક્તિગત બાબતોમાં રસ લેતા હોય – માથું મારતા હોય. પણ ફ્લેટ પદ્ધતિમાં બારણા બંધ રાખવામાં આવે છે. બારણું ખુલ્લું હોય ખુલ્લું હોય તો પણ માણસ ડ્રોઈંગ રૂપ સુધી જ આવે. તેને આપણે આપણા બેડ રૂમમાં ન લઈ જઈએ.

આજે એવી પડદા પદ્ધતિ પણ નથી કે આપણી પત્નીને આપણે પડદામાં રાખીએ. પણ મૂળ વાત સહજ રીતે વિવેક જાળવવાની છે. ઘરમાં કયાં સુધી અન્ય વ્યક્તિ આવી શકે તેનો આધાર તેની સાથેના આપણા અંગત સંબંધ પર છે.

કોને દર્શન કરાવવાં અને કોને દર્શન ન કરાવવાં તે હું તમને ન સમજાવી શકું, તે તમારા અંગત સંબંધની વાત છે. કેવળ તમારા પરિવાર સાથેના પ્રશ્નનો સંબંધ નથી, ભાવના સંબંધનો પ્રશ્ન છે. કોની સાથે તમને ભાવનો સુમેળ છે તે તમારે જ નક્કી કરવું પડશે. તમારા અને તે વ્યક્તિના ભાવસંબંધને લઈને જો તે તમારા ઘરમાં કીચન સુધી આવી શકે, તમારા શ્રીઠાકોરજીનાં દર્શન કરી લે તો તે ઘટના તમારા અને તેના સ્નેહસંબંધને લઈને ઘટી રહી છે. તેને તમે આમંત્રણ નથી આપતા કે તમે અમારા શ્રીઠાકોરજીનં દર્શન કરવા આવો.

મેં કોઈને ભોજન માટે આમંત્રણ ન આપ્યું હોય, પણ હું જમતો હોઉં અને મારો કોઈ અંગત સ્નેહી તે જ વખતે મારે ત્યાં આવી ચઢે તો હું તેને પણ કહું કે તું પણ બેસી જાને ભોજન કરવા. તે સ્નેહી ત્યારે એમ ન કહે કે તમે મને આમંત્રણ કયાં મોકલાવ્યું હતું ? હું કેવી રીતે જમવા બેસું ? જો તે આમંત્રણ – પત્રિકાની અપેક્ષા રાખતો હોય તો તેણે જમવાના સમયે આવવું જ ન જોઈએ. આ સહજ સ્નેહના સંબંધનો સહજ ભાવ છે. સેવામાં તે સરખી રીતે સમજી લેવો જરૂરી છે.

આપણો સગો ભાઈ હોય પણ પ્રભુ પ્રત્યેના ભાવમાં આપણે અને આપણા ભાઈ વચ્ચે તારતમ્ય હોય તો સગા ભાઈને પણ દર્શન ન કરાવાય. આપણી અને આપણી વ્યક્તિ વચ્ચે નાત–જાતનો કશો સંબંધ ન હોય તો ભાવનો સુમેળ છે અને તે આપણે ત્યાં આવી ગયો અને દર્શન કરી લીધાં તો ભલે કરી લીધાં.

અમારા એક ઓળખીતાનો પ્રસંગ છે. તેમનું મંદિર છે. તેમણે પહેલાં એવો નિયમ રાખેલો કે કોઈ તેમના શ્રીઠાકોરજીને ભેટ ન ધરી શકે. પછી તે તો દિલ્હી રહેવા ગયા. પાછળ મંદિરની વ્યવસ્થા તેમના અધિકારી કરે. તેમણે ભેટ લેવાની પ્રણાલી શરૂ કરી. ત્યાં કોઈ વૈષ્ણવ દર્શન કરવા જાય તે ત્યોછાવર કરે. ન્યોછવરની રકમમાં મંદિરના આખા સ્ટાફનો ભાગ પડે, પણ ભેટ આવે તે અમારે ત્યાં પહોંચાડે. હું જયારે ત્યાં જાઉં ત્યારે મને તેમની મોટી રકમ ભેટ તરીકે મળે. મને વિચાર થાય કે એવા કયા વૈષ્ણવો હશે જે મારી ગેરહાજરીમાં મને આટલી મોટી ભેટ ધરી જાય છે. ? તપાસ કરતાં ખબર પડી કે ભેટની આ રકમ તેમના મંદિરમાંથી આવે છે. મેં ત્યાં પુછાવ્યું કે તમારે ત્યાંથી અમારે ત્યાં આટલી બધી ભેટ કેમ આવે છે ! ત્યારે જવાબ મળ્યો કે અમરે ત્યાં ભેટ લેવાની વડીલોની મનાઈ છે. તેથી અમે કહ્યું કે જે ભેટ આવે છે. તે ગુરુમહારાજને ત્યાં પહોંચાડી દો. મેં કહ્યું, તમારા વડીલોએ તમને શ્રી ઠાકોરજીની ભેટ લેવાની ના પાડી હતી તો તમારે લેવી જ નહોતી જોઈતી. તમે તમારા ઘરમાં કોઈનું ખૂન કરી, તેનો મૃતદેહ મારા ઘરમાં મૂકી જાવ તો હું બ્રાહ્મણ વ્યર્થમાં પકડાઈ જાઉં ને ? તમે મડદાને મારા ઘરમાં શા માટે ફેંકો છો ? તમે ભેટ લો તમારા ઘરમાં રાખો, તે મારા ઘરમાં ન મોકલાવો. પછી તેમણે ભેટ લેવાનું જ બંધ કયુ઼ તેમનાં એક ફોઈ મુંબઈમાં રહે. તે અધિકારીઓએ તે ફોઈની ભેટ લેવાની મંદિરમાં શરૂ કરી. તે ઓળખીતાએ મને પૂછયું ફોઈ મોકલાવે તો મારે ભેટ લેવી કે નહીં ? મેં કહ્યું તે તમારે વિચારવાનું છે કે તમારે અને ફોઈને કેવો સંબંધ છે ! ફોઈને તમારા પરિવારનાં સમજતાં હો તો આનંદથી લો, પરિવારનાં ન સમજતાં હો તો ન લેતા. ફોઈએ મને પૂછયું : આપના પિતાજી મને બહેન

ગણતા તેથી હું તારી પણ ફોઈ થઈ કે નહીં ? મેં કહ્યું, તમે ફોઈ ખરાં. તેમણે મને પૂછયું તો આપે મારી ભેટ કેમ બંધ કરાવી ? મેં તમારી ભેટ બંધ નથી કરાવી મેં તો તેમને એટલું જ કહ્યું છે કે જે તમારા પરિવારનાં હોય તેમની ભેટ લેવાની બીજાની નહીં લેવાની. તમે તેમના પરિવારનાં સભ્ય છો તે નક્કી, પણ તે તેમને પૂછો તે હું કેવી રીતે કહું ?

આમાંથી મુદો એ સમજવાનો છે કે આપણો કોની સાથે કેવો સંબંધ છે ? તમારો જેની સાથે જેવો સંબંધ હોય, તેવી રીતે તેની સાથે શ્રીઠાકોરજીની બાબતમાં તમારે વર્તવું જોઈએ. તમારી સાથે જેને અભિન્ન ભાવ છે તે તમારી સાથે મળીને સેવા કરે તેમાં કશો વાંધો ન હોય.

**સવાલ ૨૯ : જન્માષ્ટમીના દિવસે શ્રીઠાકોરજીને સવારે પંચામૃત શા માટે થાય છે ? રાતે મહાભોગ આવ્યા પછી શ્રીઠાકોરજી કેમ પાલને ઝૂલે છે ?**

જવાબ ૨૯ : પંચામૃતનો પ્રકાર મૂલત : સેવા નથી, પૂજન છે. શ્રીમહાપ્રભુજીએ આપણા જીવનની પ્રત્યેક વાતને સેવામાં વણી લીધી છે. દા. ત. આપણે એટલા માટે પરણીએ છીએ કે જેથી સેવામાં એક સાથીદાર મળે. ઘરમાં એટલા માટે રહીએ છીએ કે ઘરમાં પ્રભુની સેવા કરવી છે. શાસ્ત્રના વિધાન મુજ આપણે કે કંઈ પૂજન કરવું જોઈએ, તેને પણ શ્રીમહાપ્રભુજીએ સેવામાં વણી લીધું છે. શાસ્ત્રના વિધાન મુજબ જન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી અને નૃસિંહચતુર્દશી, એ ચાર જયંતીઓએ આપણા ઈષ્ટદેવ – પછી તે શાલિગ્રામજી હોય કે સ્વરૂપ હોય, પંચામૃત કરાવવું જોઈએ. શાસ્ત્રની વિધિ છે કે બ્રાહ્મણે સંધ્યા કરવી જોઈએ. માટે આપણે ત્યાં એમ કહેવાયું છે કે સંધ્યા કરીને શ્રીઠાકોરજીની સેવામાં જવું. પિતૃઓનું શ્રાદ્ધ કરવું જોઈએ. તે માટે 'સિદ્ધાંતરહસ્ય' ની ટીકામાં એવી સ્પષ્ટતા છે કે શ્રાદ્ધ માટે જરૂરી ભોજન સામગ્રી સેવામાં સિદ્ધ કરી, તે શ્રીઠાકોરજીને આરોગાવી, તે મહાપ્રસાદથી પિતૃઓને ભોજન કરાવવું – શ્રાદ્ધ કરવું. આમ આપણા જીવનના બધા ક્રિયાકલાપોને આપણે તાણાવાણાની જેમ ભક્તિમાં વણી લેવાના છે, જેથી ભક્તિ અને જીવન એ બે અલગ અલગ ટુકડા ન રહી જાય. આ મુજબ શાસ્ત્રીય પંચામૃતની પદ્ધતિને પણ સેવામાં વણી લીધી. સેવામાં પંચામૃતને વણી લીધું એટલે તેનો ભક્તિમય ભાવ પણ વિચારી લેવાયો, જે ભાવભાવના ગ્રંથોમાં વર્ણિત છે. પરંતુ મુખ્યત્વે તે સેવાનું અંગ નથી, તે શાસ્ત્રીય પૂજનપ્રણાલી છે.

આપણે ત્યાં એમ સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'યથા દેહે તથા દેવે'. જેવી રીતે દેહમાં, તેવી રીતે દેવમાં. તેથી આપણે ઋતુ અનુસાર સેવા કરીએ છીએ. તેથી ઠંડીમાં આપણે શ્રીઠાકોરજીને ગદલ ધરાવીએ છીએ, ગરમીમાં મલમલનાં વસ્ત્ર ધરાવીએ છીએ. શીતકાલમાં અંબર, કસ્તુરીનું અત્તર ધરાવાય, તો ઉષ્ણકાલમાં ગુલાબ કે ખસનું અત્તર ધરાવાય. તેથી ઋતુકાલ મુજબ રોગ, મોગ અને શૃંગારની સમગ્ર સેવાની પદ્ધતિ ઘડાઈ. દેહ સાથેના સંબંધને દેવ સાથે કેળવવાની આ પ્રણાલી છે. તમારા ઘરના કોઈ નાના બાળકને બેસાડી, તેને પંચામૃત કરાવી જોજોને. તેથી બાળક એવો ગભરાઈ જશે કે પછી તમારી પાસે આવશે જ નહીં. માણણસ દૂધથી સ્નાન કરી લે, દહીંથી પણ કરી લે, કદાચ શરીરે ઘી અને ખાંડ પણ ચોપડાવી લે. પરંતુ જો મધથી સ્નાન કરાવ્યું અને તેની આંખમાં મધ ગયું તો આંખો એવી બળશે કે તોબા

થઈ જાય એટલે સેવામાં શ્રીઠાકોરજીને આવો પરિશ્રમ કેવી રીતે અપાય ? બાળભાવથી જો વિચાર કરીએ તો આવો પરિશ્રમ આપી ન શકાય. પણ શાસ્ત્રનું વિધાન હોવાથી અહીં સ્નેહભાવ ન રાખતાં, થોડો માહાત્મ્યનો ભાવ રાખીને પંચામૃતપૂજન કરાવવામાં આવે છે. તેથી દરરોજ ન કરાવતાં ચાર જયંતી પૂરતું સીમિત રાખવામાં આવ્યું છે.

શ્રી યશોદાજી જયારે શ્રીઠાકોરજીને સ્નાન કરાવતાં હશે, ત્યારે શું પ્રાણાયામ સંકલ્પ આદિ કરીને સ્નાન કરાવતાં હશે ? આપણે પંચામૃત કરાવીએ ત્યારે પ્રાણાયામ કરીએ છીએ, સંકલ્પ કરીએ છીએ. તે બધું કરીએ છીએ કારણ કે તે શાસ્ત્રીય વિધિ છે. શાસ્ત્રીય વિધિને જાળવવી જોઈએ. માટે શ્રાદ્ધ જેવી વિધિને પણ સેવામાં વણી લીધી છે. જીવનનું એક લૌકિક પાસું છે. તેમ બીજું એક શાસ્ત્રીય વૈદિક પાસું પણ છે. તેથી લૌકિક પાસાની જેમ શાસ્ત્રીય પાસાને પણ સેવામાં વણી લીધો છે. જેથી સમગ્ર જીવન સેવામય બની જાય અને સેવા જીવન બની જાય. માટે આપણે ત્યાં સેવા સેવા જીવનથી અલગ એવું કોઈ કર્મકાંડ – Ritual નથી. સેવા જીવન જીવવાની એવી સુવ્યવસ્થિત ઢબ છે, જેમાં લોકનો કે શાસ્ત્રનો કોઈ વિરોધ નથી. બંનેના સમન્વયપૂર્વક ભગવાન સાથે સ્નેહ કેળવવાનો એક પ્રશસ્ત માર્ગ છે.

ગીતમાં ભગવાન આજ્ઞા કરે છે : સંગાત્ સંજાયતે કામઃ – સંગથી કામ પેદા થાય છે. આપણાં લૌકિક – વૈદિક કર્મોનાં પાસાઓમાં રહીને ભગવદ્સંગ કેળવવાનું વિજ્ઞાન એ સેવા છે.

શાસ્ત્રીય વિધાન મુજબ જે જનોઈ પહેરતો હોય – પછી તે બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય કે વૈશ્ય હોય – તેને જ પ્રાણાયામ કરવાનો અધિકાર છે. જેને જનોઈ હોય તેને જ પ્રાણાયામ, સંકલ્પાદિપૂર્વક પંચામૃત કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. દરેક વૈષ્ણવના ઘરમાં આવું કંઈ સંભવે નહિ. તેથી પ્રાચીન સમયમાં વૈષ્ણવો ઘરમાં પંચામૃતની રીત ન હતી. આવી રીત ન હોવાથી ઘણા વૈષ્ણવો એવું સમજયા કે અમારા ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીના વોલ્ટેજ, મંદિરમાં બિરાજતા શ્રીઠાકોરજી કરતાં ઓછા હશે, તેથી અમારા ઘરમાં પંચામૃત કરવાની આજ્ઞા નથી. ખરી રીતે જોઈએ તો પંચામૃત સાથે શ્રી ઠાકોરજીનો કોઈ સંબંધ નથી, પંચામૃતનો સંબંધ આપણી સાથે છે. આપણે જનોઈ છે, માટે જયંતીને દિવસે પંચામૃત કરવાનું આપણું કર્તવ્ય છે. માટે શ્રીઠાકોરજી કહે છે : હું તારા બ્રાહ્મણના ઘરમાં આવ્યો છું, તેથી તારા બ્રાહ્મણ

આચાર પ્રમાણે તું મને પંચામૃત કરાવીશ ત્યારે મધથી મારી આંખ બળશે તો પણ હું તને ક્ષમા કરીશ. બ્રાહ્મણના ઘરમાં હું આવ્યો છું, તો હું તારો બ્રાહ્મણ આચાર પાળીશ.

આપણા વાર્તાસાહિત્યમાં એક સુંદર પ્રસંગ આવે છે. એક ડોશીમાને શ્રીગુંસાંઈજીને ઘેરથી મહાપ્રસાદની એક પાતળ રોજ મળે. માજી ખૂબ ઘરડાં. ઘરમાં સામગ્રી સિદ્ધ કરવાની સગવડ નહિ. તેથી તે પાતળ પોતાના શ્રીઠાકોરજીને ભોગ ધરી દેતાં. એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે આ બાઈ મંદિરમાંથી આવેલી મહાપ્રસાદની પાતળ તેના શ્રીઠાકોરજીને ભોગ ધરે છે. શ્રીગુસાંઈજીને થયું કે એક વખત શ્રીઠાકોરજીને ભોગ ધરાઈ ચૂકેલી પાતળ ફરી કેમ ભોગ ધરાતી હશે ? કદાચ મંદિરના ઠાકોરજી કરતાં તે પોતાના ઠાકોરજીએ ઓછા

વોલ્ટેજના તો નહિ માનતી હોય ને ? શ્રીગુસાંઈજીએ માજીને બોલાવીને ખુલાસો પૂછયો. ત્યારે માજીએ ખૂબ સુંદર જવાબ આપ્યો : આપને ઘેર બિરાજતા ઠાકોરજી આપના ઘરની અપરસ પાળે. બ્રાહ્મણ આચાર એવો કે ભાણા પર બેઠા પછી ઊઠી ન જાય એટલે તે ભાણું અને પાત્રો ઉચ્છિષ્ટ થઈ જાય. પછી તે ભાણા પર બેસી ન શકાય. એટલે એક વખત ઠાકોરજીને ભોગ આવ્યા પછી, તે ફરીથી ઠાકોરજી આપને ત્યાં આરોગી ન શકે, પણ આટલી અપરસ અમારા ઘરમાં અમે જ પાળતાં ન હોઈએ તો અમારો દીકરો કેવી રીતે પાળે ? તે રમવા ય જાય અને જમવાય બેસે અને જમતાં–જમતાં પાછો રમવાય જાય. એટલે એક જ થાળીમાંથી બે–ચાર વખત જમતાં અમે અમારા બાળકને રોકતાં નથી. કારણ અમે બ્રાહ્મણ નથી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : તારે જેમ કરવું હોય તેમ કરજે.

આમાં મુદો સ્પષ્ટ છે કે તે માજીએ પોતાન માથે બિરાજતા ઠાકોરજીને ઓછા વોલ્ટેજના માન્યા નહોતા. માજીનો ભાવ અતિશય સ્પષ્ટ હતો. તમારે ઘેર બિરાજતા ઠાકોરજી જો તમારા ઘરનો આચાર પાળે તો મારે ઘેર બિરાજતા ઠાકોરજી શું મારા ઘરનો આચાર ન પાળે ?

કિશનગઢથી થોડે દૂર કુચામન નામનું રાજય છે. ત્યાંના રાજા મોગલકાળમાં મોગલ સેનામાં હતા. મોગલોની સેના લઈને તેમણે અમદાવાદ પર તોપમારો કર્યો. તેમાં ઘણાં બધાં ઘરો પડી ગયાં. તે પૈકીના એક ઘરમાં શ્રીનટવરલાલજી ઠાકોરજી બિરાજતા હતા. તે ઘર પણ બેસી ગયેલું. તે રાતે શ્રીનટવરલાલજી ઠાકોરજીએ રાજાને સ્વપ્ન આપ્યું. આપે આજ્ઞા કરી : તમે તોપમારો કર્યો તેમાં હું દબાઈ ગયો છું. અમદાવાદ સર કર્યા પછી રાજા અમદાવાદમાં ગયા. સ્વપ્નમાં જે ઘર જોયેલું ત્યાં જઈ, ભંગાર દૂર કરાવતાં અંદરથી શ્રી ઠાકોરજી મળ્યા. સેનામાં લડતાં લડતાં શ્રીઠાકોરજીની કેવી રીતે સેવા કરવી ? તેઓ માથે સોફો બાંધતા. તેમાં વચ્ચે પોલાણ રહે. તેમાં તેમણે સફેદ વસ્ત્ર પાથરી ગાદી જેવું બનાવી દીધું અને તેમાં શ્રીઠાકોરજીને પધરાવી ભોગ ધરે. પાછા અંદર પધરાવી દઈ, લડવા જાય, ક્ષત્રિયના ઠાકોરજી તો આવા જ હોય ને ! દર વખતે શ્રીનટવરલાલ ઠાકોરજી રણમેદાનમાં રાજાની સાથે જતા પછી લશ્કરમાંથી છૂટા થઈ જયારે તેઓ તેમના રાજયમાં પાછા આવ્યા ત્યારે પોતાના ઘરમાં પધરાવી સેવા કરવા લાગ્યા. ત્યાંના ઈતિહાસમાં એ નોંધાયું છે કે શ્રીનટવરલાલ ઠાકોરઙ ચારથી છ માસ જેટલા વર્ષ સુધી રાજાના સાફામાં બિરાજય હતા.

ક્ષત્રિયનો ઠાકુર રણમેદાનમાં પધારે, વાણિયાનો ઠાકુર ઘરમાં બીરાજે, બ્રાહ્મણનો ઠાકુર શાસ્ત્રોની મર્યાદામાં સપડાયેલો ઠાકુર હોય, કારણ બ્રાહ્મણોએ તે મર્યાદા પાળવાની હોય. પરંતુ આજે આપણે એવા ઉસ્તાદ થઈ ગયા છીએ કે આપણે બધી મર્યાદા છોડી દીધી. કુવાનું જળ છોડી નળનું જળ પીએ. ચોપાટી પર ભેળ પણ ખાઈ લઈએ. પણ શ્રીઠાકોરજીને મરજાદ પાળવાની. તેમને કહીએ કે તમારાથી મરજાદ ન છોડાય. પ્રશ્ન એ છે કે મરજાદ ઠાકોરજીએ લીધી કે આપણે લીધી ? ઠાકુરજી તો મોહના ભંગીના હાથનું પણ આરોગે. જેમના ઘેર બિરાજે તેમના ઘેર આરોગે. ઠાકોરજીને આભડછેટ ન હોય. અપરસ આપણે પાળવાની છે પણ આપણે એવા ચતુર ભકત કે આપણે અપરસ છોડી દીધી અને શ્રીઠાકોરજીને

સપડાવી દઈએ.

આપણે કહીએ કે અમારે ત્યાં કુવાનું જળ નથી. કુવાના જળ વિના ઝારી ભરાય નહીં એટલે ઝારીમાં મિશ્રી પધરાવી દઈશું. નળનું જળ ઠાકુરજીને ચાલે નહીં એટલે સામગ્રી તો કેવી રીતે બનાવાય ? એટલે અમે ઢોકળા ખાઈશું, અમે ફાફડા ખાઈશું પણ શ્રીઠાકોરજીને મિશ્રી ધરીશું. મને સમજ નથી પડતી આપણે આ કેવા પ્રકારની છેતરપીંડી શ્રીઠાકુરજી સાથે કરી રહ્યા છીએ ? તમે આવી વાત તમારા છોકરાને સમજાવો તો શું તે તમારી વાત માનશે ? જો તે છોકરો ન માને તો; બાલભાવથી લાલિતપાલિત થયેલા તમારા શ્રીઠાકોરજી તમારી આવી વાત કેવી રીતે માનશે ? તેઓ તો કહેશે કે તારી મરજાદ સાચી હોય તો આવું ખાવાપીવાનું તું છોડી દે નહીં તો તું જે ખાઈ રહ્યો છે તે મને પણ

ખવડાવ. કેમ કે 'અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્ વર્જનમા ચરેત નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ' શ્રી મહાપ્રભુજીએ ચોખ્ખી આજ્ઞા કરી છે કે તમે અસમર્પિત વસ્તુનો ત્યાગ કરો. તમે જે કોઈ વસ્તુનો ઉપભોગ કરો તે શ્રીઠાકુરજીને નિવેદિત કરીને કરો. 'સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધયતિ તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ' સેવકના વ્યવહારની મર્યાદા છે કે સ્વામીને ઉપભોગ કરાવ્યા સિવાય કોઈ વસ્તુનો પોતે ઉપભોગ ન કરી શકે. આ મુજબ આપણે આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની મર્યાદા જાળવવી જોઈએ. આપણે ઢોકળાં ખાઈએ અને શ્રીઠાકોરજીને મિશ્રી ધરી પોઢાડી દઈએ તે ન ચાલે. તે સેવા નથી, તે પાખંડ છે. પરંતુ આજે આપણે આવું પાખંડ કરી રહ્યા છીએ, કેમ કે આપણે ભક્તિ કરવા નથી માંગતા. આપણે 'ભગતિ' કરવા માંગીએ છીએ.

જન્માષ્ટમીના દિવસે શ્રીઠાકોરજીને પંચામૃત કેમ થાય છે તેનું કારણ આપણે જોયું. શ્રીઠાકોરજીને સવારે પંચામૃત કેમ થાય છે તેનો વિચાર કરીએ. ઠાકોરજીનું પ્રાકટ્ય મધ્યરાત્રિએ થયું છે. રાત્રિના બાર એટલે સ્ટેન્ડર્ડ ટાઈમ પ્રમાણે આપણી ઘડિયાળના બાર નહીં. પહેલાં મુંબઈ ટામઈ અલગ હતો. તે મુજબ મુંબઈ ટાઈમ મુજબ બાર વાગે ત્યારે બાર વાગ્યા કહેવાય. મુંબઈ ટાઈમ ૪૮ મિનિટ આગળ હતો. એટલે સ્ટેન્ડર્ડ ટાઈમ પ્રમાણે બાર વાગીને ૪૮ મિનિટ થાય ત્યારે બાર વાગે. તે વખતે જન્મ થાય. તે વખતે ઠાકોરજીનાં બધાં શૃંગાર વસ્ત્ર વડાં કરીને પંચામૃત કેવી રીતે કરાવી શકાય ? પાછા શૃંગાર ધરાવાય નહીં. આ બધી વાતનો વિચાર કરીને સવારે ઠાકોરજીને પંચામૃત કરાવી લેવામાં આવે છે. શાસ્ત્રમાં જેમને પ્રતિનિધિ કહે છે તેમને આપણે ત્યાં ગોદમાં પધરાવી પૂજન થાય અને પછી મહાભોગ આવે. આખી શાસ્ત્રીયપૂજન પ્રણાલી છે. તેથી પંચામૃત, પૂજન, ધૂપ, દીપ, ભોગ બધી વિધિ તે પ્રમાણે કરવી પડે. આપણાં મુખ્ય સ્વરૂપને આપણે રાતે પંચામૃત કરાવી શકતા નથી એટલે તેમને સવારે પંચામૃત કરાવીએ છીએ.

બીજી જયંતીઓમાં જેમનો જન્મ મનાય છે તે શ્રીરામચંદ્રજી, શ્રીવામનજી કે શ્રીનૃસિંહજી સ્વરૂપ આપણે ત્યાં સેવામાં બિરાજતા નથી. તેઓ આપણી સેવામાં મુખ્ય સ્વરૂપે બિરાજતા ન હોવાથી, તે જંયતી દિને આપણા મુખ્ય સ્વરૂપને પંચામૃત કરાવવાનો ક્રમ પ્રાપ્ત થતો નથી. એટલે તે દિવસે ગોદમાં બિરાજતા શ્રી ઠાકોરજીને પંચામૃત કરાવવામાં આવે છે. જન્માષ્ટમીનો

ઉત્સવ આપણે જે સ્વરૂપની સેવા કરી રહ્યા છીએ તેમનો જયંતી ઉત્સવ હોવાથી જન્મ સમયે તેમને પંચામૃત કરાવવું જોઈએ પણ તે શકય નથી તેથી સવારે તેમને પંચામૃત કરાવીએ છીએ.

મહાભોગ સરે ત્યાં સુધી સેવાનો જે ક્રમ છે તે શાસ્ત્રીય જયંતીનો ક્રમ છે. 'પંચામૃત આરતી ધૂપદીપ નૈવેધ સમર્પયામિ'નો શાસ્ત્રનો ક્રમ સેવામાં વણી લેવાયો હોવાથી પંચામૃત પછી રાતે મહાભોગ આવે છે. મહાભોગ સર્યા પછી શ્રીઠાકુરજી પલનામાં બિરાજે તે શાસ્ત્રનો ક્રમ નથી. ત્યાંથી પાછો સેવાનો ક્રમ શરૂ થયો, નંદઘરનો ક્રમ શરૂ થયો. 'વ્રજ ભયો મહરકે પૂત જબ યહ બાત સુની, સુની આનંદે સબ લોગ ગોકુલ ગનિત ધુનિ', તેથી શ્રી ઠાકુરજીને પલના ઝુલાવવામાં આવે છે.

આથી જ વૈષ્ણવોના ઘરમાં શ્રીઠાકુરજીને રાતે જાગરણ કરાવવાનો અને મહાભોગ ધરવાનો ક્રમ પ્રાપ્ત થતો નથી, કારણ કે તે શાસ્ત્રીય પૂજનનો ક્રમ છે. પ્રાચીન બાળકો વૈષ્ણવોને આવી આજ્ઞા નહોતા આપતા તેનું કારણ આ જ કે તેમને જનોઈ ન હોવાથી શાસ્ત્રદષ્ટિએ આ વિધિ કરવાનું વિધાન નથી, તો શા માટે તેમના ઘરમાં શ્રીઠાકોરજીને રાતે જગાડી શ્રમ કરાવવો ? તેથી પ્રભુના સુખનો વિચાર કરી, જન્માષ્ટમીની રાતે આપણા ઘરમાં શ્રી ઠાકુરજીને પોઢાડી દેવાની આજ્ઞા થતી હતી. પણ વૈષ્ણવોએ આ વાત સમજવાને બદલે એવું વિચાર્યું કે આપણા ઠાકોરજીના વોલ્ટેજ કરતાં મંદિરમાં બિરાજતા ઠાકોરજીના વોલ્ટેજ વધુ હશે તેથી ત્યાં રાતે જાગરણ થાય, પંચામાૃત થાય, મહાભોગ આવે. પણ આપણે ત્યાં ન થાય. વાસ્તવમાં આવો ભેદભાવ ન હતો. પણ બ્રાહ્મણ તરીકે અમારે આ શાસ્ત્રીય વિધિ કરવી પડેતેથી અમારા ઘરમાં બિરાજતા ઠાકુરજીને પણ અમારી સાથે જાગરણ કરવું પડે, પંચામૃત કરાવવું પડે, મહાભોગ આરોગાવવો પડે.

જયારે ગોવિંદસ્વામીએ શ્રીનાથજીને મોહના ભંગી સાથે ખેલતા જોયા, ત્યારે શ્રીનાથજીને સ્નાન કરાવ્યું. તે જાણી ગુસાંઈજીએ પૂછયું : 'શું બ્રહ્મ છોવાઈ જાય ?' ત્યારે ગોવિંદસ્વામીએ જવાબ આપ્યો :'ના મહારાજ, બ્રહ્મ ન છોવાય પણ આપણા ઘરની મેંડ તો છોવાય ને ?' આપના લાલજીએ જો આમ સ્પર્શ કર્યો હોત તો આપ તેમને સ્નાન કરાવત કે નહીં ? શ્રીનાથજીને આપ આપના બાળક માનો છો કે નહીં ? બાળક માનતા હો તો શ્રીનાથજીને સ્નાન કરાવવું પડે. '

શ્રી ઠાકુરજી જેમને ઘેર બિરાજતા હોય, તેમના ઘરની અપરસ ન પાળે તો કેવી રીતે ચાલે ?

અમે જ્ઞાતિની દૃષ્ટિએ પંચદ્રાવિડ બ્રાહ્મણ કહેવાઈએ. તેથી અમારા પંચદ્રાવિડ બ્રાહ્મણોના હાથની જ સખડી અને અનસખડી શ્રીઠાકોરજી આરોગી શકે. બીજા બ્રાહ્મણના હાથની સખડી અને અનસખડી ન આરોગી શકે. ઠાકુરજીને પંચદ્રાવિડ સાથે શો સંબંધ છે ? ઠાકુરજી તો નંદઘરમાં ગોવાળને ત્યાં પણ બિરાજ્યા. મુખિયા–ભીતરરિયા પંચદ્રાવિડ જ હોવા જોઈએ એટલે સાચોરા, ગિરનારા, ઔદિચ્ય હોવા જોઈએ એવો નિયમ ઠાકુરજીને લીધે નથી

આવ્યો, પણ અમારે લીધે આવ્યો છે.

પહેલાંના લોકો આચાર વિચાર ખૂબ પાળતા. ભોજનમાં તેમને શુદ્ધ અન્નનો વિશેષ આગ્રહ હતો. એટલે શાસ્ત્ર ન ભણેલો અભણ માણસ ભીખ માગતો ન થઈ જાય, તેથી તેમને ઘેર બોલાવી કહેતા : 'મહારાજ, આમપ અમારા ઘરમાં રસોઈ કરો. તમે ભીખ ન માગતા. આ રીતે બ્રાહ્મણો દ્વારા ઘરમાં રસોઈ બનાવવાની પદ્ધતિ શરૂ થઈ પણ તેમના પ્રત્યે આદરભાવ એટલો બધો કે તે સમયમાં વાણિયાઓ તેમને રસોઈયા નહોતા કહેતા. પણ 'મહારાજ' કહેતા, 'તું' નહોતા, કહેતા, 'તમે' કહેતા. કારણ કે બ્રાહ્મણ જાતિ તરફ તેમને આદરભાવ હતો.

જેમ ક્યારેક નાવ ગાડીમાં અને ક્યારેક ગાડી નાવમાં તેવું 'મહારાજ' શબ્દનું થયું.

એક ભાઈ અમારે ત્યાં આવ્યા. તેમણે કહ્યું : તમે મહારાજ ને ? મેં કહ્યું : હા, ભાઈ. તેમણે કહ્યું : અમારે ત્યાં લગ્ન છે. તમે રસોઈ બનાવી દેશો ? મેં કહ્યું : તે મહારાજ હું નથી. તેણે પૂછ્યું : ત્યારે તમે કેવા મહારાજ છો ? મેં કહ્યું : મહારાજની પાંચદસ જાત હશે તેમાંનો એક છું. પણ તમે શોધો છો તેવો મહારાજ હું નથી. તે કહે : તમે રસોઈ બનાવશો તો તમને નુકશાન નહીં થવા દઉં. મારી વીસ માણસ છે. વધારે નથી. મેં કહ્યું : ભાઈ મારે ફાયદો નથી જોઈતો. તે કહે : તમે કેવા મહારાજ છો તે મને સમજાતું નથી. આ પ્રસંગથી મેં મારા ઘર આગળ મહારાજનું પાટિયું જ ન લગાવ્યું. મને આજે કોઈ 'મહારાજ' કહે તો મને બીક લાગે છે કે જમણવારમાં રસોઈ કરવા મને કોઈ બોલાવવા ન આવી જાય !

જો હું પ્રસાદ વેચતો થઈ જાઉં તો પછી હું રસોઈ કરતો મહારાજ જ છું ને ! પછી મારામાં અને રસોઈયામાં ફેર શો પડે ?

આપણે અમુક બાબતોની કાળજી રાખવાની ઘણી જરૂર છે. આપણે પ્રસાદ વેચવો ન જોઈએ. આપણે પ્રસાદ વેચાતો લેવો ન જોઈએ. પ્રસન્નતાથી મળે તે પ્રસાદ કહેવાય, ખરીદેલો પ્રસાદ પ્રસાદ નથી તે તો 'મલ' છે. તેમાં કોઈ જાતની પ્રભુની પ્રસન્નતા નથી, ભક્તિની પ્રસન્નતા નથી. આ પ્રસાદ નથી, કેવળ સ્વાદ છે.

**સવાલ ૩૦ : હવેલીમાં શ્રીઠાકુરજીનો નેગ વધુ હોવા છતાં ગોસ્વામી બાળકો પોતાની તપેલી જુદી શા માટે કરે છે ?**

જવાબ ૩૦ : પ્રશ્ન બહુ ગંભીર છે. અમારા રાજસ્થાનમાં એક કહેવત છે કે કપડાં કાઢું તો નાગો હું જ દેખાઉં. મારે નાગા થવું નથી, હું બાવા જરૂર છું, પણ નાગા બાવા નથી. એટલે હું એટલું જ કહીશ કે જે લોકો આમ કરતા હોય તેમને પૂછો.

**સવાલ ૩૧ : ભગવદીયોની વાર્તામાં કહ્યું છે કે ઠાકુરજી તેમની સાથે બોલતા અને સામગ્રી માંગીને આરોગતા. તો આજે ઠાકુજી આપણી સાથે કેમ બોલતા નથી ? કેમ માંગીને આરોગતા નથી ?**

જવાબ ૩૧ : કેમ કે આપણે ભક્તિ નથી કરતા, 'ભગતિ' કરીએ છીએ.

**સવાલ ૩૨ : સૂતક આદિ સ્થિતિમાં શ્રીયમુનાષ્ટકનો પાઠ થાય કે નહીં ? રજસ્વલા બહેનોથી જપપાઠ થાય કે નહીં ?**

જવાબ ૩૨ : ના, ન થાય. અષ્ટાક્ષર સિવાય સૂતકમાં બીજું કંઈ ન થાય. આજકાલ તો લોકો એવું કરે છે કે અવસાન પામેલ વ્યક્તિની પાછળ સાંજે યમુનાષ્ટક બોલતા હોય છે ! આ પદ્ધતિ આપણે ત્યાંની નથી.

**સવાલ ૩૩ : આપણે ત્યાં સખડીના શ્રીઠાકુરજી બિરાજતા હોય તો, એકાદશીના દિવસે સખડી મહાપ્રસાદ લેવો કે ફલાહાર કરવો ? સખડી મહાપ્રસાદ લેવો તો શા માટે ? ફલાહાર કરવો તો શા માટે ?**

જવાબ ૩૩ : કોઈક વખત આણી ભાષા સાંભળી મને રડવું આવી જાય છે. આપણે આપણી ભાષાને સુધારીએ તે ખૂબ જરૂરી છે. જેમ પહેલાં આપણે રસોઈયાને મહારાજ કહેતા હતા., હવે આપણે મહારાજને રસોઈયા સમજી બો,

તેમ સખડીના ઠાકુરજી નથી હોતા ઠાકુરજી માટે સખડી હોય છે. આજથી શપથ લઈએ કે આપણે મિશ્રીના ઠાકુરજી, દૂધઘરના ઠાકુરજી, સખડીના ઠાકુરજી એમ નહીં બોલીએ. ઠાકુરજી માટે મિશ્રી છે, દૂધઘર છે, સખડી છે. આ બધાનું કારણ ભાષાને ટુંકાવવાની આપણી વૃત્તિ છે. એક ભાઈ મને દર વખતે ચિઠ્ઠીમાં ભગવદ્સ્મરણ લખે. ભગવદ્સ્મરણ લખે તેનો વાંધો નહીં પણ તેઓ તેનું ટૂંકું રૂપ લખે – ભસ્મ –શ્યામુબાવાને મારી મસ્મ ! મેં તમારો શો ગુનો કર્યો કે તમારી ભસ્મ મને મોકલો છો ? કહેવા હોય તો ભગવદ્ સ્મરણ કહોને ! તેવી રીતે સખડીના ઠાકોરજી એ વિચિત્ર Short form છે. આવું Short form કદાપિ ન કરવું.

સખડી ધરીએ તો ઠાકોરજીના વોલ્ટેજ વધારે હોય, અનસખડી ધરીએ તો ઠાકોરજીનાં વોલ્ટેજ ઘટી જાય અને મિશ્રી ધરીએ તો ઠાકોરજીના વોલ્ટેજ સાવ ઘટી જાય – આવું કંઈ થાય ખરું ? માહાત્મ્ય કોનું આરોગનારનું કે જે આરોગાવવામાં આવે છે તેનું ?

ઠાકોરજીને અગિયારસના દિવસે પણ સખડી ભોગ ધરી શકાય અને ફલાહાર પણ ભોગ ધરી શકાય. શાસ્ત્ર મુજબ અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબ ઉત્તમ વસ્તુ તો એ જ છે કે આપણે અગિયારસ કરવી જ જોઈએ. કોઈ કારણસર આપણાથી ન નભે તો ફલાહાર લેવો જોઈએ. અન્ન તો ન જ લેવું જોઈએ. આપણે એકાદશીના દિવસે ફલાહાર લઈએ તે પણ ઠાકુરજીને ભોગ ધરીને લઈએ, અસમર્પિત તો ન જ લઈએ. ઠાકોરજી તો તે દિવસે સખડી પણ આરોગે અને ફલાહાર પણ આરોગે. ઠાકોરજી કંઈ એકાદશી કરતા નથી. તેથી ઠાકોરજી બંને આરોગે આપણે કેવળ ફલાહાર લઈએ. આ નિયમ આપણે જાળવવો જોઈએ. પછી એવું નહીં કરવાનું કે ઠાકોરજી સખડી આરોગે એટલે આપણે પણ એકાદશીના દિવસે સખડી લેવી. એમ તો ઠાકોરજી અન્નકૂટ આરોગે છે એટલે આપણે પણ અન્નકૂટ આરોગવો પડે ? ઠાકોરજીએ તો ગિરિરાજ પણ ઉપાડયો છે. આપણે ઉપાડવા જઈશું તો આપણો તો હાથ ઊતરી જશે. ઠાકોરજી કરે તે આપણાથી ન જ થાય.

**સવાલ ૩૪ : શ્રીમહાપ્રભુજીના દષ્ટિકોણથી સેવામાર્ગ – પૂજામાર્ગ ભિન્ન છે. પછી ષોડશ ગ્રંથ વિ. માં तिष्ठेत्पूजोत्सवादिषु पूजया श्रवणादिभिः આદિ વાકયોથી શું સમજવું ?**

જવાબ ૩૪ : એવું છે કે આ વાકયોનો અર્થ વિભિન્ન ટીકાકાર જુદો જ કરે છે. અને એ અર્થની વ્યાખ્યા લખવાની જે પદ્ધતિ છે તેના બે सम्प्रदाय છે. એક સંપ્રદાયના અગ્રણી श्रीगोकुलेश છે. બીજાના શ્રીબાલકૃષ્ણજી રઘુનાથજી ઈત્યાદિ છે. બંનેએ અલગ અલગ અર્થ કર્યા છે. પરંતુ Detail માં વિશેષ ઊતર્યા વિના હું એક વાત કહું છું કે આજે જે કંઈ આપણે સમજીએ છીએ પૂજા અને સેવાના ભેદ વિષે અને જેટલો ભેદ માની લેવામાં આવ્યો છે એટલો શ્રીમહાપ્રજીને વિવિક્ષત નથી. ભેદ જરૂર છે. સેવા અલગ વસ્તુ છે, પૂજા અલગ છે. પરંતુ એવું નથી કે પૂજાનો વિનિયોગ સેવામાં નથી. જે શાસ્ત્રીય પૂજા પ્રણાલી હતી તેનો શ્રીમહાપ્રભુજીના હિસાબે સેવામાં પણ વિનિયોગ છે. કેમ કે સ્નેહાત્મિકા ભક્તિઅંગી છે. અને પૂજન તેનું અંગ છે. જેમ કે પંચામૃત, શંખનાદ, ધૂપ–દીપનો પ્રકાર છે એ બધું ય પૂજન છે અને તેનો વિનિયોગ સેવામાં છે. ભક્તિનો જે આપણે ત્યાંનો પ્રકાર છે તે આ રીતે ઘડેલ છે. ભક્તિ તો વ્રજભક્તતોના ભાવાનુસાર જ કરવી. વૈદિક પ્રકારને અંગી તરીકે (મુખ્ય પ્રકાર તરીકે) ન માનવો પરંતુ સ્નેહાત્મિકા ભક્તિના અંગ રૂપ માનવો. મર્યાદા ભક્તિ પણ કહી શકાય. પૂજા મર્યાદા ભક્તિ જ છે. આ વાત આપણે નક્કી સમજીએ મર્યાદાભક્તિનો વિનિયોગ પણ અંગ રૂપથી છે, અંગી રૂપથી નહિ અને એને અનુરૂપ આપણે ત્યાં બે પ્રકારના સ્વરૂપ બિરાજે છે. સેવાનું સ્વરૂપ અને પૂજન પ્રણાલીનું સ્વરૂપ. જેમ કે શાલિગ્રામ તથા ગોદમાં જે છોટા બાલકૃષ્ણલાલજી બિરાજે છે, જે જયંતીના દિને પંચામૃત સ્નાનને માટે પધારે તિલક થાય અને એમનું પૂજન થાય. તે દિને આપ જુઓ વસંત ન હોય તો પણ કોઈ ઘરમાં કેવળ ચંદનથી તો કોઈ ઘરમાં ચંદન અબીલ–ગુલાલથી પૂજન થાય છે. એમાં ચંદનના છાંટણા લગાડવાની પૂજનની પદ્ધતિ છે. એ પદ્ધતિથી એમનું પૂજન જતું. જયંતીના દિવસે શું તે પ્રણાલી હતી ? નહિ. તંત્રની પ્રણાલી હતી. પૂજનની પ્રણાલી હતી. આપણે ત્યાં છોટા બાલકૃષ્ણલાલ પૂજાના ઠાકુરજી હતા અને શાલિગ્રામજી પૂજાના ઠાકુરજી હતા. પ્રાણાયામ મંત્ર વિનિયોગ આ બધું હતું. મુખ્ય સ્વરૂપ આપણે ત્યાં ન હતા. આપણે લોકો એમ સમજતા કે પૂજા કરવાથી કોઈ મહાન અનર્થ થઈ ગયો કે અધર્મ થઈ ગયો. પણ હકીકતમાં એવો અધર્મ કે અનર્થ ન હતો. આવી માન્યતા શ્રીઆચાર્યચરણની ન હતી. શ્રી આચાર્યજીના અનુસાર જેમ કે સંધ્યાવંદન આપણે કરીએ તે અધર્મ ન થઈ જતો, કેમ અધર્મ ન થતો ? એટલા માટે કે વેદવિહિત હોવાથી આપણા જે અનિવાર્ય ક્રમ છે તે તો કરવાં જ જોઈએ, બ્રાહ્મણ હોવાના રૂપમાં. આ જ પ્રકારથી વૈષ્ણવ સંપ્રદાયના અંતર્ગત સંપ્રદાયના રૂપમાં સ્વીકારીએ અથવા એક સામાન્ય રૂપમાં, વૈષ્ણવ સંપ્રદાયના રૂપમાં સ્વીકારી તંત્રનું પ્રમાણ આપે સ્વીકાર્યું તંત્રની બધી પૂજનપ્રણાલી આપે સ્વીકારી હતી. જે આપણે માટે નિયત

કર્તવ્યના અનુરૂપ શાલિગ્રામજી આપની પાસે હતા અને એમનું પૂજન થતું. સંધ્યાની જેમ એક નિયત કર્તવ્ય હોવાના કારણે પાછળથી શું થયું ? તેમને અલગ ન રાખતાં, સેવામાં શ્રી ઠાકુરજીની ગોદમાં બિરાજતા આ ક્રમ શરૂ થયો. અને પૂજન પ્રણાલીના જે મંત્ર સ્વરૂપ બિરાજતું. આચાર્યચરણની સ્પષ્ટ આજ્ઞા છે, સુબોધિનીજીના અગિયારમાં સ્કંધમાં આ વાતનો ખુલાસો કર્યો છે કે, કેવળ પુષ્ટિમાર્ગના અંગરૂપ તદનુસાર

ભક્તિ કરવી જોઈએ, સ્વતંત્ર ભક્તિ અને જો તે શકય ન હોય તો તંત્રના પ્રકારની ભક્તિથી જ પ્રભુની વિભૂતિનું પણ અર્ચન કરવું. આવું વિધાન અગિયારમા સ્કંધનાં સુબોધિનીમાં કર્યું છે. વિભૂતિનું જ અર્ચન ન કરવું. સાક્ષાત કેશવનું જ અર્ચન કરવું. એમાં એ પણ ખુલાસો કર્યો છે કે પ્રકાર હજાર થઈ શકે; પ્રભુના સ્વરૂપના અને એ હજાર પ્રકારમાંથી અભિમત જે મૂર્તિ હોય જે આપને રુચતી હોય તે મૂર્તિનું તંત્રોક્ત પ્રકારથી પૂજન કરવું. એવી આપ આજ્ઞા કરે છે. અથવા બંનેનો સમન્વય કરવો. પુષ્ટિમાર્ગીય સ્વતંત્ર ભક્તિ છે તેનો અને તંત્રોકત ભક્તિ છે તેનો સમન્વય કરવો. પરંતુ ખાસ કરીને બાલકોને બંને પ્રકાર મહાપ્રભુજી દ્વારા જ પ્રાપ્ત થયેલા હતા.. એઓશ્રીએ પોતાન જ પ્રકારમાં જેમ કે એ ત્રણે આજ્ઞા આપેલી હતી, તેવી જ રીતે આચરી પણ હતી. યાત્રામાં આપ પધારતા ત્યારે શાલિગ્રામ નિત્ય પૂજન માટે બિરાજતા, તો શાલિગ્રામજી જે આપશ્રીને ત્યાં નિત્ય પૂજનવિધિ અર્થે બિરાજતા, તેઓનું આપ પૂજન કરીને કંઠમાં આપ ધારણ કરતા હતા. તે તંત્રોક્ત પ્રકાર હતો. વૈષ્ણવ લોકો કંઠમાં શાલિગ્રામને ધારણ કરે શૈવલોકો જેમ લીંગને ધારણ કરે છે તેમ. આપણે ત્યાંની પ્રણાલીથી વિચારીએ તો કંઠમાં ધારણ કરવા પ્રભુને પરિશ્રમ દેવા બરાબર છે. પરંતુ તંત્રમાં તે પરિશ્રમનો વિચાર નથી. એટલા માટે તે કંઠમાં ધારણ કરવામાં આવતા અને આચાર્યચરણ કરતા તે તંત્રની વિધિના નિર્વાહથી, અને તે જે શાલિગ્રામ હતા તે કેવલ તંત્રની પૂજાના શાલિગ્રામ હતા. તેવા તંત્રની પૂજાના સ્વરૂપ પણ હતા. બાલકૃષ્ણજી સદશ અને કેવળ સેવાના પ્રકાર સ્વરૂપ પણ આપણે ત્યાં બિરાજતા. મુખ્ય સ્વરૂપ જે બિરાજે સેવામાં એમાં પણ થોડો તંત્રોક્ત પ્રકાર છે. જેમ કે પુરુષસૂક્તથી આપણે સ્નાન કરાવીએ સ્નાનયાત્રાને દિવસે અને ભાગવતમાં પણ વિધાન છે અને તંત્રોક્ત પ્રણાલી છે. જેમ કે પંચામૃત કરાવવું. આમ તો બાલભાવથી વિચાર કરીએ તો બાળકને કેવી રીતે પંચામૃત સ્નાન કરાવી શકાય ? શકયતા જ નથી. બાળકને પંચામૃત સ્નાન કરાવવું એ મોટો પરિશ્રમ થશે. પરંતુ પ્રભુને આપણે કરાવીએ છીએ કેમ કે તંત્રોક્ત પ્રકાર જ અંશતઃ આપશ્રીએ ગ્રહણ કર્યો છે. એટલા માટે તતે બંનેથી કરવું. સમુચ્ચ અથવા '' સમુચ્ચર્યા મર્યાદા'' એવો ત્યાં પાઠ છે. એ સમુચ્ચયનો કલ્પ પણ આપણે ત્યાં હતો. આ વાતોમાં ધ્યાન ન આપવાથી પ્રવૃત્તિકાળમાં આપણને એ ભ્રાંતિ થઈ ગઈ કે જે ભર્યાદા ભક્તિ છે તે કરવી અધર્મ છે અને આપણે તો કેવળ અનન્ય પષ્ટિભક્તિ કરવી જોઈએ. પરંતુ જે શાસ્ત્રવિહિત ભક્તિ છે તેને જરા પણ અધર્મ ન ગણી શકાય, એ વાત સ્પષ્ટ છે. કેમ કે જે નિશ્ચિત સંધ્યા  કરે તે અધર્મ નથી તો વિહિત ભક્તિનો ક્રમ કેવી રીતે અધર્મ થઈ શકે ? એટલા માટે **"पूजया श्रवणादिभिः"** તેમાં પૂજયાનો અર્થ બાલકોએ જુદો જુદો કર્યો છે. **"पूजादधु र्विरचितां प्रणयावलोकैः"** પ્રણયાવ લોકન જ પૂજા છે. એવો અર્થ ઘટાવ્યો છે એવો પણ અર્થ ધટાવ્યો છે કે સ્નેહરહિત જે ક્રિયા છે તે પૂજા છે. આવા અનેકવિધ અર્થ ઘટાવાયેલ છે. જે બાલકને જેવો અર્થ રુચ્યો એવો લેવામાં આવેલ છે. પરંતુ તે બધા અર્થ અને શ્રીઆચાર્યચરણના અગિયારમાં સ્કંધના વચન આ બધા અર્થ સામે રાખીને જોઈએ તો ત્રણે પ્રકાર શ્રીઆચાર્યચરણ દ્વારા પ્રાપ્ત થાય છે સ્વતંત્ર ભક્તિમાર્ગનો ક્રમ, તંત્રોકત ભક્તિનો પ્રકાર અને બંનેનો સમુચ્ચય પ્રકાર ત્રણે આપણને પ્રાપ્ત થાય છે. જેવી રુચિ જેવો અધિકાર, જેવો ભાવ તદ્અનુસાર અર્થ પણ કરવો જોઈએ. તો પૂજાનો અર્થ

કેવળ પૂજા લેવામાં આવે તો કોઈ આપત્તિ નથી. મારા હિસાબથી આપના પ્રશ્નનો અંશ છૂટો તો નથી રહ્યોને ?

આમાં એક વાત છે. આ મતમાં પ્રભુચરણનો શો વિચાર છે ? પ્રભુચરણનો બિલકુલ સ્પષ્ટ વિચાર આ મતમાં આ જ છે. કેમ કે પ્રભુ ચરણે જે પણ ગ્રંથમાં પુષ્ટિભક્તિને અલગ કરીને બતાવી છે. તે આવાતને સમજવા માટે બતાવી છે કે પુષ્ટિભક્તિને આપણે તંત્રોક્ત ભક્તિ ન સમજીએ પ્રભુચરણ જે પણ અલગ કરીને બતાવે છે તે એટલા માટે નથી કે તંત્રોક્ત ભક્તિથી અલગ પુષ્ટિભક્તિ છે, આથી તંત્રોક્ત ભક્તિ કરવી નહિ. અહીં તંત્રોક્ત ભક્તિનો સમુચ્ચય નથી. પ્રભુચરણને માટે આવશ્યક કર્તવ્ય હતું કે તેને સ્વતંત્ર અલગ કરીને દર્શાવવું. પ્રભુચરણે ભાર દઈને તે બધાં હેતુ, તે બધા વચનો, તે બધા ગુણધર્મો જે જુદા જુદા કર્યા છે; તેનો અર્થ એ નથી કે સમુચ્ચયનો સેવામાં નિષેધ કરે છે. જો સમુચ્ચયનો નિષેધ હોય તો આપશ્રીએ સેવામાંથી એ ક્રમ દૂર કર્યા હોય. પ્રભુચરણે દૂર નથી કર્યા તે બધા ક્રમ જે તંત્રોક્ત હતા. તે આપને વિવિક્ષિત હતા. જેમ કે પવિત્રા જે છે તે ભકતોએ ધરાવ્યાં છે ? વ્રજભકતતોને કદી આ ભાવ જાગ્યો કે આટલા દિવસો અમે આપની સેવા કરી તે નિષ્ફળ ન જાય એટલા માટે આપ પવિત્રા ધરો. એવો વ્રજભકતોમાં

ભાવ જાગી જ ન શકે. આ તો આપણા હૃદયમાં જાગ્યો. કેમ કે તંત્રોકત ભક્તિ અને સ્નેહાત્મિકા ભક્તિનો માત્ર સમુચ્ચય કર્યો.

**સવાલ ૩૫ : શમહાપ્રભુજી જગતને સત્ય તરીકે સ્વીકારે છે. ત્યારે શ્રુતિ ગીતામાં खपुष्पादि समत्वादि એમાં જગતને મિથ્યા કહ્યું છે. એમ કેમ ?**

જવાબ ૩૫ : આનો વિસ્તૃત અર્થ આપને જોગો હોય તો કૃષ્ણશંકર શાસ્ત્રીએ કર્દમના નામથી ભાગવત છપાવ્યું એના બીજા ભાગમાં વેદસ્તુતિ છે, એમાં આ બંનેનો અર્થ મેં લખીને આપ્યો છે. તેમાં આપ જોશો તો વિસ્તારથી આ વાતનું વિવેચન મળશે. આનો અર્થ શું છે ? તો પણ સંક્ષિપ્તમાં સમજવા માટે એટલું આપ લક્ષમાં લઈ શકો છો કે અહીં જે મહાપ્રભુજી કહી રહ્યા છે, તે દયા અધિકારીને સામે રાખીને કહી રહ્યા છે, તે જયાં સુધી આપણે સામે નહિ લાવીએ ત્યાં સુધી અઆનો અર્થ આપણને ગડબડ પ્રતીત થશશે. મહાપ્રભુજીએ આ વાતનો ખુલાસો પહેલાં જ કરી દીધો છે કે જે વ્યક્તિ – અધિકારી જગત સત્યના અર્થને એમ ઘટાવે છે કે જગત સત્ય છે, તો જેમ પરમાત્મા સત્ય છે અને પરમાત્મા આરાધ્ય છે, તો જગતની સત્યતાનો ઉપયોગ જો પરમાત્માના આરાધનના ખંડનમાં લગાડવામાં આવે તો તે અધિકારીને એમ કહો કે જો તું પરમાત્માને ભૂલીને જગતને સત્ય માનતો હોય તો જગત સત્ય નથી. જગત મિથ્યા છે. હવે તે પદ્ધતિ અપનાવીને આચાર્યચરણે બધો અર્થ ત્યાં દીધો છે. તેમાં આપ જોશો તો વિસ્તારથી દરેક પંક્તિ આપેલી છે. એમાં બે શ્લોક છે. ઉત્તરોત્તર પહેલા માયાવાદ લઈને એનો ઉત્તર આપ્યો છે. પહેલા શ્લોકમાં અને બીજા કલ્પમાં કહ્યું છે કે મયાવાદ પણ છે તે અપૂર્ણ ઉત્તર છે. અસત્‌વાદ લઈને અર્થ આપેલો છે. માયાવાદ પણ ખોટો અર્થ છે. મયાવાદીને સર્વથા અસત્ નથી માન્યા તદર્થ લક્ષણ અનિર્વચનીય મિથ્યા માન્યા છે. આચાર્યચરણ કહે છે કે જો તમે પરમાત્માને ભૂલીને અને જગતને સત્ય માનીને જગત આરાધ્ય બનાવો છો, તો અમે હવે કહીએ છીએ કે જગત "खपुष्प" છે. તો કેમ આરાધન

કરાય. આ વાત આચાર્યચરણે ત્યાં કહી છે ?

**સવાલ ૩૬ : શું વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં આવશ્યક છે ?**

જવાબ ૩૬ : પહેલાં તો આ ધોરણા અને આ ભ્રમ આપણા મનમાંથી નિષેધ થઈ જવો જોઈએ કે શુદ્ધ પુષ્ટિની કક્ષા આજ આપણા કોઈની પણ નથી. શુદ્ધ પુષ્ટિની આ વાત નિયમના રૂપમાં નથી કહેવા ચાહતો ખાસ કરીને વાદના રૂપમાં કહેવાનું ચાહું છું. પ્રાયઃ વાદના રૂપમાં કેહો ચાહું છું, નિયમ અને પ્રાયઃ વાદમાં અંતર કેવું ? પ્રભુ ચાહે તો એવું બની શકે છે. આજ પણ ખાસ કરીને જોઈએ તો એવું લાગતું નથી. શુદ્ધ પુષ્ટિની કક્ષા કોઈ પણ હોય, જો ખૂબ સરલમાં શુદ્ધ પુષ્ટિ અને મિશ્ર પુષ્ટિનો ભેદ આપણને સમજવો હોય તો આ વાત ખ્યાલમાં રાખવી જોઈએ કે પ્રભુ પ્રકટ થઈ જાય અને પ્રભુના પ્રકટ થયા પછી પ્રભુના સ્વરૂપથી પ્રભુની લીલાથી, લીલાના અનુભવથી, આપણી અંદર ભક્તિ પ્રકટ થાય તો શુદ્ધ પુષ્ટિ કહેવાય. અને પ્રભુ પ્રકટ ન થયા અને પોતાની અંદર ભક્તિ પહેલા પ્રકટ થઈ અને ભક્તિ પ્રકટ થયા પછી ભક્તિના કારણે પ્રભુ પ્રકટ થાય તો મિશ્ર પુષ્ટિ કહેવાય. પ્રભુના પ્રકટ થવાના કારણે ભક્તિ પ્રકટ થાય તો મિશ્ર પુષ્ટિ. તો શુદ્ધ પુષ્ટિમાં આપણે એમ પૂછીએ કે વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા છે કે નહિ ? તો જો એનો સીધો અર્થ આપણે સરળથાથી કરીએ તો એ થાય છે કે પ્રભુના પ્રકટ થવાના કારણે ભક્તિ જયાં પ્રકટ થઈ છે, એવી ભક્તિના પ્રાકટયમાં વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા છે. તો જે મિશ્ર પુષ્ટિનું ઉદાહરણ છે. એમાં તો સુતરાં જ આવશ્યક છે. તેમાં તો કહેવાની કોઈ ભ્રાંતિ જ નથી રહી. એટલી વાત છે કે વ્યસન દશા થઈ જાય ત્યારે વર્ણાશ્રમ ધર્મ આવશ્યક છે, એ કહેવું જ નકામું થઈ જાય. કોઈ ધર્મની આવશ્યકતા નથી. બીજું બધું છૂટી ગયું પછી કહેવાની કોઈ જરૂરિયાત જ નથી. જો વર્ણાશ્રમ ધર્મના તરફ જ એનું વધારે લક્ષ રહે તો તે આ બધું વહેંચાઈ ન જાય ? એક સીધી વાત એ છે કે રસિકરાયજી શુદ્ધ ભક્તિ કરી રહ્યા છે તેથી ભોજન નહિ કરે, એવી વાત નથી, શુદ્ધ પુષ્ટિ ભક્તિ કરી રહ્યા છે એટલા માટે બેટા–બેટીનો વિવાહ નહીં કરે ? જેમ લૌકિક કરશે તેમ વૈદિક કરશે. અને જે વખતે અભિમાન તૂટી ગયું, વ્યસનના કારણે લોક સંબંધી અહંતા – મમતા પણ તૂટી જશે તે વખતે ન લૌકિક જ નિભાવી શકાશે ન વૈદિક જ નિભાવી શકાશે. બાકી નથી તૂટી ત્યાં સુધી " लौकिकत्वं वैदिकत्वं कापटयात् तेषु नान्यथा " તે કપટથી કરશે જ.

**સવાલ ૩૭ : " सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज " તેમાં સર્વ ધર્મની જે વાત કહી છે તે કયા ધર્મનો ત્યાગ ત્યાં બતાવ્યો છે ?**

જવાબ ૩૭ : ભક્તિ પર્યંત બધા ધર્મો, કર્મ, જ્ઞાન, ભક્તિ પર્યંત બધા ધર્મોનો ત્યાગ કરીને શરણમાં આવો. તેમાં વર્ણાશ્રમ ધર્મ જ કેવળ નહીં લઈ શકાય. વર્ણાશ્રમ, આચાર ધર્મ, કર્મ, જ્ઞાન, ભક્તિરૂપી ધર્મ આ બધા જે પણ કાંઈ ધર્મ

છે. બધા ધર્મોનો ત્યાગ કરતાં કરતાં શરણમાં આવો, એ પ્રપત્તિમાર્ગનો ઉપદેશ છે. પ્રપત્તિમાર્ગનો સીધો સાદો અર્થ એ છે કે જીવ પોતાની અહંતાથી કોઈ પણ ધર્મનું અવલંબન ન કરીને સીધું પ્રભુનું અવલંબન કરે.

જયારે અર્જુન મર્યાદા પુષ્ટ ભકત હતો, જેમ કે પ્રભુચરણે કહ્યું. એના માટે પણ બધા ધર્મનો ત્યાગ આવશ્યક હતો. કેવળ પુષ્ટિ ભકત જ કેવળ મર્યાદા સહિત પુણ્ટિ ભકત છે. એમાં બીજભાવ રૂપમાં રહી પુષ્ટિ ભક્તિના માટે ત્યાંનો સર્વ ધર્મ ત્યાગ એટલે પુષ્ટિ ભ;કતનો પણ ત્યાગ છે.

તે તો પ્રપત્તિનો ઉપદેશ છે. ભક્તિમાર્ગીય ટીકાકાર તો આ જ અર્થ લે છે કે આત્મધર્મના વિરુદ્ધમાં જેટલા ધર્મનો ત્યાગ ધર્મ શાસ્ત્રમાં બતાવ્યો છે, તે બધા દેહ ઈન્દ્રિયની શુદ્ધિના માટે છે. આત્મધર્મ છે તે અલગ વસ્તુ છે. તો આત્મધર્મનું અવલંબન જયારે કોઈ કરે છે તો તેના માટે અન્ય ધર્મનો ત્યાગ આવશ્યક છે, તો તે સ્થિતિમાં જ્ઞાન જે છે તે દેહ ઈન્દ્રિયાદિની શુદ્ધિના માટે નથી. આત્મધર્મ છે. તેનો ત્યાગ નથી તે તો જ્ઞાનનો જે પરિપાક છે તેના માટે આ વાત છે. તે જે સાધનરૂપી માર્ગ છે તેમાં તો દેહ ઈન્દ્રિય બધી તે વાત સેવાને માટે પણ આવશે. સેવાનો જે પરિપાક છે માનસી તેના માટે આ વાત લાગુ થશે. સાધનરૂપા જે સેવા છે તેને તો ત્યાં પણ ત્યાગ પ્રાપ્ત થશે. ન્યાય તો સમાન જ રહેશે ને ? એમાં સમજવાની વાત એ છે કે પ્રપત્તિનો જે માર્ગ છે તે અલગ નથી. પૃથક્શરણ માર્ગ છે. पृथक् शरण मार्गोपदेष्टा જે શ્રીઆચાર્યચરણને કહ્યા છે તે આ અર્થમાં કહ્યા છે. તે અર્થમાં કહ્યું છે જે શરણ માર્ગ કોઈ પણ જીવની કૃતિથી સાધ્ય છે એવા કોઈ માર્ગનો ઉપદેશ નથી, કેવળ જે ષડ્વિધા શરણાગતિ બતાવી.

अनुकूलस्य संकल्प प्रतिकूलस्य वर्जनम्

આ ષડવિધા શરણાગતિ બતાવી. આજે શરણાગતિના ષડ્વિધા ધર્મ છે અથવા વિવેકધૈર્યાશ્રયમાં જે પોતાના બતાવ્યા ધર્મ છે એના સિવાય ભક્તિ પર્યંત બધા ધર્મોનો ત્યાગ ત્યાં બતાવ્યો છે. તે જે ધર્મત્યાગ છે એનાથી આપણે એ સિદ્ધ નહિ કરી શકીએ કે શુદ્ધ પુષ્ટિ ભકતને બધાં ધર્મોનો ત્યાગ કરવો પડશે કેમ કે તે અર્થમાં બધા ધર્મોનો ત્યાગ કરે તો પુષ્ટિ ભક્તિનો પણ ત્યાગ કરવો પડશે. પ્રપત્તિમાર્ગનો ઉપદેશ છે. ભક્તિમાર્ગીય ઉપદેશ જ નથી. જીવ જે પણ કાંઈ સિદ્ધ કરીશ કે છે, પોતાના પ્રયત્નથી તે બધું છોડીને પ્રભુના શરણને પ્રાપ્ત થાય. પ્રપત્તિનો અંતરભાવ ભક્તિમાર્ગમાં છે. પ્રપત્તિનો અંતરભાવ ભક્તિમાર્ગમાં છે અને નથી. પણ જે જીવમાં પ્રપન્ન થઈને ભક્તિ કરવાનું સામર્થ્ય છે તે જીવને માટે પ્રપત્તિમાર્ગ ભક્તિમાર્ગની અંતર્ગત છે. જે જીવમાં ભક્તિનું સામર્થ્ય નથી તે કેવળ પ્રપત્તિમાર્ગથી પણ પ્રભુની પાસે પહોંચી શકે છે. આ વાતનું નિરૂપણ શ્રીઆચાર્યચરણે ''સર્વનિર્ણય'' માં કર્યું છે. કેવળ જે પ્રપત્તિમાર્ગથી પણ આગળ વધ્યા છે તેને પ્રભુ પ્રાપ્તિ "कृष्ण एव गतिर्मम" એ જ છે કે ષોડશગ્રંથની અંતર્ગત જે પણ કાંઈ ઉપદેશ છે તે સેવાંગભૂત ઉપદેશ છે. અથવા સેવાનો અનુકલ્પ ઉપદેશ છે. અંગ અને અનુકલ્પનું અંતર કેટલું છે ? જેવી રીતે શરણાગીત સેવાના અંગભૂત પણ બની શકે છે અને સેવાનું અંતર પણ. જો સેવા ન બનતી હોય તેને માટે શરણાગતિ સેવાનું અંતર, જો સેવા નભતી હોય તેના માટે શરણાગતિ સેવાનું અંગ છે. તો ષોડશગ્રંથમાં જેમ બાલબોધનું એક પણ વાકય મહાપ્રભુજીનું પુષ્ટિમાર્ગીય છોડી દો સ્વસિદ્ધાંતના ઉપદેશમાં નથી જેમ લોકો સમજે છે; તેમ બાલબોધના પ્રત્યેક વચન ઉપર સિદ્ધાંતને સમજવાને

માટે કહ્યું છે. " सर्व सिद्धांत संग्रहम् वदामि सुविनिश्चितम् " અને સિદ્ધાંત મુકતાવલિ છે, તેમાં स्वसिद्धांत विनिश्चयम् સ્વ સિદ્ધાંત મુકતતાવલિમાં બતાવ્યો છે અને સર્વ સિદ્ધાંત બાલબોધમાં બતાવ્યો છે. પણ તો પણ તેમાં એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સર્વ સિદ્ધાંત જે બતાવ્યો છે તે પણ સેવાના અંગ રૂપ જ. તેમાં પણ तदीयत्वं भवेद् ध्रुवम् । તે શિવ અને વિષ્ણુના માટે કહેવાયેલી વાત છે. જો કોઈ શિવભકત હોય તો તેને શિવની ભક્તિ કેવી રીતે કરવી જોઈએ ? તદાશ્રય શિવની પ્રપત્તિથી, તદીયત્વ શિવની ભક્તિથી, સાચેસાચ શિવનો અન્યાશ્રય કરીને, સાચે જ શિવમાં અનન્યાસક્તિ સંપાદન કરી અને "स्वधर्म मनु तिष्ठन्वै" અને વર્ણાશ્રમ ધર્મને નિભાવતા કરો નહિ તો ફસાઈ જશો. એવી રીતે તમે વિષ્ણુ ભકત હો તો તદાશ્રય એટલે વિષ્ણુનો આશ્રય, વિષ્ણુના અન્યાશ્રયથી તદીયત્વ એટલે વિષ્ણુમાં અનન્યાસક્તિ રાખતા થાવ. "स्वधर्म मनु तिष्ठन्वे" (જેટલી તદીયતા અને તદાશ્રય શબ્દ આવે છે તે શિવ અને વિષ્ણુ પરક જ છે.) હા, તેમાં આપણા કૃષ્ણનો કોઈ વિષય જ નથી બાલબોધમાં, કેમ કે ત્યાં સમજાવી જનરલ પોલિસી મહાપ્રભુજીએ કે જો પરાશ્રય મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તમારે તો, આ General Policy છે. તદાશ્રય તદીયત્વ.

**स्वधर्म मनु तिष्ठन्वै** હવે આ ચાલુ પુષ્ટિમાર્ગીય રીતથી લાગુ કરે છે સિદ્ધાંત મુક્તાવલીમાં જો તમારે કૃષ્ણની ભક્તિ કરવી હોય તો કૃષ્ણાશ્રય **"कृष्णश्चेद् ध्रुवम्" "मोक्षो कृष्णश्चेद् ध्रुवम्"** અથવા ન્યાયથી શ્રીકૃષ્ણમાં અનન્યાસક્તિ રાખતા **"स्वधर्म मनु तिष्ठन्वै भारद्वैगुण्य मन्यथा"** તે ન્યાયથી સિદ્ધાંત મુક્તાવલીમાં Statement Policy છે. ત્યાં શ્રી મહાપ્રભુજીની **भारद्वैगुण्य मन्यथा** એટલે શું ? એમાં બેપ્રકારનો ભાર થઈ જશે. તદાશ્રય અને તદીયતા સાધન કક્ષામાં તો બરાબર નહિ નિભાવી શકો અને વર્ણાશ્રમ છોડી દેશો તો લેવા પુત્ર, ખોઈ આવી પતિને વાત થઈ જશે. એટલે સાધન અવસ્થામાં તદાશ્રય, તદીયત્વ સિદ્ધ નહિ થઈ શકે. એટલે તદાશ્રયત્વ અને તદીયત્વ વ્યસન કક્ષામાં ન પહોંચી શકે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ નહિ છૂટી શકે. આ Policy આચાર્યચરણે કૃષ્ણ ભક્તિમાં પણ કહી છે. ષોડશ ગ્રંથમાં સર્વત્ર **"बीजभावे दढेतुस्यात् त्यागात् श्रवण कीर्तनात्, बीजदाढर्य प्रकारस्तु गृहे सित्वो स्वधर्मतः"** આમાં **स्वधर्मता गृहे स्थित्वा अव्यावृत्तौ भजेत कृष्ण स्वधर्मतः वर्णाश्रम धर्मतः गृहेस्थित्वा अव्यावृतस्यं कृष्णं भजेत्** તે જ **"भारद्वैगुण्य मन्यथा"** Policy ની આચાર્ય ચરણે ભૂમિકા બાંધી દીધી છે. સિદ્ધાંત મુક્તાવલીમાં **"कृष्ण सेवा सदा कार्या"** અહીંથી મહાપ્રભુજીએ સ્વ સિદ્ધાંત બતાવ્યા છે. પરંતુ Policy તે જ છે. એટલે અચર્ય ચરણની પાસે જો કોઈ શૈવ જાય તો આચાર્યચરણ એમ નહિ કહે કે તું વિષ્ણુને ભજ. આચાર્યચરણ એમ કહેશે કે જો તું શિવનો ભકત છે તો સાચેસાચ એટલી સચ્ચઈથી તું શિવને ભજ એટલે તેટલી સચ્ચાઈ તારામાં તદાશ્રય એટલે શિવાશ્રય અને શિવની તદીયતા અનન્યતા અનનયાસક્તિ શિવની આવે અને **"स्वधर्म मनु तिष्ठन्वै"** એટલે કોઈ વિષ્ણુનો ભકત મહાપ્રભુજી પસે એ તો તેને એમ નહિ કહે કે તું કૃષ્ણને ભજ તેને એમ કહેશે કે તુ ષ્ણિુનો તદાશ્રિત બ. વિષ્ણુનો અનય ભકત બન. અને સ્વધર્મનું પાલન કર. આવું જ જયારે જેની અંદર પુષ્ટિભક્તિનો ીજભાવ છે તે જયારે આચાર્યચરણ પાસે આવે તો તેને આચાર્યચરણ કહેશે કે તું બધાં લફરાં છોડીને કૃષ્ણને ભજ.

**સવાલ ૩૮ : વૈષ્ણવોને ત્યાં બિરાજતું શ્રીઠાકોરજીનું સ્વરૂપ કયા ભાવથી બિરાજે છે ? એ સ્વરૂપ સન્મુખ બ્રહ્મસંબંધ આપી શકાય ? બેઠકજીમાં છપ્પનભોગ કરી શકાય ?**

**સવાલ ૩૯ : વૈષ્ણવોને ત્યાં જે સ્વરૂપ બિરાજે છે એ કયા ભાવથી ? એવી ભાવના છે કે ગુરુના આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે ?**

જવાબ ૩૮–૩૯ : એ સ્વરૂપ કયા ભાવથી બિરાજે છે એ સમજતાં પહેલાં એ વાત મનમાં સ્પષ્ટ કરી લેવી જરૂર છે કે કોના ભાવથી ? ભાવ સ્થાપિત કરનાર કોણ ? શું જે ગુરુએ શ્રી...... પધરાવ્યા છે તેમણે કોઈ ભાવ સ્થાપિત ભાવ કર્યો છે અથવા જે વૈષ્ણ સેવા પધરાવીને જઈ રહ્યો છે તેનો કોઈ ભાવ ? વૈષ્ણવોને ત્યાં બિરાજતું સ્વરૂપ આ જ ભાવનું છે એવવો કોઈ સિદ્ધાન્ત નથી. ત્રણ વાતો અહીં સામે રાખવી જોઈએ. ગુરુએ તો પુરુષોત્તમ ભાવથી જ સ્વરૂપ વૈષ્ણવને માથે પધરાવવું જોઈએ. ગુરુભાવથી બિરાજે છે એમ કહેવું યોગ્ય નથી. (સિદ્ધાન્ત નથી). કારણ કે ગુરુભાવથી પધરાવે તો પૂરી સેવા – મર્યાદા ગુરુમર્યાદામાં જ રચવી પડે અને એ રીતે પુષ્ટિમાર્ગીય પ્રણાલી પ્રમાણે સેવા ન થઈ શકે. ત્યાં તો બધું ગુરુમર્યાદા અનુસાર જ કરવું પડશે. આધિદૈવિક સ્વરૂપ તો અલૌકિક જ કહેવાય. એક સીધી વાત પર ધ્યાન દો કે યદિ વૈષ્ણવને ત્યાં ગુરુએ એક સ્વરૂપ પધરાવ્યું અને પુષ્ટ કરતી સમયે પુરુષોત્તમનો ભાવ ન કરતાં પોતાનો ખુદનો ભાવ કર્યો એ સ્થિતિમાં એ સ્વરૂપના ચરણારવિન્દમાં તુલસી સમર્પી શકાય કે ? (ગુરુભાવ હોય તો) તુલસી સમર્પવી ભૂલ છે અને તુલસી ન સમર્પી શકાય તો એ સ્વરૂપ સેવામાં શું કામનું ? આપણે ત્યાં શ્રી મહાપ્રભુજીના ચરણારવિન્દ (પાદુકા) માં તુલસી સમર્પવામાં નથી આવતી તો પણ આપણે શ્રીમહાપ્રભુજીથી મોટા તો નથી તો આપણા પગમાં કઈ રીતે તુલસી સમર્પાવી શકાય ? આ રીતે વિચારતાં એવો કોઈને અધિકાર નથી કે પોતાનું સ્વરૂપ, પુષ્ટાવતે સમયે સ્વરૂપમાં સ્થાપિત કરી શકે. હવે રહી વાત એ કે વૈષ્ણવ જ એવો ભાવ કરે કે આ મારા ગુરુ જ છે. (શ્રીઠાકોરજીમાં) તો ગુરુમાં જ પુરુષોત્તમ ભાવ નથી વિચાર્યો, પુરુષોત્તમમાં પણ ગુરુભાવ વિચાર્યો છે. એ સંચારીભાવ છે. સ્થાયીભાવ નથી. સ્થાયીભાવ તો પુરુષોત્તમના રૂપમાં જ ગુરુએ પુષ્ટાવતે સમયે સ્થાપિત કર્યો હોય છે. આ રીતે સ્થાયીભાવ પુરુષોત્તમનો છે. એ જાણ્યા પછી કંઈ શંકા રહેતી નથી. વૈષ્ણવે પોતાને ઘેર ગુરુને સ્વતંત્ર પધરાવીને સેવા ન કરતાં સ્વરૂપમાં જ ગુરુભાવ કરી લેવો એ જ પદ્ધતિ છે એ સિદ્ધાન્તથી બિલકુલ સુસંગત પદ્ધતિ છે. પણ કોઈ એમ કહે કે મારા ઘરમાં શ્રી ઠાકોરજી નથી બિરાજતા ગુરુ બિરાજે છે તો તેની સેવાનો પ્રકાર શું છે ? ગુરુ સન્મુખ તુલસી કેમ સમર્પિત કરાય ? ગુરુ પાસે સ્વામિનીજી કેમ પધરાવાય ? તો સિદ્ધાન્તાનુસાર તો વૈષ્ણવને ત્યાં બિરાજતું સ્વરૂપ પુરુષોત્તમ ભાવે જજ બિરાજે છે પછી તે સ્વરૂપ સન્મુખ બ્રહ્મસંબંધ (દીક્ષા) શા માટે ન આપી શકાય ?

હવે શ્રીબેઠકજીમાં છપ્પનભોગની વાત કરીએ તો આપણે અવૈચારિક આજ્ઞાઓ વૈષ્ણવોને આપી દઈએ છીએ એ કારણે (ઘણી) ગરબડ થાય છે. કેમ કે જો બેઠકજીમાં શ્રી મહાપ્રભુજી પુરુષોત્તમ ભાવથી બિરાજે છે તો વૈષ્ણવોને ઝારી ચરણસ્પર્શ ન કરવા દેવા જોઈએ પછી તો એ બધા નિયમ લાગુ કરવા જોઈએ જે મંદિર સેવાના છે. તો એ નિયમ લાગુ

ન કરવાં અને ધડા – ધડ વૈષ્ણવોને ઝારી – ચરણસ્પર્શ કરાવતા રહીએ તો કેમ બને ? મતલબ કે ત્યાં આચાર્યભાવે બિરાજે છે. બેઠકજીના ક્રમ પ્રમાણે હવે અહીં કોઈ છપ્પન ભોગની આજ્ઞા આપે તો એ જયારે શ્રીમહાપ્રભુજી આચાર્યસ્વરૂપે બિરાજતા હોય અને ક્રમ પણ એ ભાવાનુસાર હોય તો કેમ બને ? પણ જો આચાર્યચરણ જેવી રીતે પુરુષોત્તમ ભાવ રાખી શકાય.જેવી રીતે પુરુષોત્તમ ભાવ રાખી શકાય પણ પુરુષોત્તમવત્ સેવા ન થાય. એમ જ પોતાના માથે બિરાજતા સ્વરૂપમાં વૈષ્ણવ ગુરુભાવ રાખી શકે, ગુરુવત્ સેવા ન થઈ શકે, આ વિવેક સમજવો આવશ્યક છે. હવે અવિવેક કેમ થાય છે કે આપણે શ્રી આચાર્યની પુરુષોત્તમવત્ સેવા કરવા લાગ્યા અને ઘેર બિરાજતા સ્વરૂપની ગુરુવત્ સેવા કરવા લાગ્યા આ જ તો ગરબડ છે.

**સવાલ ૪૦ : બ્રહ્મના સંબંધમાં શ્રી મહાપ્રભુજીનો દષ્ટિકોણ શો રહ્યો છે ? બ્રહ્મની સત્તાના મૌલિક ચાર પક્ષો કયા ?**

જવાબ ૪૦ : ઉપનિષદોએ દ્વૈતોનું સમાધાન એક એવા અદ્વૈતમાં શોધવા ઈચ્છયું છે કે જે એક જ અનેકતાની ઉદ્‌ઘોષણા કરે છે. એક જ બ્રહ્મ અનેક નામરૂપોને ધારણ કરી શકે છે. એક જ પરમાત્મા આપણી ઉન્નતિ માટે આપણાથી સાધુ કર્મ કરાવે છે અને એ જ આપણાથી ખરાબ કર્મ આપણી અધોગતિને માટે કરાવે છે. તો પણ તે અસંગ ઉદાસીન અને શુભતમ જ છે. કારણ કે તે વ્યાપક છે. ઉપરન્નીચે, આજુબાજુ સર્વત્ર તે જ છે. તે આપણને ઉપર ઉઠાવતો નથી પરંતુ પોતાના અંશને ઉપર ઉઠાવે છે. તે આપણને નીચે પાડતો નથી પણ પોતાના અંશને નીચે પાડે છે. જયાંથી ઉપર ઉઠાવે છે. અને જયાં સુધી ઉપર ઉઠાવે છે બંને જગ્યા તે પોતે જ છે. જયાંથી નીચે પાડે છે અને જયાં સુધી નીચે પાડે છે બંને જગ્યા તે પોતે જ છે. તે નિરાકાર અને સર્વાકાર પણ. તે અણુથી અુતર છે અને વ્યાપકથી વ્યાપકતર પણ. એટલા માટે શ્રી મહાપ્રભુ કહે છે :

'' બ્રહ્મ અણુ હોવા છતાં પણ વ્યાપક છે. કૃષ્ણ માતા યશોદાના ખોળામાં બેઠો હોય પણ સકલ બ્રહ્માણ્ડનો આધાર છે. ''

શ્રી મહાપ્રભુજી તેને '' વિરુદ્ધ ધર્માશ્રયતા'' કહે છે અને શ્રી શંકરાચાર્ય ''વિરુદ્ધધર્મ – સમવાયિતા'' બૃહદારણ્યક ઉપનિષદના ભાષ્યાં શ્રી શંકરાચાર્ય અને બહુ પ્રભાવશાળી શબ્દોમાં પ્રતિપાદિત કરે છે.

''મારા બ્રહ્મદુર્ગમાં તાર્કિક રાજાની ચાપલૂસી કરવાવાળા ભાડુતી સૈનિકો જેવા વિચારક પ્રવિષ્ટ નહીં થઈ શકે. તેથી અહીં નિર્ભય થઈને રહી શકાય છે. જેના પર શાસ્ત્ર અને ગુરુની કૃપા ન હોય એવા લોકો પણ અહીં રહી નહી શકે. કારણ કે આ બ્રહ્મ ચલ છે અને અચલ છે. સમીપ છે અને દૂર છે. તાર્કિકોની બુદ્ધિને ચકરાળી દેવાવાળા અનેક વિરુદ્ધ ગુણધર્મ આ બ્રહ્મમાં સંભવ છે.

જગતની બધી દાર્શનિક માન્યતાઓ તે તે રૂપોમાં આ એક બ્રહ્મના અનેક પક્ષોનાં વર્ણન કરે છે. કોઈ એને પ્રકૃતિ કહે છે – કોઈ પરમણુ – કોઈ માયા – કોઈ અદષ્ટ કર્મ –

કોઈ વાસના – કોઈ કાલ – કોઈ સ્વભાવ – કોઈ શૂન્ય – કોઈ શિવ – કોઈ શક્તિ – કોઈ વિષ્ણુ – કોઈ યહોબા – કોઈ અલ્લાહ. શ્રી મહાપ્રભુજી કહે છે ''તદૈવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્'' – તે જ આ બધા રૂપોને કયારેક વિચારકોની બુદ્ધિમાં ધારણ કરે છે તો કયારેક બહાર પણ. એકાંગી દષ્ટિકોણથી જોવાથી આંખમાંથી કોઈ પણ દાર્શનિક માન્યતા સમગ્ર બ્રહ્મનું પ્રતિપાદન કરી શકતી નથી. પણ આપસમાં એને ટકરાવવાથી આ બધી માન્યતાઓ તૂટી જાય છે. પણ જો તેને યથાયોગ્ય જોડીને જોવાય તો ખબર પડશે કે આ બધી માન્યતાઓ બ્રહ્મના એક – એક હિસ્સાનું ચિત્ર પ્રસ્તુત કરી રહી છે. '' સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિતદ્ અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ કૂટસ્થં ચલમેવ ચ, વિરુદ્ધસર્વધર્માણામાવયં યુકતગોચરમ્'' શ્રી મહાપ્રભુજી આ કારિકાની વ્યાખ્યામાં કહે છે; ''વિભિન્ન દાર્શનિક મતવાદ જુદા જુદા દાર્શનિકોના મનની કલ્પનાઓને અનુસાર ભલે પ્રકૃતિને મૂલતત્વ માને અથવા પરાણુને – માયાને અથવા શૂન્યને – કાળને અથવા સ્વભાવને. આ પ્રકૃફતિ – પરમાણુ – માયા વિગેરેનાં ચિત્ર બ્રદ્રના એક એક હિસ્સાના રૂપ જ, એમની કલ્પનાઓમાં આવે છે સમગ્ર બ્રહ્મ ન દેખાઈ દેતું હોવાને કારણે છેવટના આંશિક ચિત્રોની સહાયતાથી જ મૂળતત્વને જાણવાનો પ્રયત્ન કરે છે અને કેટલાક અંશમાં સફળ પણ થઈ જાય છે.

એ ઠીક જ છે કે પ્રકૃતિ પરમાણુ થઈ નથી શકતી, પરમાણુ માયા થઈ શકતી નથી. સત્–અસત્ અને સદ્–અસદ્થી વિલક્ષણ મયા ચતુષ્કોટિવિનિર્ભુકત શૂન્ય હોઈ શકતી નથી. નિષ્ક્રિય શૂન્ય સક્રિય કાળ થઈ શકતો નથી, અને આ પરસ્પર વિરુદ્ધ મત સત્ય હોઈ શકતા નથી. પરંતુ બ્રહ્મ આ બધું કાંઈ થઈ શકે છે. પ્રકૃતિ, પરમાણુ, માયા શૂન્ય, કાલ, કર્મ, સ્વભાવ, પુરુષ વિગેરે. માટે કોઈ પણ દાર્શનિક સ્થાપનાના અપ્રમાણિક નહીં પરંતુ અપૂર્ણ છે. માન્યતા તો મનના દુરાગ્રહો અને પૂર્વગ્રહોથી ઘેરાયેલી રહે છે એટલે મિથ્યા થઈ શકે છે, પણ વાણી તો તે અનન્તમૂર્તિ બ્રહ્મની એક એક મૂર્તિનું જ વર્ણન કરી રહી છે. એટલે વાત બધાની ઠીક છે પણ માન્યતામાં જડતાને લીધે ગરબડ થઈ જાય છે.

કેટલાક તર્કશાસ્ત્રી કહે છે કે કંઈ પણ ાની લઈ જઈ શકાય છે. પણ વાણીથી વ્યકત કરવા જશો તો વ્યાકરણ અને તર્કશાસ્ત્રના નિયમ લાગુ પડી થઈ જશે. શ્રી મહાપ્રભુજી હે છે કે માન્યતા પૂર્વગ્રહોથી જકડેલી હોય છે. માટે અપ્રમાણિક પણ હોઈ શકે છે. પણ વાણીથી તેને વ્યકત કરશો તો સત્યના જ કોઈને કોઈ પાસાનું નિરૂપણ મેળવશો. વાગ્યદેવતા કયારે પણ મિથયા નથી થઈ શકતા. માટે બધા વાદોના વિવાદની ઉપર હોવા છતાં પણ બ્રહ્મ વાગ્દેવતાના અનુરોધ પર બધા વાદોના સ્તર પર ઊતરી આવે છે.

બ્રહ્મ એક જ અદ્વિતીય છે. પણ આ અદ્વૈત કોઈ જડ પદાર્થનું અદ્વૈત નથી કે જે પરમ સત્તા પોતે–પોતાને જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતમાં વિભકત કરી ન શકે. હા બ્રહ્મ નિષ્ક્રિય છે પરંતુ એ અર્થમાં કે એમાં કપ્રકટ થતી ક્રિયાઓનાં કર્મ, સ્વયમ્ એન સિવાય બીજું કોઈ થઈ શકતું નથી. કુરાન કહે છે – '' લમ્યલિદ વ લમ્ યૂલદ'' તે ન તો કોઈનો બેટા છે અને ન તેનો કોઈ બેટા છે. આપણે ત્યાં પણ કહેવાયું છે કે – ''ન તસ્ય કાર્ય કારણં ચ વિદ્યતે'' તે ન કોઈનું કાર્ય અને ન તો કોઈ એનું કાર્ય છે. વેદે તે કુરાને વાત તો બરાબર કહી છે. પણ એનો અર્થ

સમજવો પડશે. બ્રહ્મનું બ્રહ્મથી જુદું ન કોઈ કારણ છે અને ન કોઈ કાર્ય, પણ છતાંય બ્રહ્મ સ્વયમ્ શું કાર્ય અને કારણ બની શકતું નથી ? તે પોતે બાપ અને બેટો બની ન શકે એટલું તે અસમર્થ પણ નથી !

દ્વૈત એ અદ્વૈતના ઝગડા આપણા પૂર્વગ્રહ અને સીમિત દષ્ટિકોણથી ઉભરાતી વિવિક્ષાને કારણે ચાલતા રહ્ય છે. જયારે આપણે એક રાષ્ટ્રના રૂપમાં આપણું વર્ણન કરવા ઈચ્છીએ છીએ તો આપણી અદ્વૈત વિવિક્ષા થાય છે અને આપણે ભારતના રૂપમાં એક રાષ્ટ્ર બની જઈએ છીએ અને આજ એકત્વ જન સંખ્યાની વિવિક્ષા થાય ત્યારે સાઠ કરોડ પણ થઈ શકે છે ! એક અને બે, અથવા સાચું કહીએ તો શૂન્યની સંખ્યા પણ પરસ્પર સાપેક્ષ ધારણાઓ છે. બરફ જામવાની ગરમીને આપણે શૂન્ય માની લીધું તો વધારે ઠંડી પડે તો કહેવું પડે છે ''શૂન્યથી ત્રણ ડીગ્રી નીચે'' શું કહી રહ્યા છો ? શૂન્યની પછી સંખ્યા કેવી અહીં પરન્તુ શૂન્ય બરાબર સો પણ હોઈ શકે છે ! પણ આપણે એક અથવા બેના ઝગડામાં પડેલા છીએ, અદ્વૈતનું ખંડન કરવાથી દ્વૈત પણ ખંડિત થઈ જશે અને દ્વૈતનું ખંડન કરવાથી અદ્વૈત પણ. શૂન્યના પણ અસ્તિત્વનો ઈન્કાર કરવાથી એક મળશે નહી. તો બે અને ત્રણની તો વાત જ શું ? પરન્તુ પૂર્વગ્રહથી ઘેરાયેલી ધારણા દ્વૈત અને અદ્વૈતની બિલાડીઓના ઝગડામાં ઘણું કરીને શૂન્યતા રૂપી વાંદરાના ન્યાયનો નિષ્કર્ષ માની લેતી હોય છે.

પરમાત્મા વસ્તુતઃ 'એકમેવાદ્વિતીયં'' તત્વ છે. જયારે આપણી વિવિક્ષાનો વિષય તે પોતે બ્રહ્મ હોય છે. અને પરમાત્મા વસ્તુતઃ ''સર્વં ખલુ ઈદમ્'' છે જયારે આપણે આપણી વિવિક્ષાનો વિષય એના અનન્તમ નામરૂપો હોય છે.

ઉપનિષદોમાં બ્રહ્મને તેથી જ 'સચ્ચિદાનંદ' કહેવાયું છે. તે એક બિમાર બેહોશ વ્યક્તિની જેમ નહીં પરન્તુ તે પોતાના હોવાના પુરા ભાવની સાથે હોય. આથી તે ન કેવળ સત્ છે પરન્તુ ચિત્ત પણ છે. એની સત્તામાં કાંઈ સીમા નથી કે એની ચેતનામાં પણ. દેશ – કાળ દ્રવ્યના પરિચ્છેદોથી રહિત એની અસીમ સત્તા અને ચેતનામાં કયાંક કોઈ વિસંવાદ ( Disharmony ) નથી. વિભિન્ન સ્વર આ અસીમ ધ્રુવપદમાં અસ્થાઈ, અન્તરા, સંચારી અને આભોગ બની જાય છે. દેશ, કાલ, દ્રવ્ય એની સત્તાનાં જ ત્રણ પાસાઓ છે. એનાથી સ્વતંત્ર નથી. દ્રવ્ય ( Matter ) બ્રહ્મથી જુદું નથી. પરન્તુ બ્રહ્મની સત્તાનું જ એક અન્યતમ રૂપ છે. કાળ ( Time ) પણ બ્રહ્મથી ભિન્ન નથી. પરન્તુ તે બ્રહ્મના ક્રિયાશીલ હોવાની ચેષ્ટા છે. દેશ ( Space )ને શ્રીમહાપ્રભુજી દ્રવ્યની જ અન્તર્ગત ગણે છે. સ્વતન્ત્ર નહીં. આ દ્રવ્ય અને કાળ જેવા સંદેશ છે તેવા જ કર્મ ( Kinetic Energy ) અને સ્વભાવ ( Potential Energy ) પણ બ્રહ્મની જ સત્તાના અદશ્ય રૂપ છે. આ જ કર્મ અને સ્વભાવને કારણે કાળમાં દ્રવ્ય ગતિશીલ અથવા સ્થિતિશીલ થાય છે. આ પ્રમાણે બ્રહ્મની સત્તાના મૌલિક ચાર ભૌતિક પક્ષો છે : (૧) દ્રવ્ય (૨) કાળ (૩) કર્મ અને (૪) સ્વભાવ.

આ ચારના પંત્ર જડયંત્રની જેમ, સ્વયં સંચાલિત નથી પરન્તુ સત્, ચિત્, આનંદ બ્રહ્મના ચિદંશ, ચેતના અને આનંદ દ્વારા ચાલિત હોય છે. આ ચેતના સંદશમાં છુપાયેલી રહે છે. એટલે બહારથી જોવાથી લાગે છે કે દ્રવ્ય, કાળ, કર્મ અને સ્વભાવ સ્વયં સંચાલિત છે. પણ

પરમાત્મા તેઓને બહારથી નહિ અંદરથી ચાલુ કરે છે. આથી જ ઉપનિષદ્ કહે છે " યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ સર્વેભ્યો ભૂતેભ્યોન્તરોયં સર્વાણિ ભૂતાનિ ન વિદર્યસ્ય સર્વાણિ ભૂતાનિ શરીરં ય સર્વાણિ ભૂતાનિ અન્તરો યપયતિ એષ તવ આત્મા અન્તર્યામ્યમૃત" જે બધા ભૌતિક પદાર્થોમાં સ્થિત છે, જે બધાની ભીતર છે, જેને કોઈ ભૌતિક પદાર્થ જાણી નથી શકતો, બધા ભૌતક પદાર્થ જેના શરીરની જેમ છે, જે બધા ભૌતિક પદાર્થોનું નિયમન એની અંદર રીહને કરે છે. તે જ આત્મા તમારા પણ અન્તર્યામી અમૃત છે, જે બ્રહ્મની ચેતના ભૌતિક પદાર્થોમાં સ્વયં સંચાલિત થવાનું ભાન ઉત્પન્ન કરે છે તે જ બ્રહ્મ ચેતના આપણી અંદર પણ આંશિક રૂપમાં વિદ્યમાન છે. પણ તથાકથિત અચેતન ભૌતિક પદાર્થોમાં તે છુપાયેલી છે. તેથી તે તેમની પોતાની સત્તાને જાણી શકતા નથી. આધિભૌતિક પદાર્થોમાં બ્રહ્મની સત્તા જ કેવળ પ્રકટ થઈ છે. ચેતના છુપાયેલી રહે છે જયારે આપણા સ્વરૂપમાં સત્તા અને ચેતના જ છે. આ જ અન્તર છે ભૌતિક પદાર્થ અને જીવાત્મામાં. બધાને તે જ અંશી બ્રહ્મચેતના ચલાવી રહી છે. કયાંક પ્રગટ થઈને અને કયાંક છુપાઈને. જયાં ચેતના પોતાને છુપાવતી નથી તે સત્તાના રૂપને 'પુરુષ' અથવા 'જીવાત્મા' કહેવાય છે. એવી જ રીતે દ્રવ્યનું બીજું નામ પ્રકૃતિ છે જયાં ચેતના જડની અંદર છુપાઈ ગઈ છે.

આ કાળ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ પુરુષનું તન્ત્ર સચ્ચિદાનંદ પરમાત્માની ચેતના દ્વારા સ્વયમ્ પોતાના આનંદની ઉપલબ્ધિની દિશાની તરફ ચાલવામાં આવે છે. એટલે જ ઉપનિષદ કહે છે – " આ બધાં જડ – ચેતન રૂપ તે આનંદમાંથી પ્રકટ થયા છે. આનંદમાં સ્થિત (રહેલાં) છે અને ફરીથી આનંદમાં જ લીન થઈ જશે. આ આનન્દને ઓળખો.
તે આનંદ બ્રહ્મ છે. "

બ્રહ્મ જયારે પોતાની અનેક સંભાવનાઓ ( Potential Forms ) ના પ્રતિ સ્વયમ્ પોતાની ચેતનામાં સચેત હોય છે. તો તે સમ્ભવિત રૂપ સત્તામાં ધનીભાવની પ્રક્રિયા દ્વારા સાકાર બની જાય છે. એવી જ રીતે આનન્દની વિભિન્ન સંભાવનાઓ પ્રીત સચેત થવાથી આનંદાંશમાં પણ ઘનીભાવની પ્રક્રિયા ત્રરા આકાર ઉભરવા લાગે છે. ઘનીભૂત સાકાર સત્તા આ બધાં ક્ષર જગત છે અને ધનીભૂત સાકાર આનન્દ ક્ષરાક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. ચેતના જે આ ક્ષર તેમજ પુરુષોત્તમના રૂપોનાં પ્રતિ સચેત હોય છે તે 'અક્ષરબ્રહ્મ' અથવા 'અક્ષર પુરુષ' કહેવાય છે. આપણી જીવચેતનાને પણ આ અક્ષર પુરુષની આંશિક અભિવ્યક્તિ હોવાને કારણે 'પુરુષ' કહેવાય છે. ચેતનામાં ધનીભાવ હોતો નથી. એટલે અક્ષરબ્રહ્મ અને એના અંશભૂત જીવાત્મા નિરાકાર માનવામાં આવે છે. આપણો પાંચભૌતિક દેહ સત્ છે. આ દેહની અંદર આપણી આત્મચેતના સચ્ચિત્ છે અને એની ભીતર છુપાયેલો પરમાત્મા સચ્ચિદાનંન્દ અન્તર્યામી છે.

જડ હોય કે જીવ બધાની ભીતર આ આનંદ છુપાયેલો છે અને બધાનું નિમમન ભીતરથી કરે છે. બહારથી જોવાથી લાગે છે કે જળ વહે છે, હવા ચાલે છે, ઝાડ ઊગે છે, આગ બળે છે, ફૂલ ખીલે છે અને પછી પડી જાય છે; પણ ભીતરમાં તે જળને વહાવે છે, તે હવાને ચલાવે છે તે જ ફૂલોને ખિલાવે છે અને તે જ મુરઝાવે પણ છે. તે અંતર્યામી છે એટલા માટે

આમ તો બહારથી જોવાથી સ્વયંચાલિત પ્રતીત થાય છે. સ્વયમ્ જીવોની પણ આ બધી જાતની જ્ઞાન તેમજ ક્રિયા શક્તિઓનું નિયંત્રણ તે જ અન્તર્યામી પરમાત્મા ભીતરથી કરે છે, આપણને લાગે છે કે આપણે આ જાણીએ છીએ – આપણે આ ચાહીએ છીએ – આપણે આ કરીએ છીએ અને આપણે સુખી થયા કે દુઃખી થયા છીએ. ખરેખર તો તે આપણી અંદર જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન, કૃતિ અને સુખ – દુઃખની અનુભૂતિ ઉત્પન્ન કરે છે. તેજ અન્તર્યામી જે જડ–ચેતન બધાનું ભીતરથી નિયમન કરી રહ્યો છે. એટલે બહારથી જડમાં સ્વયંચાલિતતાની ભ્રાન્તિ થઈ જવાની સ્વાભાવિક વાત છે. આપણી ચેતનામાં પણ તો આ રીતે જ્ઞાન – ઈચ્છા – પ્રયત્ન – કૃતિ – ફલાનુભૂતિ સ્વતંત્રતાની ભ્રાંતિ પેદા થતી જ હોય છે. કારણ કે બહારથી ચલાવીશું તો ચાલવાની ક્રિયામાં પરાધીનતા લાગશે પણ તે તો આપણને અંદરથી ચલાવી રહ્યો છે. પછી ચાલવામાં આપણે આપણી સ્વતંત્રતાનો અનુભવ શા માટે ન થાય ?

ધર્મઉપદેશ કહે છે કે પાપ પુણ્ય થઈ શકતું નથી. સૌન્દર્યનો બોધ કહે છે કે કુરૂપ સુરૂપ થઈ શકતું નથી. હૃદય કહે છે કે આપણો અપ્રિય શત્રુ, પ્રિય મિત્ર થઈ શકતો નથી. અદ્વૈતવાદી કહે છે કે એક અનેક થઈ શકતું નથી. માયાવાદી કહે છે કે જગત સત્ય નથી થઈ શકતું. નિરાકારવાદી કહે છે કે પરમાત્મા સાકાર થઈ શકતા નથી.

પરન્તુ દ્વૈતવાળી આવી બીધી ધારણાની ઉપયોગિતા ફકત કામચલાઉ જ લાગે છે. એમાં વધારે બીજું કંઈ પણ તથય દેખાતું નથી.

કેટલાક અનાત્મકવાદી વિચારોકોએ આત્માનું અસ્તિત્વ સિદ્ધ ન થઈ જાય એટલા માટે આત્માના બધા ગુણ, વ્યવહાર તથા પ્રભાવ જડ પદાર્થોમાં પણ માન્ય કરી લીધા છે. ત્યાં કેટલાક આત્મવાદી ચિન્તકોએ આત્માની સત્તા સિદ્ધ કરવાની ધૂનમાં એને બધી જાતના ગુણ ધર્મ અને વિશેષાઓ વગરનો નિર્ગુણ, નિર્ધર્મક, અને નિર્વિશેષ માની લીધો છે. કોઈ બિચારા ભૌતિકવાદી આવા નિર્ગુણ, નિર્ધર્મક, નિર્વિશેષ આત્માના અસ્તિતવને ખંડન કરે તો કેવી રીતે કરે ? આવા આત્માના હોવા અથવા ન હોવામાં કોઈ પણ એક પક્ષની ઉત્પત્તિ અથવા બીજા પક્ષની અનુપપત્તિ શોધી શકાતી નથી.

ઈસાઈઓએ પરમાત્માનો રંગ પણ ગોરો શ્વેત માન્યો. કારણ કે એમનો ઈશ્વર કાળો હોઈ શકતો નહોતો. આ વાત ઉપર નારાજ થઈને કેશીઅસ કલે મહંમદ અલી બની ગયો. કારણ કે ગોરો પરમેશ્વર કાળાઓના મનોભાવો સમજી નહી શકે.

આ સાચેસાચ દુર્ગન્ધ સુગન્ધ થઈ શકતી ન હોત તો એક જ સેંટ અથવા અત્તર એકને સારું અને બીજાને ખરાબ કેવી રીતે લાગી શકતે ? જો સમમુચ અનૃત ઋત થઈ ન શકતે તો અનૃત પોતાના બધા દેશકાલ પરિસ્થિતિના ઉદાહરણોમાં અનૃતજ રહેતે. શાસ્ત્રવિહિત ધર્મ પણ દેશ – કાળ વ્યક્તિના સંદર્ભમાં જ કોઈ કૃત્યને ધર્મ અને અધર્મના રૂપમાં માન્યતા પ્રદાન કરે છે. બધાં કૃતય, બધા દેશ–કાળમાં, બધી વ્યક્તિઓને માટે ધર્મ નથી હોતાં. આપણે કુરૂપ અને સુરૂપના ભેદ તો કરીએ છીએ પરંતુ સંસ્કાર અથવા અભ્યાસ સિવાય આજ સુધી કોઈ ચોક્કસ પરિભાષા સુરૂપતા અથવા કરૂપતાની આપી શકાતી નથી. આપણી પ્રસંશા આપણને

આપણા અપ્રિય સૂત્ર દ્વારા કરાઈ ગઈ હોય તો પણ પ્રિય લાગે અને આપણી નિન્દા આપણને આપણા પ્રિય મિત્ર દ્વારા કરાઈ ગઈ હોય તો પણ અપ્રિય જ લાગે છે.

હથેલી એક હોય છે, પણ આંગણીઓ પાંચ, એકેશ્વરવાદી હજી સુધી સમાધાન આપી શકયા નથી કે સર્વસમર્થ, સર્વહિતૈષી, સર્વકર્તા પરમેશ્વર અને શૈતાન એક છે કે અનેક. બ્રહ્મ અને માયાની વચમાં દ્વૈત છે કે અદ્વૈત. આ પ્રશ્નોને કાં તો ઉત્તર આપ્યા વગર (અનુત્તરિત રહેવા દેવામાં આવે છે. અથવા ફરી પાછું એઓની વચ્ચે અનિર્વચનીય સમ્બન્ધ માની લેવામાં આવે છે કારણ કે નિરાકાર માનવાનું તો સરલ છે પણ કાર્યમાં આકાર કયાંથી આવ્યો એ આપણે બતાવી શકતા નથી. કોઈ એક હેતુની કલ્પના કરી લઈએ છીએ જે નથી અને ન નથી. સદસદ્ વિલક્ષણ ! આપણે ઉત્તરને ખોળવાને બદલે પ્રશ્નને ટાળી દીધો.

**સવાલ ૪૧ : પુષ્ટિના પ્રશસ્ત પથને ષોડશ ગ્રંથોના સોળ કલાનિધિરૂપી ચંદ્રો પ્રકાશિત કરે છે એ કઈ રીતે ?**

જવાબ ૪૧ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને 'શ્રી સર્વોત્તમસ્તોત્ર'માં ''શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ'' કહ્યા છે.

શ્રીમદ્ ભાગવત વસ્તુતઃ ભક્તિરસનો છલકાતો સાગર છે. અનેક પ્રકારના રસભાવોને પ્રકટ કરતી, ભગવાનની વિવિધ લીલાઓ રૂપી જે લહેરીઓ તેમાં ઊછળે છ, તેવી લહરીઓ બીજા કોઈ પણ ભક્તિશાસ્ત્રમાં સહજ–સુલભ નથી. તેથી જ કહેવામાં આવ્યું છે કે ''પિબત ભાગવત રસમ્ આલયમ.'' ભાગવતની રસલહરીઓમાં હિલોરા લેતા ભકતોને સંસારસાગરના સામમા કિનારે – મુક્તિના કિનારે પહોંચવું અતિ તુચ્છ લાગે છે, તો આ બાજુ સંસારના કિનારે ચોંટી રહેવાની ય ઈચ્છા નથી.

આવા ભાગવત – રસામૃત – સાગરનું મંથન કરીને શ્રી મહાપ્રભુજીએ સોળ કલા–નિધિ ચંદ્રને પ્રકટ કર્યો. તેનું નામ ''ષોડશગ્રંથ.''

આ સોળ નાના – નાના ગ્રંથો શ્રીમહાપ્રભુજીએ પોતાન અંતરંગ સેવકોન, પોતાના તરફથી અંગત વિશ્વાસ અને આશ્વાસન આપવા માટે કયારેક ઉપદેશાત્મક શૈલીમાં તો કયારેક આદેશાત્મક શૈલીમાં રચ્યા છે.

આજે જે ક્રમમાં આ ગ્રંથો આપણને પ્રાપ્ત છે, તે ક્રમ શ્રીમહાપ્રભુજીએ નક્કી કરેલો છે કે કેમ, તે આપણે નિશ્ચિત રૂપે કહી શકતા નથી. શ્રીમહાપ્રભુજીના પછીના સમયમાં આ ક્રમ કયારે નિર્ધારિત થયો તે કહેવું પણ મુશ્કેલ છે. ક્રમસંગતિ બાબતમાં ષોડશગ્રંથના વ્યાખ્યાકારોમાં જે થોડોઘણો પણ મતભેદ જોવા મળે છે, તે પરથી સમજાય છે કે આ ક્રમ સર્વમાન્ય ન હતો.

શ્રીપુરુષોત્તમજી ''ષોડશ પ્રકરણ ગ્રંથાનાં સંગતિઃ'' (જુઓ 'પુષ્ટિસુધા' માસિક : શ્રીવલ્લભાબ્દ : ૪૩૬ – કારતક/માગશર) માં નીચે પ્રમાણે ક્રમસંગતિ સમજાવે છે.

''શાસ્ત્રોને સારી રીતે સમજીને મન, વાણી અને દેહથી શ્રીકૃષ્ણી સેવા કરવાનો સિદ્ધાત શ્રીજગન્નાથપુરીના પ્રસિદ્ધ શાસ્ત્રાર્થમાં નક્કી થયો.. તેને અનુસરીને બધાં શાસ્ત્રોના

પરમ તાત્પર્ય – વિષય રૂપે ભગવદ્ સેવાના ઉપદેશ માટે સર્વ પ્રથમ –

(૧) 'યમુનાષ્ટક' ના સ્તોત્રપાઠથી બધાં પાપોના ક્ષય થાય છે અને ભગવાનમુકુંદમાં સ્નેહરૂપા ભક્તિ દઢ થાય છે, તે બતાવવામાં આવ્યું.

(૨) 'બાલબોધ' માં સંક્ષેપમાં બધાં મોક્ષશાસ્ત્રોનો નિચોડ આપવામાં આવ્યો.

(૩) 'સિદ્ધાંતમુક્તાવલી'માં કૃષ્ણ સેવા જ આપણું કર્તવ્ય છે, એ સૈદ્ધાંતિક નિર્ણય રજૂ થયો.

(૪) 'નવરત્ન'માં આંતર–સેવાના અંગભૂત પદાર્થોની શુદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૫) 'અંતઃકરણપ્રબોધ'માં આ આંતરિક શુદ્ધિ અથવા ચિત્તના સ્વાસ્થ્યનું નિરૂપણ છે.

(૬) 'વિવેકધૈર્યાશ્રય'માં બાહ્ય અને આંતર સેવાની સંપૂર્ણ તૈયારી સિદ્ધિ માટે વિવેક, ધૈર્ય અને આશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૭) 'કૃષ્ણાશ્રય'માં વિવેક, ધૈર્ય અને આશ્રય પૈકી આશ્રયને સ્થિર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

(૮) 'ચતુઃશ્લોકી'માં ઉપર રહેલી સર્વ બાબતો અતિ સંક્ષેપમાં બતાવી છે.

(૯) 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં પુષ્ટિજીવ અને મર્યાદા જીવનાં સ્વરૂપ સાધન અને ફળનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૦) 'ભક્તિવર્ધિની'માં પુષ્ટિભક્તિની વૃદ્ધિ માટે ત્યાગ, સેવા, શ્રવણ વગેરે અંગોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૧૧) 'જલભેદ' માં ભક્તિવર્ધક અંગ એવા શ્રવણની સિદ્ધિ માટે વકતાનું આદર્શ સ્વરૂપ સમજાવ્યું છે.

(૧૨) 'પંચપદ્યાનિ' માં વ્રજભકત શ્રોતાનું આદર્શ સ્વરૂપ સમજાવ્યું છે.

(૧૩) 'સંઝયાસનિર્ણય'માં વ્રજભકતોની ભાવનાનું અનુસરણ કરતાં, ભક્તિવર્ધિનીમાં પ્રતિપાદિત ત્યાગનું સ્વરૂપ બતાવ્યું છે.

(૧૪) 'નિરોધલક્ષણ'માં આ વ્રજભકતતોના ભાવ સ્વરૂપે સંસારને ભૂલી ભગવાનમાં આસકિત સંપાદન કરવાના હેતુરૂપ નિરોધનું સ્વરૂપ બતાવ્યું છે.

(૧૫) 'સિદ્ધાન્તરહસ્ય' માં બ્રહ્મસંબંધની આજ્ઞા અને (૧૬) 'સેવાફલ'માં સેવાનાં ત્રણ ફળનું નિરૂપણ છે.

આ ક્રમસંગતિ ઉપરાંત, ક્રમસંગતિનો એક બીજો પ્રકાર પણ જોવા મળે છે. :

(૧) 'યમુનાષ્ટક' દ્વારા સ્વરૂપયોગ્યતા અર્થાત્ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવાની યોગ્યતા મળે છે.

(૨) 'બાલબોધ' માં આવા સ્વરૂપ યોગ્યતાવાળા અધિકારીઓને માટે સ્વકીયતા અથવા પુષ્ટિમાર્ગીયતાના સંપાદનનો પ્રયાસ છે.

(૩) 'સદ્ધાન્તમુક્તાવલી'માં આવા સ્વકીયોને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૪) 'પુષ્ટિપ્રવાહમર્યાદા' માં પુષ્ટિમાર્ગીય સૃષ્ટિનું તેનું સ્વરૂપ, સાધન, પ્રયોજન, ફળ વગેરેનો પરિચય કરાવવામાં આવ્યો છે.

(૫) 'સિદ્ધાંતરહસ્ય'માં પુષ્ટિ ભકતને તેના કર્તવ્ય ભગવદ્સેવાના અનુષ્ઠાનનો પ્રકાર સમજાવવામાં આવ્યો છે.

(૬) 'નવરત્ન' દ્વારા ભગવત્સેવામાં પ્રવૃત્ત જીવને નિશ્ચિત બનાવવાનો પ્રયાસ છે. જીવ તો ભગવાનની સેવા કરે છે, પરંતુ ભગવાન તેની સેવા તથા સેવકના રૂપમાં ભકતનો પોતાના અંગીકાર કરે છે કે નહિ, તેની વ્યર્થ ચિંતા ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

(૭) 'અંતઃકરણપ્રબોધ'માં અંતરાત્માને સંબોધીને ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૮) 'વિવેકધૈર્યશ્રય' માં અંતરઆત્માપ્રોધનના અંગરૂપે વિવેક – ધૈર્ય અને આશ્રયનું નિરૂપણ છે.

(૯) 'કૃષ્ણાશ્રય'માં વિવેક અથવા ધૈર્ય સિદ્ધ ન થાય તો પણ આશ્રયનો કદાપિ ત્યાગ ન કરો તેમ સમજાવ્યું છે.

(૧૦) 'ચનુશલોકી'માં કૃષ્ણાશ્રય માટે અન્ય કોઈ કર્તવ્ય ન હોવાની ભ્રમણા દૂર કરવામાં આવી છે.

(૧૧) 'ભક્તિવર્ધિની'માં ભક્તિની વૃદ્ધિના ઉપાયની સાથે ત્યાગ, શ્રવણાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૨) 'જલભેદ' અને

(૧૩) 'પંચપદ્યાનિ'માં શ્રવણ યોગ્ય વકતા અને શ્રોતાની પરીક્ષા બતાવવામાં આવી છે.

(૧૪) 'સંન્યાસનિર્ણય'માં એ બતાવ્યું કે ભક્તિવર્ધિનીમાં ત્યાગનું જે વિધાન કરવામાં આવ્યું તેના માટે યોગ્ય સમય કયો હોય ?

(૧૫) 'નરોધલક્ષણ'માં તે ત્યાગનાં સાધનોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું.

(૧૬) 'સેવાફલ'માં આપણે પુષ્ટિમાર્ગ પર ચાલનારાઓને થનારી ફળની અનુભૂતિનું વર્ણન કરવામાં આવ્યું.

આમ શ્રીપુરુષોત્તમજી વિરચિત ષોડશ પ્રકરણ ગ્રંથોની ક્રમ સંગતિના બંને પ્રકાર આપણે જોયા.

આ ક્રમસંગતિ ઉપરાંત આ સોળ ગ્રંથોના વિષયવસ્તુની સંગીત શ્રીભાગવતના બાર સ્કંધોના અર્થ સાથે કરવામાં આવી છે. તે આપણે જોઈએ.

આ સોળ ગ્રંથોમાં નિરૂપાયેલ વિષયવસ્તુની સંગતિ શ્રી ભાગવતના સ્કંધાર્થ સાથે પણ છે. શ્રી મહાપ્રભુજીએ ભાગવતના બાર સ્કંધના વિશિષ્ટ સ્કંધાર્થ સમજાવ્યા છે. તે સ્કંધાર્થ સાથે આ ષોડશગ્રંથોની સંગતિ વધતા – ઓછા પ્રમાણમાં જોવા મળે છે. વ્યાકણમાં તત્સમ અને તદ્ભવ શબ્દો હોય છે. મૂળ સંસ્કૃત શબ્દ ગુજરાતીમાં પણ વપરાય ત્યારે તેને 'તત્સમ' શબ્દ કહેવાય, દા.ત. પૃથવી, પુષ્પ, વન. મૂળ સંસ્કૃત શબ્દ પરિવર્તન પામીને ગુજરાતીમાં વપરાય, ત્યારે તેને 'તદ્ભવ' શબ્દ કહેવાય. દા.ત. સંસ્કૃત શબ્દ કુંભકાર – ગુજરાતી તદ્ભવ શબ્દ કુંભાર. તેવી રીતે શ્રીભાગવતના સ્કંધાર્થ સાથે 'ષોડશગ્રંથ' પૈકી કેટલાક ગ્રંથોનો અર્થ તન્મૂલક હોવાથી ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે, તો કેટલીક તત્સ્થાનીય હોવાથી આપાતતઃ સંબંધ ધરાવે છે. જેમ કે –

| ભાગવત | વિષય | ષોડશગ્રંથ |
|---|---|---|
| ૧. સ્કંધ–અધિકાર | શ્રોતા–વકતતાનું સ્વરૂપ | પંચપદ્યાનિ, જલભેદ |
| ૨. સ્કંધ–અંગનિર્ણય | તત્વજ્ઞાન, હૃત્પસાદમનન | યમુનાષ્ટક |
| ૩. સ્કંધ–સર્ગલીલા | બંધસૃષ્ટિ અને મુકતસૃષ્ટિ | પુષ્ટિપ્રવાહમર્યાદા |
| ૪. સ્કંધ–વિસર્ગલીલા | ધર્મ, અર્થ, કામ, મોક્ષ | બાલબોધ |
| ૫. સ્કંધ–સ્થાનલીલા | દેશકાલરૂપ પ્રાકૃત પદાર્થ જય તથા આત્મજય | અંતઃકરણપ્રબોધ |
| ૬. સ્કંધ–પોષણલલીલા | નામ–ધ્યાન–અર્ચનાદિ દ્વારા અનુગ્રહની અભિવ્યક્તિ | સિદ્ધાંતમુકતાવલી, ભક્તિવર્ધિની |
| ૭. સ્કંધ–ઊતિલીલા | કર્મવાસના | વિવેકધૈર્યાશ્રય |

૮. સ્કંધ–મન્વન્તરલીલા　　સદ્ધર્મનિરૂપણ　　ચતુઃશ્લોકી

૯. સ્કંધ–ઈશાનુકથાલીલ　　ભક્તિ (દુઃખનિવારણ　　નવરત્ન, સિદ્ધાંત–

તથાસુખપ્રાપ્તિ)　　રહસ્ય

૧૦. સ્કંધ–નિરોધલીલા　　પ્રપંચવિસ્મૃતિપૂર્વક નિરોધલક્ષણ

દેહેન્દ્રિયય –સર્વનો

પ્રભુમાં નિરોધ

૧૧. સ્કંધ–મુક્તિલીલા　　મોક્ષસ્વરૂપ　　સંન્યાસનિર્ણય

(અન્યથા સ્વરૂપસ્થિતિ)

૧૨. સ્કંધ–આશ્રયલીલા　　આશ્રયરૂપે ભગવદ્–　　કૃષ્ણાશ્રય

ભાવાપત્તિ　સેવાફલ

દ્વાદશ ગોવર્ધનધરના નામાત્મક અંગરૂપ શ્રીભાગવતના બાર સ્કંધોને પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં સમજવા માટે ષોડશગ્રંથ વસ્તુતઃ કેટલા બધા ઉપયોગી છે !

શ્રીભાગવતાર્થ નિબંધ અને શ્રીસુબોધિનીમાં અન્ય વિષયો સાથે સાકાર બ્રહ્મવાદ અને નિર્ગુણ ભક્તિમાર્ગનું પ્રતિપાદન શ્રીમહાપ્રભુએ વ્યાખ્યાન શૈલીમાં કર્યું છે. તે સાકાર બ્રહ્મવાદ તથા નિર્ગુણ ભક્તિમાર્ગને આપે ષોડશગ્રંથોમાં પોતાના સેવકોને પૂર્ણરૂપે, કયારેક ઉપદેશ શૈલીમાં તો કયારેક આદેશ શૈલીમાં સમજાવ્યા છે. ષોડશગ્રંથની રચના વખતે શ્રીમહાપ્રભુજી સમક્ષ કોઈ પૂર્વપક્ષી કે ટીકા કરવા માટે કોઈ ગંથ ન હતાં. આપની સન્મુખ હતા આપના અનુયાયી જેઓ આકાર બ્રહ્મવાદની દાર્શનિક માન્યતાની કોઈને કોઈક સૈદ્ધાન્તિક બાબત પરત્વે શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય જાણવા માટે જિજ્ઞાનસુ હતા. જાણે આ સેવકો પુષ્ટિભક્તિના માર્ગ પર ચાલતાં ચાલતાં, અચાનક કોઈ એવા વળાંક અથવા ચાર રસ્તે આવી પહોંચ્યા છે કે હવે કઈ દિશામાં જવું તે તેઓ નક્કી કરી શકતા નથી ! તેથી તેઓ પોતાના માર્ગદર્શકને યોગ્ય દિશા બતાવવા પૂછી રહ્યા છે. તેથી શ્રી મહાપ્રભુજી પોતાના સેવકોને પોતાનો અભિપ્રાય, પોતાનં નિજ પ્રમાણો અને આશ્વાસન સાથે, આ ષોડશગ્રંથોમાં સમજાવી રહ્યા છે !

ષોડશગ્રંથ પૈકીના લગભગ બધા ગ્રંથોમાં – ''વદતિ વલ્લભઃ શ્રીહરેઃ'' (શ્રીયમુનાષ્ટક) 'વદામિ સુવિનિશ્ચિતમ્' (બાલબોધ), 'સ્વ.સિદ્ધાંત વિનિશ્ચયમ્' (સિદ્ધાંત મુકતાવલી), 'સ્વશાસ્ત્ર સર્વસ્વમ્' (સિદ્ધાંત મુકતાવલી), 'સાક્ષાદ્ ભગવતા પ્રોકતં તદક્ષરશઃ ઉચ્યતે'' (સિદ્ધાંતરહસ્ય) ''ઈત્યમેવ મે મતિઃ'' (નવરત્ન), 'ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ' (અંતકરણ પ્રબોધ), 'ઈતિ મે મતિઃ' (ચતુઃશ્લોકી), 'ઈતિ કૃષ્ણ પ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્' (સંન્યાસનિર્ણય) 'અહં નિરુદ્ધો રાધેન નિરોધં વર્ણયામિ તે' (નિરોધલક્ષણ)., 'ગુણક્ષોભેપિ દષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ' (સેવાફલ) – આશ્વાસન પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક અંથમાં શ્રી મહાપ્રભુજી પોતાના કોઈને કોઈ અનુયાયીને આશ્વાસન આપવા માંગે છે કે મારો આ નિર્ણય છે., મારો આ માર્ગ નિર્દેશ છે. હવે તમારે વધારે વિચાર કે સંશય કરવાની જરૂર નથી. તમારા હૃદયમાં સિદ્ધાંતને દઢ કરી, તેની વૃદ્ધિ કરો અને પુષ્ટિભક્તિના પ્રશસ્ત માર્ગ પર આગળ વધો.

ચોર્યાસી વૈષ્ણવની વાર્તા અને તેના ઉપરના ભાવ પ્રકાશમાં સોળ પૈકી લગભગ દસેક ગ્રંથોનો પ્રથમ ઉપદેશ કર્યાનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. જેમ કે, 'બાલબોધ' ગ્ંથ નારાયણદાસ અંબલાવાળાને શીખવ્યો. (જુઓ ભાવપ્રકાશઃ વાર્તા ૫૭) 'સિદ્ધાંતમુકતાવલી' ગ્રંથ અચ્યુતદાસ સનોઢિયાને શીખવ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૫૪) 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ સર્વ પ્રથમ

દામોદરદાસ હરસાનીને સંભળાવ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૩૪) 'ચનુઃશલોકી' ગ્રંથ રાણાવ્યાસને શીખવ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૩૨) 'ભક્તિવર્ધિની' ગ્રંથ પુરુષોત્તમ જોશીને શીખવ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૩૦) 'સંન્યાસનિર્ણય' ગ્રંથ નરહરિ સંન્યાસી માટે રચ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૭૨) 'નિરોધલક્ષણ' ગ્રંથ રાજા

દૂબે માટે લખ્યો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૩૫) 'સેવાફલ' ગ્રંથ વિષ્ણુદાસ છીપા માટે રચ્યો (જુઓ ભાવપ્રકાશ : વાર્તા ૫૦).

'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' માં ભકત્યાચારોપદેશાર્થ નાનાવાકયનિરૂપકઃ' ની વ્યાખ્યામાં શ્રીગોકુલનાથજી કહે છે : એવં પૂર્વોકત પ્રકારેણ ભકત પરાયણત્વં નિરૂપ્ય, સ્વપ્રકટિક ભક્તિમાર્ગીય યાચારજ્ઞાપકમટ્રિમં નાના હુર્ભકત્યાચારોપદેશાર્થ નાનાવાકયનિરૂપકઃ ઈતિ ભક્તિમાર્ગીયો ય આચારચરનં તદુપદેશાર્થ નાનાવિધાનિ યાનિ વાકયાનિ નવરત્ન ભક્તિવર્ધિન્યાદિની તેષાં નિરૂપકઃ તદર્થવિબોધકઃ ઈત્યર્થ '

અર્થાત્ રીમહાપ્રભુજીએ ભકત પરાયણ થઈને, પુષ્ટિભક્તિનાં આચરણોનો ઉપદેશ 'નવરત્ન' 'ભક્તિવર્ધિની' આદિ જુદા જુદા ગ્રથોમાં કર્યો છે. આ સમયે આપની સમક્ષ આપના અનુયાયીછે, જેઓ આપનો ઉપદશ, આપનો આદેશ સાંભળવાની પ્રતીક્ષા કરી રહ્યા છે. તેથી શ્રીમહાપ્રભુજી લગભગ સર્વત્ર ''ઈતિ મે મતિઃ'', 'સ્વસિદ્ધાંતવિનિશ્ચયમ્' ' વલ્લભસ્ય હિતં વચઃ' કહે છે.

મજાની વાત તો એ છે કે આપનાં આ વચનો સંદેહનાશક છે. છતાં આ વચનોએ અનેક વિદ્વાનોને અનેક પ્રકારના સંદેહમાં નાખી દીધા છે. જયારે શ્રીમહાપ્રભુજીની માન્યતાઓમાં પરિવર્તન આવતું ગયું છે., ષોડશ ગ્રંથમાં પ્રતિપાદિત સિદ્ધાંતો આપે આપના જીવનના ઉત્તરાર્ધમાં સ્થાપિત કર્યા હતા. બીજા વિદ્વાનોની ધારણા છે કે જુદા જુદા પ્રકારના અધિકારવાળા જીવોને લક્ષમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ ભિન્ન ભિન્ન સિદ્ધાંતો કહ્યા હતા.

વાસ્તવમાં આવી બધી ધારણાઓ શ્રીમહાપ્રભુજીના ગ્રંથો અને સિદ્ધાંતોના અપૂર્ણ અભ્યાસ– ચિંતન પર આધારિત છે. તેથી હવે આપણે શ્રી મહાપ્રભુજી વિચરિત સાહિત્યની રૂપરેખા સૌ પ્રથમ જોઈશું.

આ વિશાળ સાહિત્યના વર્ગીકરણ પરથી એક વાત તો સ્પષ્ટ સમજાય છે કે તેની રચનામાં પુનરુક્તિ નથી જ. તેમાં શૈલીગત ભેદ અને વિવેચ્ય વિષયવસ્તુનો ભેદ છે જ. એક વ્યાપક સિદ્ધાંતના ચોકઠામાં આ બધું સાહિત્ય જાણે મઢ ાયેલું ન હોય !

શ્રીમહાપ્રભુજીના દાર્શનિક સિદ્ધાંતનો પાયો સાકાર–બ્રહ્મવાદનો સિદ્ધાંત છે. શ્રીમહાપ્રભુજીના મતે 'બ્રહ્મવાદ'નું તાત્પર્ય એ છે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની

પ્રક્રિયા કેવળ બ્રહ્મ પર જ આધારિત છે. પ્રકૃતિ, પરમાણુ, માયા, અદષ્ટ, કર્મવાસના, અભાવ, કાળ, કર્મ કે સ્વભાવ જેવાં બ્રહ્મથી ભિન્ન કોઈ પણ તત્વ પર તે પ્રક્રિયા આધારિત નથી. શ્રી મહાપ્રભુજીના વ્યાપક બ્રહ્મવાદી દષ્ટિકોણમાં પ્રકૃતિ, પરમાણુ, માયા, અદષ્ટ આદિ વિભિન્ન દર્શનોએ માન્ય કરેલ તત્વો પદાર્થોની સમષ્ટિ છે. બ્રહ્મ સસર્વ પદાર્થરૂપ હોવા છતાં આ બધાં બ્રહ્મનાં જ વિભિન્ન રૂપો છે. બ્રહ્મ આ બધા પદાર્થોથી વિલક્ષણ પણ છે. બધાં દર્શનશાસ્ત્રો અંધહસ્તી ન્યાયથી બ્રહ્મ દ્વારા પ્રકટેલાં આ વિભિન્ન રૂપોને સ્વતંત્ર પદાર્થ માને છે.

તેથી શ્રીમહાપ્રભુજીના બ્રહ્મવાદી દર્શનમાં સાંખ્યમતની પ્રકૃતિનું બ્રહ્મના સદ્રૂપના રૂપે સ્થાન છે. ન્યાયમતના પરાણુઓનું પણ સૂક્ષ્મ સદશના રૂપે સ્થાન છે. શાંકરમતની માયાનું સ્થાન બ્રહ્મના સર્વભવન સામર્થ્યની અંતર્ગત એક સામર્થ્યના રૂપે છે. ન્યાયવૈશિષિકોના અભાવોનું સ્થાન બ્રહ્મની આવિર્ભવ – તિરોભાવ શક્તિમાં છે. કાલ અથવા સ્વભાવ જેવા પદાર્થોને પણ બ્રહ્મનાં અન્યતમ રૂપો તરીકે માન્ય કર્યાં છે. શ્રીમહાપ્રભુજી 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ' એ ઉપનિષદના વચનમાં કેવળ સમગ્ર બ્રહ્માંડનો જ નહીં પરંતુ સર્વ દાર્શનિક ચિંતનનો સમન્વય પણ, સ્વયં બ્ર૦ના વિરુદ્ધર્માશ્રયના સ્વભાવના આધાર પર આપે છે.

'બ્રહ્મવાદ' ની સાથે લાગેલ 'સાકાર' વિશેષણ બ્રહ્મના કૃષ્ણાકારની ઘોષણા કરે છે. વેદ , ઉપનિષદ અને બ્રસુત્રમાં પ્રતિપાદિત બ્રહ્મ અને ગીતા તથા ભાગવતમાં પ્રતિપાદિત ભગવાન શ્રીકૃષ્ણ બે અલગ તત્વો નથી, બંને એક જ તત્વ છે. બસ, આ જ સાકાર બ્રહ્મવાદનો કુલ સિદ્ધાંત છે. બાકીની બધી વાતો આ સાકાર બ્રહ્મવાદના ફલક પર ચિત્રિત થયેલી છે.

આ સાકાર બ્રહ્મવાદ અનુસાર બ્રહ્મને જાણવો તે આપણી માહાત્મ્યજ્ઞાનરૂપી જમીનની સુધારણા છે. તે બ્રહ્મને શ્રીકૃષ્ણના મધુર આકારમાં ઓળખવા તે પરમાત્મા પ્રત્યેના સુદઢ અને સર્વતોધિક સ્નેહના બીજનું સીંચન છે. તેથી સાકાર બ્રહ્મવાદી દર્શનનું પ્રયોજન 'માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ, સર્વતોધિક સ્નેહ જ છે.'

બ્રહ્મના માહાત્મ્યને જાણીને જે સ્તબ્ધ થઈ જાય છ, તે જ્ઞાની છે. તેમને જ્ઞાનમાર્ગીય મુક્તિ–બ્રહ્માનંદ –મળે છે.

શ્રીમહાપ્રભુજીનું આ સાકાર બ્રહ્મવાદી દર્શન જીવોના ઉદ્ધાર માટે કોઈ એકમાત્ર સંકુચિત પગદંડી તરફ અંગુલિનિર્દેશ કરતું નથી. શ્રીમહાપ્રભુજીના મને સાંખ્ય અને યોગના આત્મજ્ઞાન અને યમનિયમાદિ યોગથી પણ મોક્ષ મળી શકે છે. શિવ અથવા વિષ્ણુની શરણાગતિ અથવા ભક્તિ થી મોક્ષ મળી શકે છે. શાસ્ત્રે બતાવેલા કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણેય મોક્ષ આપનારા છે. શ્રી મહાપ્રભુજી કોઈ પણ શાસ્ત્રસિદ્ધ માર્ગ કે સિદ્ધાંતને અમાન્ય કરતા નથી. તેઓ કેવળ પુષ્ટિજીવો માટે શ્રીકૃષ્ણની શરણાગતિ અને ભક્તિની આવશ્યકતાનું પ્રતિપાદન કરે છે. જેઓ શ્રીકૃષ્ણની ભક્તિ (માહાત્મ્ય–જ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ) કરવામાં સમર્થ નથી. તેમને વિવેક–ધૈર્ય–આશ્રયપૂર્વક શ્રીકૃષ્ણની શરણાગતિનો ઉપદેશ આપે છે.

શ્રી મહાપ્રભુજીના મતે બધા જીવોમાં આત્મોદ્ધારની એક જ પ્રકારની સંભાવના નથી.

કેટલાક વ પુષ્ટિજીવ હોય છે., જેમને બ્રહ્મ શ્રીકૃષ્ણ સ્વરૂપમાં સોહાય છે. કેટલાક મર્યાદાજીવ હોય છે જેમને શાસ્ત્રે બતાવેલા કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અથવા ભક્તિમાર્ગ દ્વારા મુક્તિ મળે છે. આ પુષ્ટિજીવો અને મર્યાદા જીવોને શ્રી મહાપ્રભુજી દૈવી જીવ માને છે. જેમને સંસારમાં જ રચ્યા પચ્યા રહેવું ગમે છે, તેમને જબદસ્તીપૂર્વક ધાર્મિક બનાવવાનો શ્રી મહાપ્રભુજીનો સિદ્ધાંત નથી. શ્રી મહાપ્રભુજીના મતે આવા જીવો પ્રવાહીજીવ હોય છે.

આપણે આપણા માર્ગ ઉપર સારી રીતે ચાલવવું જોઈએ. પરંતુ બીજાઓને છળ અથવા બળથી હઠપૂર્વક આપણા માર્ગ પર ચલાવવાની મનોવૃત્તિને શ્રીમહાપ્રભુજીના સાકાર – બ્રહ્મવાદી દર્શનમાં કોઈ સ્થાન નથી.

આવા વ્યાપક દષ્ટિકોણથી શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગની અનેક પગદંડીઓનું નીચે પ્રમાણે નિરૂપણ કરે છે.

પુષ્ટિમાર્ગની આ ચારે પજ્ઞદંડીઓ નિબંધ, ભાષ્ય, સુબોધિની તથા પ્રકરણાદિ ગ્રંથોમાં કયાંક વિસ્તારથી તો કયાંક સંક્ષેપમાં બતાવી છે.

જયાં સુધી દેહાભિમાન છે, ત્યાં સુધી વૈદિક આશ્રમધર્મનું યથાશક્તિ પાલન કરવું જ જોઈએ. પરંતુ કલિકાલના પ્રભાવથી વૈદિક ધર્મનું સાંગોપાંગ અનુષ્ઠાન સંભવિત નથી. તેથી વેદોકતત પ્રકારે હવે અલભ્ય બનતો જાય છે. ગીતોકતપ્રકારથી પ્રપત્તિમાર્ગ (શરણમાર્ગ) સર્વજનસુલભ છે. તેમાં અધિકાર વર્ણાશ્રમના ભેદ પર આધારિત નથી. તંત્રોકત ભક્તિનો પ્રકાર પણ આપણે માટે યથાશક્તિ સંભવિત છે જ. ગીતાની જેમ તે પણ સર્વને સુલભ છે. તેમાં સર્વનો અધિકાર છે. આ બધાં કરતાં ભાગવતોકત ભક્તિના પ્રકાર પર શ્રી મહાપ્રભુજી સૌથી અધિક ભાર મૂકે છે. તે દુર્લભ હોવા છતાં તેમાં સર્વનો અધિકાર છે.

આમ ટૂંકમાં આપણે જોયું કે શ્રીમહાપ્રભુજીનો દષ્ટિકોણ દૈવી જીવોના ઉદ્ધાર માટે કેટલો બધો સહૃદયતાપૂર્ણ છે. શાસ્ત્રની મર્યાદાઓ સાથે મન ફાવે તેમ છેડછાડ કર્યા વિના કેવી રીતે બધા જીવો માટે આપે પુષ્ટિનો પ્રશસ્ત પથ પ્રકાશિત કર્યો છે ! જે શાસ્ત્ર અને ધર્મમાં સર્વનો અધિકાર છે તેમને તથા જે શાસત્ર અને ધર્મ વર્ણાશ્રમના અધિકાર પરત્વે છે તેમને શ્રી મહાપ્રભુજીએ વ્યવસ્થિત કર્યા છે. પ્રાચીન અથવા સનાતન વર્ણાશ્રમધર્મની મર્યાદાઓને અમાન્ય કર્યા વિના અથવા તેમનું ઉલ્લંઘન કર્યા વિના, ભાગવતોકત ભક્તિમાર્ગ અને ગીતોકત પ્રપત્તિ માર્ગનો જ ઉપદેશ આજ પર્યંત પુષ્ટિમાર્ગમાં અષ્ટાક્ષર અને બ્રહ્મ સંબંધની દીક્ષાઓ દ્વારા આપવામાં આવે છે.

વસ્તુતઃ પુષ્ટિના આ પ્રશસ્ત પથને આ ષોડશગ્રંથોના સોળ કલાનિધિ રૂપી ચંદ્રો

પ્રકાશિત કરે છે; જેની શીતળ, સુખદ ચાંદનીમાં પ્રત્યેક પુષ્ટિજીવ યોગેશ્વરેશ્વર, વૃંદાવનવિહારી, વ્રજાધિપ શ્રીકૃષ્ણની નજીક પહોંચવાનો માર્ગ શોધી શકે છે !

**સવાલ ૪૨ : "વૈષ્ણવ પરિવાર " સક્ષમ બને એ માટે કેવી ભાવના આવશ્યક છે ?**

જવાબ ૪૨ : શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યામ્મહાનિશિ, સાક્ષાદ્ ભગવતા પ્રોકતતં તદક્ષરશઃ ઉચ્યતે.

શ્રીમહાપ્રભુજીને આજના દિવસે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિવાર સ્થાપવાની આજ્ઞા સાક્ષાત્ પુરુષોત્તમે કરી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : 'સાક્ષાદ્ ભગવતા પ્રોકતં તદક્ષરશઃ ઉચ્યતે.'

'પરિવાર' શબ્દનો આપણે અર્થ વિચારીએ. 'પરિત : વૃણોતિ' જયાં એકબીજાને બધી રીતે સરખી રીતે વણી લેવાના હોય – આવરી લેવાના હોય, એકબીજાની સાથે સરખી રીતે વહાઈ જવાનું હોય તેને 'પરિવાર' કહેવાય.

આપણામાં 'હું' એવો અહમ્ભાવ રહેલો છે. કોઈકને આપણે 'તું' માનીએ છીએ. જો દર્શનની ભાષામાં વિચાર કરીએ તો જયારે 'હું' ભાવ જાગે કે વધે ત્યારે 'અદ્વૈત' કહેવાય જયારે 'તું' ભાવ જાગે કે વધે ત્યારે 'દ્વૈત' કહેવાય. શુદ્ધાદ્વૈત, જે શ્રીમહાપ્રભુએ પ્રતિપાદિત કર્યો છે, તેમાં 'હું' અને 'તું' નો ઝઘડો નથી. 'અમે' એવો ભાવ જાગ્યો એટલે ' પરિવાર થયો.'

'શુદ્ધાદ્વૈત' તેથી જ ભેદનું પ્રતિપાદન નથી કરતો, 'શુદ્ધાદ્વૈત' તેથી જ ભેદનો અભાવ, એટલે એકાકીતાનું પ્રતિપાદન નથી કરતો. શુદ્ધાદ્વૈતનું પ્રમુખ તાત્પર્ય છે 'હું,' 'તું,' 'તે' – બધામાં એક જાતનું એવું તાદાત્મ્ય કેળવવાવું જોઈએ કે જે તાદાત્મયને લીધે 'હું' હું ન રહે, 'તું' તું ન રહેં, પણ બધામાં 'અમે' એવો એક ભાવ બની જાય.'અમે' નો ભાવ તમારા 'તું' અને મારા 'હું' ને જયારે આવરી લે, 'પરિત': સરખી રીતે ચોમેરથી આવરી લે, કે જેમાંથી કોઈને છટકવાનું મન ન થાય, ત્યારે તે પરિવાર બને. હું એમ કહું કે 'હું' અને તમે એમ કહો કે 'તમે' એટલે છટકી ગયા, પછી વાત હાથમાં નહીં આવે. જયારે આપણે 'અમે' કહીએ – ત્યારે 'આપણે' કહીએ પછી છટકી શકાતું નથી, કેમ કે તમારા 'હું' માં મારો 'હું' પરોવાયેલો હશે, મારા 'હું' માં તમારો 'હું' પરોવાયેલો હશે; તેનું તાદાત્મ્ય આપણા બધાની વચ્ચે કેળવાયું હશે તો 'પરિવાર' કહેવાય, નહીં તો 'પરિવાર' ન કહેવાય. અદ્વૈત કહેવાય, કાં તો દ્વૈત કહેવાય, પણ ' પરિવાર' જો હોય તો તે શુદ્ધાદ્વૈતના બોધમાં જ રહેલો છે. 'પરિવાર' બાંધવો હોય તો 'શુદ્ધાદ્વૈત'ને સમજવું બહુ જ આવશ્યક છે.

એટલે શ્રીમહાપ્રભુજીને એક પરિવાર સ્થાપિત કરવાની આજ્ઞા ભગવાને આજના દિવસે કરી. 'શ્રાવણસ્યામલે પક્ષે ..... બ્રહ્મસંબંધ કરણાત્ '

પરંતુ કેવી રીતે આ પરિવાર થાય ? તમે 'તમે' છો, હું 'હું' છું આપણે એક 'અમે' માં કેવી રીતે બંધાઈ શકીએ ? એના ઘણા બધા પ્રકારો હોઈ શકે. પરિવાર તરીકે બંધાવામાં કે પરિવાર પેલા સેટ–અપમાં–ફ્રેમમાં– એક સાથે આવવાના ઘણા બધા હેતુઓ હોઈ શકે.

આપણે આપણી પરિભાષામાં કહીએ તો કોઈ આધિભૌતિક ફ્રેમ એવી હોઈ શકે કે જેમાં ઘણાં લોકો ભેગા થઈને એક પરિવારનો ફોટો પડાવે. જેટલા મેમ્બરો હોય એ બધાની પ્રેઝન્ટ (હાજરી) એમાં હોવી જોઈએ. તે મુજબ આપણામાં એ પરિવારનો ભાવ હોવો જોઈએ. તે ફોટાની ફ્રેમ કેવી હોવી જોઈએ ? પરિવારનો ફોટો પડાવ્યો અને પછી આપણે પેલા આલ્બમાં મૂકી રાખીએ, તો કંઈ મીનીંગ (અર્થ) નહીં એટલે એની બાબતમાં તમારા હૃદયમાં ઉમળકો નથી. કયાંક પિકનિકમાં ગયા, એક ફોટો પાડયો અને આલ્બબમાં મૂકી રાખ્યો એના જેવું જ કહેવાય. સરખું ધ્યાન ન આપીએ તો અને કોઈક વખતે ઉધઈયે ખાઈ જાય. એટલે પરિવારનો જો ફોટો પડાવ્યો તો પરિવારના સદસ્યોમાં એવો ઉમળકો હોવો જોઈએ કે દરેક સદસ્યના કોઈક ને કોઈક રૂમમાં તેમને એને ટાંગવાનું બહુ સારું લાગતું હોય, એ રૂમમાં – એચિત્ર ટાંગેલું હોવું જોઈએ, સારી એવી ફ્રેમમાં સરખી એવી ફ્રેમમાં. તો એ દરેક સદસ્યને એવો બોધ અને એવો ભાવ નિરંતર બન્યો રહે કે 'ના, આ અમારો ફોટો છે, મારો કે તારો નથી, આ અમારો ફોટો છે.

તો જે વખતે આપણે એક પરિવારમાં બંધાવાનું હોય અને એક પરિવાર તરીકેનું આપણું ચિત્ર ખેંચાવાનું હોય, તો તેની ફ્રેમ કેવી હોવી જોઈએ, તે શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું. 'બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વ દોષનિવૃત્તિર્હિ.' એટલે બ્રહ્મસંબંધની એક એવી ફ્રેમ છે, જેમાં તમારા પરિવારનું ચિત્ર હોવું જોઈએ. કેમ કે બ્રહ્મસંબંધ થતાં તે બધા દોષો નિવૃત્ત થઈ જાય છે, કે જે દોષો બીજી ફ્રેમોમાં નિવૃત્ત થતા નથી.

બ્રહ્મસંબંધની ફ્રેમની કંઈક એવી અનેરી મહત્તા છે.

બ્રહ્મસંબંધ એટલે શું ? બ્રહ્મસંબંધ આજે આપણે બહુ વિચિત્ર વિચિત્ર અર્થોમાં લેતા હોઈએ છીએ. ઘણા લોકો અને કોઈક સ્વર્ગમાં જવાની, વૈકુંઠમાં જવાની – કોણ જાણે કયાં જવાની ટિકિટ સમજતા હોય છે કે અમારા વડીલોએ લીધું હતું એટલે અમારે પણ લઈ લેવું જોઈએ. વડીલો મરી ગયા, પણ આપણે મરી જવાનું તો નથી ને ? એટલે વડીલોએ લીધું તેથી બ્રહ્મસંબંધ લઈ લેવું એ કંઈ એનો સરખો હેતુ નથી. શ્રીમહાપ્રભુજીનો હૃદયનો ભાવ વિચારો કે બ્રહ્મસંબંધ શા માટ લેવું જોઈએ ?

આપણે બધા આ જગતમાં જનમ્યા છીએ. શાસ્ત્ર કહે છે 'તો વા ઈમાનિ ભતાનિ જાયન્તે યેન જાતાનિ જીવંતિ.....' જેનાથી જગત સ્થિર છે, જેનામાં જગત લીન થવાનું છે તેને જાણવાનો પ્રયત્ન કરો, તે બ્રહ્મ છે. તે બ્રહ્મસંબંધનો ભાવ આપણામાં જાગે તે જરૂરી છે. જુઓ શ્રીમહાપ્રભુજી કેટલી મોટી ફ્રેમ આપણને આપી રહ્યા છે કે, બ્રહ્મસંબંધ થકી આપણે એક પરિવાર બનાવવાનો છે. કોઈક પરિવાર એવો હોય જે ધંધામાં પરિવાર હોય, એક ધંધામાં બધા પાર્ટનર હોય એટલે પરિવાર કોઈ અવા પરિવાર હો ક જ અક્સીડન્ટલી (અકસ્માત) અક માતાપિતાન તં જનમ તથી આપણ લા ક આપણો અક પરિવાર; પરંત બ–ચાર–પાંચ પઢીઅ પોપ્લશન (વસ્તી) વધ તો અમાં પરિવારનો ભાવ ખંડિત થઈ જાય શ્રીમહાપ્રભજી કહ છ ક 'બ્રહ્મસંબંધથી પરિવાર બંધાતો હો ત પરિવારનો ભાવ અખંડિત કહવા' આજ વષ્ણોમાં ખરખર અ ભાવથી બ્રહ્મસંબંધ લવાની, અ ભાવન નિરંતર પોતાનામાં જાગૃત રાખવાની ખૂબ જ આવશ્કતા છે.

'હું' , 'તું'તો આપણે ખૂબ કરીએ છીએ અને કદાચ ખૂબ કરતાય રહીશું અમારી હિંદીમાં કહેવત છે, કદાચ ગુજરાતી ય હશે કે એક ઘર તો ડાકણેય છોડે. એટલે 'હું' 'તું' કરતા રહો. 'હું' 'તું' થાય એમાં કશો વાંધો પણ નથી, પણ એક ઘર તો ડાકણ પણ છોડે તો આપણે શા માટે ન છોડવું ? એટલે ઓછામાં ઓછો જે વૈષ્ણવ તરીકેનો સંબંધ છે, બ્રહ્મસંબંધથી ઘડાયેલ, એ સંબંધમાં તો આપણે 'હું' 'તું' ભૂલીને 'અમે' થઈ જઈએ, એ સંબંધમાં જો આપણે 'અમે'નો ભાવ કેળવી શકીએ તો 'પરિવાર ' બંધાશે. તો તે પરિવારને આપણે 'વૈષ્ણવ પરિવાર' કહીશું. અને તેવા પરિવારમાં સાક્ષાત વિઠ્ઠલનો–કૃષ્ણનો સંબંધ નિરંતર અનુભવાશે. કૃષ્ણના સંબંધથી – બ્રહ્મના સંબંધથી ઘડાયેલો તે પરિવાર. તેની તસ્વીર બ્રહ્મસંબંધની ફ્રેમમાં આપણે મૂકવી છે – સજાવવાની છે.

મને ખૂબ જ પ્રસન્નતા થાય છે કે તેવા પરિવારના ભાવનો બહોળો પ્રકાર અને પ્રસાર કરવાના હેતુથી, તેવા નામની એક પત્રિકા આજે જન્મ ગ્રહણ કરી રહી છે. આપણે જોયું કે 'યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે.....' દરેક ઉત્પત્તિ સ્થિતિ, લયનો કર્તા અને કારણ એ જ છે, તો આમાં કંઈ નોખો થોડો જ થઈ જશે ! કંઈ રમેશભાઈ કે વિઠ્ઠલભાઈ થોડા જ થઈ જશે ! સંસ્કૃતમાં એક દંતકથા છે કે એક શાસ્ત્રીજી પ્રવચન કરતા હતા. એ કંઈક અગડમ્ બગડમ્ વ્યાખ્યાન કરતા હતા. એટલે સંસ્કૃતના કોઈ પંડિત હતા તેમણે જઈને કહ્યું : 'શાસ્ત્રીજી, તમને આ શ્લોકનો કર્તા કોણ છે એ ખબર છે કે નહીં ?' શાસ્ત્રીજી ચતુર હતા. તેમણે કહ્યું : 'અરે ! અઢાર પુરાણોના જે કર્તા, તે જ આ શ્લોકનો પણ કર્તા. આ શ્લોકનો કર્તા કંઈ નોખો થોડો?' તો મારો કહેવાનો મુદો એ છે કે સમગ્ર જગતના કર્તા છે, તે જ બધે ઠેકાણે કર્તા. 'કર્તા કારયિતા હરિઃ' એટલે એ કર્તા થકી જે – કંઈ પ્રગટ થતું હોય તેને વધાવવું, એમાં 'અમે'ની ભાવના કેળવવી, તેમાં 'હું' અને 'તું' ની ભાવના ન કેળવવી, એટલે કે આપણામાં મેમ્બર વધે તે અભિનંદનીય જ હોય એવા હેતુથી આપણે એને સ્વીકારવો જોઈએ. એટલે દરેક વૈષ્ણવે, દરેક મહારાજશ્રીએ આને તે જ ભાવથી સ્વીકાર્યું છે. એ ભાવ નિરંતર જાળવવામાં અને વધારવામાં 'વૈષ્ણવ પરિવાર' સક્ષમ થાય, એવી શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં પ્રાર્થના કરું છું.

આજના આ પ્રસંગમાં બીજી બધી જે કંઈ નીતિ 'વૈષ્ણવ પરિવાર' ની હશે એ કદાચ રમેશભાઈએ કહી હશે. હું આવવામાં થોડો મોડો પડયો. પરંતુ જે–કંઈ વ્યવસ્થા સંબંધી નીતિ કે પત્રિકા સંબંધી નીતિ કે તેને ચલાવવા સંબંધી નીતિ હશે તે ઠીક છે, પણ જે રીતે હું સમજયો છું તે રીતે 'વૈષ્ણવ પરિવાર' પાછળની જે ભાવના છે, તેની મેં આપની સામે રજૂઆત કરી છે અને મારો વિશ્વાસ છે કે એ જ ભાવનાથી આ 'વૈષ્ણવ પરિવાર' ખૂબ વધશે. ફેમિલી પ્લાનીંગ (કુટુંબ નિયોજન) આ બાબતમાં જરૂરી નથી. આ બાબતમાં બાધક પણ નથી થતું. આવો પરિવાર ખૂબ વધે એમાં વધવા જેવું છે, એમાં ગભરાવા જેવું કશું નથી, એટલે શ્રીમહાપ્રભુજી આપણને, આ પરિવારને ખૂબ સામર્થ્ય આપે, ખૂબ સમૃદ્ધિ આપે અને ખૂબ સિદ્ધાંત–સેવા અને વૈષ્ણવતાના પરિવારની ભાવના વધારવાનું સામર્થ્ય આપે, એવી શુભકામના.

**સવાલ ૪૩ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપના પાછળ શી પૃષ્ઠભૂમિ છે ?**

જવાબ ૪૩ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો પ્રમાણે ભગવાનની સેવા ભકતે પોતાના ઘરમાં, પોતાન ધનથી, જાતે જ કરવી જોઈએ. પુજારી, પુરોહિત દ્વારા બીજાઓના ધનથી અથવા સાર્વજનિક મંદિરમોાં સેવા કરાવવી જોઈએ નહીં. સાર્વજનિક મંદિરોમાં દર્શનાર્થે ભકતોના ધનથી પુજારી, પુરોહિત દ્વારા કરાવવામાં આવતી ભગવાનની સેવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતોથી સર્વથા વિપરીત છે. આ વિકૃતિ અંગે શ્રીવલ્લભાચાર્યજીના પંચ શતાબ્દિ મહોત્સવના મહાન પ્રસંગે આત્મચિંતન તથા સિદ્ધાંત ચિંતન દ્વારા તેમાં સુધારો થાય તેવી અપેક્ષાથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનું આ મંદિર સ્થાપિત થયેલ છે.

**સવાલ ૪૪ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપનાનું પ્રયોજન શું છે ?**

જવાબ ૪૪ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપના દ્વારા મહાપ્રભુ શ્રીવલ્લભ તરફ પાછા ફરીએ એવો ઉદ્‌ઘોષ કરતાં આપણે એમ કહેવા માંગીએ છીએ કે વલ્લભ સંપ્રદાયનાં મંદિરોને આપણે શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો માટે પ્રેરણા આપનારાં બનાવવાં જોઈએ. આવા પ્રયોજનથી જ કિશનગઢમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં સર્વત્ર સંપ્રદાયના બધાં અંગત કે સાર્વજનિક મંદિરોને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરોમાં પરિવર્તન કરવાનું કહેતાં આ કાર્યક્રમ રજૂ કરીએ છીએ.

**સવાલ ૪૫ : મંદિરનો આ પ્રકાર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંત અને વલ્લભ સંપ્રદાયની પરંપરાને અનુકૂળ છે ખરો ?**

જવાબ ૪૫ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપના તદન નવીન અથવા તેમના સિદ્ધાંતોથી પ્રતિકૂળ નથી. સ્વયં શ્રીમહાપ્રભુજીએ પણ કેટલાય ભકતોતે સેવા માટે પોતાના હસ્તાક્ષર, પાદુકા વગેરે પધરાવી આપ્યાં હતાં. ખાસ કરીને જે ભકતોથી સિદ્ધાંતસંમત પ્રકારે કૃષ્ણસેવાનો નિર્વાહ સંભવિત નહોતો તેવા ભકતો માટે આ પ્રકાર બતાવવામાં આવ્યો હતો. પરંપરા પ્રમાણે પણ શ્રીમહાપ્રભુજીની બધી બેઠકોમાં તેમની સેવાનો પ્રકાર પ્રચલિત છે જ. કોટામાં પણ શ્રી બડે મહાપ્રભુજીનાં મંદિરમાં શ્રી મહાપ્રભુજીની સેવાનો પ્રકાર પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે. ભારતીય પરંપરા પ્રમાણે પણ ગુરુ અને ગોવિંદની સેવાના વિકલ્પમાં ગુરુસેવાની પ્રાથમિકતાનો સર્વત્ર સ્વીકાર થયેલો જ છે.

**સવાલ ૪૬ : મંદિરમાં જયારે ભગવાન કૃષ્ણનું સ્વરૂપ બિરાજમાન હોય ત્યારે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પધરાવવું યોગ્ય છે ?**

જવાબ ૪૬ : મંદિરમાં જયારે ભગવાનનું એક સ્વરૂપ બિરાજતું હોય ત્યારે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પધરાવવું યોગ્ય છે. કેમ કે ગુરુકૃપા વિના સાક્ષાત ભગવાન સુધી પહોંચી શકાતું નથી. ગુરુકૃપા પણ ત્યારે જ સંભવિત છે કે જયારે આપણે ગુરુના ઉપદેશનું પાલન કરીએ. ગુરુઉપદેશ સાર્વજનિક મંદિરમાં નહીં પરંતુ સેવકને માટે પોતાના ઘરમાં, પોતાના ધનથી, જાતે જ કૃષ્ણસેવા કરવાનો છે. તેથી વર્તમાન સમયમાં સિદ્ધાંતથી વિપરીત ચાલતી મંદિરની પ્રણાલિકામાં સુધારો કરી, આ મંદિરોમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનું સ્વરૂપ પધરાવી તથા ઘરમાં ઘરની રીતે કૃષ્ણસેવા કરવાનું જ સંભવિત છે.

**સવાલ ૪૭ : શું વલ્લભ સંપ્રદાયના અન્ય આચાર્યો પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરની સ્થાપનાના વિચાર સાથે સહમત છે ?**

જવાબ ૪૭ : અમારા દ્વારા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય મંદિર સ્થાપના સમારોહ પ્રસંગે આપના શુભાશીર્વાદ તથા સંદેશાઓ મોકલવા વિનંતી કરતા તાર મોકલવામાં આવેલા, તેના જવાબમાં આચાર્ય ગોસ્વામી મહાનુભાવોની સંમતિના સંદેશા નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

(૧) ગો. શ્રીગોવિંદલાલજી મહારાજ, તિલકાયત, શ્રીનાથદ્વારા.

આપના તારના સંદર્ભમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય પંચશતાબ્દિ મહોત્સવમાં વિવિધ સમારંભોના સફળ આયોજન માટે અમારા હાર્દિક શુભાશીર્વાદ.

(૨) પ્રથમ પીઠાધીશ્વર ગો. શ્રીરણછોડાભાચાર્યજી ( કોટા – જતિપુરા)

(ક) મહાપ્રભુ સ્વરૂપ પ્રતિષ્ઠા માટે મારી હાર્દિક વધાઈ અને વૈષ્ણવોને આશીર્વાદ.

આ સમારોહ આપણને સાચી દિશા બતાવે છે. આપણા મહાપ્રભુની દિવ્યકૃપા આપણા ઉપર અને વૈષ્ણવો ઉપર વરસો.

(ખ) પુષ્ટિમાર્ગ માટે મહાનતમ આધારપદ કાર્ય, અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, શ્રીવલ્લભ પંચશતાબ્દિ સમારોહ રાષ્ટ્રીય સમિતિ તથા પિપલ્સ પ્રોગ્રેસિવ સોસાયટી તરફથી પણ વધાઈ સ્વીકારજો.

(૩) તૃતીય પીઠાધીશ્વર ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (કાંકરોલી). આપના આ કાર્યની હૃદયથી પ્રશંસા કરું છું. ઉપસ્થિત નથી રહી શક્યો પરંતુ મારો પૂર્ણ સહયોગ છે.

(૪) ચતુર્થ પીઠાધીશ્વર ગો. શ્રીદેવકીનંદનાચાર્યજી (ગોકુલ)

મુંઝવણભર્યા સમય પછી શ્રીમહાપ્રભુજીના મંદિરની સ્થાપનાથી નવ શુભારંભ સિદ્ધ ભાવ તથા આચાર્યચરણના સિદ્ધાંતોના પ્રકાર અને વાસ્તવિક પ્રકાશનોનું તે માધ્યમ બને. આપના સમારોહને પૂર્ણ સફળતાની શુભકામના.

(૫) પંચમ પીઠાધીશ્વર ગો. શ્રીગોવિંદરાયજી, દ્વારા ગો. શ્રીગિરિધરબાવા (કામવન)

શ્રીવલ્લભ મંદિર સ્થાપના દ્વારા વલ્લભ સંપ્રદાયને યોગ્ય માર્ગે લાવવા માટે અમારાં હાર્દિક અભિનંદન અને શુભાશીર્વાદ.

(૬) ગો. શ્રીકલ્યાણરાયજી (પૂના)

વર્તમાન પરિસ્થિતિના ઉપચારના રૂપમાં સ્વતંત્ર રીતે શ્રીમહાપ્રભુજીની સેવાનો પ્રકાર ઉચિત જ છે. આ પ્રયાસ સફળ થાય એ જ મંગળ કામના છે.

(૭) ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ (પોરબંદર)

મહાપ્રભુ મંદિર સ્થાપના સમારોહ માટે હાર્દિક વધાઈ અને શુભાશીર્વાદ. તેના ઉદ્દેશોની સફળતા માટે શુભકામનાઓ.

(૮) ગો. શ્રીવ્રજભૂષણલાલજી (ચાંપાસેની – જામનગર)

તાર મળ્યો. સમારોહની સફળતા માટે શુભકામના. હાર્દિક શુભાશીર્વાદ સ્વીકારજો.

**સવાલ ૪૮ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના આ મંદિરમાં મહાપ્રભુની સેવાનો પ્રકાર કેવો રહશે ?**

જવાબ ૪૮ : આ મંદિરમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીની સેવાનો પ્રકાર આચાર્ય સ્વરૂપ તથા ભાવ મર્યાદાને અનુરૂપ રહેશે. બધાં બ્રહ્મસંબંધી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ઝારી ચરણસ્પર્શ વગેરે માટે બેઠકના પ્રકારથી સેવામાં નાહી શકશે, પરંતુ તે મંદિર પોતાનું અંગત હોવાથી તેને માટે પહેલાંથી અનુમતિ મેળવવાની જરૂરી રહેશે. ત્યાં ભેટ ધરવાનું સર્વથા વર્જિત રહેશે. ઉત્સવ આદિના ક્રમમાં ચાર જયંતી સેવા ઉત્સવો આનંદપૂર્વક મનાવાશે. પરંતુ કૃષ્ણલીલા સાથે સંબંધિત ઉત્સવ–ડોલ, અન્નકૂટ વગેરે આચાર્યસ્વરૂપને અનુરૂપ ન હોવાથી નહીં મનાવાય. આચાર્યની સન્મુખ ભગવદ્લીલાના અવગાહનની ભાવનાથી નિત્યક્રમ, ઉત્સવક્રમ તથા ઋતુક્રમની પ્રણાલિકા મુજબ કીર્તન–ગાન થશે. ગોસ્વામી બાળકો સિવાય બીજા કોઈ +ારા શ્રીમહાપ્રભુજીને સખડી અને અનસખડીનો ભોગ ધરાવીશ કાશે નહીં. આરતિ નિત્યક્રમ અનુસાર થશે. મંગળા શૃંગાર, રાજભોગ, સંધ્યાઆરતિ અને શયનઆરતિનાં દર્શનના ક્રમમાં શ્રીમહાપ્રભુજીની પ્રાતઃસંધ્યોપાસના, સાયં સંધયોપાસના તથા સુબોધિની પ્રવચનની ભાવનાથી દર્શન ખુલશે. સંક્ષેપમાં સેવાનો આ પ્રકાર રહેશે.

**સવાલ ૪૯ : પ્રચલિત શ્રીકૃષ્ણસેવાર્થ મંદિર તથા નવસ્થાપિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મંદિરમાં શો તફાવત છે ? આથી બંનેની ઉપયોગિતા અને મહત્વમાં શો તફાવત પડશે ?**

જવાબ ૪૯ : કેવળ શ્રીનાથજીના અપવાદને બાદ કરતાં કૃષ્ણ સેવાનો સિદ્ધાંત મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના મતે ગૃહસેવાનો હતો. આજે તે મંદિર સેવામાં વિકૃત થતાં અથવા તો સાર્વજનિક ટ્રસ્ટના રૂપમાં પરિવર્તિત થતાં તે નભી શકે તેમ નથી. કૃષ્ણસેવાના સાર્વજનિક મંદિરના રૂપમાં નિર્વાહ માટે કયાં તો કોઈ ટ્રસ્ટ બનાવવું પડે છે અથવા દર્શન માટે આવેલ વ્યક્તિઓ પાસેથી ભેટ લેવી પડે છે. આ બંને સ્થિતિમાં સિદ્ધાંત અનુસાર સેવા સેવા નથી રહેતી, ઊલટું, આવી સેવાને મહાપ્રભુ ભગવાન પ્રત્યે આપણો અપરાધ કે દોષ

માને છે.ઘ ભગવદ્સેવા માટે ધન લેવું કે ધન આપવું એ બંનેનો શોષશ ગ્રંથમાં નિષેધ કરવામાં આવ્યો છે. વલ્લભ સિદ્ધાંત પ્રમાણે બહારની વ્યક્તિને આપણી ભગવદ્સેવાનાં એક વખત દર્શન કરાવવા માત્રથી વ્યક્તિની એક

વર્ષ પર્યંતની કરેલી ભગવદ્સેવા નિષ્ફળ જાય છે. આવી નિષ્ફળ સેવાથી તથા આવા અપરાધથી બચવાનો ઉપાય કૃષ્ણ મંદિરમાં સંભવિત નથી, પરંતુ શ્રી મહાપ્રભુજીના મંદિરમાં સંભવિત છે.

આ બંને મંદિરોમાં આ મોટું અંતર છે. આજની આર્થિક મુશ્કેલીઓના યુગમાં વેતન ઈચ્છુક કર્મચારીઓ દ્વારા કૃષ્ણસેવાનું મંદિર ચલાવવામાં કોઈ ઔચિત્ય નથી. આ વેતન ઈચ્છુક કર્મચારીઓને પૂરતા પ્રમાણમાં વેતન પણ ચૂકવી શકાતું નથી અને ભવિષ્યમાં ઓછું વેતન લઈ કામ કરનાર યોગ્ય કર્મચારીઓ પણ મળવા મુશ્કેલ છે. જો કોઈ વેતન ઈચ્છુક ભાવનારહિત કર્મચારી કેવળ નોકરી માટે ભગવાનની સેવા કે પૂજા કરતા હો તો મંદિરમાં અપક્ષિત આધ્યાત્મિક અને આધિદૈવિક વાતાવરણ પણ બની શક`નહીં. તે માટેનો દોષ તે ગરીબ કર્મચારીનો નથી, પરંતુ મંદિરની વ્યવસ્થાનો છે એમ સ્વીકારવું પડશે.

આપણા સૌભાયથી મહાપ્રભુજીની સેવામાં ભાવહીન વ્યર્થ આડંબરની પરંપરા હજી વિકસી નથી અને વૈષ્ણવોને સેવા કરવાનો કોઈ પ્રતિબંધ પણ નથી જ બ્રાહ્મણોના હાથે તૈયાર થયેલી અન્ન સામગ્રી અમે ખાઈ શકીએ છીએ એવા બ્રાહ્મણ સિવાય અન્ય બ્રાહ્મણોની નિયુક્તિ મંદિર પોતાનું હોવાના કારણે પણ સંભવિત નથી. જો ચાલી આવેલી આ પ્રણાલિકામાં યુગને અનુરૂપ પરિવર્તન કરવું હોય તો તે પરિવર્તન મહાપ્રભુજીના સિદ્ધાંતથી વિપરીત હોવું જોઈએ નહીં આ બધી બાબતો ધ્યાનમાં રાખતા આજે શ્રીમહાપ્રભુજીના મંદિરની પ્રણાલિકામાં આપણા મંસ્દિરોનું પરિવર્તન કરતાં મહાપ્રભના દિવ્ય સિદ્ધાંતોનો પ્રચાર, પ્રસાર, ધાર્મિક ગ્રંથ પ્રકાશન, ધર્મોપદેશ, સત્સંગ, ભગવદ્કીર્તન વગેરેના માધ્મથી જનતાન ભક્તિમાર્ગે આગળ લઈ જવાની આવશ્યકતા છે. તે જ આ નવસ્થાપિત મંદિરની ઉપયોગીતાનું પ્રમાણ છે.

श्रीहरिः

## શ્રી વલ્લભ પંચશતી મહોત્સવ

## અને

# આપણું કર્તવ્ય : એક સંવાદ

जयति श्रीवल्लभाचार्यो जयति च विट्ठलेश्वरः प्रभुः श्रीमान् ।
पुरुषोत्तमश्च तेश्च निर्दिष्टा पुष्ठिपद्धतिर्जयति ॥

તા. ૨જી માર્ચ,'૭૮
પારલા–મુંબઈ

પ્રિય શાસ્ત્રીજી

સાદર ભગવત્સમરણ.

પત્ર મળ્યો. આપની સુસ્પષ્ટ ભાવનાભિવ્યક્તિથી ઘણી જ પ્રસન્નતા થઈ.

**'न भयं तेन कर्तव्यं ब्राह्मणानामियं गतिः** – શાસ્ત્રચર્ચા માટે મનમાં કદી ભય રાખવો નહીં. કેમ કે, શાસ્ત્રચર્ચા એ તો બ્રાહ્મણોનું કર્તવ્ય કે ગતિ જ છે,' એ આજે પણ આપના, મારા અને શ્રીમહાપ્રભુજીના બધા જ સેવકો માટે નિતાંત લક્ષ્યમાં રાખવા જેવું છે. લૌકિક વિષયોના વાદ – વિતંડાઓથી બચવું કે ઉપેક્ષાસેવન એ એક આદર્શ હોઈ શકે છે, પણશાસ્ત્રાર્થની ઉપેક્ષાથી કેવલ અશાસ્ત્રાર્થ અને શાસ્ત્રાનર્થ જ વધ્યા છે ! એથી **'शस्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः** – સરખી રીતે શાસ્ત્ર સમજી મન, વાણી અને દેહથી કૃષ્ણની સેવા કરવી જોઈએ.' વિધાન મુજબ શાસ્ત્રાર્થ પણ એક ભગવત્સેવામંદિરનું પ્રવેશદ્વાર છે. એજ ભાવનાથી આપની સાથે હું પણ શાસ્ત્રાર્થ કરવા માગું છું; જલ્પવિતંડાના વિવાદની દષ્ટિથી નહીં. વિશ્વાસ છે જ કે આપ અન્યથાભાવ નહીં લાવશો.

આપણી રુચિને નહીં, પણ સિદ્ધાંતદષ્ટિને અને વ્યક્તિગત એષણાઓની પૂર્તિને નહીં, પણ સાંપ્રદાયિક સંગઠન વિકાસ કે હિતની દષ્ટિને જો આપણે મહત્વ આપતા હોઈએ તો કોઈ પણ વિષયની ચર્ચામાં કોઈ પણ પ્રકારના સંકોચની આવશ્યકતા નથી. બાકી બધું પોતાની મેળે જ સચવાઈ જશે. પ્રયોજન સ્પષ્ટ હોય તો વ્યક્તિસંબંધી ભાવ–ભાષા–વ્હાર પોતાની મેળે જ ગૌણ થઈ જાય છે. માતા–પિતા કે એક મિત્ર પોતાની સંતતિ કે બીજા મિત્રને વઢે, ગાળો આપે કે નિંદે પણ જયાં સુધી વાત્સલ્ય કે મૈત્રીની ઉષ્મા સાથે સાથે અનુભવાતી હોય ત્યાં સુધી કશો વાંધો આવતો નથી. તેથી જ, શાસ્ત્રીજી ! આપનો ભાવ મારામાં કે મારો ભાવ આપનામાં જળવાય તેના કરતાં વધુ મહત્વપૂર્ણ આપણો ભાવ શ્રી મહાપ્રભુજીમાં રહેવો જરૂરી લાગે છે. આપણા સંબંધની આધારશિલા શ્રીમહાપ્રભુજી બન્યા રહે ત્યાં સુધી કલહ–જો કે, સર્વથા છે જ નહીં – પણ થઈ જાય તોય વાંધો નહીં આવે. મને આ પ્રસંગે આચાર્યજીના, 'સેવા તો બાપ–બેટા કર ગયે, યે તો અબ લકીર પીટત હૈં' જેવા વ્યક્તિગત આક્ષેપાત્મક ઉદ્ગાર અને એને ઉત્સવરૂપે વધાવી લેવાનો શ્રીગોકુલેશનો આદર્શ ખૂબ જ પ્રેરક લાગે છે. એથી જ આ વિસ્તૃત પત્રોત્તર લખવા પ્રેરાયો છું.

આપે હમણાં ચાલતી વિવિધ વિરોધાભાસોની વાતો લખી. ખરેખર, વિવિધ વિરોધાભાસી વાતોને લોકો એક–બીજાના વિચારો સાથે પ્રત્યક્ષમાં અથડાવતા નથી અને પરોક્ષમાં એક–બીજાને નિંદારૂપે વાગોળી – વાગોળી એ જ વિરોધાભાસનો વધારે પ્રસરાવતા રહે છે ! તે,

डिंडिंस्तु वादितो द्वारि विश्वेशस्य मयात्र हि ।
विद्वद्भिः सर्वथा श्राव्यं ते हि सन्मार्गरक्षकाः ॥

બધા જાણે એટલા માટે આ કાશીપુરીમાં વિશ્વેશ્વરના દ્વાર આગળ મેં આ નગારું વગાડયું છે, વિદ્વાનોએ તે સાંભળવું જ જોઈએ. કારણ કે, તેઓ જ સન્માર્ગના રક્ષક છે'' ની શ્રી મહાપ્રભુજીની મનોવૃત્તિથી કેટલું વેગળું અને અસદ્‌વૃત્તિરૂપ છે ! કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત કે શુદ્ધાદ્વૈતની વિવિધ વિરોધાભાસી વાતોથી આપણું દાર્શનિક સાહિત્ય વિકાસનાં કેવાં કેવાં સોપાનો ઉપર આરોહણ કરી શકયું છે, તે વિદ્વાનોથી છુપાયેલું નથી. તેથી નિઃસંકોચ આપ ભવિષ્યમાં પણ મારા આ પત્રના કે બીજા કોઈ પણ મુદાઓ ઉપર વિચાર–પ્રશ્ન–આક્ષેપ–રોષ પ્રકટ કરતા રહેશો તો મને ખોટું નહદ જ લાગે, જો પ્રભુ મારી મતિ હમણાં જેવી છે તેને ફેરવી નહીં નાંખે તો. **बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु !**

અસ્તુ, કોઈ પણ ચર્ચાસ્પદ વિષયની રજૂઆત પહેલાં મને લાગે છે કે આપણે 'અધિકરણ'ની સ્પષ્ટતા કરી લએ તો સારું રહેશે તે મુજબ આપણી ચર્ચામાં મારા મત પ્રમાણે ચર્ચા–વિષય, સંશય, પૂર્વ પક્ષ, ઉત્તર પક્ષ અને સંગતિ આ પ્રકારે છે :

(૧) ચર્ચા–વિષય : શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા તેમના વ્યાખ્યાકાર પ્રાચીન વિદ્વાનોના વચન અને શિષ્ટાચારથી સિદ્ધ સેવા પ્રણાલી અને હાલમાં પંચશતીના સંદર્ભમાં આપણું પુષ્ટિજીવ તરીકે કર્તવ્ય શું છે, તે મને લાગે છે કે આપણી ચર્ચાનો મુખ્ય વિષય છે.

(૨) સંશય : (ક) આપના અભિપ્રાય મુજબ શ્રીમહાપ્રભુજીના ગૃહસેવાના ઉપદેશ અને શ્રીનાથજીના મંદિર–સ્થાપનથી કૃષ્ણસેવા પોતાના ઘર કે જાહેર મંદિરમાં કયાંય પણ સંભવ છે (ખ) મારા અભિપ્રાય મુજબ શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીનો કૃષ્ણસેવાનો સિદ્ધાંત ગૃહસેવા પૂરતો જ છે. તેથી જાહેર મંદિરો જો રાખવા જ હોય તો ત્યાં શ્રીમહાપ્રભુજીની સેવા, સ્વરૂપ–ચિત્રજી–ભાવનાજી–પાદુકાજી, હસ્તાક્ષર આદિ સ્વરૂપે કરવી જોઈએ અને તેના પ્રચારની આજે મને ખૂબ જ આવશ્યકતા લાગે છે.

આ બન્નેમાં કયો કલ્પ, સિદ્ધાંત અને શિષ્ટાચાર – સંમત છે તે સંશય થઈ રહ્યો છે.

(૩) પૂર્વપક્ષ : આપનો પૂર્વપક્ષ એવો છે કે કૃષ્ણસેવા જ ઉચિત અને અભીષ્ટ પ્રકાર છે. તે પછી ગૃહસેવાના રૂપમાં હોય કે જાહેર મંદિર સેવાના રૂપમાં. શ્રીમહાપ્રભુજીની સેવાના નવા પ્રકારને આપ ઉચિત ગણતા નથી. (આમાં કયાંક આપના મુદાની રજુઆત ખોટી થતી હોય તો જણાવશો.)

(૪) ઉત્તરપક્ષ : આપના અભિપ્રાય સામે ઉત્તરરૂપે હું મારા પક્ષનું એમ સમર્થન કરવા માંગું છું કે કૃષ્ણસેવાનો ઉપદેશ તો ગૃહસેવા પૂરતો જ છે અને તે જ પ્રકારે કૃષ્ણસેવાની સાર્થકતા પણ હોઈ શકે. તેથી કૃષ્ણસેવાને ફરીથી ગૃહસેવાના પદ ઉપર પ્રતિષ્ઠિત કરવી જોઈએ અને પુષ્ટિમાર્ગીય જાહેર મંદિરોને શ્રીમદાચાર્યચરણના મંદિરોમાં પરિવર્તિત કરવાં જોઈએ. વિશેષતઃ પંચશતી અને વર્તમાન દેશકાલને અનુલક્ષીને તો આ ઘણું જ આવશ્યક લાગે છે.

(૫) સંગતિ : આપણી આ ચર્ચાની પ્રથમ સંગતિ તો મારા કિશનગઢના મંદિરમાં (જો કે તે જાહેર મંદિર કે ટ્રસ્ટ મંદિર નથી, છતાંય) શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને મુખ્ય સેવાક્રમમાં પધરાવવાના મારા મનોરથને અનુલક્ષીને છે તેથીય વધુ મહત્વપૂર્ણ સંગતિ આ ચર્ચાની મારા મત મુજબ, આજે આપણા સંપ્રદાયના પ્રચાર – પ્રસાર માટે કોઈ એક ચોક્કસ દિશાની અપેક્ષાની લાગે છે. (આપનો અભિપ્રાય આપ પોતે જણાવશો.)

આ અપેક્ષિત સ્પષ્ટતા કર્યા પછી હવે હું આપની શંકાઓનું અને પ્રશ્નોનું ક્રમશઃ સમાધાન કરું છું.

(૧) શંકા : શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ પધરાવવાનો આખો પ્રસંગ પ્રાયઃ આજના તદ્વંશજોને આચાર્યત્વમાંથી પૂજારી (રિ!) જેવી સ્થિતિમાં ન મુકાવું પડે તેવા સંદર્ભમાં વિચારીને થવો આવશ્યક લાગે તો મને લાગે છે કે આસ્તિક બહુજન–સમાજના મનમાં તો આવો ભાવભેદ કે વિકાર થવાનું લાગતું નથી. કાયદાની પરિભાષામાં કદાચ તેવો ફેર થાય,

પણ જનતામાં તેની અસર અતયારે બહુ થાય તેમ લાગતું નથી.

સમાધાન : પૂજારી(રિ!) કે આચાર્યનો વિકલ્પ સિદ્ધાંત – વિચાર અને આચરણની દષ્ટિએ સ્પષ્ટતાની અપેક્ષા રાખે છે કે નહીં ? સ્વવંશજો પૂજારી બને તે મહાપ્રભુજીને જરા પણ અભિપ્રેત લાગે છે ?

આ બન્ને પ્રશ્નોના સ્પષ્ટ 'હા' કે 'ના'માં ઉત્તર ન અપાય ત્યાં સુધી ન તો વિચાર થઈ શકે કે ન નિર્ણય. ભગવદ્– નામના અથવા ભગવદ્–રૂપના વિક્રયથી ગુરુત્તર અપરાધ પુષ્ટિમાર્ગમાં બીજો કયો માનવામાં આવ્યો છે, તે સહુથી પહેલાં વિચારવું જોઈએ. એટલે અપરાધની ગુરુતા જો ખ્યાલમાં આવે તો જ એની નિવૃત્તિ કે નિવૃત્તના ઉપાય વિચારને પણ અવકાશ મળી શકે; અન્યથા નહીં જ. અહીં 'સિદ્ધાંત મુકતાવલી' ના બીજા શ્લોકની શ્રી ગુસાંઈજીની વિવૃત્તિ જોવા જેવી છે :

'' પુષ્ટિમાર્ગમાં પ્રમુખ કર્તવ્ય કૃષ્ણસેવાનું સ્વરૂપ છે, ચિત્તનું કૃષ્ણમાં પરોવાઈ જવું, ચિત્તને કૃષ્ણપ્રણવ કરવાનું સાધન તનુ–વિત્તજા સેવા છે. સેવાના બે પ્રકાર હોઈ શકે : બીજા વ્યક્તિને કાંઈક વિત્ત આપી તેના વડે સેવા કરાવવી અથવા તો તેમ અન્યનું વિત્ત લઈ પોતે સેવા કરવી. આમાંથી કોઈ પણ એક પ્રકારે સેવા કરવા જતાં ચિત્ત કૃષ્ણમાં ચોંટી શકે નહીં. તેથી મહાપ્રભુજી સેવાને 'તનુજા' અને 'વિત્તજા' ન કહેતાં 'તનુવિત્તજા' કહે છે. ભગવાનને પોતાનું સર્વસ્વ નિર્વ્યાજ નિવેદન કરી, તેમને માટે જ જો પોતાના દેહનો પણ વિનિયોગ પ્રેમ સહિત કરે, તો ચિત્ત કૃષ્ણમાં ચોંટી શકે.''

સુસ્પષ્ટતયા અહીં પોતાના ઘરમાં જે સ્વરૂપ બિરાજતા હોય તેમની જ તનુવિત્તજા સેવાનું વિધાન છે. જો તનુવિત્તજા સેવાને ભાગલા પાડીને જુદી ન કરવી હોય, એટલે પોતાના ધનથી અને પોતાના જ તનથી જો સેવા કર્તવ્ય હોય તો દરેક પુષ્ટિમાર્ગના જીવે પોતાના ઘરમાં જ સેવા કરવી પડશે. જાહેર મંદિરોમાં મોટે ભાગે એક વર્ગ વિત્તજા સેવા અને બીજો વર્ગ તનુજા સેવા કરતો હોય છે. તનુવિત્તજા સેવાનો પ્રકાર ત્યાં નથી શકતો નથી. નભાવવું જ હોય તો પોતાના મંદિરને કે કૃષ્ણસેવાને જાહેર કરવાનું પ્રયોજન પણ રહી જતું નથી. અંતે જાહેર મંદિરોના નિર્માણમાં કે સંચાલનમાં હેતુ બેમાંથી એક જ હોય છે કે આપણે તનુજા સેવા નિભાવી શકીએ, પણ વિત્તની બાબતમાં અડચણ હોય અથવા વિત્તજા સેવા કરી શકવા સમર્થ હોઈએ, પણ તનુજા સેવા માટે ફુરસદ ન મળતી હોય. તેથી જાહેર મંદિરોની સેવા તનુવિત્તજા સેવાના સિદ્ધાંતનો કૂરતાથી ભંગ કરનારી હોય છે. ચોમેર ફેલાતી અનાસ્થાના વાતાવરણમાં જાહેર મંદિરો વલ્લભવંશજોને સ્વધર્મ તનુવિત્તજા સેવાથી ચ્યુત કરી તનુજા સેવા કરનાર પૂજારી નહીં બનાવે, તે આપ કેમ કહી શકો ?

તેથી ચતુશ્લોકીમાં કહેલા ''શ્રીવ્રત્રધિપનું ભજન ત જ આપણં પ્રમુખ કર્તવ્ય છે. બીજું કંઈ પણ કયાંય પણ અને કયારેય નથી.'' તે સ્વધર્મના નિર્વાહનો પ્રશ્ન પ્રથમ છે. 'આસ્તિક બહુજનસમાજના મનના ભાવભેદનો' નહીં. જો કે સાચું કહું તો આસ્તિકબહુજનસમાજથી મને

ભય વધારે લાગે છે, નાસ્તિક સમાજથી નહીં. અમને પૂજારિત્વના ગર્તમાં નાંખવા માટે ધક્કો મારવા તે લોકો જ વધુ આતુર દેખાય છે. નાસ્તિક સમાજ નહીં. ઔરંગઝેબના ભાઈએ તેને વિનવ્યું હતું, '' હળવું જેર આપવા કરતાં તલવારના ઘાથી મને મારી નાંખ !'' મારી પણ આસ્તિક સમાજ પાસે તેવી જ માંગ છે. મંદિરોને જાહેર ટ્રસ્ટ બનાવી, સુવ્યવસ્થાનો લાભ–લોભ દેખાડી અમને અને પુષ્ટિમાર્ગને જાણે–અજાણે તેવા જ હળવા ઝેરથી મારવા માંગે છે ! જયારે બિચારા નાસ્તિકોના હાથમાં હવે તલવાર દેખાતી નથી. અમને મુમૂર્ષુ સમજી તેઓ ઉપેક્ષાવૃત્તિ ધરાવે છે !

(૨) શંકા : ટ્રસ્ટ પદ્ધતિ સંબંધી સંપૂર્ણ વિચાર–સંતિ મને અત્યારે નથી, પણ પ્રાથમિક નજરે જે 'દેવલકત્વ' નો દોષ છે, તે માર્ગ ભેદના વિચારે નિવૃત્ત ન થઈ શકે ? "अपि दीपावलोकं नोपयुज्यान्निवेदितम्" એ પ્રકાર તો "दत्तपहारवचनं –––– भिन्नमर्गिपरं मतम्" માં માર્ગભેદથી જ નિવૃત્ત થઈ જાય છે. त्वयोपभुक्त... માં પણ ભગવદુચ્છિષ્ટ ભોગને દાસધર્માંગરૂપ ગણ્યો છે.

સમાધાન : ટ્રસ્ટ – પદ્ધતિ સંબંધી, સાચું કે ખોટું તે તો હું ન કહી શકું, પણ મેં પુષ્કળ ચિંતન અને કાંકઈ અધ્યયન પણ કર્યું છે. મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે ટ્રસ્ટમંદિરોમાં રહી સેવા કરનારાઓ દેવલકત્વના કે દેવદ્રવ્યના ભક્ષણના અપરાધથી બચી શકતા નથી.

''મને નિવેદિત થયેલા દીપનો પણ પોતાને માટે ઉપયોગ કરવો નહીં.'' – આ નિવેદિતના પુનરુપયોગનો નિષેધ પુષ્ટિમાર્ગીયો માટે નહીં પણ મર્યાદામાર્ગીઅયો માટે છે., તેવું જે શ્રીમહાપ્રભુજીએ "दत्तापहारवचनं ...... भिन्नमार्गपरं

मतम्" કહી સિદ્ધાંતરહસ્યમાં સમાધાન આપ્યું છે તે ખરું, પણ તે સિવાયના બીજા ગ્રંથો (મુખ્યત્વે સિદ્ધાંતમુક્તાવલી, નવરત્ન, ભ;કતવર્ધિની, બન્ને નિબંધ, અણુભાષ્ય અને સિદ્ધાંતરહસ્યનાં બીજાં વચનો)ની સંગતિ પણ આપણે વિચારવી જોઈએ. તેમ કરતાં આ બધા ગ્રંથોની એકવાકયતા જાહેર મંદિર–સેવાના પ્રકારથી તદન વિરુદ્ધ જ લાગે છે. ઉદાહરણરૂપે 'નવરત્ન'માંની શ્રી ગુસાંઈજીની આ પંક્તિ જુઓ :

'બીજું, પ્રભુને જો દાનરૂપે કાંઈ આપેલું હોય તેને પાછું પોતાના ઉપયોગમાં ન લેવાય, પણ જો નિવેદનરૂપે પ્રભુની સન્મુખ કાંઈ રાખવામાં આવે તો તેને ફરીથી પોતાના ઉપયોગમાં લાવતાં કોઈ પણ જાતનો દોષ થતો નથી. અન્યથા જે સામગ્રી આપણે પ્રભુને નિવેદિત કરી હોય તે પણ આપણે પસાદ રૂપે લઈ શકીએ નહીં, અથે ભગવાનને ધર્યા વગર લેવું નહીં, એવો નિષેધ પણ કરવામાં આવ્યો છે, તો પછી અન્ન વગર જીવાય કેમ ? તેથી પ્રભુને જે કાંઈ નિવેદિત કરવામાં આવે છે તેનો પ્રભુની સેવામાં વિનિયોગ થયા પછી, સ્વસ્વામીના પ્રસાદરૂપે પોતે પણ ઉપયોગ કરવો તે તો સર્વથા ઉચિત કૃત્ય જ છે, દાસ તરીકેની આપણી હેસિયતમાં. તેથી જ શાસ્ત્રાવચન પણ મળે છે : उच्छिष्टभाजिनो दासाः વળી, આ પ્રકારના અન્નાદિના ઉપભોગથી આત્મશોધન પણ થાય જ છે.'

શ્રી પુરુષોત્તમજીની વ્યાખ્યા અહીં જોવા જેવી છે. તેમના અનુસાર સિદ્ધાંત રહસ્યમાં જભા થતા પ્રશ્નોનું સમાધાન અહીં નવરત્નમાં આપવામાં આવ્યું છે. પોતાના વ્યાખ્યામાં જે સિદ્ધાંત રહસ્યમાં ૧. દાન ૨. નિવેદન અને ૩ સમર્પણનો ભેદ સમજાવ્યો હતો, તેના આધારે હવે અહીં સમાધાન આપે છે કે ભગવાનને દાનરૂપે ભેટ ધરવામાં આવે છે તેનો ઉપયોગ સેવા પછી આપણી કરી શકતા નથી. લઈએ તો દત્તાપરાદોષનો અપરાધ લાગે. નિવેદિત અને સમર્પિતનો પુનઃ ઉપયોગ તો 'સવાલ' મજબ '' પોતાના સ્વામીન સમર્પણ ર્કા પછી કોઈ પણ પ્રકારનો ભો લૌકિક ન હોવાથી સેવામાં પ્રતિબંધરૂપ ન હોઈ 'અલૌકિક સામર્થ્ય રૂપ' ગણવામાં આવ્યો છે.'' તેથી અભિનંદનીય છે. આમ સિદ્ધાંતરહસ્ય અને નવરત્નની એકવાકયતાથી સિદ્ધ થાય છે કે, "दत्तहारं" કેવળ ભિન્નર્મા પર જ નથી, પરંતુ (જો નિવેદન–સમર્પણના પ્રકારને છોડીને દાનના પ્રકારથી ભગવત્સેવાર્થ કોઈ વસ્તુ હોય કે સેવામાં આવતી હોય અથવા આપણે પોતે જ પ્રભુને આપી હોય, તો તેનું પુનર્ગ્રહણ દોષરૂપ હોવાથી) પષ્ટિર્મામાં પણ લાગ પડે છે.અલબત્ત પષ્ટિર્મામાં કૃષ્ણસવા, ૃહસેવા હોવાથી નિવેદિતના❊ સમર્પણ+ પૂર્વક ચાલતી હોવાથી – તેવી સેવા અને તેવા સેવકો માટે દત્તાપહારનો આક્ષેપ લાગતો નથી. પણ નિવેદિત કે અનિવેદિત પદાર્થ પ્રભુને દાનરૂપે આપવામાં આવેલો હોય તો તેનું પુનગ્રહણ દોષાવહજ નહીં, પણ પાતિત્યકારક જ ગણવામાં આવ્યું છે.

---

❊ બ્રહ્મસંબંધ થતી વેળામાં ગદ્યમંત્ર દ્વારા આપણે જેનું નિવેદન કર્યું હોય તે.

\+ પોતાને ઘરે બિરાજતા પ્રભુની સેવામાં જેનો વિનિયોગ થતો હોય તે.

આ બાબતની સ્પષ્ટ વ્યવસ્થા, શ્રી મહાપ્રભુજીએ શ્રી ઠાકોરજીની સોનાની કટોરી ગિરવી રાખીને જયારે ભોગ ધર્યો, ત્યારે તેવા પ્રસાદને શ્રીયમુનાજીમાં તથા ગાયને પધરાવી, પાછળથી સિંહનદથી પોતાની ભેટ આવી ત્યારે કટોરી છોડાવી, ભોગ ધરીને પ્રસાદ લીધો, તેનાથી આપી છે. વાસુદેવદાસ છકડાની વાર્તામાં આ પ્રસંગ મળે છે. પ્રાચીન વાર્તા –પ્રતોમાં કયાંક એવા પણ ઉદ્ગાર શ્રીમહાપ્રભુજીનાં ટાંકા છે : ''સોનાકી કટોરી હતી, સો દેવદ્રવ્ય હતો. સો તાકો પ્રસાદ નાહીં લિયો જાય, મેરો હ્વૈકે જો દેવદ્રવ્ય ખાવેગો, સો પતિત હ્વૈ જાવેગો; મેરો નાહિ કહાવેગો.'' આથી સિદ્ધ થાય છે કે જાહેર મંદિરનો પ્રકાર ચાલે અને સંપત્તિનું સ્વામિત્વ જો મંદિરસ્થ સ્વરૂપનું હોય તો ત્યાં રહેવામાં અને પ્રસાદ લેવામાં દેવદ્રવ્યભક્ષણનું પાપ લાગે છે.

સિદ્ધાંત મુક્તાવલીના ઉપસંહારમાં કવચિત્ શ્રીપ્રભુચરણનાં આવા વચનો પણ મળે છે :

- કોઈક પોતાની જીવિકા કે તેવા બીજા હેતુપુરઃસર પણ કૃષ્ણ ભજન કરતો હોય તો તેની શી ગતિ ? ઉત્તર છે : લૌકિક હેતુથી જો કૃષ્ણભજન કરવામાં આવે તો તે વ્યાપરની જેમ અર્થોપાર્જન નહીં પણ અનર્થોપાર્જનરૂપ જ હો છે. તેથી તે વ્યાપારીના ભજનને ભક્તિરૂપ ન ગણી શકાય. તેથી તેનું કરેલું બધું જ કલેશરૂપ જ છે. નિષિદ્ધાચરણ હોવાથી તેનાથી લૌકિક

ક્લેશની સાથે પરલોક પણ નષ્ટ થાય છે. જેને સ્વલ્પ પણ પુષ્ટિ સિદ્ધાંતનું જ્ઞાન હશે, તે આવું નહીં કરે, પણ સર્વથા પુષ્ટિસિદ્ધાંતથી અપરિચિત કોઈક આવું ભજન કરે ય ખરો. તેથી એક સંભાવનારૂપે શ્રીમહાપ્રભુજી લોકાર્થીના ભજનનું નિરૂપણ કરે છે.''

સાચું કહેજો, શાસ્ત્રીજી ! રોમાંચ થાય તેવી પંક્તિ છે કે નહીં ? પુષ્ટિસૃષ્ટિ ઉપર પોતે કેવો ગાઢ વિશ્વાસ વ્યક્ત કરે છે કે જેને સ્વલ્પ પણ જ્ઞાન હશે તે આવું નહીં કરે. આવું કરનારો કોઈક પુષ્ટિધર્મના જ્ઞાનથી સર્વથા શૂન્ય જ હોઈ શકે. તે પણ બધા તો એવા નહીં જ થાય. કોઈક એકાદ એવો પાકે પણ ખરો ! આજે શ્રી મહાપ્રભુજી – શ્રી ગુસાંઈજીની જ સૃષ્ટિ જો જીવિકા માટે ભગવદ્ ભજન કરતી થઈ જાય તો તે વિશ્વાસઘાત નથી ? તે પણ શ્રીઆચાર્યજી જેવા આપણા હિતેચ્છુ સાથે !

જે ધનનું આપણે બ્રહ્મસંબંધ – દીક્ષા ગ્રહણ કરતી વેળાએ નિવેદન નથી કર્યું, તેનું સમર્પણ પણ સેવામાં કેમ થાય ? જાહેર મંદિરમાં આ મર્યાદા કેમ જળવાય ? આત્મનિવેદન સાથે કેવળ આત્મીય–મમતાસ્પદનું જ નિવેદન છે, જાહેર મંદિરમાં આવનાર કે ભેટ ધરનાર કોઈ પણ અપરિચિતનું નહીં. તેથી તેવી વ્યક્તિની ભેટ સેવાર્થે સ્વીકારતા અનિવેદિત , તેથી જ અશુદ્ધ એવા દ્રવ્યો સેવામાં વિનિયોગ કેમ થાય ? વિશેષતઃ ત્યારે કે જ્યારે આપનારી વ્યક્તિ નિવેદનના સમર્પણ ભાવે નહીં, પણ આપણા પ્રભુને દાનરૂપે કંઈક આપી રહી હોય. સિદ્ધાંતરહસ્યના પાંચમાં શ્લોકની વ્યાખ્યામાં રીલાલુભટ્ટજી કહે છે :

'' અહીં એમ સમજવું જોઈએ કે, ગદ્યમંત્ર અને પંચાક્ષર ગ્રહણ કરતી વેળાએ પોતાના બધાં જ પદાર્થો – દેહાદિ તથા દારાગારાદિ, ભૂત ભવિષ્ય વર્તમાનકાળમાં આપણાથી સંબંધિત, તેઓનું નિવેદન થતું હોવાથી બ્રહ્મસંબંધને લીધે દોષરહિત થાય છે, તેવા સ્વસંબંધિત પદાર્થો 'નિવેદિત કહેવાય છે. તેઓનું સમર્પણ એટલે યોગ્ય અવસર ઉપર તેમને પોતાના સ્વામીના ઉપયોગમાં લાવવું. આથી મંત્રગ્રહણ કરતી વેળાએ જે અન્ન વગેરે પદાર્થો ભગવદીય હોવાથી દોષરહિત હોવાથી ભગવાનને ઉપયોગી થાય છે, તે પછી ભગવત્પસાદ તરીકે તેમનો આપણે જો ઉપયોગ કરીએ તો ભક્તિમાર્ગની મર્યાદા જળવાય....... નિવેદન મંત્રણગ્રણ કરવાથી પોતાનો બ્રહ્મસંબંધ થતાં પોતાના દરેક પદાર્થ – અન્ન વગેરેની જે શુદ્ધિ થાય છે તે આધિદૈવિકી શુદ્ધિ ગણવી.''

આથી સુસ્પષ્ટ થાય છે કે, સ્વકીય પદાર્થોનું નિવેદન થાય છે. જાહેર કે પરકીય પદાર્થોનું નિવેદન સંભવ નથી. સ્વકીય પદાર્થો જ જો નિવેદન – સંસ્કાર વડે શુદ્ધ થઈ ભગવત્સેવા યોગ્ય થતા હોય તો તેમનો જ ભગવત્સેવામાં ઉપયોગ થઈ શકે, પણ જાહેર મંદિરમાં આ મર્યાદા કેમ નભી શકે ?

પુનશ્ચ સંક્ષેપમાં : આમ ચાર હેતુઓ ઉપર ગંભીર વિચાર કરતાં સ્પષ્ટ થઈ જાય છે કે જાહેર મંદિરનું પુષ્ટિસિદ્ધાંતથી અનુમોદન થઈ શકતું નથી.

તે ચાર હેતુઓ –

(ક) સિદ્ધાંત મુકતાવલી મુજબ જાહેર મંદિરમાં તનુ–વિત્તજા સેવારૂપ સ્વધર્મનું આચરણ સંભવ નથી – સેવાના ભાગલા પડી જાય.છે : 'તનુજા' અને 'વિત્તજા'ના રૂપમાં

(ખ) નવરત્ન મુજબ પોતે નિવેદિત કર્યું હોય કે ન કર્યું હોય, પણ પ્રભુને જે દાનરૂપે સંમુખ કરવામાં આવે તેનું પુનર્ગ્રહણ વર્જિત છે. આની પુષ્ટિ, સોનાની કટોરીની વાર્તાથી પણ થઈ. તે મુજબ નિવેદન અને દાનનો વિવેક સાચવવો જાહેર મંદિરમાં મુશ્કેલ છે.

(ગ) સિદ્ધાંત રહસ્ય મુજબ અનિવેદિત વસ્તુ કે ધન અશુદ્ધ હોઈ સેવાર્થ યોગ્ય નથી હોતું. અને નિવેદન સ્વકીય પદાર્થોનું જ થતું હોવાથી જાહેર મંદિરમાં આ આધિદૈવિક શુદ્ધિ નહીં જળવાય.

(ઘ) જીવિકા કે વૃત્તિ માટે ભગવદ્ભક્તિનો નિષેધ હોવાથી – તેમ કરતાં ઐહિક–પારલૌકિક બગડતું હોવાથી જાહેર મંદિર, જીવિકાર્થ સેવા કરનારા તનુજા સેવકો વગર ચાલી શકતાં નથી. તેથી આવી વલ્લભવંશજોની અંતિમ ગતિ ન થાય તે હેતુથી પણ જાહેર મંદિરો પુષ્ટિમાર્ગમાં બંધ થાય તે જ અભીષ્ટ લાગે છે.

વળી 'સર્વનિર્ણય નિબંધમાં જે નામાત્મક સ્વરૂપ માટે કહેવામાં આવ્યું છે, તેને સાક્ષાત્ સ્વરૂપ માટે આપણે પણ સ્વીકારવું જ જોઈએ કે –

पठनीयं (भजनीयं) प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।
वृत्त्यर्थं नैव युंजीत प्राणैः कण्ठगतैरपि ॥
तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत् ।
त्रयाणां येन केनापि भजन् कृष्णामवाप्नुयात् ॥
बाह्याभ्यान्तरभेदेन रूपे भेदद्वयं मतम् ।
नाम्नि चैक्र ततस्त्रेधा भक्तिमार्गो निरूपितः ॥

''અહીં ત્રિવિધ ભક્તિમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૧. તનુ–વિત્તજા સેવા ૨. માનસી સેવા, આમ બે રૂપસેવા અને ૩. શ્રીમદ્ભાગવતજીનું પઠન – તે એક નામ સેવા. આમ ત્રિવિધ ભક્તિનું વર્ણન કરી, ભાગવત માટે શ્રી સર્વહેતુવિવર્જિત થઈ પાઠ કરવો અને પ્રાણ કંઠ સુધી આવ્યા હોય તો પણ વૃત્યર્થ ઉપયોગ કરવો નહીં. જો ઘર–ગૃહસ્થી ન ચાલતી હોય તો જેવી રીતે જે કાંઈ કરતાં ચાલે તેમ ચલાવવી. નામસેવા કરવી તે તો સર્વ સ્વાર્થ કે પરાર્થ હેતુઓને છોડીને જ.'' જયારે નામાત્મક રૂપ માટે આટલો આગ્રહ રાખે, તો સાક્ષાત સ્વરૂપ સેવા માટે શું આગ્રહ નહીં હોય ? પણ આજે પરોપકારપરાયણો જેમ કહે છે : ''યુગ બદલાતો જાય છે. જીવનના મૂલયાંકનો પણ બદલાતા જાય છે. ત્યારે વર્તમાન સમાજનું સમગ્ર માળખું પણ કંઈક પરિવર્તન માંગે છે. સનાતન સિદ્ધાંતો તો હંમેશા પરિવર્તનશીલ (?) હોય છે.'' તો મને કુરઆન મજીદનાં આ વચનો યાદ આવી જાય છે : ''સુમ્મ તવલ્લૈતુમ ઈલ્લા કલીલમ્ અન્તુમ્ મુઽરિઝૂન'' અને ''વ મા અર્સલના મિન્ કબ્લિક મિર્રસૂલિંવ્વ લા નબીયિન્ ઈલ્લા ઈઝા તમન્ના અલ્કશૈતાનુ ફી ઉમનીયતિહ.....'' એટલે, '' બધા પલટે છે,

પણ તમે તો પલટવાના જ ન હતા!'' અને ''ઈશ્વર દ્વારા એવો કોઈ પૈગંબર કે નબી નથી મોકલવામાં આવ્યો કે જેની ઈચ્છા–આજ્ઞામાં શૈતાને પોતાની તમન્ના ન ભેળવી દીધી હોય ! (લોકોને અવળે માર્ગે દોરવવા માટે).'' ખરી રીતે સનાતન સિદ્ધાંત પરિવર્તનશીલ નથી હોતા. કેમ કે તે તો ઈશ્વરીય વિધાન છે, પણ વચ્ચે શૈતાની આકાંક્ષાઓ ભળી જવાથી પરિવર્તન થઈ જાય છે !

ખેર, સનાતનસિદ્ધાંત પરિવર્તનશીલ હોય કે નહીં, પણ જયાં સુધી આપણો પુષ્ટિમાર્ગીય મંચ (Stage) નથી બદલાતો ત્યાં સુધી ભગત્સેવા કે ભાગવતસેવા માટે શ્રીમહાપ્રભુજીનું વિધાન નહીં જ બદલાય. તે તો સનાતન જ રહેશે :

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।
वृत्त्यर्थं नैव युंजीत प्राणः कण्ठगतैरपि ॥

(૩) શંકા : અહીં સ્વ–પર–સત્તાભેદ વિચારે, સ્વગૃહસેવા અને નંદભવન (મંદિર) સેવા–ભેદ વિચારણીય થાય. સ્વગૃહસેવામાં તો સંશય નથી.

સમાધાન : 'સ્વ–પર–સત્તાભેદ વિચારે સ્વગૃહસેવા અને નંદભવન (મંદિર) સેવાની કિંવદંતી મેં પણ સાંભળી છે. શ્રીમહાપ્રભુજી કે શ્રી ગુસાંઈજીનું તેવું વચન હજી કયાંય સંભળાયું નથી. (આપના ખ્યાલમાં હોય તો જણાવશો.) જો મૂલ વચન મળે તો વાત મારા ભેજામાં ઊતરે ! મારા વતી તો હું એટલું જ કહી શકું કે નંદભવન પણ અંતે નંદબાબાનું ભવન છે –નંદનંદનનું નહીં ! પોતાના આનંદકંદથી મળવું હોય તો કદાચ તીર્થક્ષેત્રમાં પર્વકાલમાં શ્રીનંદબાબા અને વ્રજભક્તો જાય ખરા, પણ તેનાં દ્વારકાના ભવનોમાં મળવા જવા કરતાં તો વિરહાગ્નિના તીવ્રતાપને જ વ્રજભક્તો વધુ પસંદ કરે છે ! કદાચ તેથી જ સ્વગૃહમાં વ્રજાધિપની સેવા ન થઈ શકતી હોય તો શ્રીમહાપ્રભુજી પણ વ્રજભક્તોને ગુરુ ગણી તીર્થક્ષેત્રમાં કૃષ્ણને શોધવાનું વિધાન સર્વનિર્ણયમાં કરે છે.

''પોતાના ઘરમાં સેવા કરનાર ગૃહસ્થની ભગવતસેવામાં પાંચ દોષો સંભવે છે અને તેવું હોય તો પછી ઘર છોડીને પર્યટન કરવું જોઈએ. (૧) જો દેહ–ઈન્દ્રિય–અંતઃકરણની સેવામાં સહજ રુચિ પ્રવૃત્તિ હોય તો ભડકી ગયેલા ઘોડાની લગામ ખેંચવાથી તે જેમ સવારને પટકી દે, તેમ આપણી દેહેન્દ્રિયો વગેરે પણ હઠાગ્રહથી ભગવત્સેવામાં લગાડવમા જતાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે. (૨) વાર્ધક્ય કે રોગાદિ હેતુથી પણ કવચિત્ સેવા સંભવ રહી જતી નથી. (૩) કોઈક વખત અણધારી મુસીબતો, સરકારી ઉપદ્રવ કે બીજા કોઈ પણ રૂપે એવી આવી પડે છે કે માણસ ધારે તો પણ ભગવત્સેવા નભે નહીં. (૪) કોઈક વખત આપણો જ અત્યાગ્રહ એવો બંધાઈ જાય કે બાકી કોઈ પણ કાર્ય કરવાની આપણી તૈયારી હોય પણ સેવા થાય નહીં ! (૫) કોઈક વખત એવું પણ થાય કે આપણી સેવાથી પ્રભુસુખ સંપાદિત થાય કે નહીં પણ પરિવારને અને પાડોસીઓને પીડા નિશ્ચિત થતી હોય. તેવા સંજોગોમાં સેવા છોડી દેવી જોઈએ ! ત્યારે કરવું શું ? તીર્થાટન ! તીર્થર્યટન બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર બધા જ

માટે શ્રેષ્ઠ ઉપાય છે. પણ એક વાત ભૂલવી નહીં કે તીર્થપર્યટનમાં પણ પુષ્ટિજીવનું તાત્પર્ય તીર્થયાત્રા થકી પુણ્ય હાંસિલ કરવાનું નહીં, પણ કયાંક કૃષ્ણ મળી જાય તેવું જ હોવું જોઈએ; અને તે પણ (જીવિકા માટે ગોઠવવામાં આવતી લકઝરી બસ કે સ્પેશ્યલ ટ્રનમાં બે મહિના માટે ગાંઠિયા ઢોકળાં ખાતાં ફરી આવવાના રૂપમાં નહિ. પણ) દેહ છૂટે ત્યાં સુધી ફરતા જ રહેવું એવા ઘરમાં પાછા ફરવાનો શો લાભ, જયાં કૃષ્ણસેવા ન નભતી હોય.''

પુષ્ટિલીલાનો ઉત્કર્ષ તામસ પ્રકરણમાં છે. તામસ પ્રકરણસ્થ ભકત હઠાગ્રહી નહીં હોય તો લીલામાં રસાભાસ થઈ જશે. વ્રજભકતોને તો તીર્થયાત્રા માટે જવાનું પણ તામસત્વ–રાજસત્વ નિવૃત્ત થતાં સાત્વિકત્વના ઉડય વડે જ સૂઝયું, છતાં ય તેઓ દ્વારકા તો નહીં જાય, નહીં જાય, નહીં જ જાય ! દેહ છૂટે ત્યાં સુધી ફરતા જ રહેવું !

બાકી આપણું ભાવના સાહિત્ય સર્વત્ર સર્વ કાર્યોમાં સર્વદા ભગવદિચ્છા અને ભગવલ્લીલાની બુદ્ધિનું અનુશાસન કેળવતું હોવાથી કયાંક ''કોન યહ ખેલવેકી બાની ?'' પૂછી જવાય તો શ્રીમહાપ્રભુજીના ઠપકાની બીક લાગે ! તેઓ આજ્ઞા કરે : ''ઐસે ન કહિયે. યાસોં ઐસે કહો જો ભલી યહ ખેલવેકી બાની.''

તેથી લોકમાં સિદ્ધાંત–અપસિદ્ધાંત કોઈ પણ રૂપે દેખાતી વસ્તુ કે કૃતિને યોગ્ય ભાવનાથી મંડિત કરવામાં આવતી હોય છે, તે મુજબ જાહેર મંદિર ચાલી જ નીકળ્યાં જોઈને કોઈક ભગવદીય એવી ભાવના કરે કે આ જાહેર મંદિરો નંદાલય છે, તો તેનો વિરોધ હું તો નહીં જ કરું ! કદાચ મારા વિચારો પણ ખોટા હોઈ શકે, પણ તેથી તેવી ભગવદિચ્છા કે ભગવત્પ્રેરણા નથી તેમ હું નહીં જ કબૂલું, શુદ્ધાદ્વૈતમાં મારી આસ્થાને કારણે. આ શુદ્ધાદ્વૈત જ્ઞાનની ઉચ્ચ કક્ષા છે, પણ તે પ્રાપ્ત થાય તેના પહેલાં બીજાના દોષો સ્ફુરતા જ હોય છે, ત્યારે મારાથી મારા દોષોની વકાલત ' ભગવદિચ્છા' કહી કરી શકાતી નથી. તે મુજબ પૂર્ણ જ્ઞાનોદય થાય ત્યાં સુધી વિચારપક્ષમાં ગુણદોષચિંતન દોષ રૂપ નથી, પણ ભાવના પક્ષમાં **"गुणदोषपदर्शिर्दोषः गुणस्तूभयवर्जितः"** બીજાના ગુણદોષ જોવા તે દોષ છે પણ તે ન જોવા તે ગુણ છે ! '' આ ઉત્તમ કલ્પ છે. તેથી વિચારદષ્ટિએ આવી સિદ્ધાંતહીન ભાવનાઓનું ખંડન ન થાય તો સર્વત્ર અપસિદ્ધાંત જ પ્રચાર પામે.

(૪) શંકા : મંદિરમાં ભેટ વગેરે દેનાર ભગવાનને દે છે. તેનાથી ગૃહસ્વામી ભગવાન સેવકોનું પોષણ કરે છે તેમાં દોષ કયો ગણાય ? શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીની અવતારદશામાં શ્રીનાથજીના મંદિરે સેવકો પ્રસાદ લેતા, તેવો ઉલ્લેખ વાર્તામાં દેખાય છે. શ્રીમહાપ્રભુજીએ પણ ભલ્લાજીને, મંદિરે સેવકો સાથે કે પોતાને ત્યાં રહીને પ્રસાદ લેવા સમજાવ્યા છે. સેવકોને મંદિરમાંથી નેગ મળવાના ઉલ્લેખ પણ છે. રામદાસજીને સેવાક્રમ સૌ પહેલાં દીધો. તેમાં નિર્વાહ તો વ્રજવાસીઓના દેવદમનને દીધેલા દૂધ–દહીં–માખણ વગેરેથી સૂચિત છે ને ! શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજી મંદિરે સેવામાં બિરાજે ત્યારે મંદિરનો જ પ્રસાદ લેતા હશે ને ? सेवकानां यथा लोके व्यवहारः.... વાકયખંડમાંથી લોકસ્વામી સેવકનું પોષથ કરે છે તે વ્યવહાર પ્રસિદ્ધ છે જ.

સમાધાન : ''મંદિરમાં ભેટ વગેરે દેનાર ભગવાનનું ભગવાનને દે છે. તેનાથી ગૃહસ્વામી ભગવાન, સેવકોનું પોષણ કરે છે.'' – તેમાં ચારેક કંઠોકત દોષ તો આપણે બીજા અને ત્રીજા શંકા–સમાધાનમાં જોઈ ગયા છીએ.

શ્રીનાથજીનો સેવાપ્રકાર અને મંદિર सेवाकृतिर्गरोराज्ञा ''ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી.'' તેમુજબ નથી, પણ वाधनं वा हरीच्छया ''હરીચ્છા વિપરીત જણાય તો ગુરુઆજ્ઞાનું બાધન પણ થઈ શકે છે.'' ના કલ્પ મુજબ છે. તે પૂરનમલ ક્ષત્રી અને સદૂ પાંડેની વાર્તા વાંચવાથી એકદમ સ્પષ્ટ થઈ જાય છે. પ્રમુખ વચનો આપી રહ્યો છું :

(ક) તબ શ્રી આચાર્યજી શ્રી ગોવર્ધનધરકોં ગોદમેં બિઠાય દોઉ કપોલ પરસિ કહેઃ ''બાબા ! અબ તુમ્હારી કહા ઈચ્છા હૈ ?'' તબ શ્રીગોવર્ધનધર કહે : ''મેરી સેવા પ્રકટ કરો.''

(ખ) તબ સદૂ પાંડેને કહી : ''રાધાકુંડ – કૃષ્ણકુંડ પર બંગાલી હૈં. કહો તો બુલાઉં.'' તબ શ્રીઆચાર્યજી કહે : ''બુલાઓ.''

(ગ) તબ શ્રીઆચાર્યજી કારીગરસોં કહે : ''હમારે ઠાકુરકો મંદિર સિખરબંદ, ધુજા, કલસકો નાંહીં, નંદરાયજીકે ઘરકી નાંઈ કરો....' તબ શ્રી આચાર્યજીકે હસ્તમેં નકસાકો કાગદ આયો. તબ ઉહી સિખરબંદ, ધુજા, કલસ સહિત ! તબ શ્રીઆચાર્યજી કહે : ''સિખરબંદ કયોં કિયે ?'' તબ કારીગરને કહી : ''મહારાજ ! હમ તો ઘરકી નાંઈ કિયે હતે. સોં અબ સિખરબંદ, ધુજા, કલસ ભયો તાકો કારન હમ જાનત નાંહીં.'' તબ..... શ્રીઆચર્યજી જાને જો શ્રીઠાકુરજીકી ઈચ્છા હૈં. જો જગતમાં પુજાય બહોત જીવકો ઉદ્ધાર કરેંગ. સો **દેવાલયકી રીતિ** યહાં રાખની ઉચિત હૈ.

આથી વધુ સ્પષ્ટતા બીજી શી હોઈ શકે ? શ્રીમહાપ્રભુ હઠ લઈને બિરાજે કે મારે સિદ્ધાંત મુજબ (જાહેર મંદિરમાં નહીં, પણ) નંદભવનમાં સેવા કરાવવી છે. શ્રીનાથજીની હઠ છે કે મારે જગતમાં પુજાવું છે. પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતમાં બંધાવું નથી. કદાચ ઈદંપ્રથમતયા આજ આવી સ્વસિદ્ધાંત વિપરીત શ્રીનાથજીની બાળહઠ જોઈ શ્રીમહાપ્રભુજીએ પોતાના સિદ્ધાંતમાં बाधनं वा हरीच्छया ઉમેર્યું ન હોય ! હઠાત્ તેથી શ્રીનાથજીની સેવામાં (નંદભવન નહીં, પણ) દેવાલયની રીતિ શરૂ થઈ, તેથી જ સિદ્ધાંતનિરપેક્ષ થઈ શ્રીમહાપ્રભુએ બ્રહ્મસંબંધ દીક્ષા વિનાના બંગાલીઓને પણ સેવાની છૂટ આપી !

એટલે શ્રીનાથજીની સેવાસંબંધી કોઈ પણ બાબત શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંતને સમજવામાં સહાયક નહીં થાય, કેમકે, તે બધા જ પ્રકારો बाधनं वा हरीच्छया ના છે.

શ્રીનાથજી જાતે આજ્ઞા કરે – ''મારો વૈભવ વધારો'' તો શ્રીગોપીનાથજી સવા લાખ રૂપિયા ભેગાં કરીને ભેટ ધરે. શ્રીગુસાંઈજી નવ–નવ વખત ગુજરાતનો પ્રદેશ કરે. જોવા જેવી વાત પણ આ કે છ–છ બાળકો પ્રકટ થયા ત્યાં સુધી પોતે બિરાજયા અડેલમાં જ,

સ્વગૃહસેવારત રહીને ! શ્રીનાથજીને પણ તે ન ગમે ! તેથી કૃષ્ણદાસ અધિકારી વગેરે ભગવદીયોને પ્રેરણા આપી, શ્રી ગુસાંઈજીને વ્રજમાં બોલાવે, શ્રીગુસાંઈજી વ્રજમાં પધાર્યા પછી પણ આન્યોર કે જતિપુરામાં પોતાનો નિવાસ ન કરે, ગોકુલ–મથુરામાં બિરાજવું તેમને રુચે ! સ્વગૃહસેવારતિનો કેવો આગ્રહ ! અને દરરોજ ગોકુલમાં સ્વગૃહસેવા પહોંચીને અશ્વ ઉપર બિરાજી ઉતાવળા 'વાયુવેગે' જતિપુરા પધારે ! આજે પણ મોટરના યુગમાં આ પ્રકાર સરલ તો નથી લાગતો. વળી લૌકિક દષ્ટિએ જોવા જતાં આપશ્રીને તે વાર્ધકયમાં પરિશ્રમ કેટલો ? શ્રીરઘુનાથજી આ સ્થિતિનું ચિત્રણ નામરત્નાખ્યમાં આપે છે : भैगोकुलकृतावासः.....गोवर्धनागमरतः શ્રીગોવર્ધનધરના સ્વરૂપમાં આસક્તિ અને ગૃહસેવાનો આગ્રહ જ आवासः અને आगमरतः પદો વડે જતાડવામાં આવ્યા છે. સ્વામીનું આકર્ષણ મોટું કે સિદ્ધાંતનું ? બન્ને સમન્વય કેવો દુષ્કર ! સ્વગૃહની અમુક સેવા છૂટતી જ હશે પણ સ્વરૂપ સાથે પરિધૃત સિદ્ધાંતચીરને સ્વામી હરે અને આજ્ઞા કરે કે, 'તમે મારી પાસે આવો !' તો શું આપણે 'ના' કહી શકીએ ? શું કુમારિકાઓએ ખોટું લગાડયું હશે કે, શીતકાલમાં આવી હાંસી કેમ કરી ? ના, કાંઠે તો આવવું જ પડે. રસવૃદ્ધિ માટે કદાચ ગાયું હોય – हमारे अंबर देहो मुरारी ! પણ થાય તો તે જ કે જે એને ગમે ! તેથી જ શ્રીમહાપ્રભુજી પણ વિચારે કે **''સો દેવાલય કી રીતિ યહાં રાખની ઉચિત હૈ.''** ત્યારે હું કેમ કહું કે તે અનુચિત હતી કે છે ?

આજે પોતાની સુધારક થવાની છાપ પાડવાની લોકેષણામાં આપણે પુષ્ટિમાર્ગીયો જ શ્રીનાથજીના સેવાપ્રકારને વખોડીએ છીએ. કહીએ છીએ : ''લોકો અનૈતિક રીતે ભેગાં કરેલાં કાળાં નાણાંથી નાથદ્વારામાં મોટા મનોરથો કરાવે છે !''

પણ હું સાચું કહું છું કે આ વાત મારા ભેજામાં ઊતરતી નથી. કાળું નાણું એટલે શું ? કાલ સુધી જે નાળું કાળું હતું, તે આજે અદના સરકારી અફસરની સામે વોલંટરી ડિસ્કલોઝર સ્કીમનાં ફોર્મ ભરવાથી ધોળું થઈ જતું હોય – અનૈતિક નૈતિક થઈ જતું હોય – તો તે અફસર અને ફોર્મ ભરનાર બન્નેના અંતર્યામી શ્રીનાથજીને તેની શ્રી પાછી સોંપવામાં આવતી હોય તો તેમાં અનીતિ કયાં થઈ ? નૈતિક રીતે કમાયેલી શ્રી તો પહેલાં સોંપવી જોઈએ ! કોઈ પણ સંજોગમાં અનીતિની નિંદા થાય તેમાં કશો વાંધો નથી પણ શ્રીનાથજીને વ્યર્થ વચ્ચે સંડોવવાથી ભક્તિની નિંદા થઈ જતી હોય તો તે આપણને છાજતું નથી. અનીતિથી કમાવું નિંદનીય કોઈ શકે, પણ પ્રભુને ભેટ ધરવી તેને અનીતિ કેમ કહેવાય ?

અમને જે મોટા બંગલા ફ્લેટોમાં પધરામણી વખતે મળે છે તે શું કાળું નાણું નથી ? મોટી ભાગવત સપ્તાહોમાં શું બધું નૈતિક રીતે કમાયેલું ભંડોળ ભરાય છે ? વિવિધ કીર્તિયજ્ઞો અને સ્પર્ધાયજ્ઞોમાં અપાતી આહુતિઓ માટેનું નાણું શું બધું ધોળું જ હોય છે ? દિવસે દિવસે વધતા જતા શ્રીયમુનાજીના લોટી–ગાગર–સોઠી–ટાંકી–ટેંકર (!) ઉત્સવોમાં શ્રીયમુનાજલનું જે જાહેર લીલામ થાય છે, તે પુષ્ટિમાર્ગના શરીરનો કેન્સર રોગ, શું ધોળાં નાણાંથી વધી રહ્યો છે ?

નિંદા અનીતિની થવી જોઈએ; ભક્તિની નહીં. પણ આશ્ચર્ય થાય છે કે શ્રીનાથજીની જે ચીરહરણલીલાનો વિરોધ શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીએ ન કર્યો, તે આજે કલિયુગનો નીમિાન માનવી કરવા માંગે છે. ! (વિષયાંતર માટે ક્ષમા કરશો. લખાઈ જાય છે.)

આપના વાકય મુજબ **सेवकानां यथा लोके व्यवहारः** નાં ઉદાહરણરૂપે લોકમાં સ્વામી, સેવકનું પોષથ કરે છે, પણ તયારે વાકય રચના **स्वामिनां हि यथा लोके व्यवहारः** અપેક્ષિત હતી. ખરું કહું તો શ્રીનાથદ્વારામાં સિદ્ધાંતવિપરીત–રીતિનો નિર્વાહ જ **सेवकानां....व्यवहारः** નું ખરું ઉદાહરણ છે, સ્વામી, સિદ્ધાંતના ચીર હરીને જગતનાં કાંઠે આપણને વિવસન બોલાવે તો આવવું પડે, કેમ કે પાકો નિર્ધાર આપણો છે, **सेवकानां यथा लोके व्वहारः** નો ! પરિણામ આપણે નથી વિચારવાનું તે પોતે જ બધું જ વિચારશે જ. **सेवकस्य तु धर्मोयं स्वामी स्वस्य करिष्यति** સેવકનો ધર્મ તો આ જ છે. સ્વામી બાકી બધું કરશે જ.

કોઈક પ્રસંગમાં આપણો સ્વામી ચીરહરણલીલા કરે, તેથી દિગંબર નાગાબાવા આપણે થવાનું નથી. વેણુવાદન કરી બોલાવે ત્યારે ઉતાવળમાં **व्यस्तत्ववस्त्राभरणा** ભલે થઈ જઈએ, પણ જઈશું સહજ શૃંગાર–વસ્ત્ર આદિ ધારણ કરીને જ !

મને લાગે છે કે, રામદાસજીને નેગ મળવાની કે શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીની પ્રસાદ લેવાની આપની યુક્તિનું પણ સમાધાન આથી થઈ જાય છે. अ કહેવા છતાંય જો જગદીશમાં પ્રસાદ લઈ શકાતો હોય તો શ્રીનાથજીનો પ્રસાદ શા માટે નહીં ? વર્ણાશ્રમના ભેદ વગર જો જગદીશજીનો સખડી પ્રસાદ લઈ શકાતો હોય તો તેથી અન્યત્ર તેનું અનુકરણ ન થાય. તેમ જ શ્રીનાથજીનાં દેવદ્રવ્યનો પ્રસાદ લઈ શકાતો હોય તેથી સર્વત્ર તે અનુકરણીય નથી થઈ જતું. જગદીશજીના સખડી–પ્રસાદના માહાત્મયની જેમ આ કદાચ શ્રીનાથજીના સ્વરૂપનું માહાત્મ્ય ન હોઈ શકે ?

(૫) શંકા : મંદિર – પ્રણાલી પણ શ્રીમહાપ્રભુજીએ શ્રીગોવર્ધનનાથજીને બિરાજાવીને સ્વીકારી પણ છે. ' રીત–પ્રીત વ્રજજન કી' વ્રજજન નંદભવનમાં દર્શને જતાં હતાં, તે ભાવે ભાવમાર્ગમાં ભકતો ભગવદ્દર્શને જાય, ભગવદ્દર્શન થાય, તે ઉપયુકત નથી ? સ્વગૃહમાં સેવન છતાંય નંદ ગૃહમાં સેવન–સંગત તો દેખાય છે. નિકુંજાદિ ભાવે, જે તે મુખ્ય પ્રક્રિયાઓની નિકુંજમાં પણ સંબંધિત સખીજનો સેવાદર્શન–લાભ લે છે જ.

સમાધાન : મંદિર કેમ સ્થપાયું, તેનો તો ઈતિહાસ આપણે જોઈ ગયા છીએ. પૂર્વકાલમાં ભગવદાજ્ઞાથી જનનાશૌચમાં પણ ભગવત્સેવાનાં ઉદાહરણો જોઈ આજનો કોઈક માનવવાદી ઉપદેશક રજસ્વલા–ધર્મ ન માનવાનું વિધાન કરે તો તે ઉપદેશ ધર્મસંગત કહેવાય ખરો ?

'વ્રજજન કી રીત અને પ્રીત' મુજબ નંદભવનમાં કે નિકુંજમાં દર્શન માટે જવાનું કે તેવો મનોરથ, તે તો બન્ને જ પુષ્ટિમાર્ગમાં મહત્સૌભાગ્યનો વિષય છે. પરગૃહમાં બિરાજતા શ્રીઠાકોરજીમાં સ્વરૂપાસક્તિને લીધે જો સેવા કરવા કે દર્શન કરવા જવાની ઈચ્છા થતી હોય

તો આપે લખેલ નંદભવનની અથવા નિકુંજાંતરની ભાવના કરીને જ જવું જોઈએ. પ્રાચીન ભકતોએ પણ –

બોલિ લેહૂ સંકોચ કરો જિન જબ તુમ સુત હી ન્હવાવો,

'શ્રીવિઠ્ઠલગિરિધરન' લાલકોં મોહિપે ઉબટાવો.

જેવી નંદાલયમાં અનાહૂત થઈને સેવા કરવાની ભાવના દેખાડી છે. તેમજ –

ચલો સખી ! સોતન કે ઘર જઈયે;

માન ઘટે તો કહા ઘટ જઈયે પિય કે દરસન પઈયે– જેવી સોતને ત્યાં જઈ પણ દર્શનાલાભ લઈ લેવાની ભાવનાઓ દેખાડવામાં આવી છે. પોતાનો સ્વામી તો દર્શનીય જ છે. રખેને, સોતને ઘરે કેમ ન રમતો હોય ! વાત પણ દર્શનથી આગળ ન વધવી જોઈએ. સેવાનું સાચું સુખ તો સ્વગૃહમાં કે સ્વનિકુંજમાં જ મળે. તેથી જ આપણે ત્યાં પરકીયાભાવને વધારે મહત્વ આપવામાં આવતું નથી. વળી સ્વામી આપણો એક કાલાચ્છેદથી અશેષ નિકુંજોમાં નાયક જઈ શકે છે. દર્શમાં તો વાંધો ન હોય, પણ વાત જો દર્શનથી આગળ વધે તો વાંધો આવ્યા વગર રહે નહીં. ત્યારે નિકુંજાતરમાં જઈ તે નિકુંજનાયિકાની સેવા પડાવી લેવાની તૈયારી થાય તો પોતના ઘરે કે નિકુંજમાં બિરાજતાં ઠાકોરજીનાં દર્શન બંધ જ કરવાં પડે કે નહીં ?

અજાણે મંદિરમાં તનુ–વિત્તજા સેવાના ભાગલા પડી જાય છે. અને સેવાસુખની સાથે સેવાસિદ્ધાંત પણ તિરોહિત થઈ જાય છે, તે કયાં નથી દેખાતું ? તનુજા સેવા કે વિત્તજા સેવા તે તો સેવા જ નથી. સેવા તો તનુ–વિત્તજા જ હોય છે. તે ન ખોવાતી હોય તો ઘરે આવેલા ભગવદીયને દર્શન કરાવવામાં કશો વાંધો નથી.

વ્રજભકતો ક્ષમા કરે, મારા આ શબ્દાપરાધને ! પણ નંદભવનમાં કે નિકુંજમાં ભગવદ્દર્શનાર્થ આવનારાઓથી વિત્તજા સેવા કરાવી, સેવક ભાવથી વપોષણની લેશમાત્ર પણ વૃત્તિ વ્રજભકતતોની હોત તો શ્રીમહાપ્રભુજીએ વ્રજભકતતોને પોતાના ભક્તિમાર્ગમાં ગુરુ તરીકે ન બિરદાવ્યાં હોત. વ્રજભકતો આપણા ગુરુ છે. કેમ કે, તેઓએ સ્વસર્વસ્વ નિવેદન કરી, પોતાના સ્વામીને–સખાને–લાલાને નિર્વ્યાજ રીઝવ્યા છે.

'ગાલીબ' નામના એક વિખ્યાત શાયરે એક ઠેકાણે કહ્યું છે :

જિક્ર ઉસ પરીવશકા ઔર ફિર બયાં અપના,
બન ગયા રબકી આખિર થા જો રાજદાં અપના.

અર્થ : મારા મિત્રોમાં મારી ઉર્વશીસમી પ્રેમિકાના સૌંદર્યનું વર્ણન અને તે પણ મારા કાવ્યકૌશલ્યથી મેં જે કર્યું તે અપરાધનો દંડ એ કે, અંતે મારા મિત્રો આજે મારા જ સ્પર્ધી દુશ્મનો થઈ ગયા છે !

મોટા ભાગનો આપે કહેલ 'આસ્તિક બહુજનસમાજ' આજે અમારા જાહેર મંદિરમાં વિત્તજા સેવા કરતો હોવાથી એવી ભ્રાંતિ સેવે છે કે આ મંદિરો મહારાજનાં શેનાં ? ભગવાન તો બધાના જ હોય છે ! ..... આવા બધાના મર્યાદામાર્ગીય ભગવાનની પુષ્ટિસેવાની આપને આવશ્યકતા લાગે છે ?

શ્રીપુરુષોત્તમજીએ સાચું જ કહ્યું છે : ''વિત્તજા સેવાથી ચિત્તમાં અહંકાર વધે, ત્યારે ચિત્ત ભગવાનમાં ચોંટી શકે નહીં.'' અંતે આવા વૈષ્ણવો મહારાજશ્રીઓને બીવડાવી–બીવડાવી, મંદિરોને જાહેર ટ્રસ્ટ બનાવી પોતે ટ્રસ્ટી બનીને સમજે – 'બધી વ્યવસ્થા સુધરી ગઈ !'' મહારાજશ્રીઓ ઉપર શ્રદ્ધા ન હોવાથી તેવા મંદિરોમાં જતે દહાડે જુદા–જુદા મતના કે સંપ્રદાયના, શાસ્ત્રીઓનાં કે સંન્યાસીઓનાં કેન્દ્રો સ્થાપિત થાય, જેમાં વાક્ચાતુરીથી તેઓ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતને શ્રીમહાપ્રભુની પ્રશંસા કરીને વખોડતા હોય છે. પેલા ટ્રસ્ટીઓ પોતાની સુવ્યવસ્થામાં વિશ્વાસ (ટ્રસ્ટ) હોય જ

ગૈર – પુષ્ટિમાર્ગીય શાસ્ત્રીના પાંડિતયમાં પણ વિશ્વાસ હોય. જતે દહાડે વિશ્વાસ (ટ્રસ્ટ) ન રહી જાય કેવળ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં ! 'બન ગયા રબકી આખિર થા જો રાજદાં અપના !'

આ છે, આપણા પુષ્ટિમાર્ગીયો સાથે પુષ્ટિમાર્ગીય ટ્રસ્ટીઓની બ્રીચ ઓફ ટ્રસ્ટ – વિશ્વાસઘાતની ગાથા ! અને આ જ અંતિમ ગતિ જાહેર મંદિરોની ! ઉદાહરણ હું નહીં આપું. આપ જાતે કયાંક પણ જોઈ લ્યો.

(૬) શંકા : ચાલતી સેવા પ્રક્રિયાથી સમાજને દૂર કરતાં શ્રીવલ્લભસ્વરૂપ – સ્થાપનથી ઘણા લોકોમાં અસંતોષ, અણસમજ, અસન્માર્ગ અને અણધારી બીઢ અનિચ્છનીય બાબતો સંભવી શકે છે.

સમાધાન : આપનો ભય અને અતિરંજિત લાગે છે. કેમ કે, ચાલતી આવતી સેવા – પ્રક્રિયાથી આમાં કાંઈ પણ નોખું નથી થઈ રહ્યું કોઈ પણ પ્રાચીન ઘર કે મંદિરમાં શ્રી મહાપ્રભુજીની કે શ્રી ગુંસાઈજી આદિની સેવા ન થતી હોય તેવું પ્રાચીન ઘર કે મંદિર મારા ખ્યાલમાં આવતું નથી. તે સિવાય બેઠકમાં આર્ચાચરણાદિની પુરુષોત્તમ ભાવથી પણ થતી સેવાના પ્રકાર આપે પોતે અનેકત્ર જોયા જ હશે. કોટામાં શતાધિક વર્ષથી 'બડે મહાપ્રભુજી' ના મંદિરમાં મુખ્ય સિંહાસન ઉપર શ્રી મહાપ્રભુજીનો સેવાક્રમ પ્રસિદ્ધ છે જ. તેથી કયા અંશમાં હું નવું કરી રહ્યો છું તે મને સમજાતું નથી.

શ્રીવલ્લભ–સ્વરૂપ–સ્થાપન પણ, સાચું કહું તો, હું નવીન રીતે નથી જ કરી રહ્યો. અનેકત્ર ચિત્રજીરૂપે વર્ણ–આકૃતિમાં અને ભાવનાજી પાદુકાજી–હસ્તાક્ષરાદિ રૂપે વસ્ત્ર–કાષ્ઠ કાગળ આદિ અધિષ્ઠાનોમાં શ્રીમહાપ્રભુજીની રૂપાકૃતિને અભિવ્યકત કરવામાં અને ત્યાં સેવા કરવામાં પ્રમાણ તો નિબંધોકત આ જ આચાર્યવચન થાય છે : ''મૂર્તિનું ભગવાન હોવું ત્રણ પ્રકારે નિરૂપિત કરવામાં આવે છે : (ક) શુદ્ધાદ્વૈતની દષ્ટિથી વસ્તુમાત્ર ભગવદ્રૂપ જ છે, છતાંય મૂર્તિમાં 'આ જીવનો મારે ઉદ્ધાર કરવો છે.' તેવી ઈચ્છા સાથે ભગવાનનું પ્રાકટય

કૃપામાર્ગની મર્યાદા મુજબ થાય છે. (ખ) ભક્તિભાવથી ભકત જયાં પ્રભુને જોવવા કે ભજવા માંગે, ત્યાં પ્રભુ તેની સેવા સ્વીકારે છે જ; આ ભક્તિમાર્ગની મર્યાદા છે. બ્રહ્મ સાકાર અને વ્યાપક હોવાથી ભકતના ભાવનું અનુસરણ કરે તેમાં કાંઈ વૈપરીત્ય થતું નથી. (ગ) શાસ્ત્રીય ઉપાસનામાર્ગની દષ્ટિએ વિચારતાં પણ મૂર્તિપૂજા શાસ્ત્રસંમત દેખાય છે. કેમ કે, મંત્રોશાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય જ છે.''

જો આ જ ન્યાયથી અદ્યયાવત્ ચાલતા ચિત્રજી–ભાવનાજી–પાદુકાજીના સેવાપ્રકારનું સમર્થન થઈ શકતું હોય તો ધાતુ કે પાષણ આદિ અધિષ્ઠાનોમાં પણ રૂપપ્રાકટયથી શ્રીમહાપ્રભુસેવાને અયુકત શા માટે ગણવી ? તેથી હું નીન નથી કરી રહ્યો. પણ હમણાં જે સિદ્ધાંતવિપરીત સેવાપ્રકાર જાહેર મંદિરમાં ચાલી રહ્યો છે, તેને કોઈક સિદ્ધાંત કે નિયમની ફ્રેમમાં ફિટ કરવા માંગું છું : દરેક વૈષ્ણવે કૃષ્ણસેવા પોતાના ઘરે જ કરવી, જાહેર મંદિરમાં નહીં. જાહેર મંદિરો જો ચલાવવા જ પડતાં હોય તો તયાં શ્રીમહાપ્રભુજીની સેવાનો ક્રમ શરૂ કરવો જોઈએ. જેથી આચાર્યદર્શન, આચાર્યસાન્નિધ્યમાં આચાર્યચરણના સિદ્ધાંતોનું પઠન, વાચન, શ્રવણ, મનન વગેરે સત્સંગ – કથા પ્રવચનો દ્વારા થાય. જાહેર મંદિરો આમ સ્વધર્મના બીજભાવને વૃદ્ધિંગત કરનારા સ્વસંપ્રદાયના પ્રચાર–પ્રસારનાં મુખ્ય સ્થળો બને. સ્વસિદ્ધાંત જળવાય, વ્યાવહારિકતા નભે અને જતે દહાડે પ્રભુકૃપાથી ગૃહસેવાનો આગ્રહ વધે તો બધું જ સુવ્યવસ્થિત થઈ જાય ! **જાહેર મંદિરોમાં કૃષ્ણ સેવાદર્શનમાં મળતો સ્વલ્પ સંતોષ જ ગૃહસેવાની ઉપેક્ષાનો એક હેતુ બની રહ્યો છે.** શું ગૃહસેવા આપણો સિદ્ધાંત નથી, કે મંદિરોમાં પાદુકાજી–હસ્તાક્ષર–ચિત્રજી વગેરે રૂપોમાં શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજી બિરાજતા નથી ? નવું કાંઈ નહીં, પણ સિદ્ધાંત મુજબ અને શિષ્ટાચાર મુજબ જે થતું આવ્યું છે તે જ હું કરવા માંગું છું.

અસંતોષ ? અસંતોષ તો આવા વિધાનથી, જે ભગવન્મંદિરને જ નિર્વાહસાધન બનાવી રાખવા માંગે છે, તેમને થશે જ. અસંતોષ તો શાંકરોને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતથી કેટલો બધો છે ? પણ તે ભયથી 'શુદ્ધાદ્વૈત' ન કહીએ તો શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિને શ્રીમહાપ્રભુજીની જ પ્રશંસાથી શ્રી મહાપ્રભુજીથી જ વિમુખ કરનારાઓ કાંઈ ચૂપ બેસવાના નથી જ. શ્રીમહપ્રભુજીથી અસંતુષ્ટ રહેનારાઓ શ્રીમહાપ્રભુજીનાં દરેક સિદ્ધાંતવચનથી અસંતુષ્ટ જ રહેવાના છે ! ઉપાય શો ?

અણસમજ ! અણસમજથી અસંતોષ ઉદ્દ્ભવે છે કે અસંતોષથી અણસમજ, તે હું નહીં કહી શકું. કદાચ બન્ને અન્યોન્યાશ્રિત જ હશે. તેથી અણસમજ પણ ઊભી થશે જ. તેઓને કે જેઓને હું સમજાવી નહિ શકું અને તેઓને પણ કે જેઓ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી સંતુષ્ટ નથી.

અસન્માર્ગ ? "रहो नास्ति क्षणं नास्ति नास्ति प्रार्थयिता नरः तेन नारद नारीणं सतीत्वमुपजायते ।" તે મુજબ સદ્‌વર્તનનું સૂત્ર ખૂબ જ ઝીણું છે. ક્યારેય તૂટી શકે છે. શાસ્ત્રીજી ! આપ તો વધારે જાણી શકો છો કે હજારો વર્ષોથની તપસ્યાથી મેળવેલ સંયમ,

કેટલી ક્ષુદ્ર બાબતો જોઈ ઋષિઓ ખોઈ દેતા હતા ? શ્રીમહાપ્રભુના તનુ–વિત્તજા સેવાના સિદ્ધાંત પ્રમાણે જાહેર મંદિર (ટ્રસ્ટ) સેવા અસન્માર્ગ છે. ભંડોળ ભેગું કરવા માટે શ્રીમદ્‌ ભાગવતપરાયાણ તે પણ અસન્માર્ગ છે. તેવા અસન્માર્ગ ઉપર દોડવા જો શ્રીમહાપ્રભુજીના અનુયાયીઓ તૈયાર હોય, પરમહંસ વિરક્તો (!) મોટા મઠોમાં–આશ્રમોમાં ભગવા કપડાં પાથરી બેશકિંમતી સોફાસેટ ઉપર બ્રહ્માનંદ (!) અનુભવતા હોય, નિરાકારના ઉપાસકો કૃષ્ણના મધુર આકાર માટે મગરનાં આંસુ ટપકાવતાં હોય, એક ગાલ ઉપર તમારો મારનારને બીજો ગાલ દેખાડનાર શિષ્યો એક નહીં, પણ બબ્બે વિશ્વયુદ્ધ લડતા હોય, ગુરુડમ (ગુરુતંત્ર)ની નિંદા કરનાર, પ્રસિદ્ધ થઈ જતાં ગુરુથી પણ આગળ વધીને ભગવાન જ જો બની જતાં હોય, ''કૃષ્ણ અવતાર નહીં, પણ આત્મવિકાસ સાધનાર મહાન યોગેશ્વર છે.''– એમ કહેનારાઓ પોતે જ જતે દહાડે અવતાર બની જતા હોય તો 'શ્રીમહાપ્રભુજીની સેવા'ના સિદ્ધાંતને વિકૃત કરી અસન્માર્ગ ઉપર જનારા યોગભ્રષ્ટો (!) એવા કેવા અસન્માનર્ગ ભણી ચાલ્યા જશે કે જ્યાં આજ સુધી બીજો કોઈ ફરી ન આવ્યો હોય !

અણધારી બીજી અવાંછનીય બાબતો માટે તો વધુ નહીં કહું –

चिन्ता कापि न कार्या निवेदितात्मभिः कदापीति ।
भगवानपि पुष्ठिस्थे न करिष्यति लोकिकीं च गतिम् ॥

(૭) શંકા : ગૃહસેવાનો પ્રચુર પ્રચાર, ઘરમાં વ્યક્તિગત શ્રીવલ્લભસેવા નિષેધ, મંદિરસેવાનો વ્યવસ્થિત વિકલ્પ દીધા વિના–તેની લોકસમાજને સુદઢ સમજ દીધા વિના–તો લાગે છે કોઈ અવ્યવસ્થા ઊભી થશે તો ?

સમાધાન : કોઈ પણ કાર્ય પ્રભુ–પ્રદત્ત સામર્થ્ય વગર થઈ શકતું નથી. તે મુજબ જે કાંઈ સામર્થ્ય મારામાં છે, તેને અનુરૂપ ગૃહસેવાનો પ્રચાર કરતો જ રહું છું. સ્વગૃહમાં શ્રીમહાપ્રભુજીની સેવા વૈષ્ણવોએ પુરુષોત્તમભાવથી ન કરવી, તે બાબતનો પ્રચાર પણ કરતો જ રહું છું. જાહેર ટ્રસ્ટ મંદિરોમાં ચાલતી કૃષ્ણસેવાના બે જ વિકલ્પ મને વ્યવસ્થિત લાગે છે : (૧) એવા મંદિરોનુંપીઠ ટ્રસ્ટમાં રૂપાંતરણ કરી કૃષ્ણસેવાનો ઉદ્દેશ્ય તે પીઠના પીઠાધીરના ધર્માચરણ તરીકે ઘોષિત કરવો, જેથી પીઠાધીશ તનુજા સેવા કરનારો પૂજારી ન બની જાય. પીઠાધીશનું કર્તવ્ય સ્વધર્મપ્રચાર અને સ્વધર્માચરણ – એમ ઉભયવિધ હોવું જોઈએ. તેમાં સ્વધર્મપ્રચાર માટે ધર્માચાર્યની હેસિયતમાં તે શિષ્યોથી દાન–ભેટ સ્વીકારે તેમાં કશો વાંધો નથી. પણ સ્વધર્માચરણ – કૃષ્ણસેવાનું પ્રયોજન જાહેરમાં કે જનતા માટે કૃષ્ણસેવા ન હોઈ, તે તે પીઠાધીશનું પોતાનું અંગત કર્તવ્ય હોવું જોઈએ કે જેના માટે જનતાથી ભેટ–દાન સ્વીકારવું અધર્મ છે. મંદિર, છતાંય, જો ચલાવવા જ પડતાં હોય તો એમાં કૃષ્ણસેવા નહીં, પણ આચાર્ય શ્રીમહાપ્રભુજીની સેવા થવી જોઈએ. કેમ કે, જો વૈષ્ણવ સમાજ જાહેર મંદિરોને લીધે કોઈક અંશમાં સંગઠિત હોય તો તેનું વિગઠન પણ વાંછનીય નથી. તે સંગઠન માટે પણ જો સિદ્ધાંતની કિંમત ચુકવવી પડતી હોય તો તેવા સિદ્ધાંતહિન સંગઠનની કોઈ આવશ્યકતા પણ નથી જ. આમ બન્ને પાસાં તપાસ્યા પછી જ એમ લાગે છે કે જાહેર મંદિરમાં પ્રભુનાં

નહીં, પણ શ્રીમહાપ્રભુજીનાં હોવાં જોઈએ.

લોકસમાજને તેની સુદઢ સમજ પણ તે બાબતના જાહેર ભાષણ પ્રવચનને ઠેકાણે જો કોઈક ઠોસ પાયા ઉપર કોઈક કાર્યક્રમને અમલમાં મૂકીને આપી શકાતી હોય તો તે મને વધુ અભીષ્ટ પ્રકાર લાગે છે. છતાંય જો કાંઈક અવ્યવસ્થા ભવિષ્યમાં ઊભી થાય તો ભગવદિચ્છા !

(૮) શંકા : સેવામાં પ્રભુસંબંધમાં જે અનર્થો આજે વિકસ્યા લાગે છે, તે ભવિષ્યમાં શ્રી મહાપ્રભુને પધરાવતાં તેમના સંબંધમાં પણ ક્રમશઃ વિકસિત નહીં થાય !

સમાધાન :..... પણ આવું જો શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું હોત તો એઓશ્રીએ કૃષ્ણસેવામાર્ગને પણ વિકસિત ન કર્યો હતો.

શ્રીકૃષ્ણ કરતાં પણ જો શ્રીમહાપ્રભુજીમાં પુષ્ટિમાર્ગીય જનતાની આસ્થા જળવાઈ રહે તો મને લાગે છે કે તે પુષ્ટિમાર્ગ ઉપર વધુ સહેલાઈથી ચાલી શકશે. શ્રીકૃષ્ણની વ્રજલીલાની જેમ મથુરાની અને દ્વારકાની પણ લીલાઓ છે – અદ્વૈતીઓ કૃષ્ણના હોય કે નહીં પણ અદ્વૈતીઓનો કોઈક કૃષ્ણ હોય છેઅ તેનો કેમ અસ્વીકાર થઈ શકે ? શ્રીમહાપ્રભુજીને પણ સર્વાંશમાં પુષ્ટિમાર્ગીયેતરો અપનાવી નહીં શકે. તેથી મારા કલ્પમાં મને દોષ કરતાં ગુણ વધુ દેખાય છે. જતે દહાડે જો વલ્લભપંથ એક નોખો વિકસિત થાય તો તેને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત કે વચનોથી દ્વેષ તો નહીં જ હોય.

(૯) શંકા : દૈવી જીવના માર્ગને સર્વાધિકાર કરવા જતાં શું સિદ્ધ થશે ?

સમાધાન : આપ તદન મહત્વપૂર્ણ પ્રશ્ન ઊભો કરી રહ્યા છો. હું મંદિરસેવાનો વિરોધ આ જ કારણથી કરું છું. આજે જાહેર મંદિરોમાં પુષ્ટિભક્તિ અધિકાર લભ્ય વિવિધ ફલાત્મક મનોરથોનાં આપણે દર્શન કરાવીએ છીએ. અન્યમાર્ગીયોને જયાં દર્શન કરાવતાં વર્ષપર્યંતની સેવા શ્રીહરિરાયજી વિફલ માનતા હોય ત્યાં મંદિરપ્રણાલી દ્વારા ભગવાનની પુષ્ટિછબીને સર્વાધિકારક બનાવવી તે કયાં સુધી યોગ્ય ગણાય ?

આજે શ્રીઠાકોરજીના રૂપ અને નામને દ્રવ્યોપાર્જન માટે જાહેરમાં મૂકવાનો જે ગાડરિયો પ્રવાહ ચાલ્યો છે, તે કેટલી સિદ્ધાંતસંમત કથા છે ? મને તો બધા રોગોની એક જ ચિકિત્સા અસરકારક જણાય છે, તે શ્રી મહાપ્રભુજીના નામરૂપનું ભજન. તે મુજબ મારો મનોરથ છે કે **બધાં જ જાહેર મંદિરોમાં પ્રમુખતયા શ્રીમહાપ્રભુનું સ્વરૂપ પુરુષોત્તમ ભાવથી નહીં પણ આચાર્યભાવથી પધરાવવામાં આવે અને તેના સેવાપ્રકારનો ખૂબ પ્રચાર થાય.** શ્રીમહાપ્રભુજીની સન્નિધિમાં લોકો નિત્યનિયમથી અષ્ટાક્ષરમંત્ર, ષોડશ–ગ્રંથાદિ સ્તોત્રોના પાઠો, ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા તથા સુબોધિની વગેરે આકાર ગ્રંથોનું પઠન, શ્રવણ, મનન કરે. નિત્ય ઋતુ–ઉત્સવક્રમનાં કીર્તનો ગાય અને સાંભળે તો અવશ્ય सांनिध्यमात्रदत्त श्रीकृष्णप्रेमा મહાપ્રભુજી, પુષ્ટિજીવના બીજભાવને દઢ કરશે જ.

(૧૦) શંકા : ભગવદપરાધમાંથી તો કદાચ શ્રીમહાપ્રભુજી બચાવે, પણ

શ્રીમહાપ્રભુજીના સંબંધમાં થતા અપરાધમાંથી કઈ રીતે બચાશે ? કોણ બચાવશે ?

સમાધાન : શ્રીમહાપ્રભુજી महाकारुणिक છે, તેથી તે પોતે બચાવશે. બીજો કોણ બચાવી શકે ? અથવા એક બીજી દષ્ટિએ જોઈએ તો ભગવદપરાધ કે વૈષ્ણવાપરાધ થતાં શ્રી મહાપ્રભુએ પોતાના શિષ્યોના ત્યાગ કરવાની લીલા દેખાડી છે, તેવો ઉલ્લેખ ૮૪ વૈષ્ણવની વાર્તામાં મળે છે, પણ શ્રીમહાપ્રભુજીના સેવકોનો ત્યાગ કરી શ્રીઠાકોરજી કરતા નથી. તેથી આચાર્યાપરાધ કરતાં ભગવદપરાધયી બીવાનાં કારણ વધારે જણાવય છે. ભગવદપરાધ થતાં આચાર્યશ્રી ત્યાગ કરે, પણ આચાર્યપરાધ થતાં ભગવાન ત્યાગ કરતા નથી, કેવળ એક વખત આચાર્યશ્રીના સેવક જઈ જવાથી !

જુઓ –

(ક) તબ શ્રીઆચાર્યજીને કહી જો ‘‘મૈં તો વાકો ત્યાગ કર્યો. તુમ વાકી સમર્પી કૈસે આરોગે ? ’’ તબ શ્રીનાથજીને કહી ‘‘મેં તુમકો વચન દિયો હૈ, જાકો તુમ બ્રહ્મસંબંધ કરાવોગે, તાકો મૈં કબહું ન છોડુંગો. તાતેં તુમ ત્યાગ કરે, પરંતુ તુમને પહેલે મોકો સમર્પ્યો હો સો હોં કૈસે છોડું ?’’ તબ શ્રીઆચાર્યજી ચુપ હ્વૈ રહે. (રામાનંદ પંડિત કી વાર્તા,)

(ખ) તૂ મેરી બિનતી શ્રીગુસાંઈજીસોં કરિયો જો આપકે અપરાધતેં મેરી યહ અવસ્થા ભઈ હૈ ઔર શ્રીગોવર્ધનધર દરસન દેત હૈં. સો આપકી કૃપાતેં દેત હૈં. (કૃષ્ણદાસ કી વાર્તા)

(ગ) તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુને કહી ‘‘યાકે પરલોકમેં તો કછુ હાનિ નાહિ ભઈ, પરિ યહ મેરી અજ્ઞા ન માન્યો. તાતેં ઐસો (અપમૃત્યુ) ભયો!’’ (ગોવિંદદાસ ભલ્લા કી વાર્તા)

.... તેથી આચાર્યચરણનો અપરાધ થતાં પણ પ્રભુ આપણને નહીં ત્યાગે એ કાંઈ ઓછું આશ્વાસન છે ! અથવા ભંડોળ ભેગું કરવા માટે જયારે આપણે ભગવદપરાધ કરી રહ્યા છીએ – આચાર્યશ્રીની આજ્ઞાની અવહેલના જ કરી રહ્યા છીએ ત્યારે આચાર્યશ્રીને આપણને ત્યાગી દીધા ન હોય ?

મારી વાતને પુષ્ટ કરવા માટે જો મારે પ્રમાણ આપવાનું હોય તો હું કહીશ કે 'પંચશતી ઉત્સવ' ઉજવવાના મનોરથ પ્રકટ થતાંની સાથે જ ભગવાનના નામ–રૂપોના જાહેર પ્રદર્શન દ્વારા ભંડોળ ભેગાં કરવા માટેના પ્રકારોનો જાણે રાફડો જ ન ફાટયો હોય તેવું દેખાય છે ? સાથે સાથે લોકમાં સંપ્રદાયની નિંદાના પ્રસંગો પણ વધ્યા છે. પારસ્પરિક સ્પર્ધા તો એટલે હદ સુધી વધી ગઈ છે કે એક ગોસ્વામી બાલક એકલો ચાર–પાંચ લાખ રૂપિયા ન લઈ જાય તેના માટે તેના સ્થળ ઉપર બીજી વલ્લભવંશજ વ્યક્તિ મોટા મોટા ઉત્સવોનાં આયોજન કરે ! એક ગોસ્વામીની અધયક્ષતામાં કોઈક ધનિક વ્યક્તિ મોટો મનોરથ કરાવે તો બીજા ગોસ્વામી બાલકો તે ધનિક સાથે પોતાના સંબંધ જોડવાની કડીઓ શોધે ! આમાં

શોધતાં શોધતાં પણ જે નથી જડતો તે સ્વાભિમાન સ્વસિદ્ધાંતાભિમાન અને શ્રીઆચાર્યચરણનો અનુગ્રહ ! એક – બીજાની વૈષ્ણવ સૃષ્ટિને તોડી, તેમાં પોતાની છાપ બેસાડવાની પ્રક્રિયા, મને લાગે છે કે પાંચસો વર્ષ પૂરાં થવાની યાદવસ્થલીનું રૌદ્ર કે કરુણ તાંડવ નથી તો બીજું શું છે ?

એક પ્રસિદ્ધ ગોસ્વામી બાલકે થોડાંક વખત અગાઉ મને કહ્યું હતું કે, ''મને પુષ્ટિમમાર્ગની અપેક્ષા નથી. હું પોતે એક સ્વતંત્ર સંસ્થા છું. '' બીજી વ્યક્તિ કહે કે, ''વૈષ્ણવો જો લોકપરોપકારપરાયણ ન થતા હોય તો તેમને 'વૈષ્ણવ' મટાવી 'માનવ' બનાવી દો !'' શ્રીમહાપ્રભુજીએ આપણો ત્યાગ ન કર્યો તોય ત્યાં સુધી આપણી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવતાને આપણે કેવી રીતે છોડી શકીએ ?

(૧૧) શંકા : **स्मरणं भजनं चापि** બહુ વ્યાપક પ્રચાર છે. નામમાં જેમ અજાણતાં અવજ્ઞા સંભવે, તેમ રૂપમાં નહીં થાય ? બેઠક – પ્રકાર – પ્રચારથી અનુભવે સમજાય તો છે.

સમાધાન : આપ **स्मरणं भनं चापि** 'ચાય પીઓ અને ભજન કરો' એવા ખોટા અર્થથી ખૂબ પરેશાન લાગો છે. શ્રીમહાપ્રભુજીની વાણીને સ્વરૂપાત્મક માનનારા માટે આવી મશ્કરી એક દુઃખદ વાત જ છે. આ એક પ્રકાર નામ અવજ્ઞાનો છે. જયારે ખરી રીતે જોતાં શાસ્ત્રોમાં છ પ્રકાર ગણવામાં આવ્યા છે :

वेदाक्षराणि यावन्ति नियुंजीतार्थकारणात् ।
तावन्ति भ्रूणहत्यां वैवेदविक्रप्पवाप्नुयात् ॥

वेदविक्रयस्तु छागलेन षड्विधो दर्शित :–

(१) **प्रख्यापनम्** (અધિકાર વિચાર કર્યા વગર જાહેરમાં પ્રવચન)

(२) **प्रलापनम्** (**स्मरणं भजनं चापि** નો 'ચાય પીઓ' – એવો અર્થ કરવો)

(३) **प्रश्नपूर्वप्रतिग्रह** (પેમ્ફલેટ છાપી લોકોને સાંભળવા માટે બોલાવવા)

(४–५) **याजनाध्यापने** (પગાર લઈને યજન અધ્યાપન કરાવવું)

(६) **वादः** (વેદાર્થથી વિરુદ્ધ વાદ કરવો)

अषड्विधे वेदविक्रयः

આમાંના કોઈકને કોઈ એક પ્રકારે વેદવિક્રય કરનારાઓ જ આજે સર્વત્ર દેખાય છે. તે બધા જ જો વૈદિક સિદ્ધાંતના ' ફેમિલી પ્લાનિંગ' (પરિવાર–નિયોજન) માટેના 'એબોર્શન સેન્ટર' (ગર્ભપતાત કેન્દ્રો) હોય તો શું વેદગ્રથરાશિ કે તત્ફલરૂપ શ્રીમદ્ભાગવત કે તત્સારભૂત શ્રી મહાપ્રભુજીની વાણીને હવે વિસર્જિત કરવી ? અવજ્ઞા કરનારા તો અવજ્ઞા કરતા જ રહેશે. તેનો ઉપાય કોઈ પણ શ્રદ્ધાળુ પાસે કદી પણ જડવાનો નથી. લોકેષણા કે વિત્તેષણાથી ગ્રસ્ત લોકો તો ભંડોળ ભેગા કરવાના નવા ઉપાયો શોધતા જ રહેશે ! તે મુજબ જાહેર

મંદિરમાં વિવિધ મનોરથો, તીર્થયાત્રા, જ્ઞાનયજ્ઞ, શ્રીયમુનાજીના ટાંકી–ટેંકર ઉત્સવો અને એવા બીજા પણ અનેક અકલ્પનીય ઉપાયોથી તેવા લોકોની બુદ્ધિના ભંડાર ભરેલા જ છે ! એટલે આવા લોકો શ્રીમહાપ્રભુજીને 'કેશ'

(Cash) કરવાના વિવિધ ઉપાયો ન શોધી કાઢે તેની ગેરંટી કોણ આપી શકે ? આ તો ભારતભૂમિ છે. શાસ્ત્રીજી ! શ્રીમહાપ્રભુજી કહે છે, "अस्मिन् भारते कर्मभूमौ एकेनापि तादृशं कर्म क्रियते येन समग्रं जगदेव प्रलयं याति – આ ભારતદેશ તો કર્મભૂમિ છે. તેથી કોઈક એક માણસનાં કર્મ પણ એવાં હોઈ શકે કે જેથી સમગ્ર જગતનો પ્રલય જ થઈ જાય !'' (સુબોધિની, ૧૦ ઉત્તર. ૩૮–૬) ત્યારે હમણાં તો ઘણા કર્મઠ ઉત્સાહી કાર્યકર્તા ઉપદેશકો બહાર પડયા છે !

પુષ્ટિમાર્ગના મંદિરોમાં તો પ્રસાદ વેચાતો હતો અને હવે 'ભગવદ્ભાવનાયુક્ત ફાઈવ સ્ટાર રેસ્ટોરાં' ખોલાઈ રહી છે. જતે દહાડે ભગવદ્ભાવનાયુક્ત 'કેબરે ડાંસ' પણ થશે અને 'સ્ટ્રીપટ્રીઝ' પણ ! પરંતુ પ્રલયને હજી ઘણીવાર છે ! !

(૧૨) શંકા : જે સમાજ આજે મંદિરસેવામાં જે સ્વપ્રવૃત્તિરત છે, તે અહીં પણ સંબંધિત થઈ જશે ને ? તેનાથી આચાર્યજી પ્રસન્ન થશે ?

સમાધાન : પુષ્ટિમાર્ગીયોથી શ્રી મહાપ્રભુજી–શ્રીગુસાંઈજીએ જે અપેક્ષા રાખી હતી. તે આવી હતી :

(૧) તબ શ્રીઆચાર્યજી કહે : ''વૈભવ ઠાકુરકો દેખિકે તિહારો મન પ્રસન્ન ભયો હૈં ? શ્રીગોપીનાથજી કહે : '' તિહારો કહાઈ કે શ્રી ઠાકુરજીકી વસ્તુમેં અપનો મન કરેગો તાકો નિર્મલ નાસ જાયેગો.'' તબ શ્રી આચાર્યજી કહે : '' હમારો મારગ તો ઐસોઈ હૈ.'' પાછે શ્રીઆચાર્યજી વૈષ્ણવસોં આજ્ઞા કિયે : ''સગરી સામગ્રી શ્રીજમુનાજીમેં પધરાઈ દેઉ. શ્રીદ્વારકાનાથજીકોં હમારે ઘર પધરાઈ લાવો.''(શ્રીદામોદર સંભવારેકી વાર્તા)

(૨) સો ગોપાલદાસ કે બેટાસોં શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૂછે જો ''ગોપાલદાસ કહાં ગયે હૈં'' તબ ગોપાલદાસકે બેટાને કહી જો ''મહારાજ! શ્રી ઠાકોરજીકી સેવાકોં ગયે હૈં.'' યહ વચન સુનિ શ્રીમહાપ્રભુજી ગોપાલદાસ કે બેટા પર બહોત અપ્રસન્ન ભયે. કહે ''જો ગોપાલદાસકો બેટા ઐસો અનુચિત કયોં બોલ્યો ? અબ ઈહાં રહનો ઉચિત નાંહિ...જો ગોપાલદાસ ! તૂં કહાં ગયો હતો ? '' તબ ગોપાલદાસને કહીઃ '' મહારાજ ! પેટ લાગ્યો હૈ, સો કછુ વ્યાવૃત્તિકોં ગયો હતો. '' યહ વચન સુનિ ગોપાલદાસ ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બહોત પ્રસન્ન ભયે. કહે : ''વૈષ્ણવકોં ઐસો બોલનો ઉચિત હૈ ઐસો બોલનો નાંહિ જો વ્યાવૃત્તિ–લૌકિકો જાઈ તહાં શ્રીઠાકુરજીકો નામ લેઈ.'' (ગોપાલદાસ નરોડાવરેકી વાર્તા)

(૩) તબ શ્રીઆચાર્યજી એક સોનેકી કટોરી શ્રીઠાકુરજીકે મંદિરતેં લાઈ દિયે... શ્રી ઠાકુરજીકોં ભોગ ધરિ.... મહાપ્રસાદ શ્રી યમુનાજીમેં પધરાઈ દિયો.... ગાયન કોં ખવાઈ .... આપ પરિકર સગરે સહિત ભૂખે હી બૈઠે રહે. (ભાવપ્રકાશ) જો શ્રીઠાકુરજીકી વસ્તુ હોઈ સો વૈષ્ણવકોં લેનો નાહીં ઠાકુર આરોગે યહ રીત સબકો સિખાયે. (વાસુદેવદાસ છકડાકી વાર્તા)

(૪) સો પદ્મનાભ અપને ઘર તે આયે. શ્રીમહાપ્રભુજીકોં દંડવત્ કબ બૈઠે. તબ આચાર્યજીને નિબંધકો શ્લોક કહ્યો સો શ્લોક –

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।
वृत्त्यर्थं नैव युंजीत प्राणैः कण्ठगतैरपि ॥
तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत् ।
त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात् ॥

(પદ્મનાભદાસ કી વાર્તા)

રૂપસેવા કે નામસેવા – આમ બન્નેમાંથી એકનો પણ વૃત્યર્થ વિનિયોગ ન થવો જોઈએ. શ્રીગુસાંઈજી કહે છે. '' જેને પુષ્ટિમાર્ગનું સ્વલ્પ પણ જ્ઞાન હશે તે પોતાની આજીવિકા ચલાવવા માટે ભગવત્સેવા નહીં કરે. જેને સર્વથા જ જ્ઞાન નહીં હોય તેવો એકાદ કોઈ પુષ્ટિમાર્ગમાં પાકે ય ખરો....'' ત્યારે તેમના પોતાના વંશજોથી જ જો રૂપસેવા કે નામસેવા સર્વહેતુવિવર્જિત ન થઈ શકતી હોય તો स्ववंशेस्थापिताशेषस्वमाहात्म्य નો અર્થ શો સમજવો ? ભગવત્સેવાનો

જાહેર મંદિરોમાં અને ભાગવત કે નામસેવાનો જાહેર પ્રવચનોમાં આજે જે કાંઈ ઉપયોગ થઈ રહ્યો છે, તેનાથી શ્રીઆચાર્યજી પ્રસન્નતા આપ કલ્પી શકો છો ?

જાહેર મંદિરમાં મુખ્યતયા પ્રભુસેવા નહીં, પણ મહાપ્રભુસેવા અને સ્વગૃહમાં મુખ્યતયા મહાપ્રભુસેવા નહીં પણ પ્રભુસેવા જ થવી જોઈએ. આ બાબતનો મારો આગ્રહ પણ હમણાં સિદ્ધાંતવિપરીત સેવાના જે વિવિધ પ્રકારો ચાલી નીકળ્યા છે, તેના વિકલ્પરૂપે જ છે. એટલે આ મારા પ્રકારમાં કાંઈ ત્રુટિની સંભાવના હોય તો પણ આપણે સિદ્ધાંતના ત્રાજવામાં એટલું જ તોળવાનું છે કે વધારે વજનનો અપરાધ કયા પલ્લામાં છે ? જાહેર મંદિરમાં પ્રભુસેવા કે મહાપ્રભુસેવાના.

પહેલા લખી ગયો તે મુજબ મારી સ્પષ્ટ માન્યતા છે કે આજે પુષ્ટિમાર્ગ ઉપર થતા આંતરિક અને બાહ્ય આઘાતોને પડકાર આપવા માટે અક નહીં, પણ અનેક દમલાઓની અપેક્ષા છે. જે દમલાઓ જાહેર મંદિરમાં બિરાજતા શ્રીઠાકોરજીને કહી શકે : ''નિકટ મતિ આવો...'' જે દમલાઓ જાહેર મંદિરોમાં જતા સ્વરૂપવિક્રયથી અને જાહેર પ્રવચનોમાં થતા ભાગવતવિક્રયથી થતી સ્વસિદ્ધાંતની 'મશ્કરી'ને શિષ્યજનોચિત અત્યંત વિનય સાથે પણ સ્પષ્ટતમ શબ્દોમાં કહી શકે : ''મહારાજ ! આપનો મારગ નિશ્ચિતતાકો નાંહીં, યહ મારગ હૈ સો તો અત્યંત કષ્ટ આતુરતાકો – દુ:ખ કો હૈ.''

આજે ચાલતા ભગવદવિક્રયના પ્રકારને છોડવા જતાં ઘણી નિશ્ચિતાઓ છોડવી પડશે. અમુક ચોક્કસ પ્રકારનાં લૌકિક કષ્ટ કે દુઃખ વધે પણ ખરાં.... પણ એવા વૈષ્ણવો માટે નિ:સંદેહ શ્રીમહાપ્રભુજી કહેશે : ''દમલા ! યહ મારગ તેરે લિયે પ્રકટ કિયો હૈ.''

દામોદરદાસ હરસાનીની જેમ 'દાતા' માંમમતા રાખવી કે 'દાતા'ની મહત્તા માનવી, તે દાનને માણ્યા વિના સંભવ નથી. તેથી શ્રીકૃષ્ણના મધુર સ્વરૂપનું વર્ણન શાખા–અરુંધતી

ન્યાયે કરનારાઓ જયાં ખરેખર, દેખાડવો હોય અરુંધતીનો તારો, પણ મોટી મોટી વાતો કરે શાખા ઉપર ઉગતા સુકોમલ સુંદર સરસ પલ્લવ–પુષ્પ–ફલોની અને તેવી પુષ્પિતા વાણીથી શ્રોતાઓને મુગ્ધ કરી, અંતે જે સ્વરૂપ માટે પોતે રોમાંચ અશ્રુપાત દેખાડતા હોય, તેને મિથ્યા કહી, કોઈ અટપટા નિર્ગુણ નિરાકાર બ્રહ્મની દિશા તરફ શ્રોતાઓને રઝળતા છોડી જાય તેવી સ્થિતિમાં ––

"अयमेव महामोहो हीदमेव प्रतारणम् ।
यत्कृष्णं न भजेत् प्राज्ञः शास्त्राम्यासपरकृतिः ॥"

'' આ જ મહામોહ છે, આ જ જબરદસ્ત વંચના છે કે પોતે બુદ્ધિમાન હોઈ શાસ્ત્રાનુસારી આચારવિચાર રાખનારો હોવા છતાંય કૃષ્ણભજન નથી કરતો !'' ના ઉપદેશ આપનારની સેવાનો પ્રકાર વધી જાય તો બહુ વાંધો તો નહીં આવે !

બીજું, પરંપરા મુજબ, આપને કદાચ ખ્યાલ નહીં હોય કે સાક્ષાત્ શ્રીઠાકોરજીની સન્મુખ (અધિકાર વગર કે અજ્ઞાનવશ) જે ભેટ મંદિરોમાં ધરવામાં આવતી હતી, તે કદી પણ ભગવત્સેવાર્થ સ્વીકારવામાં આવતી નહોતી. પણ કીર્તનિયાઓમાં વહેંચી દેવામાં આવતી હતી. ભેટ ધરાવવાનો સિદ્ધાંતસંમત–શિષ્ટાચારસંમત પ્રકાર તો એ જ હતો કે ભેટ સાક્ષાત્ શ્રીઠાકોરજીને ન કરી, શ્રીઠાકોરજી પાસે બિરાજતા (|મહાપ્રભુજી–શ્રીગુંસાંઈજીને કે સાત બાલકોને જ ધરવી જોઈએ. સાક્ષાત્ શ્રીઠાકોરજીને ભેટ ધરવાનો પ્રકાર તો અમુક ઉત્સવ પૂરતો મર્યાદિત જ હતો. શ્રીવ્રજભકતતના ભાવાનુસાર. જેથી શ્રીમહાપ્રભુજીની ભેટ જો સ્વવંશજો ગ્રહણ પણ કરે તો વંશજ હોવાને લીધે જ તેમાં દેવલકત્વ પ્રાપ્ત નહીં થાય. તેથી જ જાહેર મંદિરમાં શ્રીમહાપ્રભુજીની પુરુષોત્તમભાવથી સેવા કરવાનો પણ હું વિરોધી છું. આચાર્યભાવે તેવા સ્વવંશજોને દોષ પ્રાપ્ત નથી થતો.

આમ અનેક મુદાઓની ચકાસણી આ બાબત માંગી લે છે અને તેમ કરતાં હું મારા કલ્પમાં દોષ કરતાં ગુણ વધારે જોઉં છું.

(૧૩) શંકા : रहःप्रिय આચાર્યજીને આમ જાહેરમાં દર્શન દેતા બિરાજતાં પ્રસન્નતા થશે ?

સમાધાન : શાસ્ત્રીજી ! આ તો અષ્ટોત્તરશત નામોમાંથી એક નામ છે. બીજાં અનેક નામો શ્રીમહાપ્રભુજીના એવા ગુણ, એવી લીલા અને એવા સ્વભાવના દ્યોતક પણ મળે જ છે. કે જેમનો વિચાર કરતાં શ્રીમહાપ્રભુજીને જાહેર દર્શન માટે પધરાવતાં સૈદ્ધાંતિક વાંધો કે સ્વરૂપવૈપરીત્ય નહીં આવે. દાખલા તરીકે ––

(१) दैवोद्धाप्रयत्नात्मा (२) मायावादनिराकर्ता

(३) सर्ववादिनिरासकृत् (४) स्त्रीशूद्राद्युधृतिक्षमः

(५) महाकारुणिकः (६) श्रीकृष्णज्ञानदो गुरुः

(७) भक्तसेवितः (८) सुखसेव्यः

(९) कृपयैतत्कथाप्रदः (१०) सांनिध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा

(११) नानावादनिरूपकः (१२) पृथक्शरणमार्गोपदेष्टा

(१३) पतितपावनः (१४) मायावादाख्यतूलाग्निः

(१५) ब्रह्मवादनिरूपकः

આવાં નામોનું તાત્પર્ય વિચાર કરતાં કે તે નામો દ્વારા અભિયકત થતી લીલાનો વિચાર કરતાં જાહેરમાં પધરાવવામાં વિશેષ આપત્તિ દેખાતી નથી. જલભેદના ૧૫માં શ્લોકની વ્યાખ્યામાં શ્રી વલ્લભજી તો શ્રીમહાપ્રભુજીનાં બે સ્વરૂપ ગણાવે છે :

''શ્રીમદાચાર્યચરણના સ્વરૂપમાં બે પક્ષો છે : (૧) મર્યાદામાર્ગોપદેશક (૨) પુષ્ટિમાર્ગોપદેશક, તેથી સ્વરૂપ પણ આપશ્રીનું દ્વિવિધ છે. એટલે જ જે મર્યાદામાર્ગીયો છે તેમના માટે શ્રીમહાપ્રભુજી પોતાનું મર્યાદામાર્ગોપદેશકનું સ્વરૂપ જ પ્રકટ કરે છે. વલ્લભાષ્ટક – સર્વોત્તમસ્તોત્ર વગેરેમાં વર્ણિત સ્વરૂપને નહીં. મર્યાદામાર્ગીયોની સામે શ્રીમહાપ્રભુજી '' વ્યાસ આપણા ગુરુ છે.'' તેવું સ્વીકારે છે. (જયારે પુષ્ટિમાગર્ઈીયોની સામે ગોપિકાઓને ગુરુ તરીકે બિરદાવે છે).''

એટલે કે જાહેર મંદિરો જો ચલાવવાં જ પડતાં હોય તો તેવા મર્યાદા પ્રવાહમાં પુષ્ટિસેવાને વિસર્જિત કેમ કરવી ? તેથી ત્યાં શ્રીમહાપ્રભુજીને रहःप्रिय ગણવાં કરતાં भक्तयाचारोपदेष्टा, मायावादाख्यतूलाग्निः, ब्रह्मवादनिरूपकः ગણી આચાર્યભાવે કેમ સુખસેવન ન કરવું ?

બાકી, આર્ચાચરણની સાચી પ્રસન્નતા તો આપણા પષ્ટિપ્રભુની પુષ્ટિભાવાત્મિકા સેવાને, રસાત્મિા હોવાથી સ્વગૃહમાં ગુપ્ત રાખીને કરીએ તો જ થાય. જુઓ : ''ભગવદ્ભાવ રસાત્મક હોવાથી ગુપ્ત રહે તો જ તેની અભિવૃદ્ધિ થઈ શકે. તેથી જે વ્યક્તિ જે આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ વાનપ્રસ્થ કે સંન્યાસ અવસ્થા)માં હોય, તેના ધર્મો જ પ્રકટ રાખવા જોઈએ. લોકમાં કદી પણ પોતાનો ભગવદ્ભાવ પ્રકટ ન કરવો જોઈએ. ભગવત્સેવા કરવાની રીત આ જ છે. તેથી સેવાની સાથે આશ્રમધર્મોનું પણ નિરૂપણ કરવામાં આવે છે. આથી સિદ્ધ થયું છે કે જયાં સુધી આપણા હૃદયમાં પ્રભુનું પ્રાકટય નથી થતું, ત્યાં સુધી જ આપણે ભાવને બહાર પ્રકટ કરતા હોઈએ છીએ. જો એક વખત ભગવાનનું હૃદયમાં પ્રાકટય થઈ જાય તો પનેના પછી ભગવદ્ભાવ બહાર પ્રકટ થઈ શકે નહીં તે જણાવ્યું.'' (અણુભાષ્ય, ૩–૪–૪૯)

(૧૪) શંકા : શ્રીમહાપ્રભુજીએ પોતાની સેવા કોઈક જ અનન્યને એકાંતમાં કરવા કહી છે, જાહેરમાં નહીં.

સમાધાન : તે પોતાના કોઈક અનન્યને એકાંતમાં સેવાનું વિધાન તે 'ત્રિતયાત્મક' સ્વરૂપની અથવા રાસસ્ત્રીભાવપૂરિત' સ્વરૂપની સેવા પરત્વે હોઈ શકે છે. તેથી જ શ્રીગિરિધરજી

મહારાજ ૧૨૦ વચનામૃતમાં આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીને સિંહાસન ઉપર પધરાવી પલંગી ઉપર જે પધરાવવામાં આવે છે, તેનું સ્પષ્ટીકરણ કાંઈક આવું જ આપે છે. આજે તે પલંગડી ઉપર બિરાજેલું સ્વરૂપ જાહેર મંદિરોમાં જાહેર થઈ ગયું છે. મારા મત પ્રમાણે તે જ હેતુથી જો रासस्त्रीभावपूरित ने मायावादनिराकर्ता, साकारब्रह्मवादेकस्थापक, भक्तयाचारोपदेष्टा, श्रीकृष्णज्ञानदो गुरु તરીકે જો સિંહાસન ઉપર પધરાવવામાં નહીં આવે તો તે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને આપણે સમગ્ર રીતે સમજી શકયા નહીં – એવી આપણી ભૂલ ઈતિહાસમાં નોંધાશે.

(૧૫) શંકા : 'આ ભગવાનનું' ..... 'આ મારું' એમ ભેદબુદ્ધિ–સ્વામિત્વ તો क्रीडार्थमात्मान इदं થી વિરુદ્ધ ન થાય ? સ્વકલ્પિત સ્વામિત્વ – નિવૃત્તિ તો સમર્પણભાવે થાય, પછી સેવકનો નિર્વાહ સ્વામીધર્મ છે ? મોજશોખમાં અપરાધ લાગે તેમ ન થાય.

સમાધાન : સિદ્ધાંતરહસ્ય તથા નવરત્નનો સમન્વય કરીને (ક) દાન (ખ) નિવેદન, (ગ) સમર્પણનો વિવેક સ્પષ્ટ સમજવો જોઈએ.

પુષ્ટિમાર્ગમાં નિવેદિત અને સમર્પિતના પુનઃ ઉપયોગ કે ઉપભોગમાં દોષ નથી. કારણ કે મમતાસ્પદ બધી વસ્તુઓ ઉપર આધિદૈવિક (સ્નેહાંગભૂત) અને આધ્યાત્મિક (માહાત્મ્યજ્ઞાનાંગભૂત) સ્વામિત્વ વ્રજાધિપ શ્રીકૃષ્ણનું જ છે. છતાંય આધિભૌતિક (વ્યવહારાંગભૂત અથવા નિવેદન – સમર્પણાંગભૂત) સ્વામિત્વ સેવકનું સર્વથા અભીષ્ટ છે. સ્વામિત્વબુદ્ધિની કે અહંતા–મમતાની નિંદા પોતાના આધિદૈવિક–આધ્યાત્મિક સ્વામીની વિસ્મૃતિને લધે થાય છે; કોઈક લૌકિક વસ્તુ ઉપર સેવકના આધિભૌતિક સ્વામિત્વને લીધે નહીં. સ્વસ્વર્ગસ્વ આધિદૈવિક સ્વામીને જો ન વીસરીએ તો આપણા દેહ–ગેહાદિ ઉપર આપણું આધિભૌત્રક્ષતક સ્વામિત્વ તો આપણી ભક્તિનો સાચો શણગાર છે. અન્યથા જ્ઞાન–માર્ગીય વૈરાગ્ય–સંન્યાસ–મોક્ષ થકી મળતા બ્રહ્માનંદની શી ઊણપ છે ? મમતાનો સર્વથા ત્યાગ કે નાશ જ જો અભીષ્ટ હોત તો જગતના સત્ય હોવાના સિદ્ધાંત પર શ્રીમહાપ્રભુજી એટલો બધો ભાર ન મૂકત કે, ''જગત જો સત્ય નહીં હોય તો ભજન પણ થઈ શકતું નથી. પ્રપંચને 'મિથ્યા' કહી માયાવાદીઓ શુદ્ધ ભાવ સહિત ભજનના અવકાશને ખતમ કરી દે છે.'' (શાસ્ત્રાર્થ નિંબંધ – પ્રકાશ, શ્લોક ૨૩)

આપણે એ કદી ભૂલવું જોઈએ નહીં કે ભજનાનંદની સિદ્ધિ માટે શુદ્ધાદ્વૈત જ્ઞાનને પણ વિજાતીય ભાવ ગણવામાં આવ્યો છે. (જુઓ 'શિક્ષાપત્ર' ૧–૧૬) તેથી મમતાનો ત્યાગ નહીં, પણ ભગવત્સેવામાં વિનિયોગ અપેક્ષિત છે.

વ્યર્થ ત્યાગ કરતાં ભગવદ્ વિનિયોગ શ્રેયસ્કર માનવામાં આવ્યો છે : (સુબોધિની ૩–૩–૩૨)

મમતાના ભગવદ્વિનિયોગના માર્ગને છોડી, જો ત્યાગના માર્ગ ઉપર દોડશું તો શ્રીઆચાર્યચરણને તે ગમે નહીં. કેમ કે ''ગહન અંધકારમાં જો હરહંમેશ રહેવું પડતું હોય તો આંખ હોવાનું ફલ શું ?''ની વાત આપણા ઉપર લાગુ થશે.

આ આધિભૌતિક મમતાની સાથે આપણા સ્વામીને જો આપણે સ્વસર્વસ્વનું સમર્પણ કરીએ , તો જ તેને રુચે; અન્યથા રુચે પણ નહીં. જુઓ :

(ક) સો દ્રવ્ય ઘટયો. તાકો અભિપ્રાય યહ હૈ જો પૂરનમલ કે પિતાકો કમાયો દ્રવ્ય હતો. સો પિતાકે મરે પુત્રકી સત્તા હોઈ તાતેં **પૂરનમલકી સત્તા** જાનિકે શ્રીનાથજી અંગીકાર કિયે. (પૂરનમલકી વાર્તા –ભાવપ્રકાશ).

(ખ) જબ સંતદાસ કો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવા શ્રી ઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઔર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેં તેં ચૌબીસ ટકા પૂંજી કરી કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેં તો તો કાસિદકોં દિયો નહીં જાય. સો કમાઈકો ટકા દિયે. **તબ ઈનકી મજૂરી કો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હું ન લિયો....** સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો નાગા પર્યો જો **મેરી સત્તાકો ભોગ ન ધર્યો.** (સંતદાસ ચોપડાકી વાર્તા).

તેથી સિદ્ધાંતમુકતાવવલીના બીજા શ્લોકની વ્યાખ્યામાં શ્રીકલ્યાણરાયજી કહે છે : ''ભકતોનો ભગવદ્ભજનોપયોગી અહંતા – મમતાત્મક સંસાર હેય નથી, પણ ઉપાદેય છે. '' તેથી જ ગદ્યમંત્રમાં, અંઃકરણ જેમાં

અહંકાર પણ આવી જાય છે અને દેહગેહાદિ સમસ્ત મમતાસ્પદ વિષયોનું પ્રભુને નિવેદન – સમર્પણ થાય છે, ત્યાગ નહીં. સિદ્ધાંતરહસ્યના છઠ્ઠા શ્લોકની વ્યાખ્યામાં શ્રીકલ્યાણરાયજી આ વિષયને હજી સ્પષ્ટ કરે છે : ''કોઈ પણ વસ્તુનું ભગવાનને આપણે નિવેદન કરીએ તો તેમ કરતાં નિવેદિત વસ્તુ ઉપરથી આપણી સત્તા–માલિકી નિવૃત્ત થઈ જતી નથી. નિવેદિત વસ્તુને ભગવાનના ઉપયોગમાં લાવવાથી તે વસ્તુ ભગવદુપભુક્ત થઈ જાય છે. તેથી ઉચ્છિષ્ટ વસ્તુને પ્રસાદના રૂપે ગ્રહણ કરવામાં કોઈ પણ જાતનો વાંધો આવતો નથી. પ્રત્યુત પ્રસાદ–ગ્રહણ તો શાસ્ત્રવિહિત જ છે. જ્યારે કોઈ પણ વસ્તુનું દાન કરવા જતાં તે વસ્તુ ઉપર આપણી માલિકી રહી જતી નથી, જેને દાન આપ્યું હોય તેની માલિકી ઊભી થાય છે.''

આથી સુસ્પષ્ટતયા સિદ્ધ થાય છે કે નિવેદન થતાં આપણું આધિભૌતિક સ્વામિત્વ નિવૃત્ત થતું નથી. પણ આપણા ઉપર અને આપણી બધી જ મમતાસ્પદ વસ્તુઓ ઉપર શ્રીકૃષ્ણનું આવિદૈવિક–આધ્યાત્મિક સ્વામિત્વ સ્વીકારવામાં આવે છે. ઉદાહરણરૂપે જેમ અકબરના કાલમાં રાજા માનસિંહનું આચેર ઉપર જે સ્વામિત્વ હતું તેને ખતમ કરવામાં આવ્યું નહોતું, પણ આમેરના રાજા ઉપર અકબરનું સ્વામિત્વ સ્થાપિત કરવામાં આવ્યું હતું. આપણા દેહગેહાદિ પદાર્થોના રાજયમાં રાજા આપણે જ, પણ ચક્રવર્તી સમ્રાટ આપણો વ્રજાધિપતિ શ્રીકૃષ્ણ ! તેથી મમતા કે સ્વામિત્વનો ત્યાગ નહીં પણ ભગવાન માટે સમર્પણ અને તદ્દન પ્રસાદરૂપે પુનર્ગ્રહણ કે ઉપભોગમાં ભક્તિભાર્ગનું સૌંદર્ય રહેલું છે. ''ભગવાનને સમર્પ્યા પછી વસ્તુનો અલૌકિક ભોગ તો સેવાના પ્રથમ ફલ 'અલૌકિક સામર્થ્ય' ની પહેલી ઝાંખી છે.'' (સેવાફલ વિવરણ)

જો આ આધિભૌતિક મમતા કે સ્વામિત્વ રહે તો જ પ્રભુને શ્રીકંઠમાં ધરાવવામાં આવતી વૃંદાવનનાં વિવિધ પુષ્પોથી અને તુલસીથી નિર્મિત વનમાલામાં પુષ્ટિ–પ્રસાદની દિવ્ય મધુર ગંધ પણ મળશે, અન્યથા આધિભૌતિક સ્વામિત્વ નિવૃત્ત થતાં તો મર્યાદામાર્ગની, બન્ને બાજુએ ઊગતા જ્ઞાન અને વૈરાગ્યના ધંતુરાની ગંધ આવ્યા વગર રહે નહીં !

પ્રભુએ ક્રીડાર્થ આ સૃષ્ટિ રચી છે, તેથી તેમાં સ્વામિત્વબુદ્ધિ તો કુબુદ્ધિ છે અ તેવા માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક સ્નેહ (રહિયે મેરે હી મહેલ અનત ન જરઈયે. સબ વિધ રાખોંગી ટહલ) શય્યા સામગ્રી વસન આભૂષણને જ પુષ્ટિભક્તિ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. જો આ રહસ્ય ન સમજાય તો પુષ્ટિભકતોની વિવિધ દેહ–ઈન્દ્રિ–અંતઃકરણ અને દારાગારાદિ સામગ્રીને અંધારી જ્ઞાનવાપીમાં ડુબાડવા જેવું થશે ! એમ ન કહેતા કે આ રસાત્મક મમત્વ તો ભક્તિની ઉચ્ચ કક્ષામાં જ સંભવે. કેમ કે કેવલ વાણીમાંન હીં, પણ ખરેખર વિચાર અને વ્હારમાં, મમત્વ બુદ્ધિનો ત્યાગ, જ્ઞાનની પણ ઉચ્ચ દશામાં જ સંભવે છે; સાધનદશામાં તો નહીં, તેથી ભક્તિમાર્ગમાં ભગવદ્‌વિનિયોગની પ્રક્રિયામાં નિરુદ્ધ ભકતના દેહ–ઈન્દ્રિય–પ્રાણ–અંતઃકરણ વગેરેથી છૂટો થઈને મુકત જીવ અનિષ્ટ ગતિને પ્રાપ્ત કરે છે : अनिच्छातापि गतिमण्वीं प्रयुंक्ते ।

તેથી મમત્વબુદ્ધિની નિંદા કવચિત્ ભિન્નમાર્ગપર, અને કવચિત્માહાત્મ્યજ્ઞાનવાળી પ્રાથમિક અવસ્થા પૂરતી જ લેવાની હોય છે. વળી માહાત્મ્યજ્ઞાન પણ જ્ઞાનમાર્ગીય જ્ઞાનની જેમ તત્વસાક્ષાત્કાર પર્યંત અપેક્ષિત નથી. કેવલ શાસ્ત્રીય તત્વના નિર્ણય તૂરતું જ તે માહાત્મ્યજ્ઞાન અપેક્ષિત છે : ''સરખી રીતે શાસ્ત્ર સમજી મન વાણી અને દેહથી કૃષ્ણની સેવા કરવી જોઈએ.'' (શાસ્ત્રાર્થ નિબંધ – પ્રકાશ, શ્લોક ૪) અથવા ''તુથી બ્રહ્મવાદની દષ્ટિ કેળવી કૃષ્ણમાં બુદ્ધિ ચોંટાડવી.'' (સિદ્ધાંત મુકતાવલી–૧૨).

આ માહાત્મ્યજ્ઞાનનો ઉપયોગ પણ ભગવત્સેવામાં સાક્ષાત્ વિધિ મુખ્ય (Positive) ન હોઈ નિષેધમુખ (Negative) જ છે. અતિપરિચય થતાં સેવામાં ભગવદવજ્ઞાદિ દોષ ન થાય તે પૂરતું જ માહાત્મ્યજ્ઞાન અપેક્ષિત છે : ' 'શાસ્ત્રમાં '**स्नेहो भक्तिः**' એટલું ભક્તિનું લક્ષણ પર્યાપ્ત હતું. પણ '**माहात्मयज्ञानपूर्वक**' વિશેષણ જોડાવાનું તાત્પર્ય એટલું જ કે શ્રીમહાપ્રભુજીના માર્ગમાં આવીને ભગવત્સેવા શરૂ કરનારમાં જ્યાં સુધી સુદઢ સર્વતોધિક સ્નેહનું પ્રાકટય ન થાય ત્યાં સુધી સેવામાં અપરાધ ન થાય એટલા માટે માહાત્મ્યજ્ઞાનો ઉપયોગ છે. સુદઢ સ્નેહ ઉત્પન્ન થયા પછી માહાત્મ્યજ્ઞાન પોતાની મેળે નિવૃત્ત થઈ જશે.'' (શ્રીવલ્લભઃ, પુ.પ્ર.મ. શ્લો. ૨ની વ્યાખ્યા).

આ વિસ્તૃત વિચારથી સિદ્ધ થાય છે કે 'આ ભગવાનનું' 'આ મારું' એવી ભેદબુદ્ધિ–સ્વામિત્વ–મમતા તે સઘળું કોઈક એક અંશમાં સિદ્ધાંતવિરુદ્ધ છે, બીજા અંશમાં તે જ એક જબરદસ્ત સૈદ્ધાંતિક આવશ્યકતા પણ છે.આપ કહો છો, '' સ્વકલ્પિત સ્વામિત્વનિવૃત્તિ તો સમર્પણભાવે થાય પછી સેવકનો નિર્વાહ સ્વામિધર્મ છે.'' પણ સ્વામિત્વની નિવૃત્તિ ' ભૌતિક રીતે સ્વામી ન હોવાના' અર્થમાં તો અભીષ્ટ નથી. આધ્યાત્મિક કે આધિદૈવિક સ્વામી આપણા

શ્રીકૃષ્ણ જ છે અને તે મુજબ આધ્યાત્મિક કે આધિદૈવિક દષ્ટિએ જોવા જતાં આપણો સેવકનો નિર્વાહ તે જ કરે છે. છતાંય આપણી સેવાનું પ્રયોજન આપણો આધિભૌતિક નિર્વાહ ન જ હોવો જોઈએ. સહજ સેવકત્વ અપેક્ષિતત છે. વૃત્યર્થ સેવા તે પુષ્ટિમાર્ગીય સેવા નથી. સ્વામીના રૂપ કે નામના વિક્રયથી તો કદાપિ નહીં.

(૧૯) શંકા : શ્રી મહાપ્રભુજીએ વારંવાર ભગવચ્છાસ્ત્રવિચાર પછી સ્વમાર્ગ સ્પષ્ટ કહ્યો. નૂતન પ્રકાર તો સ્પષ્ટ ભગવદાજ્ઞાથી આરંભ્યો સામાનયથી ભિન્ન કાંઈ કરવામાં અંતઃકરણમાં સ્પષ્ટ ભગવદાજ્ઞાનો શિષ્ટાચાર લાગે છે. આજ્ઞા પણ તેની છે ને !

સમાધાન :

यस्य देवें परा भक्तिः यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिताः ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

અર્થ : 'જેની પોતાના ઈષ્ટદેવમાં પરા ભક્તિ છે અને જેવી ઈષ્ટદેવમાં છે તેવી જ ભક્તિ જો ગુરુમાં પણ હોય તો આ કહેલા અર્થો તેની સામે પ્રકાશિત થાય છે.' (શ્વેતા. ઉપ. ૬–૨૩)

આ શ્રુતિથી ગુરુભજન સિદ્ધ જ છે. આપણા પુષ્ટિમાર્ગના ગુરુ શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીના ભજનને પણ આપણે તેથી શ્રુતિસિદ્ધ ગણીએ તો તેમાં વાંધો નહીં જ આવે.

"आचार्यं मां विजानीयात् આચાર્યને મારૂં રૂપ સમજવું.'' (ભાગ.૧૧–૧૭–૨૭) આમ કહીને ગુરુસેવાને સ્મૃતિ–પુરાણો પણ આપણું કર્તવ્ય માને છે.

સદાચાર કે શિષ્ટાચાર પણ ધર્મનિર્ણયમાં હેતુ બને છે. તે મુજબ આપણા શિષ્ટ પુરુષો શ્રીગુસાંઈજી પ્રભૂતિ શ્રીમહાપ્રભુજીને सुखसेव्य કહે છે. તેમજ પાદુકાની સેવાનું પ્રચલન પણ વાર્તા પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ પોતે શરૂ કરાવ્યું હતું, તે આજ સુધી બધાં જ મંદિરોમાં ચાલુ છે. બેઠકોમાં ભાવનાજી પધરાવીને પણ સેવાનો ક્રમ સર્વત્ર જોવા મળે છે. વૈષ્ણવોના ઘરે પણ શ્રીમહાપ્રભુજીની સેવાનો ક્રમ તદ્દન નવો તો નથી જ.

આ સિવાય '**सुखसेव्य**' ની વ્યાખ્યામાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે ''શ્રીમહાપ્રભુજીના ભકતો તો ઘણા છે અને તે અનેક ભકતોના ભાવો પણ અનેકવિધ હોઈ શકે છે. ત્યારે બધા ભકતતોની ભાવનાની પૂર્તિ કેમ સંભવે ? અને તે સંભવ ન હોય તો બધા ભકતો કેવી રીતે શ્રીમહાપ્રભુજીની સેવામાં પ્રવૃત્ત થઈ શકે ? આ પ્રશ્નનું સમાધાન આમ છે કે યદ્યપિ શ્રીમહાપ્રભુજીના ઘણા ભકતો છે, પણ જે ભકત જે ભાવાનને હૃદયમાં રાખીને સેવા કરે તે ભકતના તે ભાવની પૂર્તિ કરીને શ્રીમહાપ્રભુજી તેની સેવા સ્વીકારે છે. તેથી પોતે એવા 'સસુખસેવ્ય' છે કે જેની સેવા સુખથી નભાવી શકાય.''

આથી સિદ્ધ થાય છે કે શ્રીગોકુલનાથજી મુજબ શ્રીમહાપ્રભુજીની સેવામાં કશો વાંધો નથી. ઉત્સવપ્રતાનમાં શ્રી પુરુષોત્તમજી પણ આચાર્યોત્સવ ઊજવવાનું સ્પષ્ટ વિધાન કરે છે અને કહે છે : ''જે બીજા મતને માનનારાઓ પોતાના આચાર્યનો ઉત્સવ વગેરે નથી ઊજવતા, તે પોતાના આચાર્યમાં શ્રદ્ધા નહીં ધરાવતા હોય અથવા તો તેમને અમે ટાંકેલ શાસ્ત્રવચનની સરખી સમજૂતી નહીં હોય.'' કેવલ ઉત્સવ ઊજવવો એટલું જ નહીં, પણ 'વગેરે' થી સેવાના વિધાનને પણ સ્વીકારીએ તો વાંધો નથી આવતો, તેથી શ્રુતિ, સ્મૃતિ અને સદાચાર એમ ત્રણેય શ્રીમહાપ્રભુજીની સેવામાં સંગત થાય છે. પરંપરા મુજબ પ્રત્યેક મંદિરમાં શ્રી ઠાકોરજીને જગાડવા પહેલાં શ્રીમહાપ્રભુજીને જગાડવા જોઈએ. ઝારી

ભરવી, વસ્ત્રાદિ ધારણ કરાવવાં, ઉત્સવો ઉપર શણગાર પણ ધરાવવા, આરતી–તિલક કરવાં, શ્રીઠાકોરજીને પોઢાવ્યા પછી પોઢાવવા, તેવો નિત્યસેવાનો ક્રમ ચાલે જ છે. વળી બેઠકોમાં પણ શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીની નિત્ય સેવાનો પ્રકાર કયાં નથી મળતો ? ભગવાનદાસ સાચોરાની વાર્તામાં પોતાના હસ્તાક્ષર પધરાવી, તેમને ભોગ ધરી, પ્રસાદ લેવાનું વિધાન શ્રીમહાપ્રભુજીએ પોતે કર્યું છે. અને આ સેવા ભગવત્સેવાના વિકલ્પરૂપે જ દેખાય છે. સ્પષ્ટતયા જે અચ્યુતદાસ કડા નિવાસી (જેમને સ્વપાદુકાજીની સેવા તથા ન્તિયદર્શન, વાર્તા સાંભળવાનો લાભ તે સેવા થકી પોતે આપતા હતા)ની કક્ષાના તો આ બન્ને ભકતો નથી દેખાતા, છતાંય સ્વસેવાથી આચાર્યચરણે બધું સિદ્ધ કરી આપ્યું હતું. છઠ્ઠા નિવાસી નારણદાસ લુહાણાને પણ જે વસ્ત્ર ઉપર કુમકુમ સ્વચરણારવિંદ છાપીને સેવાર્થ પધરાવી આપ્યા હતાં, તે પણ ભગવત્સેવાના વિકલ્પરૂપે જ દેખાય છે.

તે મુજબ શ્રુતિ–સ્મૃતિ–સદાચાર અને **स्वस्य च प्रियमात्मनः** આમ ચતુર્ગુણિત સંગતિ જયાં દેખાતી હોય તેમાં કર્તવ્ય હોવાની બાબતમાં શંકાને સ્થાન રહી જતું નથી. સામાન્યથી ભિન્નતા દેખાતી હોય તો અંતઃકરણગોચર વિશેષજ્ઞાની અપેક્ષા રહે છે. તે પણ **सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया** ન્યાય મુજબ ઉત્સર્ગતઃ ''ગરુઆજ્ઞા પ્રમાણે સેવા કરવી અને હરીચ્છા જો ગુરુઆજ્ઞાથી વિપરીત જણાય કે અંતઃકરણગોચર થાય તો વિપરીત રીતે પણ સેવા થઈ શકે છે,'' તેવો સિદ્ધાંત છે. આપ વ્યુત્ક્રમથી અર્થઘટન કરતા લાગો છો.

વિવિધ વ્યાખ્યાકારોને અભિપ્રેત અર્થ એમ દેખાય છે :

(ક) વિશેષ આજ્ઞા અંતઃકરણગોચર થાય તો અપવાદરૂપે ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન પણ થઈ શકે છે.

આપ અર્થઘટન કરી રહ્યા છો :

(ખ) જયારે જયારે વિશેષ કાર્ય કરવાની ઈચ્છા હોય ત્યારે વિશેષ આજ્ઞા જો અંતઃકરણગોચર ન થાય તો તેવું વિશેષ કાર્ય અમલમાં ન લાવવું જોઈએ.

આપ જેવું અર્થઘટન કરો છો તે શ્રીમહાપ્રભુજીના વચનથી આવતું નથી. વધારે સ્પષ્ટતા કરો તો વિચાર આગળ ચાલે આપના અર્થઘટન ને સ્વીકારીએ તો પણ પ્રશ્ન

વિચારણીય તો રહે જ છે કે કોઈ પણ વિશેષ કાર્ય સામાનયથી ભિન્ન બે પ્રકારે થઈ શકે : (૧) સામાન્ય રીતે જે ચાલ્યું આવતું હોય તેનાથી પ્રતિકૂલ હોઈ કોઈ નવું વિશેષ કાર્ય સામાનયથી ભિન્ન હોઈ શકે છે, અથવા (૨) સામાન્ય રીતે જે કાંઈ ચાલી રહ્યું હોય તેનાથી કાંઈક નવું હોઈ ભિન્ન તો હો, પણ પ્રતિકૂલ ન હોય એટલે વિશેષ હોવા છતાંય હોય અનુકૂળ જ. આમ આ બન્ને સંભાવનામાંથી કયા પ્રકારની સંભાવનામાં આપ વિશેષ આજ્ઞાની અપેક્ષાનો સિદ્ધાંત સ્વીકારો છો ?

પ્રથમ કલ્પમાં તો જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીની સેવામાં નથી શ્રુતિપ્રતિકૂળતા, સ્મૃતિપ્રતિકૂળતા, સ્મૃતિપ્રતિકૂળતા કે સદાચારપ્રતિકૂળતા. તે સિવાય દેશકાળનો વિચાર કરતાં મને સ્વાનુકૂલ પણ લાગે જ છે. તેથી પ્રતિકૂળ હોવાના અર્થમાં સામાન્યથી ભિન્નતા આવતી નથી. બીજા કલ્પમાં પણ અનુકૂળ હોવાના છતાંય કાંઈક નવીનતાના અર્થમાં જો વિશેષતાનો વિચાર કરીએ તો તો એટલી મુશ્કેલી ઊભી થશે કે આજે ભગવત્સેવા જ સંભવ નહીં રહી જાય. દાખલા તરીકે – પ્રકાશ માટે અગાઉ ઘીના દીવા વપરાતા હતા; યાત્રા માટે ઘોડા કે બળદનાં વાહન વપરાતા હતા; કીર્તનમાં ગાનારની સંગતિ સારંગી દ્વારા થતી હતી વગેરે વગગેરે. તે સ્થાને હવે વ્વીજળી, રેલ્વે–વિમાન – મોટર, હારમોનિયમ વગેરે ભગવત્સેવાર્થ ઉપયોગમાં લેવામાં આવે છે. તે બાબતની વિશેષ આજ્ઞાઓ શરૂ કરતાં પહેલાં મેળવી હોય તેવો ઉલ્લેખ મળતો નથી.

તેથી આવું અર્થઘટન કરતાં વૈચારિક કે વ્યાવહારિક સંગત્રિક્ષત દેખાતી નથી. મને નથી લાગતું કે દરેક વિશેષ કાર્યમાં વિશેષ આજ્ઞાની અપેક્ષા હોવી જોઈએ. અલબત્ત, વિશેષ આજ્ઞા થતાં સિદ્ધાંતવિપરીત વિશેષ કાર્યની અનુમતિ શ્રીમહાપ્રભુજી આપે છે.

આશા રાખું છું કે જે કાંઈ આ વિષયમાં હજી પણ મારા વિચારોમાં આપને યુકતાયુકત લાગતું હોય તે મને નિઃસંકોચ જણાવશો. **ब्राह्मणानपामियं गतिः** ન્યાયથી અને મારા એક શુભેચ્છુ તરીકે પણ.

અંતે ––

एवं प्रभुप्रेरण्या विभातं यन्मे त्त्दुक्तं नहि तत्स्वबुद्धया ।
अतः स्वदासे करुणां वितन्वन् स एव मत्स्वान्तमलंकरोतु ॥

यदत्र सदसद् बापिं जीवबुद्धयोदितं क्वचित् ।
क्षमन्वााचार्यचरणास्तं मे मन्तुं कृपालवः ॥

––– × × × –––

# – મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય –
## ચરિત્ર, ધર્મ અને દર્શન

**જન્મ :–**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનો જન્મ સંવત ૧૫૫૩ના ચૈત્ર વદી એકાદશીના દિવસે રાયપુર (મ.પ્ર.)ની પાસે ચંપારણ્યમાં થયો હતો. મહાપ્રભુના પૂર્વજ આંધ્રપ્રદેશમાં ખમ્મમ્ નજીક આવેલા કાંકરવાડ ગામના વતની હતા. આ બ્રાહ્મણ પરિવાર કુલપંરપરાગત પાંડિત્ય, બ્રાહ્મણ ત્વ અને વૈષ્ણવ ધર્મનિષ્ઠાને કારણે સુવિખ્યાત તથા બધી રીતે સુખી અને સમૃદ્ધ હતો. શ્રીયજ્ઞનારાયણ ભટ્ટથી લઈને મહાપ્રભુના પિતા શ્રીલક્ષ્મણ ભટ્ટ સુધીની આ પરિવારની પાંચ પેઢીઓ દરમ્યાન સો સોમયજ્ઞ સંપન્ન થયા હતા, તે પરથી આવું અનુમાન કરી શકાય છે. ''સો સોમયજ્ઞ પૂરા થતાં તમારા વંશમાં ભગવદ્ અવતાર પ્રગટ થશે,'' તેવું વરદાન યજ્ઞનારાયણ ભટ્ટને મળ્યું હતું. છેલ્લા પાંચ સોમયજ્ઞ લક્ષ્મણ ભટ્ટે પૂરા કર્યા હતા. તેમ છતાં ભગવદ્અવતાર પ્રગટ થવાનાં કોઈ પણ પ્રગટ ચિહ્ન ન દેખાવાને કારણે શ્રીલક્ષ્મણભટ્ટ કંઈક ઉદ્વિગ્ન રહેતા હતા. આ ચિંતા અને અધીરાઈને કારણે તેઓ પોતાનાં પત્ની ઈલમાગારુ સાથે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. આ દંપતી યાત્રા કરતાં કરતાં જયારે કાશી પહોંચ્યા ત્યારે ત્યાં મુસલમાન આક્રમણની જોરદાર અફવા ફેલાઈ હતી. ઈલમાગારુ સગર્ભા હોવા છતાં સંકટનો વિચાર કરી પતિ–પત્નીએ જલ્દી પોતાના ગામ પાછા જવાનું યોગ્ય માન્યું. સતત યાત્રા કરવાથી થયેલ કષ્ટ અને માનસિક તનાવને કારણે ચંપારણ્યમાંથી પસાર થતાં ઈલમાગારુને ગર્ભસ્ત્રાવ થયો. સાત માસના તે નવજાત ગર્ભમાં કોઈ પણ પ્રકારનાં હલનચલન કે ચેતનનાં લક્ષણ જણાતાં ન હતાં, તેથી તેને મૃત સમજીને દંપતી પોતાના પ્રવાસમાં આગળ વધ્યાં. ખરેખર આ બાળક મૃત નહોતો. એ તો કુલપરંપરાગત ભગવદ્અવતાર પ્રગટ થવાના વરદાનને ચરિતાર્થ કરવા માટે અગ્નિરૂપ પરમાત્માનો પ્રાદુર્ભાવ થયો હતો. પતિ–પતનીએ આ બોધ રાત્રે સ્વપ્નમાં થયો અને તે બંને ફરી ચંપારણ્ય પાછાં આવ્યાં. તેમણે જયાં બાળકને છોડયો હતો, તે જ વૃક્ષની નીચે અગ્નિ વચ્ચે ઘેરાયેલા અને સૂતેલા બાળકને સકુશળ અને સુરક્ષિત જોયો. મહાપ્રભુના જન્મ ગ્રહણ કરવાના આવા પ્રકારથી આપના અગ્નિરૂપ પરમાત્માના અવતાર હોવાની સમજ પ્રાપ્ત થઈ.

**ચરિત્ર :–**

મહાપ્રભુનું બાળપણ અને વિદ્યાર્થીજીવન કાશીમાં જ વીત્યું. નાની વયમાં જ આપ અનેક શાસ્ત્રોમાં પારંગત એવા વિદ્વાન બન્યા હતા. અગિયાર વર્ષની ઉંમરમાં પોતાના માતા–પિતાની સાથે મહાપ્રભુ તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. રસ્તામાં ઓડછા નરેશની વિદ્વત્સભામાં તથા જગદીશાાં ગજપતિ નરેશની વિદ્વત્સભામાં તે સમયના મહાન વિદ્વાનીની સામે પોતાનો ભાગવતધર્મ પ્રતિપાદન કરીને, પોતાની અસાધારણ શાસ્ત્રવિદ્વત્તા અને અલૌકિક પ્રતિભાનો આપે પરિચય કરાવ્યો હતો, તેનો ઉલ્લેખ ઓડછા રાજયના ઈતિહાસમાં અને

જગદીશ મંદિરના લેખમાં પણ છે. તિરુપતિ બાલાજીમાં શ્રીલક્ષ્મણભટ્ટનો વૈકુંઠવાસ થયા પછી મહાપ્રભુએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી વૈષ્ણવ ધર્મનો પ્રચાર અને દૈવી જીવોનો ઉદ્ધાર કરવા સમગ્ર ભારતની યાત્રા કરતા રહેવાનું ઈચ્છયું હતું. પરંતુ બીજી પરિક્રમા પૂરી કર્યા પછી ભગવદ્આજ્ઞાને વશ થઈ આપે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. તેનાથી થોડાક સમય પહેલાં વિજયનગરના સામ્રાજય રાજા કૃષ્ણદેવરાયની વિદ્વત્સભામાં સત્તાવીસ દિવસો સુધી શાસ્ત્રચર્ચા કરીને આપે જુદા જુદા સંપ્રદાયોના તે સમયના મહાવિદ્વાનોને પ્રભાવિત કર્યા તેથી આ સભામાં ''જગદ્ગુરુ આચાર્ય'' પદને યોગ્ય કનકાભિષેકનું સન્માન આપને પ્રાપ્ત થયું. તે સમયના અનેક ભકત, કવિ, પંડિત, સાધુ સંન્યાસી, નિર્ધન, ધનવાન, રાજાઓ અને વિદેશી લોકોને પણ ભગવદ્માર્ગ પર ચાલવાની આપે પ્રેરણા આપી. પછી ભાગવત પુરાણ ઉપરની પોાની અજોડ વ્યાખ્યા સુબોધિની પૂરી કરવા માટે ત્રીજી પરિક્રમા પછી પ્રયાગરાજની સામે યમુનાજીના કિનારા પર આવેલા અડેલ નામના ગામમાં આપે સ્થિર નિવાસ કર્યો. અહીં ભારતના જુદા જુદા ભાગોમાંથી આપનો સેવકસમુદાય આવતો હતો અને આપના સાન્નિધ્યમાં ભગવત્સેવા, ભગવત્કથા અને ભગવદ્ ભક્તિની પ્રેરણા મેળવતો હતો. સંવત ૧૫૮૭ માં આપે વિધિવત્ સંખયાસ ગ્રહણ કર્યો. કાશીમાં પવિત્ર ગંગાને કિનારે પોતાના બંને પુત્ર ગોસ્વામી શ્રીગોપીનાથ અને ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ તથા બીજા અનેક સેવકોના સમુદાયને લેખિત સ્વરૂપમાં આખરી ઉપદેશ આપીને અષાડ સુદ બીજના દિવસે મધ્યાહ્ન સમયે આપે ગંગાની મધ્ય ધારામાં પ્રવેશ કર્યો. બધાંના દેખતાં દેખતાં એક દિવ્ય પ્રકાશનો પુંજ ઉપર ઊઠયો જેણે બધાં પુષ્ટિજીવોના હૃદયને પુષ્ટિભક્તિના દિવ્ય સિદ્ધાંતોથી આલોકિત કરી દીધા.

**તે સમયની સ્થિતિ :–**

મહાપ્રભુના સમયમાં ઉત્તર ભારતમાં ઘણી જ વિકટ પરિસ્થિતિ હતી. વિદેશી આક્રમણ અને અત્યાચારોથી લોકોનું મનોબળ તૂટી ગયું હતું. દિલ્ગી ઉપર લોદી વંશ રાજય કરતો હતો અને મોગલ શક્તિ ભારતમાં પ્રવેશ કરવાની તૈયારી કરતી હતી.

આક્રમણકારી સૈન્ય અને આક્રમણનો ભોગ બનેલી પ્રજા વચ્ચે રાજનૈતિક તિરસ્કાર, અસહિષ્ણુતા તથા દ્વેષની તો કોઈક ભૂમિકા હોઈ શકે પરંતું આક્રમણ કરનાર સમૂહ પોતાના સ્વાભાવિક માનવીય દુર્બળતાને વશ થઈ પોતાના વિજયના ઉન્માદમાં પોતાની ધર્મશક્તિ, ઈશ્વરભક્તિ અને સંસ્કૃતિનો પણ વિજય માની લે છે. ધર્મ ન તો યુદ્ધની કે ન તો અત્યાચારની પ્રેરણા આપે છે. પરિવર્તનશીલ સંસ્કૃતિ અને સભ્યતાની વચમાં એક અપરિવર્તનશીલ આધાર આપવો તે ધર્મનું મુખ્ય પ્રયોજન હોય છે. તેથી હારજીત સાથે તેનો કશો પણ સંબંધ ન હોવા છતાં પણ મોટા ભાગે પરાજિત સમુદાય પોતાના સૈનિક પરાજયમાં પોતાની ધર્મશક્તિ અને ઈશ્વરભક્તિનો પણ પરાજય માની લે છે. અથવા પોતાની સાંસ્કૃતિક ગૌરવને સાચવવાની પ્રક્રિયામાં વ્યક્તિગત સંકોચ અને હીનભાવથી મનુષ્ય ઘેરાઈ જાય છે. પરિણામે સમાજમાં દરેક પ્રકારની વિસંગતિઓ અને પાખંડનો પ્રચાર વધે છે. મહાપ્રભુએ ભારતીય જન – માનસની આ દુર્દશાનું ઘણું માર્મિક ચિત્રણ પોતાના કૃષ્ણાશ્રય નામના સ્તોત્રમાં કર્યું છે :

'' આ યુગમાં આત્મવિકાસના બધા માર્ગો અવરોધ પામ્યા છે. લોકોમાં પાખંડની બોલબાલા છે. બધાં પવિત્ર ક્ષેત્રો પાપાચારના અડ્ડા થયા છે. નિર્દોષ સજજનોને વિના કારણે પીડવામાં આવે છે. ગંગા જેવાં તીર્થસ્થાનોમાં દુષ્ટ લોકોનું વધુ પ્રમાણ જોઈને તીર્થોનું આધિદૈવિક માહાત્મ્ય લુપ્ત થતું જણાય છે. સજજન લોકો પણ અહંકારવિમૂઢ થઈને પાપનું અનુસરણ કરે છે. ફકત અર્થ અને યશની કામનાથી વશીભૂત થઈને બધાં કામકાજ ચાલે છે. મંત્રો અને વ્રતોનો કોઈ સ્પષ્ટ આધ્યાત્મિક પ્રભાવ અનુભવાતો નથી. અનેક વિવાદોને કારણે લોકો કિંમ્કર્તવ્યમૂઢ થયા છે.''

પરંતુ આ બધી વિપત્તિઓની વચ્ચે રાગદ્વેષ, ભયહિંસા અને શોકમોહના બધા દ્વૈતોની વચ્ચે એક સ્થિર સુખરૂપ અદ્વૈત તત્વ તેમને શ્રીકૃષ્ણના આશ્રયમાં દેખાય છે. ''કૃષ્ણ એવ ગતિર્મમ.'' પરમાનંદ રૂપ આ સ્વરૂપ શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ જીવોના ઉદ્ધારની ઈચ્છાથી ચિંતાતુર મહાપ્રભુની સમક્ષ સાક્ષાત્ પ્રગટ થયું. આત્મ–નિવેદન સમર્પણ અને ભગવત્સેવાના ઉપદેશ દ્વારાજીવોનો ઉદ્ધાર કરવા માટે મહાપ્રભુને પ્રેરિત કર્યા. યમુનાકિનારે ગોકુળમાં આવેલું આ સ્થાન આજે પણ 'ગોવિન્દઘાટ' નામે પ્રસિદ્ધ છે.

**ધર્મ :–**

વસ્તુતઃ શ્રીકૃષ્ણ એક એવું તત્વ છે કે જેમાં સમગ્ર માનવીય આદર્શ તેના ચરમ ઉત્કર્ષ ઉપર પહોંચ્યો છે. માનવહૃદયના ભાવપક્ષને પણ ભગવાનના આ રૂપમાં પોતાના બધાં રંગરૂપોનો સંવાદ પ્રાપ્ત થાય છે. પરમેશ્વરનું આ સ્વરૂપ માત્ર પરમ પિતા – તરીકેનું જ નથી, પરંતુ એક ચંચળ, નટખટ, મનમોહક, પરમ બાળકનું પણ છે. આ રૂપમાં પરમેશ્વર 'માત્ર મને અનુસરીને યુદ્ધ કર'' એવો જ્ઞાનોપદેશ જ આપવાનું કેવળ જાણતા હોય તેવું નથી. પરંતુ પોતાની માતા યશોદાથી રીસભરી આંખોથી ડરીને છુપાઈ જવાનું પણ જાણે છે. આપણી અંદર કૃષ્ણભક્તિ જો વૈરાગ્યનો ભાવ જન્માવે છે, તો તે ભાવ જગત તરફથી ઘૃણા કે રોષને કારણે નહીં, પરંતુ પરમાત્મા તરફના સ્નેહની એકાગ્રતા દ્વારા જ તે ભાવ જન્મે છે. અન્ય અવતારોમાં કયાંક શાંત રસ તો કયાંક માત્ર વીર રસ પ્રગટે છે. પરંતુ કૃષ્ણમાં તો બધા રસ એકત્ર થાય છે. કૃષ્ણને પરિપૂર્ણ બ્રહ્મ માનવામાં મહાપ્રભુનો હેતુ એ જ છે કે કૃષ્ણાવતારમાં પરમેશ્વર પોતાના ઐશ્વર્યને થોડા સમય માટે ભૂલીને જગતના બધા માનવીય સંબંધોના સૂત્રમાં બંધાયા છે. તેઓ પુત્ર, પ્રેમી, માખણચોર, મહાજ્ઞાની, યોગેશ્વર, મિત્ર, શત્રુ, ગુરુ, શિષ્ય, વિજેતા, પરાજિત ''સર્વ ખલુ ઈદં બ્રહ્મ'' બન્યા છે. વસ્તુતઃ બીજા એક – પરિમાણવાળા ચરિત્રના ભગવદ્અવતારોની સરખામણીમાં શ્રીકૃષ્ણ અનેક – પરિમાણવાળા ચરિત્રના અવતાર છે. ' 'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં.''

આવા કૃષ્ણના ઉપદેશ અને આચરણમાં મહાપ્રભુ પુરોહિત અથવા પુજારીની મધ્યસ્થી અનિવાર્ય ગણતા નથી. તેઓ જાતિ, લિંગ, વર્ણ, વય અથવા આશ્રમના ભેદને પણ ભગવત્ સેવામાં બાધક ગણતા નથી. પ્રત્યેક વ્યક્તિ સ્ત્રી હોય કે પુરુષ, બ્રાહ્મણ હોય કે શૂદ્ર, બાળક હોય કે વૃદ્ર, ભારતીય હોય કે અભારતીય, બધાં પોતે જ કોઈ પણ પૂજારી કે પુરોહિતની

મધ્યસ્થી વિના કૃષ્ણસેવાના અધિકારી છે. તેથી જ મહાપ્રભુના મતે સેવા એક સંપૂર્ણ જીવવનપ્રણાલી છે., જીવનમાં ફુરસદના સમયે કરવાનું કોઈ કર્મકાંડ નથી. આપણા જીવનની જે ગતિવિધિઓનું પ્રયોજન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષ્ણસેવા નથી હોતું એવી બધી ક્રિયાઓથી આપણે બચવું જોઈએ. દાખલા તરીકે, આપણે વેપાર કે નોકરી એટલા માટે કરવાં જોઈએ કે તેમના દ્વારા આપણી કૃષ્ણસેવા સુખપૂર્વક થાય છે. લગ્ન એટલા માટે કે કૃષ્ણસેવામાં આપણને એક સહાય મળે છે. સંગીત સાંભળવું હોય તો પછી એટલા માટે કે ચિત્તમાં શાંતિ મળે છે અને તે અંતે આપણને કૃષ્ણસેવામાં સહાયક બને છે. આપણી જે ઈચ્છા અને ક્રિયાઓનો સંબંધ કૃષ્ણ સાથે ન જોડાય તેનું દમન કરવું જોઈએ, પણ નિરર્થક ત્યાગની અપેક્ષાએ ભગવદભજનને ઉત્તમ માનવામાં આવ્યું. છે. આપણી ઈચ્છાઓ અને ક્રિયાઓને કૃષ્ણસેવામાં જોડવાનો માર્ગ પરબ્રહ્મનું માહાત્મ્યજ્ઞાન અને કૃષ્ણમાં સુદઢ સ્નેહ છે. આવી સ્નેહ સહિતની સેવા એટલે આપણા પોતાના ઘરમાં પોતાના દેહ અને ધનનો કૃષ્ણ માટે વિનિયોગ છે.

**દર્શન :–**

આથી કૃષ્ણભક્તિ માટે જગતને મિથ્યા અથવા માયિક માનીને તેનાથી દૂર ભાગવાની જરૂર નથી. જદીશમાં જગતને શોધવાનું નથી, પણ આપણે જગતમાં જો જગદીશને ન શોધીએ તો જગતમાં આપણા અસ્તિત્વનું કશું પ્રયોજન નહીં રહે. ભગવાનમાં આપણી બધી જ જાગતિક વૃત્તિઓને સંતોષ મળી જશે જ, પણ જગતમાં આપણી ભગવદીય વૃત્તિને સંતોષ મળવાનો નથી. ભોગ કે મોક્ષની ઈચ્છા કરેલી ભક્તિ પુષ્ટિભક્તિ નથી. નિર્હેતુક, નિર્વ્યાજ, નિષ્કામ ભક્તિ પુષ્ટિભક્તિની અનિવાર્ય શરત છે. તુષ્ટિભકત પોતાના પાપ માટે ક્ષમા માંગતો નથી કે લૌકિક ભોગ અથવા મોક્ષ માટે દયા માંગતો નથી. તે તો વૈકુંઠમાં જવા પણ ઈચ્છતો નથી કારણ કે તેની મહત્વાકાંક્ષા આ જ ધરતી પર કૃષ્ણની અનુભૂતિ કરવાની છે. તેથી સૂરદાસજીના ''મૌ સમ કૌન કુટિલ ખલ કામી'' અને ''હૌં પતિતનકો ટીકો'' જેવા હીનભાવ અને આત્મગ્લાનિ વ્યકત કરતાં પદો સાંભળી મહાપ્રભુ પણ કંટાળી ગયા અને કહ્યું કે, ''સૂર થઈને કાયર કેમ બને છે ? કંઈક ભગવલ્લીલા તો ગા.''

જો ભૂતલ ઉપર કૃષ્ણાવતાર ન થયો હોત તો મનુષ્યના નસીબમાં દીન અને હીનભાવગ્રસ્ત રહેવાનું જ સર્જાયું હોત. કૃષ્ણ સ્વરૂપે પરમાત્માનું પ્રગટ થવું એ જ આપણા માટે એક નવું આશ્વાસન છે. મહાપ્રભુના મત અનુસાર બ્રહ્મ એક વ્યાપક અક્ષર નિરાકાર તત્વ હોઈ શકે છે. પરંતુ જયારે ભકત પોતાના ભાવના ટાંકણાથી આકાર ઘડવા ઈચ્છે ત્યારે નિરાકારમાં પણ આકાર પ્રગટ થાય છે જ. આ ભાવિત આકારને કલ્પિત, મિથ્યા અથવા ફકત ચિત્ત એકાગ્ર કરવા માટેનું સાધન માનવું, તે ભક્તિ અને પરમાત્માના સ્વભાવ વિશેની આપણી અણસમજનું પરિણામ છે. ભકતોતા ભાવોને અનુસરવાનું સામર્થ્ય કૃષ્ણમાં અસાધારણ છે અને તે જ તેમનું પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર હોવાનું પ્રમાણ પણ છે. વ્રજભકતોના ભાવને અનુરૂપ કયાંક, કૃષ્ણ માખણ ચોરી કરે છે, કયાંક ગોપીઓ સાથે મશ્કરી કરે છે, કયાંક સુદામા તેમના પર સવાર થાય છે. આ કૃષ્ણને પોતાની વિવિધ લીલાઓમાંથી ફુરસદ જ નથી મળતી કે તેઓ મનુષ્યના પાપ અને પુણ્યનો હિસાબ કરે અને તે પ્રમાણે દંડ અથવા

ફળ આપે. મહાપ્રભુની વાણીએ સૂરના કવિહૃદયને કૃષ્ણલીલાના શ્યામ રંગથી એવું રંગી દીધું કે દુનિયામાં જોઈ શકનાર પણ જે જોઈ નથી શકતા એવાં પરમાત્માના બાલરૂપનો, કિશોર સખારૂપનો અને એવા જ મધુર પ્રિયતમ રૂપનો તેમને સાક્ષાત્કાર થવા લાગ્યો. સૂરના સજીવ શબ્દચિત્રોને જોઈને વિદ્વાન – વિવેચકોને સૂર જન્માંધ છે એવો વિશ્વાસ બેસતો નથી, પરંતુ પોતાની આ દષ્ટિનું શ્રેય સૂર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને આપવા ઈચ્છે છે.

શ્રીવલ્લભનખચંદ્રછટા બિન સબ જગમાંઝ અંધેરો.

સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો,

સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો.

ભરોસો દઢ ઈન ચરનન કેરો.

વસ્તુતઃ મહાપ્રભુએ પરમેશ્વરના આ દષ્ટિકોણ વડે આસ્તિકતાને સર્વથા નવીન અને છતાં પણ પુરાતન શાસ્ત્ર સમર્થિત એક નવું પરિમાણ આપ્યું. નરકનો ભય અથવા સ્વર્ગ, વૈકુંઠ અને મોક્ષના લોભથી અલગ, સહજ માનવીય સ્નેહ અને વાત્સલ્યનો આધાર ભગવદ્દભક્તિને પ્રાપ્ત થયો. માનવીની પાસે જે કંઈ સુંદર અને શુભ્ર છે તે ઈશ્વરને સમર્પિત કરીને તેનો પોતાને માટે ઉપયોગ કરવો જોઈએ. સર્વ –સમર્પણનો સિદ્ધાંત, સાંસારિક મોહજન્ય ભોગવાદ અને

'અહં બ્રહ્માસ્મિ'ના અહંકારથી જનિત ત્યાગવાદના અતિવાદોથી બચવાની પ્રેરણા આપે છે. આ પ્રાચીન ઉપનિષદોના ''ઈશાવાસ્યમિદં સર્વં યાત્કચ જગત્યાં જગત તેન ત્યકતેન ભુંજીથાઃ'' ના ત્યાગપૂર્વકના ભોગ અને ભગવદ્પ્રસાદના ઉપભોગનો સિદ્ધાંત છે. આપણે ન તો સંસારમાં ફસાવું છે કે ન સંસારનો ત્યાગ કરવો છે. ઈશ્વરની માયાથી મળેલા સંસારને ફરીથી ઈશ્વરને સમર્પિત કરવો છે. જગતમાં એટલા માટે જીવવું છે કે આખું જગત એક ભગવદ્ક્રીડા છે અને તેમાં આપણું પણ એક પાત્ર છે. રમત એકલાથી સંભવિત નથી, તેથી બ્રહ્મે અનેકરૂપ ધારણ કર્યાં છે. આ ભગવદ્ક્રીડાથી વિરત કે વિરકત બનવું એટલું અનાવશ્યક છે. જેટલું નિઃસાર એવી આ ક્રીડામાં આપણે પોતાની જાતને નાયક માની લેવું સૃષ્ટિના મુખ્ય નાયક પરમાત્માને ભૂલી જવાના કારણે વિરક્તિનો સિદ્ધાંત અંતે જગતને મિથ્યા માનવામાં પરિણમે છે. આપણી પાસે જે કંઈ રેષ્ઠ, શુદ્ધ અને સુંદર છે તે ઈશ્વરને સમર્પિત કરવામાં ભક્તિનો સિદ્ધાંત રહેલો છે. શબરીએ રામને એઠાં બોર ખવરાવ્યાં તેમાં શબરીની મધુર ભક્તિ અને રામની પુષ્ટિકૃપા હતી. પરંતુ જ્ઞાની આવાં બોરને જૂઠાં બોર કરી વિરકત થઈને ફેંકી દે છે. પરિણામે બધું ફગાવી દેવાની કે છોડવાની પ્રક્રિયામાં તે પોતે રામ બનવા ઈચ્છે છે, પણ વિશેષ કરીને સાધન અવસ્થામાં 'અહં બ્રહ્માસ્મિ' ના જપમાં ઉચ્ચારણભાર બ્રહ્મને બદલે 'અહં' પર આવે છે. અને તે ફરીથી આ ભગવદ્ક્રડામાં પોતાને નાયક બનાવવાની જ વૃત્તિ છે.

જ્ઞાની મમતાના બધા બંધન અને મોહને તોડીને વિરકત બનવા ઈચ્છે છે. મહાપ્રભુ કહે છે કે, '' પોતાના અહંના આ અંતિમ બંધન અને મોહને પણ છોડી દો. તેને સાવધાનીપૂર્વક ફરી ઈશ્વરને સમર્પિત કરી દો. સોહમ્નું સમર્પણ તેની સાથે ''દા'' જોડતાં ''દાસોહમ્'' બનવાથી થઈ જાય છે. તમે કૃષ્ણ ન બનો. આ દિવ્ય ક્રીડામાં ક્રીડાનાયક અને દિગ્દર્શકને

અનુકૂળ અભિનય કરો. મંચથી ભોગો નહઢ. અને મંચ પર જાતે દિગ્દર્શક બનવાની પણ ચેષ્ટા ન કરો. આ જ ભક્તિના મૂળમાં રહેલ મહાપ્રભુનું શુદ્ધાદ્વૈત દર્શન અથવા સાકાર બ્રહ્મવાદી દર્શન છે.

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યનો પંચશતાબ્દિ મહોત્સવ આ વર્ષે મનાવાય છે. આપણા એક મહાન તત્વચિંતક, દર્શનિક અને માર્ગદર્શક આચાર્યશ્રીના ચરણોમાં આ અવસર પર આપણે આપણા કૃતજ્ઞતારૂપી પુષ્પો સમર્પિત કરીએ છીએ.